કોનો વાંક?

કનૈયાલાલ મા. મુનશી

સંસદ—ગ્રંથાવલિ-૪

કોનો વાંક?

લેખક:
કનૈયાલાલ માણેકલાલ મુનશી
બી એ, એલએલ. બી, એડવોકેટ

ચિત્રકાર:
રવિશંકર મ. રાવળ

પ્રકાશક:
ધી સાહિત્ય પ્રકાશક કંપની, લીમીટેડ.
મેડોઝ સ્ટ્રીટ, કોટ, મુંબાઇ

આવૃત્તિ બીજી

મૂલ્ય રુ. ૨-૮-૦

વિ. સં. ૧૯૮૨ ઈ. સ. ૧૯૨૬

પ્રકાશક.

શ્રી સાહિત્ય પ્રકાશક કંપની, લી.

૫૩, મેડાઝ સ્ટ્રીટ, મુંબાઈ નં. ૧

પહેલી આવૃત્તિ સં. ૧૯૮૦ પોષ

બીજી ,, ,, ૧૯૮૨ માઘ

મુદ્રણસ્થાન: સાહિત્ય પ્રેસ, ૧૦-૧૪, [illegible] મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ-મુંબાઈ ૧

મુદ્રક: [illegible] મથુરામ ભટ્ટ

પ્રસ્તાવના

આ વાર્તાનું વસ્તુ નાનપણમા મેં કલ્પેલુ; અને આખરે તેને તા ૧૮–૬–૧૬ થી તા ૧૫–૭–૧૭ સુધીના સાપ્તાહિક 'હીંદુસ્થાન'મા ચાલુ વાર્તા તરીકે પ્રગટ કરેલી

કોણ જાણે કેમ પણ તેને તેજ સ્વરુપે એ વાર્તા ન છપાય તો સારું એમ મને થોડા વર્ષ લાગ્યુ અને તેથી તે પડી રહી પછીથી સ્વ હાજીમહમદના ઉત્થાણથી મે તેને 'વીસમીસદી'મા છાપવા આપવા કબુલ્યું, અને તેને સુધારી વધારી. નવે સ્વરૂપે તૈયાર કરવા માંડી પણ જેવી આ વાર્તાની નાયિકા દીલ્હાગી છે તેવીજ આ વાર્તાની કારકીર્દી બની થોડાં પ્રકરણ છપાયા ને 'વીસમીસદી' બંધ થયું ફરીથી એ વાત રા. બટુ ઉમરવાડીઆએ 'ચેતન'મા છાપવા માંડી ને તે માસિક પણ અનિયમિત થઇ જઇ, તેને પડતી મુકી. આખરે વખતને અભાવે તેને નવું સ્વરુપ નજ અપાયું.

થોડા વખત પર એક મિત્રની સુચનાથી મેં તેને હાથમાં લીધી, અને વાચતાં તેને જુને અવતારેજ પ્રગટ કરવાનો નિશ્ચય કર્યો. એમાં દોષો છે. એમાં શૈલીનું બંધારણ પાકુ નથી; પણ મારા દૃષ્ટિબિંદુમાં ફેરફાર ઝાઝો પડયો નથી. અને નવું સ્વરુપ આપતા આ પ્રયાસમાં રહેલી વિશિષ્ટતા

જતી રહે એમ છે તેમજ વર્ષો પર કલ્પેલી ને લખેલી વાર્તા નવી લખાતા બગડે એમ પણ ભય લાગ્યો. પરિણામે આ વાર્તા તેને તેજ સ્વરૂપે પ્રગટ કરું છું.

કેટલાકને આ વાર્તા ખુંચશે. સામાજિક દૂષણોની ભયંકરતાને ખરે સ્વરૂપે નજ જોવાનો મનુષ્યમાત્રનો નિશ્ચય હોય છે, અને ખરુ સ્વરૂપ રજુ કરનારને ન્યાય ભાગ્યેજ મળે છે. પણ મને એટલી તો ખાત્રી છે કે જ્યાં સુધી સ્ત્રીઓની નિરાધારીને દુઃખ પર આપણા સંસારનો પાયો રચવામાં આવે છે, જ્યાંસુધી લગ્નનો પ્રશ્ન આપણે સ્વાભાવિક દૃષ્ટિએ જોઈ શકતા નથી; જ્યાંસુધી આત્મવિકાસને ભોગે રૂઢિ સાચવવામાં માણસાઈ ગણાય છે; જ્યાં સુધી હૃદયના વિશુદ્ધ અને નૈસર્ગિક ભાવોને વિકસાવવા કરતાં કચરી નાંખવામાં સમાજ ગૌરવ સમજે છે—ત્યાં સુધી આવી વાર્તાઓ અસ્થાને નજ ગણાય.

આ વાર્તા પ્રગટ કરવા માટે સાહિત્ય પ્રકાશક કંપનીનો અને સાહિત્ય-સંસદનો આભાર માનવાની હું આ તક લઉં છું.

બાબુલનાથ રોડ,—મુંબાઈ
માર્ગશીર્ષ સુદ ૧૨
સંવત ૧૯૮૦

કનૈયાલાલ માણેકલાલ મુનશી

આ બીજી આવૃત્તિમાં ચિત્રકાર રા. રવિશંકર રાવળની પીંછીથી તૈયાર કરાવેલાં ચાર ચિત્રો ઉમેરવામાં આવેલ છે. કીંમતમાં તેમ છતાં ઘટાડો કરવામાં આવ્યો છે.

સ્વ. સૌ. અતિલક્ષ્મીને

અનુક્રમણિકા

પ્રકરણ	વિષય	પૃષ્ઠ
	વિભાગ બીજો	
૧ લું	વિચિત્ર પરિસ્થિતિ	૧૫૭
૨ જું	ઘરમાંથી બહાર પડવાના કેટલા રસ્તા હોય છે તેનો વિચાર	૧૬૩
૩ જું	એક ગ્રેજ્યુએટ	૧૬૭
૪ થું	શ્રીમન્મથનાં સૂત્રો	૧૭૩
૫ મું	ધર્મભગિની	૧૭૭
૬ ઠું	ચેંતનું વાદળ	૧૮૪
૭ મું	માણશંકર પકડ્યા	૧૮૯
૮ મું	પુત્રનાં લગ્ન	૧૯૫
૯ મું	બાપ અને દીકરો	૨૦૦
૧૦ મું	ભૂતકાળ કે ભવિષ્ય?	૨૦૫
૧૧ મું	પાછું પકડ્યાના સપાટા	૨૧૧
૧૨ મું	ચંદુલાલ શેઠને ત્યાં	૨૧૬
૧૩ મું	ભાનનાષ્ટ	૨૨૪
૧૪ મું	ન્યાત મળી	૨૨૯
૧૫ મું	પાર્વતીબાઇ	૨૩૭
૧૬ મું	લગ્ન	૨૩૯
૧૭ મું	ચંદુલાલ શેઠની અધીરાઇ	૨૪૧
	વિભાગ ત્રીજો	
૧ લું	મણિની મુસાફરી	૨૪૩
૨ જું	ચંદુલાલ શેઠે કરેલી શોધ	૨૪૬
૩ જું	ગ્રેજ્યુએટનો ઘરસંસાર	૨૫૩
૪ થું	પાછી મુંબાઇમાં	૨૬૦
૫ મું	કર્ણિકાની શોધ	૨૬૪
૬ ઠું	મુચકુંદને ઘેર	૨૬૭
૭ મું	હૈયાં ખોલીને વાત	૨૭૩
૮ મું	કાશી વીફરી	૨૭૯
૯ મું	હૃદયો નિર્દોષ કે દોષિત?	૨૮૨
૧૦ મું	માંદગી	૨૮૯
૧૧ મું	બીચારા પ[illegible]	૨૯૩

ચિત્રોની અનુક્રમણિકા



"મણિ માફ નહીં કરે ?" મુચકુંદે ગુંગળાતે શ્વાસે પુછ્યું.

[પૃષ્ઠ ૩૩૦

કોનો વાંક?

પૂર્વાશ્રમ

૧

સવાર પડી અવનિ આનંદમાં ડોલતી હતી સૂર્યોદય પહેલાંનો મંદ શીતળ પવન વાવા લાગ્યો; અને સૃષ્ટિ થઈ તે સમયના અનાસ્વાદિત આહ્લાદના રથ્યાસથ્યા રસનો અનુભવ બધાંને કરાવવા લાગ્યો આખી રાત નિરાશામાં, દુઃખમાં કે પછી સુખમાં પણ પણ આંખો બંધ કર્યા વિનાનાં સ્ત્રીપુરુષોને નિદ્રાવશ કરવા લાગ્યો પવન પોતાની લહરીઓમાં પ્રણયીનાં પ્રથમ ચુંબનની કુમાશ, શરમ, ધૃષ્ટતા આહ્લાદ ભેગી લોકોને આનંદના ઘેનમાં ઉંઘતા શીખવતો હતો

સમીરરાજની મહેર એક આઠ વર્ષની બાલિકા પર પડી હતી. તે એક નાના પણ સુઘડ ઘરમાં સુતી હતી તેની આજુબાજુ તેના માબાપની પથારી હતી–પણ તે ખાલી હતી.

તે ક્યાં જન્મી અને ક્યાં માતપિતાના લાડમાં ઉછરી તે જણાવવાની જરૂર નથી.

તેના પિતા સરકારી નોકરી કરતા–તેની મા તેમની સેવા કરતી. છોકરાંછૈયાંનો અભાવ એજ તેમના સંસારમાં ખામી હતી. પછી તે આવી અને તેમને મન સૃષ્ટિ પર સ્વર્ગ ઉતરી આવ્યું.

તે તેમની આંખની કીકી હતી; તેને હસતી ને ઉગતી જોવામાં તેમના જીવનનું સાફલ્ય સમાઈ રહેતુ હતુ. અને તે પણ તેમની આશાઓ પુરે એવી હતી.

આઠ વર્ષે તેને તેમણે પરણાવી. ગણપતિ બેઠા; દેવો અને ઋષિઓનાં આવાહન થયાં; શુભ મુહૂર્ત લેવાયાં; અને તેના ચુડા રખેને અમર થતા રહી જાય તેને માટે આ દુનીઆ ને પેલી દુનીઆની બધી શક્તિની જામીનગીરી લેવાઇ તેનાં માબાપની છાતી વેંત ઉંચી થઇ આવી.

તેને પણ કારણ સમજાયા વિના હર્ષના ઉમળકા આવ્યા. લોકો આવતા, જતા, ગીતો ગવાતા, વાજાં વાગતાં અને સહીઅરો અદેખાઇ કરતી બ્રાહ્મણોના વેદધ્વનિએ ગાજી રહેલા ઘરમાં ધુમાડાના ગોટમા, ચોરીની પેલી તરફ એક દસઅગીઆર વર્ષના છોકરાનો હાથ તેણે પકડ્યો અને તેનો બેડો પાર થઇ ગયો એમ બધાંએ માન્યું. આનંદના નાદ થયા, વરઘોડા ફર્યા કોઠીબપોરીઆંઓએ ગામમાં વાહવાહ કરાવી.

અનેક બાલિકાઓ પરણે છે તેમ તે પરણી; અને જેમ તેમનુ કન્યરીઉ થાય છે તેમ તેનુ પણ થયું. જે માબાપોએ મોભાની કે સગવડની ખાતર દલાલું કરી નિર્દોષ છોકરાંનો સંબંધ બાંધ્યો, તેમને ભાન રહ્યુ નહીં; સમાજના સ્તંભો જેમણે આ સંબંધ કરાવી શોભા લીધી તેમને ભાન રહ્યું નહીં; પૈસાને ખાતર વિદ્યાવિહીન વિપ્રો જેમણે ગ્રહનક્ષત્રનો યોગ લાવી, દૈવી કૃપાની ખાત્રી આપી બેલાં બધાવ્યાં તેમને કશુ ભાન નહોતુ. અને ઢીંગલાઢીંગલી રમતાં જે છોકરાછોકરીએ ઉધઉજાગરા વેઠી મલકાતાંમલકાતા વાજતે ગાજતે હસ્તમેળાપ કર્યો તેમને પણ ભાન રહ્યું નહીં કોઇ જોખમદારી સમજ્યું નહીં, કોઇએ તેનો વિચાર કર્યો નહીં; અને બેભાનીઅતનો મહોત્સવ થયો. આવા મહોત્સવ એ હીંદુઓના સંસારનો મુખ્ય પાયો છે. આ છોકરીના જીવનનો તો પાયો પણ ત્યારેજ નંખાયો.

છોકરી ઉંઘમા સમીર–પ્રણયીનાં ચુંબનોથી હસી. તેના નાના, ધારીલા મોઢા પર જાણે વીજળી ચમકી હોય એમ લાગ્યું. તેણે પાસું બદલ્યું–તેણે હાથે પહેરેલાં કંકણો ખખડી ઉઠયાં. એક મહીના પહેલાં તે પરણી હતી–

હોંસીલાં માબાપે લગ્નની ધામધુમમાં કૈં મણા નહોતી રાખી. છોકરીના કાનમાં વાજાંપડઘમના ભણકારા હજુ વાગતા હતા. તેનું હાસ્ય પણ વખત છેને તેનેજ લીધે હશે; તેના નાના મગજમાં લગ્નના કૈંકૈં કોડ રમતા હશે, અને સ્વપ્નામાં ને કોડ પુરવાના અનેક લહાવા તે લેતી હશે.

મહામાયા સૃષ્ટિનું સૌંદર્ય વધારવા—જેમાં દેવ અને દેવીઓનાંજ અપૂર્વ યુગલો ઘુમે એવા વિચારથી, ઘણી વખત પુષ્પો વેરવે છે. તે પુષ્પોનુ કર્તવ્ય પરાગ પ્રસારવાનું હોય છે; તેથી મોટું કર્તવ્ય એવાં અનેક પુષ્પોનાં બીજ ઉપજાવવાનું હોય છે. આ કન્યા એવા પુષ્પની એક કળી લાગતી. એ ખીલશે ત્યારે જગતની કૈંકૈં આશા પુરશે એમ તેને જોતાંજ થતું.

એકદમ, હેઠળથી એક ચીચીઆરી સંભળાઇ: કોઇના છાતીમાથાં કુટવાનો અવાજ આવ્યો; મરદના ઘ્રુસકાનો અવાજ આવ્યો. નિર્દોષ છોકરીનું હાસ્ય તેવું ને તેવુંજ રહ્યું.

એક સ્ત્રી ફાળ ભરતી ઉપર આવી, છોકરી તરફ દોડી, ક્રુરતાથી તેને જાગ્રત કરવા ખેંચવા મંડી અને તેને માથે ને મોઢે ચુંબનોનો વરસાદ વરસાવવા લાગી સ્ત્રીની આંખમાંથી આંસુની ધારા વહેતી હતી. માથુ કુટવાથી હાથની આંગળીઓનાં ચિન્હ તેને કપાળે સ્પષ્ટ પડયાં હતાં.

છોકરી જાગી; તે બેબાકળી થઇ ગઇ હતી.

"બેટા ! બેટા !" માનું છાતીફાટ આક્રંદ ગાજી રહ્યું.

"શું છે બા ? તું કેમ રડે છે ?" આંખો ચોળતાં દીકરીએ પુછ્યું

"બેટા! શું કહું ? તારું ને મારું નશીબ ફુટયું." કહી માએ પોતાનાં છાતીમાથું ફરી કુટી નાંખ્યાં. પાછી દીકરીને છાતીસરસી ચાંપી. તે બીચારીના વિસ્મયનો પારજ ન રહ્યો.

"કૃષ્ણા ! ચાલ હવે ઉતાવળ કર, હોં. હવે આ બધાં લાડ શા કામનાં?" એક ઘરડી ડોશી આવી. તે વિધવા હતી, અને અનુભવી સરદાર જેમ શાંતિથી રણમાં દાખલ થાય તેમ આવી હતી. "ચાલ ઉઠ મણિ !" છોકરીને સંબોધીને તેણે કહ્યું; "જલદી કર."

"મોટાં માસી! ઓ, મોટાં માસી! પણ છે શું?" મણિએ પુછ્યું. જવાબમાં માસી પાસે આવ્યાં અને ચીચોટીઉં ઝાલી મણિને ઉભી કરી. "તેની તારે શી પંચાત? ચાલ કૃષ્ણા! હેઠળ તો બધા આવવા માંડયાં."

મણિ ગુંચવાડામાં પડી: આ બધાં શું ગાંડાં થઇ ગયાં હતાં? આ બધાંના જુલમે રડવું કે તેમના ગાંડપણે હસવુ? મોટાં માસી તેને ડાહ્યા લાગ્યાં ને કેવા રડયા વગર, શાંતિથી હંમેશની માફક બોલતાં હતાં.

ત્રણે જણ ઝપાટાબંધ હેઠળ ગયાં. મણિએ જોયું તો હેઠળ દસબાર બૈરા ભેગાં મળ્યાં હતાં. મણિને જોઇ બધાં રડવા લાગ્યા. પછી બધા ઉભા થઇ ગયાં અને કુટવા માંડયુ. કોઇ કોઇ વખત ચકલા ઉપર સ્ત્રીઓ કુટતી ત્યારે મણિ પણ બારીએ કે ઓટલે ઉભાઉભી ધીમેધીમે તે તાલ પ્રમાણે કુટતાં શીખવાનો પ્રયાસ કરતી હતી, એટલે તેને તો મજાહ પડી. પણ ગઇ વખત જ્યારે તેની માએ તેને કુટતાં જોઇ હતી ત્યારે વેલણેવેલણે મારી હતી એમને ફરી માર પડે એવે ડરે તેણે કૃષ્ણા તરફ જોયુ કૃષ્ણા તો કુટવામા મશગુલ હતી એટલે મણિને હીંમત આવી. તેણે કુટવા માંડયુ. તેને મજાહ પડી તેણે બધા તરફ જોયુ પણ મોટા માસીના જેટલા કોઇ કુટતુ ન હતુ આટલી ઉંમરે તે કેમ આવુ સારુ કુટી શકતા હતા એ પણ તેને જોવા જેવુ લાગ્યુ.

પછી બધા બેની ગયા અને કુકવો કર્યા. મોટાં માસીએ તરત પછી કહ્યું. "કૃષ્ણા! ઘરેણા લુગડા લાવની."

મણિ પાછી વિચારમા પડી આવી રડાકુટમાં ઘરેણા! પણ કૃષ્ણા તરત તે લાવી અને બધાએ મળી મણિને ઘરેણા ને સારા લુગડાં પહેરાવવા માંડયા મણિ મનમા ઘણી હરખાઇ. થોડા દિવસ પરજ લગ્ન માટે તેણે તે પહેર્યાં હતાં.

"પણ બા! આ સાંકળા તો મને નથી ગમતા, પેલાં બીજા લાવની." મણિથી કહ્યા વિના નહી રહેવાયુ.

"એસની રાંડ ચીબાવલી" કહી મોટાં માસીએ કુખમાં એક ચોટી દીધી. મણિ ચુપ થઇ ગઇ "જો કૃષ્ણા! ટીલડો નહીં ભુલની." મોટાં માસીએ કહ્યું.

"હવે કયા કરે છે કોઇ?" એક પડોશમાં રહેતી સ્ત્રીએ કહ્યુ.

"ના પણ મારે ઘેર તો પહેલેથી ચાલ્યું આવતુ હોય તેમજ થાય." કહી મોટાં માસીએ કંકાવટીમાં અંગુઠો ઘાલી મણિને કપાળે ટીલો કર્યો. તેને બે બૈરાંએ બે હાથેથી પકડી અને આગળ કરી. બધાં રડતાંકુટતાં નદીએ ચાલ્યાં. અનુભવી કુટનારીઓનું ખુબીદાર રુદન જાણે સંગીતશાળામાં ઘણા અભ્યાસથી શીખવામાં આવ્યું હોય તેવુ સંસ્કારી હતું—એટલે શોક નહોતો. હૈયાફાટ અકળામણ નહોતુ—માત્ર કળાજ કાને લાગતી.

મણિને બે હાથે પકડી, નદી પર લઇ જઇ નવાડી અને તેના ચુડીકંકણ ફોડી નાંખ્યાં.

"મોટાં માસી! આ શુ કરો છો? મામા! ઓ માસી!" મણિ હવે ઘરેણાં જતા જોઇ આક્રંદ કરવા લાગી. અને સામે થવાની તૈઆરી કરવા જતી હતી મોટાં માસીએ બઇરાંઓના કલાપીટનો લાભ લઇ ધીમેથી તેના કાનમા કહ્યુ :

"રાડ—ખબરદાર, જો પંચાત કરી તો. કહું તે છાનીમાની કર્યા કર"

"પણ મારાં ઘરેણાં શું કામ—"

"અભાગણી! તારો માટી મુવો તેમાં—" ધીમેથી પણ ભયંકર અવાજે માસીએ જવાબ દીધો.

"માટી" શબ્દે મણિની નજર આગળ એક દસઅગીઆર વર્ષનો છોકરો આવ્યો થોડા દિવસ પર તે ઘોડા પર બેસી જામોપાઘડી પહેરી તેને ઘેર આવ્યો હતો, અને ચોરીના ધુમાડામાંથી તે "માટી"નાં કાજળે કાળાં કરેલાં નેત્રો તેણે જોયાં હતાં. પછી તે અને પોતે પાલખીમાં બેસી વાજતેગાજતે ગયાં હતાં અને કોડીબપોરીઆ ફૂટયા હતા. તે છોકરો મણિને યાદ આવ્યો પણ—

"પણ તેમાં મારે શુ?" મણિએ પુછયું.

પણ મોટાં માસીને જવાબ દેવાની ફુરસદ નહોતી. જાણે બેંડમાસ્તરે પોતાની લાકડી હલાવી નવુ ગાયન શરુ કરાવ્યું હોય તેમ બધાં બૈરાં

કુડાળામાં ફરવા લાગ્યાં. વ્યવસ્થિત રાજીઓ શરુ થયો. સારે પ્રસંગે ગાઇ ન શકવાથી સચવાઇ રહેલા ઘણી વિધવાઓના મીઠા, પહાડી ઘાંટાઓ ગાજી રહ્યાં. છાતીઓ પર તાલ પણ રીતસર લેવાયા. મણિ મોટી માસી તરફજ જોઈ રહી; સ્તબ્ધ થઇ તેનો અવાજ સાંભળી રહી. તેણે પણ ધીમેધીમે છાતી પર હાથ દેવા માંડયો. ભુલમાં એક વખત તાળી પણ પડાઇ ગઇ—તેને ગરબા ગાવાની ઘણી ટેવ પડી હતી.

બધાં થાકયાં ત્યારે સહુ ઘેર આવ્યાં. મણિને મજાહ તો ઘણી પડી, માત્ર ઘરેણાં ગયાં તે રુચ્યું નહીં.

૨

થોડાં વર્ષો વીત્યાં, ને વૃદ્ધ પિતાએ સ્વમાન મુકી, વિધવા પુત્રીને સાસરીઆંને આશરે રાખી.

પણ વાઘ ને વરુથી ભરેલા ભયાનક વેરાનમાં એકલી મુકેલી નિરાધાર બાળાને આશ્રય મળ્યો છે એમ કહીએ તો તેવો પણ આશ્રય તેને નહોતો. જાનવરને દયા હોય, તે ભર્યે પેટે ઘાતકીપણું વીસરે, ઉંઘમાં કે બેદરકારીમા પોતાના ભક્ષ્યને ભુલી જાય, એક ઝપાટે, લાંબા વિચાર વગર, ગણત્રી કર્યા વિના દુઃખનો અંત લાવે; પણ જે જાનવરોના પાંજરામાં તે પુરાઇ હતી તેમનામા દયા નહોતી, વીસરવાની ટેવ નહોતી, પણ લાંબો વિચાર કરી નિશ્ચલ ઘાતકીપણાથી રીબાવવાની અદ્‌ભુત શક્તિ હતી. શબ્દોથી, મૌનથી, નાકના મરોડથી, આંખના અણસારાથી, હાથચાલાકીથી કે બેદરકારીથી: જે પ્રકારે આઘાત થઇ શકે, પ્રાણી રહેંસાઇ શકે તે બધા પ્રકારની અજમાયશ તેના પર થવા માંડી આવું પાંજરૂ પ્રભુએ તેને એકલીને માટે ઘડયું નથી, હીંદુઓમાં જ્યા ઘર છે ત્યાં વિધવા વહુને માટે તો આવુંજ પાંજરૂં છે. કોઇ પાંજરૂં સોને મઢેલું હોય, કોઇમાં ઘાતકો સારાંનરસાં હોય; કોઇમાં નિર્દોષ બાલાને કોઇક રીતની નીરાંત હોય; પણ પાંજરાંની બનાવટમાં ફેર હોતો નથી.

અને ખુબી તો એ હતી કે ઘાતકો માનતાં હતાં કે તેમનાં દુઃખનો પાર નથી, અને તેમને દુ.ખી કરનાર તે બાલા હતી. તે ખાતાં, અને બાલા ભુખી

રહેતી; તે બધાં મજાહ કરતાં, ને પેલી મજુરી કરતી; તે ઉંઘતાં ત્યારે પેલી દળણું દળતી; તેઓ એકબીજાના સ્નેહમાં ઘેલાં થતા, પેલી નિરાશ્રય એકલતામા શોષાઇ મરતી; છતાં તે કહેતાં કે તેજ તેમને દુઃખી કરે છે, અને માનતાં કે તેનું મોઢું જોઇ તેમને અપશુકન થાય છે.

તે અંધારાની ઉઠતી ને કલાક ઘટીએ બેસતી. આખા કુટુંબને માટે જોઇતો લોટ દળી એકલી કુવે લુગડાં ધોવા જતી. લુગડાં ધોઇ પાણી આણતી. સવાર પડતાં ગાયની કોડ કરતી, ને તેને દોહવા બેસતી. દોહી રહી એટલે રસોઇની સામગ્રી તૈઆર કરવા જતી ને થોડુ રાંધી છાણાં થાપવા જતી. છાણાં થાપી રહેતા મધ્યાન્હ થતા ને ભુખીતરસી પાછી આવતી ત્યારે બધાંએ જમી જે કૈં કકડોકોર ટાઢું ઢાંકી મુક્યુ હોય તે ખાતી.

વાસણ માંજવાં એ તો તેનીજ ફરજ હતી. પછી મરદોનાં લુગડાં ધોવાનાં થતાં ને તે કામ પુરું થતાં સાંજનું વાસીદું વાળવાનો વખત થતો તેમાંથી પરવારી, દીવાકોડીઆં કરી પથારી કરવા ચઢતી ત્યાર પછી, માત્ર કલાકેક જરા પગ વાળતી ને બરાં અધજમ્યાં થાય ત્યારે જમવા બેસતી ને જમી વાસણ માંજતી.

વાસણ માંજી રહી, બારણાં બંધ કરી, દીવા હોલવી, લાકડાની ઓરડી આગળ પથારી કરી સુઇ જતી; ત્યાં સુધીમાં મધ્યરાત્રિ થઇ જતી, નહીં તો સવાર થવાની તૈઆરી થતી.

આમ ને આમ ફેરફાર વિના, રાહત વિના તેના દિવસો જતા. બીજાં બધાં કામ કરવા લાગવાનો ડોળ કરતાં, વીંટાતાં, ટોળટપ્પા કરતાં, ને તે આળસમાં વખત ગાળે છે એમ એકબીજાને કહેતાં. તે ઘાટણ, ગોવાલણ, ને રાંધનારી ત્રણનું કામ કરતી. ઘરની કુતરી જેવું ખાતી, ફાટેલાં લુગડાં પહેરતી; ને વળી તે આળસુ છે, ખાઉધરી છે, ગરજમતલબી છે, મીંઢી છે, કર્કશા છે, હલકા માબાપની છે, કુભારજા છે, કમજાત છેઃ એવાં અનેક પ્રમાણપત્રો હસતું મોઢું રાખી સાંભળતી. એક પૈસો કોઇને ખરચવો પડતો નહીં, ને સાસરીઆંને સંસારમાં જશ મળતો કે તેઓ નિરાધાર વિધવા વહુનું જતન કરે છે.

૩

અત્યંત રૂપવતી પણ મ્લાન અને ફીકા વદનની એક યુવતી કાળુ લુગડુ પહેરી ઓટલે બેઠી હતી. તેને અંગે એક પણ ઘરેણું નહોતુ. આખુ ફળીઉં ઉજ્જડ હતુ. લગ્નગાળો હોવાથી બધાં ન્યાતમાં જમવા ગયાં હતા અને આખા ફળીઆમાં આ યુવતીજ માત્ર જમવા જઈ શકે એમ નહોતી. તેનુ રૂપ, તેની જાદુગરી આંખો, તેના લલિત અંગમરોડ ઉપરથી લાગતુ કે તે કોડભરી હતી.

તે થાંભલા પર માથું ટેકવી રડતી હતી. આંસુ વગરલુછે સરતા હતાં. શું કોઇ લુછનાર નહોતુ ? ક્યાંથી હોય ? કુદરતે તેને આનંદના ધામ સમી રચી હતી; માણસે તેને નરકની અધિકારિણી બનાવી હતી. શા કારણે તે તે બનાવનારાઓ પણ જાણતા નહોતા.

તેણે રડયા કર્યું. દૂરથી કોઇના પગલા સંભળાયા. એક પુરુષ આવ્યો. યુવતીને રડતી જોઇ ઉભો રહ્યો.

"મણિ! કેમ રડે છે ?"

યુવતી ચમકી. તેણે ઉંચુ જોયુ અને આંસુ લુછવા ગઇ.

"કંઇ નહી ભાઇ."

"બધાં ન્યાતમાં ગયાં છે કે ? હું પણ પરન્યાતના વરઘોડામાં ગયો હતો તે હવે આ કપડાં બદલી ચાલ્યો. પણ તુ કેમ રડે છે ?" પુરુષના અવાજમાં દયા અને ખિન્નતા હતી.

સ્ત્રીએ જવાબ નહી આપ્યો.

"ઓછુ કેમ નહી આવે ?" પુરુષે કહ્યુ, "હોય. હીમત રાખ, હીમત !"

સ્ત્રીની આંખમાં તેજ આવ્યુ. તેણે સરોષ માથુ ઉંચુ કર્યું. "પારકાને ઠીક બધા કહેવા મળે છે. પોતે તો કોઇ હીમત નથી રાખતુ."

આટલુ બોલતાં સ્ત્રીની આંખે અંધારા આવ્યાં. તેણે ડોકું એક ખભા પર નાખ્યું અને હાથ થાંભલે ટેકવ્યો. પુરુષ પાસે આવ્યો. મણિની બેસવાની છટા પર તેનુ લક્ષ ગયુ.

"કેમ? કૈં થયુ ?"

"નારે, આજે ચારચાર દિવસ થયાં અપવાસ કરું છું તેમાં"

"અપવાસ શા માટે કરે છે?"

"ભાઇ! અમારી પીડા તમે શું જાણો? તમે બધાં લમ મહાલો છો ને અમે ભડકે બળીએ છીએ. અમારો તે અવતાર છે? મનમાં કૈંકૈં વીણ્યાં-ચુંટયાં થાય છે આટલો અપવાસ નહીં કરીએ તો દુનીઆમાંએ નહીં રહેવાય." આકળાં પડી જઇને સ્ત્રીએ કહ્યું.

'જરા ધીરે બોલ! નહીં તો પાછું કૈં થશે" કહી થાભલા પર ટેકવેલા રુપાળા હાથ તરફ પુરુષ જોઇ રહ્યો

"મરાય તો ઓછી પીડા."

"એવુ શ બોલે છે? થોડું કૈંક ખા નહીં તો માંદી પડશે જા ઉઠ! તારા ઘરમા કૈં નહી હોય તો મારે ત્યાંથી આપું લઇ આવુ?"

"નારે ના જાઓ ભાઇ, જાઓ તમારે ન્યાતમાં જવાનુ મોડુ થતુ હશે."

"કૈં નહી તુ કૈં ખા પછી જાઉં–" પણ મણિને પાછાં અંધારાં આવ્યા તેણે ફરી થાભલા પર હાથ મુકયો થોડી વાર સુધી તે મુગી બેઠી.

"મણિ શું થાય છે?" કહી તેના હાથ પર પુરુષે હાથ મુકયો

તેના હાથના સ્પર્શથી સ્ત્રી ઝબકીને ટટાર થઇ ગઇ. તેના મોઢા પરની ફીકાશ જતી રહી. તેણે પોતાનો હાથ ખેંચી લીધો.

સ્ત્રી આમ સચેતન કેમ થઇ તે પુરુષ સમજ્યો અને જરાક હસ્યો. તેની આખોમાં કૈં જુદી તરેહનુ તેજ આવ્યું.

"ગભરા નહી! મણિ, તુ હજુ બાળક છે, એટલે આવા આવા વિચારો કરે છે મનમાં સુખ રાખીએ તો જરા દુઃખ નહીં નડે. સમજી?"

બંનેની આખો મળી, હોઠ પર હોઠ દાબી, અણચીંતવ્યા વિચારો દૂર કરવા મણિ ઓટલા પરથી ઉઠી ગઇ, અને અંદર ચાલી ગઇ.

પુરુષ કયાં સુધી મુગે મોઢે બારણા તરફ જોઇ રહ્યો. તેના મનમા કૈંકૈં

વિચારો આવ્યા થોડી વારે તે નીસાસો નાખી પોતાને ઘેર ગયો. પણ ક્યાં સુધી તેના મગજમાંથી મણિ ખસી નહીં.

આ બે હૃદય વચ્ચે અણધારેલું આકર્ષણ થવા માંડ્યું. આકર્ષણ એ મૈત્રીનું પહેલું પગથીઉં.

પાપ એટલે પતન. જે માણસ નિશ્ચલતાથી પોતાનુ સ્વાસ્થ્ય સાચવે તે યોગી; જેને સ્વાસ્થ્ય સાચવતાં મુશ્કેલી નડે, જે જરાક સરે ને પાછો ઉભો થઇ જાય તે સદાચારી. આ સ્થિતિસ્થાપકતા ન સચવાઇ કે અનીતિની શરુઆત. તે માર્ગ એક મોટા ઢોળાવ સરખો હોય છે. પગ સરતાં માણસ સરે, સરતાં ગબડે, અને આખરે તળીએ પહોચે મણિ રડી, પુરુષનું હૃદય દયાભીનું થયું: બંને મર્યા.

માણસ ભલે ગમે તેવા કૃત્રિમ નિયમો કરે પણ મનુષ્યસ્વભાવની મહાશક્તિઓ આગળ તે પળ વાર ટકે નહીં. આપણાથી પાળ બંધાય કે બહુ તો નદીનો પ્રવાહ વાળી શકાય, પણ તેની વચ્ચે આડા થઇ ઉભા રહેવાય એમ કરવા જઇએ તો પોતે ઘસડાઇ જઇએ. મનુષ્યત્વનો પ્રવાહ હોય કે નદીનો, પણ આમજ હોય છે. ભગવાન મહાદેવ બહુબહુ તો જટા વિસ્તારી ગંગાનો ધોધ ખાળી શકે; કંઈ માથામા શમાવે ?

આ શક્તિએ બંનેને વધારે પ્રેર્યાં. આખરે તળીઉં આવ્યું; પતન પુરું થયું

૧૨૭૯૫

વિભાગ પહેલો

પ્રકરણ ૧ લું

અતિથિ

બી. બી. એન્ડ સી આઇ. રેલ્વેનુ ...... ગામનુ સ્ટેશન એક નાનામાં નાનુ સ્ટેશન છે, માત્ર એક ઝાંપોજ છે એમ કહીએ તો ચાલે; કારણકે ફ્લેગ સ્ટેશન હોવાથી એક પટાવાળા સીવાય વધારે માણુસ રાખવાની ત્યાં જરુર નહોતી. ત્યાં માત્ર એક જતી અને એક આવતી એમ બેજ ગાડી ઉભી રહેતી, અને ખરું જોતાં તો સ્ટેશનનો ઉપયોગ રુની મોસમમાંજ થતો. બીજા મહીનામાં તો કોઇ રડવાખડયા પાટીદાર કે મામલતદારની ઓફીસના પટાવાળા કે કારકુન સીવાય કોઇ ત્યાં આવતુ નહી.

છતાં બે ગાઉ છેટે આવેલા મીઠાકુવા નામના ગામડાના જોરા ભગત દરરોજ સાંજે ત્યાં આવ્યા વિના રહેતા નહીં. ખેતરમાંથી આવતાં, કે નહીં તો ખાસ કરીને—પણ, પોતાના છોકરાઓનાં છોકરાં લઇ, ગાડું હાંકી, જોરા ભગત સ્ટેશન પર આવતા અને આગગાડી જાય એટલે મોટેથી ભજન ગાતા પાછા જતા.

જોરા ભગત અસલી જમાનાના આભૂષણરૂપ હતા. અંગ્રેજી કેલવણીના પ્રચાર પહેલાંના હોવાથી ભગત હતા. ખેડુતોનો ઉદ્ધાર કરવાનો કાયદો— 'ડેક્કન એગ્રીકલ્ચરીસ્ટ રીલીફ એક્ટ' પાસ થયો તે પહેલાંના નીતિ શીખેલા હોવાથી સારી દાનતના અને વફાદાર ખેડુત હતા. ઉંચા કુળના, પૈસે સુખી

અને દાનતના સાફ હોવાથી અમલદારોના ત્રાસથી નીડર રહેતા. તેમની શાખ ઘણી પહોળી હતી અને આખા ગામમાં તે પિતા તુલ્ય ગણાતા.

• હવે જમાનો નવો, સુધારાનો, કેળવણીનો આવ્યો છે. ખેડુતને ઉપલા કોઇ પણ ગુણ કેળવવાની જરૂર નથી. હાલ તો જોરા ભગત જેવા નમુનાની જોડ પણ જડવી મુશ્કેલ.

એક દિવસ સાંજે જોરા ભગત પાંચ છોકરા લઇ સ્ટેશન પર આવ્યા, સીગ્નલરને રામરામ કર્યા અને ગાડીની વાટ જોતા ઉભા. આગગાડી આવી ઉભી રહી. હમેશ સ્ટેશન પર જોવાથી ઓળખીતા થએલા પટેલને ગાર્ડે—તે ઘરડો પારસી હતો તેણે—નમસ્કાર કર્યા.

જોરા પટેલે ગાડી સામે જોયુ. કોઇ ઉતરતુ લાગ્યું નહીં.

"ગાડી હાંકો મારા સાહેબ!" પટેલે ગાર્ડને કહ્યું.

"આ કોઇ ઉતરે છેને" કહી ગાર્ડે બૈરાના ડબ્બા તરફ હાથ કર્યો અને બારણુ ઉઘાડ્યુ. એક હાફ્લીફાંફ્લી બૈરી ઉતરી. તેણે નીચું ઓઢેલુ હતુ.

'ટીકીટ!" કહી ગાર્ડે હાથ ધર્યો. સ્ત્રી ગભરાટમા, ક્ષોભમાં ધ્રુજતી હતી. અને આ પળે કે આઠ [illegible] ભોંય પર પડી જશે એમ લાગતુ હતુ. તેણે ધ્રુજતે હાથે અને ઘણીજ મુશ્કેલીથી ટીકીટ કાઢી ગાર્ડને આપી.

ગાર્ડે ટીકીટ સામે જોયું અને ચમક્યો

'બાઇ! આ ટીકીટ તો અમદાવાદની છે ને આ તો...ગામ છે"

મને ખબર છે" સ્ત્રીનો ચાળો ગભરાટમા પણ મધુર લાગતા. જોરા પટેલ અચબો પામ્યા આસપાસનાં બધા ગામની દરેક સ્ત્રીને તે ઓળખતા હતા, પણ આ તેમાની નહોતી

ગાર્ડે સીસોટી વગાડી અને આગગાડી ઉપડી ગઇ.

નવી સ્ત્રી ઉતાવળથી ચાલવા ગઇ અને એક બુમ મારી પાસે પડેલા પથ્થર પર બેસી ગઇ તેણે મોઢા પરથી લુગડું કાઢી નાખ્યું અને પોતાનું સ્વરૂપવાન સફેદ મુખ ખુલ્લુ કર્યું તેના પર અસહ્ય વેદનાના ચિન્હ સ્પષ્ટ દેખાતાં હતા. જોરા ભગત પાસે આવ્યા અને ધીમેથી પુછ્યું:

"બહેન કોણ છો? કયે ગામ જવુ છે?"



જેરાભગત પાસે આવ્યા અને ધીમેથી પુછ્યું :
"બહેન કોણ છો ? કયે ગામ જવું છે ?"

[પૃષ્ઠ ૧૨

સ્ત્રી જવાબ આપી શકી નહી, તેને મોઢે ફીણ આવ્યાં, તેના ડોળા ફરતા દેખાયા, તે વેદનાથી બુમ પાડવા લાગી; અને મહામહેનતે બોલી "મારા પેટમાં દુ:ખે છે."

ડોસાએ સ્ત્રી તરફ ધ્યાનપૂર્વક જોયું અને સમજ્યા કે તે સગર્ભા હતી

"કોને ત્યાં જવું છે?" ભગતે પુછ્યું.

સ્ત્રીએ દુ:ખમાં ડોળા ફાડતાં જવાબ દીધો: "કે નહી" અને પછી એકલતા દર્શાવતા તેણે એક આંગળી ઉભી કરી, અને પોતાની નિરાધારતામાં આધાર માત્ર પ્રભુનો હોય તેમ આકાશ સામુ જોયું ભગત સમજ્યા.

"સીગલર ! ઓ સીગલર!" કહી ડોસાએ બુમ પાડી. સીગલર આવ્યો.

"રાવજી પટેલ! તમારી ઓરડીએથી પટલાણીને બોલાવો. આ બાઇને છેલ્લા દહાડા–"

"પણ મારી ઓરડીમા !—"

"બાપા! રણછોડરાયજીનું કામ છે કાલે સવારે મારે ત્યા લઇ જઇશ. પછી કે છે?" "છોકરા!" પોતાના પૌત્રને સંબોધતાં ભગત કહ્યું: "તારી માને બોલાવી લાવ ગાલ્લુ જલદી હાંકજે કહેજે કે એક કોઇ નિરાધાર બાઇને સારુ કામ છે સમજ્યો?"

છોકરો સમજ્યો "હા દાદા, આ આવ્યો" કહી તે ગાડું લઇ ગામ તરફ જવા ગયો.

સીગ્નલરની સ્ત્રી આવી તેનામાં તેના ધણી કરતા પરોપકારવૃત્તિ વધારે હતી એટલે તે નવી સ્ત્રીને મહામુસ્કેલીએ પોતાની ઓરડીએ લઇ ગઇ અને તેની સારવારમાં પડી

જોરા ભગતે સીગલરની ઓરડી પાસે બેઠાંબેઠા માળા જપવા માંડી. થોડી વારે તેમના છોકરાની વહુ અને દીકરી બે ગાડામા બેસીને આવ્યાં અને અજાણી સ્ત્રીની સારવારમા ગુથાયા. રાવજી પટેલે ઓરડીની બહાર ચુલો માંડી થોડા રોટલા કરી કાઢયા અને ભગતની પરોણાચાકરી કરી.

રાતના દસઅગીઆર થયા હશે અને ભગત ઝાડ નીચે ઉઘ લેવાની તૈઆરી કરતા હતા, એટલામાં તેમની વહુ આવી ને લાજ કહાડી ઉભી રહી.

c

"સસરાજી!"

"કેમ બા! એ બાઇને કેમ છે?"

"એ બાઇને છોકરી આવી—હમણાંજ; પણ—"

"પણ શું? બંને સુખી છેને?"

"હા! પણ આ બલાને શું કરીશું? એ કોને ત્યાંની છે?"

"મને શું ખબર, દીકરા? તું જાણે છે તેટલું હું જાણું છું. આપણાં ગામોની તો ન હોય, પણ દેખાય છે તો કોઇ સારું માણસ. બેચાર દહાડે સહુ ખબર પડશે."

"પણ—"

"પણ શું?"

"શું આપણે ઘેર લઇ જઇશું? ગામમાં કોલાહલ થઇ રહેશે. પછી તો તમે જાણો." ઘરમાં મોટા છોકરાની વહુ સાસુના મરણથી ઘરની ધણી બનેલી હોવાથી પોતાના અધિકારથી તેણે ભગતને ચેતાવવા માંડયા.

"કેમ? તેમાં ગામવાળાંનું શું જાય છે?" ભગતે પુછ્યું.

"બૈરું કંૈ સારું નથી લાગતું." ધીમેથી વહુએ કહ્યું જાણે મહામોટા ગુનાહની વાત કહેતી હોય તેમ તેના સાદમાં ધ્રુજારી હતી.

"કેમ?" કચવાઇને ભગતે પુછ્યું.

"રાંડેલી છે."

ભગતને કમકમાટ આવ્યો. તેણે બે પળ રામનું નામ લીધું અને પછી જરાક સખ્તાઇથી કહ્યું: "વહુદીકરા! જે હોય તે; પણ વખાનાં માર્યાં જે આવે તે બધાંને માટે જોરા ભગતને ઘેર જુવાર છે."

ગંગાવહુએ કચવાટમાં જરા માથું ઉંચકયું પણ મર્યાદાને લીધે કંૈ બોલી નહીં. બીજે દિવસે જોરા ભગત પોતાને ઘેર જવા નીકળ્યા એટલે રાવજી પટેલે રોકયા.

"ભગત! આ તમારા બોલ સારુ આ બલા વળગાડી છે હો. માટે સવેળા લઇ જજો."

"હા ભાઇ હા!" ભગતને જરા ખોટું લાગ્યું. "હું હમણાં તેનીજ તજવીજમાં છું. મારું ચાલે તો એક પળ પણ અહીંઆં નહીં રાખું. પણ એ બીચારીની સ્થિતિ તો વીચારવી."

"બાપા! ખોટું નહીં લગાડશો. પણ તમે મોટા માણસ કરો તે કૈં નહીં અને અમને ગરીબને તો લોક ચાવી ખાય."

"બરોબર છે" કહી ડોસા ત્યાંથી ઝપાટાબંધ ચાલ્યા. સ્ટેશનથી ત્રણ ગાઉ દૂર એક વેરાગી બાવાનું મંદિર હતું અને ત્યાં એક મેનો પડી રહેલો હતો તે તેમને યાદ આવ્યું. આશરે નવેક થતાં તો ભગત મેનો ઉપડાવી લાવ્યા અને નવી સ્ત્રીને અને તેના બાળકને ઉપડાવી પોતાને ત્યાં લઇ ગયા. જતાંજતાં ભગતે રાવજી પટેલના હાથમાં એક રુપીઓ મુકવા માંડ્યો. પણ સીગ્નલર માણસાઇની મર્યાદામાં હોવાથી તે લેવા તેણે ના પાડી.

પ્રકરણ ૨ જું

નવી સ્ત્રી

જોરા ભગતના ઘરના એક ઓરડામા નવી સ્ત્રી સુતી હતી. આજે તેને અહીઆં આવ્યે ત્રણ દીવસ થયા હતા.

આ સ્ત્રીનું સ્વરૂપ એક વખત જોયા પછી જીંદગીભર વીસરાય એમ નહોતુ તેનું શરીર સાધારણ રીતે કદાવર ગણાય; અને તેની છટાદાર રેખાઓમાં આપણા લોકમાં ક્વચિતજ દેખાતાં સૌદર્ય અને અપૂર્વતા જણાતા. તેના મુખ પર સૌદર્ય ઉપરાંત કૈક અજબ મોહકતા દેખાતી. અને હાલની સ્થિતિને પરિણામે તે મોહકતા વધારે આકર્ષક લાગતી તેની આંખો શ્રમથી અડધી મીચાયલી હતી, છતાં તેના ઘાટ પરથી, તે ઉઘડે તો કેવા મુનિવરો ચળાવે તેનો કૈક ખ્યાલ પેદા કરતી. માત્ર કપાળે માનસિક વેદનાની છાપ પડી હતી

આવા ગામડીઆ સહવાસમા તેનું રૂપ વિચિત્ર રીતે શોભતુ. કોઇક મહેલમાં મદાલસા સરજાએલી સુંદરી આવા પહેરવેશમાં, અને આવા ઓરડામાં પડેલી જોઇ કોઇને જોગમાયાનો ભાસ આવે. છતાં તેને કપાળે કાળો ડામ દેખાતો. તેને માથેથી એકેએક વાળ કાઢી નાંખેલો હતો. તે વિધવા હતી. સમાજે તેના શિર પર પોતાની સત્તાનો સીક્કો માર્યો હતો

તેની સોડમાં તેનુ બાળક–તેની દીકરી પડી હતી. આનંદના અવતાર જેવી તે દીસતી–તેની મોટી આંખો ફાડી જાણે આનંદહીન દુનીઆને તેનું દુઃખ પુછતી હોય એવું લાગતું. મા ગંભીર, ઉંડા વિચારમાં પડી હતી;

વિચારમાં ને વિચારમાં આંખોમાંથી વહેતાં અશ્રુઓનું પણ તેને ભાન નહોતું. થોડીથોડી વારે તે નીસાસા નાંખતી અને બાળક સામુ જોતી. બાળક મુંગે મોઢે પુછીજ રહ્યું: "આનંદ શા માટે અહીંઆં નથી?" સ્ત્રીએ સફેદ આરસ જેવે હાથે આંસુ લુછ્યાં. બહારથી જોરા ભગત તેના છોકરાની વહુ સાથે બોલતા સંભળાયા.

"વહુ! છોકરાં ક્યાં ગયાં?"

"ક્યાં છોકરાં?" જરાક ગુસ્સાના આવેશમાં ગંગાવહુનો ઘાંટો સંભળાયો.

"કેમ વળી બીજાં કયાં? મુળી ને રામો ને–"

"તે તો કાલે તેના મામા આવીને લઇ ગયા. તેને ત્યાં કૈં જમવાનું છે."

"ત્યારે તારાં છોકરાં?"

"તે પણ મારા કાકાની સમચરી છે તે મારા બાપને ગામ ગયાં."

"એમ? વહુદીકરા! મારાં પાંસઠ વરસ પાણીમાં નથી ગયાં એ હું સમજુ છું." ભગતે જરા દીલગીરીથી કહ્યું.

"સમજો છો ત્યારે આમ કરો છો શું કામ?" એક અવાજ નવી સ્ત્રીને કાને આવ્યો. "આજે ત્રણ દિવસ થયાં આખું ગામ તમારીજ વાતો કર્યા કરે છે."

"મહેતાજી સાહેબ" તલાટીને સંબોધતાં જોરા ભગતે કહ્યું: "ગામ તો બધું ગાંડુ છે. બાપ! રોજ માળા જપીએ ને એક દિવસ કોઇની સેવા કરવાનું મળે તે પણ નહીં કરીએ? દેવ અને દુઃખીઆં બે બરોબર ગણાય."

"પણ ભગત, ખરી વાત! મેં સાંભળ્યું કે કોઇ સારા ઘરની છે." સુવાવડી સ્ત્રીએ હોઠ કરડયા.

"હા ભાઇ! દેખાય છે તો કોઇ બહુ સારા ઘરનું, પણ દુઃખનું માર્યું લાગે છે. હશે કોઇ કાળમુખાનાં કારસ્તાન; બીચારી નાની ને ભલી દેખાય છે."

"કેટલાંક વર્ષની છે?"

"અઢારવીસેક હશે. એ તો કેમ કહેવાય?"

" જો જો ! પછી કોઇ બરજાત નહીં હોય."

સ્રીની આંખોમાં ભયંકર ખુન્નસ આવ્યું. સદ્ભાગ્યે તે કોઇએ જોયું નહીં.

" જે હોય તે. ક્યાં મારે આખો ભવ રાખવી છે! એ તો આ મારાં છોકરોવહુ ગભરાય છે, ને આજે ત્રણ ત્રણ દિવસ થયાં કૈંનું કે કરવા માંડયું છે. પણ અધવચ તે એને ક્યાં કઢાય?"

" પણ એનાં કોઇ સગાં નથી? તેને બોલાવોને."

" મહેતાજી! ગંગાવહુએ બહુએ પુછયું પણ એ તો કહે છે કે સગામાં શ્રીરણછોડ છે, બીજું કોઈ નથી. મેં પણ નક્કી કર્યું છે કે ચાલીસ દિવસ તો રાખીશ. પછી એની મેળે જ્યાં જવું હોય ત્યાં જાય."

" એને તો કહીએ કોઇ મોટા શહેરમાં જઇને રહે; કોઇ પુછશે નહીં ને ગાછશે નહીં."

" હશે, જેવી એની મરજી. પણ બાપુજી! તમારી બદલીનુ શું?"

" ભાઇ, હું તો બદલીની બહુ ના પાડું છું, પણ મામલતદાર સાહેબ બહુ મંડયા છે. જોઇએ; એની પણ કુંચી ખોળી કાઢશું ચાલો રામરામ."

" રામરામ, બાપુજી!"

અંદર સુતેલી સ્રીએ વાત સાંભળીને જોરા ભગતને હજાર આશીષ આપી. છેલ્લાં આઠ વર્ષમાં પહેલી વખત આ માણસેજ તેને ચાર દિવસનું પણ વિશ્રામસ્થાન આપ્યું હતું. તેણે પોતાના બાળકને ફરીથી છાતીસરસું ચાંપ્યું.

પણ જોરા ભગતની ખરેખરી કસોટી થતી હતી. તેના દીકરા અને વહુઓએ ડોસાની સામે કાવત્રું રચ્યું હતું. બધાં મોઢાં ચઢાવી ફરતાં, નવી સ્રીને નછુટકાનુંજ આપતાં અને દરેક જણ પોતપોતાનાં છોકરાંને તેને મોસાળજ રાખતાં. મીઠાકુવામાં પણ કેટલે વર્ષે આવો મોટો બનાવ બન્યો હોવાથી લોકોમાં ખળભળાટ થયો હતો અને જોરા ભગત સામે બધાએ તિરસ્કારની નજરે જોવા માંડયું હતું.

તેમજ ગામની સ્રીઓએ પણ મોટું મહાભારત કરવા માંડયું. ઘણીખરી

સ્ત્રીઓ કે પણ બહાનું કાઢી ગંગાવહુને મળવા આવતી અને જે ઓરડામાં નવી સ્ત્રી સુતી હતી તેની પાસેને ઓટલે બેસી, તેને સંભળાય તેમ અનેક જાતની વાતો કરતી. નિરાધાર અજાણી સ્ત્રી એ બધું સાંભળતી, અને પ્રભુ પાસે મોત માંગતી.

જેમ જેમ આ સ્ત્રીમાં શક્તિ આવતી ગઇ તેમતેમ ગંગાવહુનો જુલમ વધતો ગયો. ઉંચા કુળની પટલણ એટલે તે જાજરમાન અને રીતભાતમાં જબરાં હતાં, અને બને તેટલા ડામ દેવા ચુકતાં નહીં.

નવી સ્ત્રીને આવે વીસબાવીસ દિવસ થયા હશે, અને એક વખત વીત ઘણીજ વધી ગઇ.

"લો ! જોસો" કહી ગંગાવહુએ ભોંય પર અને આ સ્ત્રીના હાથ પર ઢોળાય એમ પાણી નાંખતાં કહ્યું: "હવે થયું."

' આકળાં નહીં પડો, બહેન !" ધીમેથી, ખેદયુક્ત અવાજે નવી સ્ત્રીએ કહ્યું. તે જરા ફીકકી, ઓશીઆળી બની હસી. "મારું બનશે તેટલી વહેલી અહીંઆંથી ઉપડી જઇશ. તમને કોઇને જરા નહીં વેઠવા દઉં. આ તો શું કરું ?"

"હાસ્તો, તુ તો શુંજ કરે ! એ તો નશીબમાં છે તે મોજમજાહ માણી લે. સસરાજી એવા છે તેમાં આટલુંએ કરે છે."

"ગંગાબહેન ! કરીને કહીએ નહીં."

"અરે કહીએ શુ ! મારા જેવી મા હોય તો આપે ઝેરની ફાકી, આમ રહેવા દે ? આ તો જોરા ભગત મફતનું પાપ વહોરે છે."

મણિના મોઢા પર આ ઘાની વેદના સ્પષ્ટ થઇ આવી,—તેની આંખો-માંથી ફરી આંસુ વહેવા લાગ્યાં.

"મારું પાપ મારે માથે" તેણે ગદગદ કંઠે કહ્યું. "તેમાં તમે શું કામ રીબાવી મારો છો ? મારું કર્યું હું ભોગવીશ."

"તું શું ભોગવતી હતી !" ગુસ્સાના આવેશમાં ગંગાવહુએ કહ્યું. "તારા જેવી કોઇ બીજી હોય તો વાવકુવો શોધે—આમ પડી રહે?" કહી તેણે ન લખાય અને ન વચ · એવી ગાળો દેવા માંડી. મણિનું કોમળ હૃદય

વધારે ને વધારે ખિન્ન થતું ગયું. તેણે કાને હાથ દીધા. તેનું માથું ભમવા લાગ્યું.

"ગંગાબહેન! માફ કરો. કહો તો પગે લાગું. મને મરેલીને શા માટે મારો છો? તમારે પણ છોકરો છે તેવી મારી પણ આ છોકરી. એને માટે જીવું છું."

ગંગાવહુનો શબ્દપ્રવાહ વધ્યો. અપશબ્દોથી સુશોભિત રીતે, તેણે પોતાનાં છોકરાંને તેની છોકરી સાથે સરખાવી તેને માટે પોતાનો ગુસ્સો દર્શાવ્યો.

"આ તારી છોકરી ને મારાં છોકરાં સરખાં?......ખબરદાર ફરીથી બોલી તો, જીભડો તાણી કાઢીશ." કહી તેણે હાથ ઉગામ્યો. મણિ દુઃખ વધારે ન સહન થઇ શકવાથી ભોંય પર પડી ગઇ, અને ગંગાનો ઉગામેલો હાથ તેના પર પડે તે પહેલાં તેના ધણીએ તે પકડી લીધો.

શિવા પટેલ જોરા ભગતના મોટા છોકરા હતા અને સ્વભાવે ઘણાજ ઉગ્ર હતા. બાપ જ્યારે નવી સ્ત્રીને ઉપાડી લઇ આવ્યા ત્યારે તે ઘણા ગુસ્સે થયા, બબડયા, અને ભગતને પણ થોડું ઘણું સંભળાવ્યું. પણ જેમ જેમ ગામનાં માણસોને મોઢે ભગતની બદબોઇ સાંભળતા ગયા તેમ તેમ પોતાના બાપનો પક્ષ તે લેવા લાગ્યા. પક્ષ લેતાં લેતાં ભગતે બરોબર કર્યું હશે એમ માની લીધું, અને સ્ત્રીઓને મોઢે તેના રૂપનાં વખાણ સાંભળી તેને જોવાનું મન થયું. આજે તે બહારથી જતા હતા ત્યાં બેના ઘાંટા સાંભળ્યા. પોતાની બૈરીને ગાળો દેતાં સાંભળી–મણિનો સંસ્કારી અવાજ સાંભળી કંઈ આકર્ષણ થયું. તેણે બારણામાંથી જોયું, અને જોતાં પ્રાર્થનામાં ઉંચું કરેલું તેનું દુઃખપૂર્ણ સુંદર મોઢું ભાળી તેનામાં દયાના અંકુરો ફુટયા. ગંગાનો ઉંચકેલો હાથ તેણે રોકયો અને લાલચોળ આંખો કાઢી પોતાની વહુને ડરાવી.

"ખબરદાર–કુબ્જા!" એક મજબુત મુઠી દેખાડતાં તેણે ગંગાને કહ્યું; "આજે બોલી તો બોલી, પણ ફરીથી જો આને કંઇ કહ્યું છે તો. મારા બાપા ઘરમાં રાખે ને તું ગાળો દેનાર કોણ?"

"અરે આ રાં—"

"કેમ ફાટી કે ?" કહી શિવા પટેલે એક તમાચો ખેંચી કાઢયો; "છાની મર."

"ભાઈ એવું કરશો નહીં. મારે લીધે તમારા ઘરમાં કંકાસ કરશો નહીં." મણિએ આંસુ લુછતાં કહ્યું.

"બહેન તું ગભરાઈશ નહીં. નીરાંતે જેટલા દિવસ રહેવું હોય તેટલા દિવસ રહે. જોઉં છું હવે કોણ બોલે છે?" કહી શિવા પટેલ ફર્યા અને પાસે ઘોડીઆમાં સુતેલી છોકરી પર તેની નજર પડી.

છોકરીને જોઇ તેનું હૃદય વધારે પીગળ્યું. તે નીચો વળ્યો, છોકરીની સામે સીસોટી વગાડી. છોકરી હસી.

"મને આપશો!"

"સુખેથી" કહી મણિએ છોકરી પટેલના હાથમાં મુકી. ભોંય પર બેસી પગ પર હાથ વીંટી, ગંગા વહુએ ધુરક્યાં કર્યું. પટેલે આવું રૂપાળું, આવુ નિર્મળવર્ણું બાળક આજેજ હાથમાં લીધું હતું. તેના હર્ષનો પાર રહ્યો નહીં. છોકરી જાણે મહા મોટા સિદ્ધાંતનો નિર્ણય લાવતી હોય તેમ પટેલની મુછો સામે જોઇ રહી. પટેલે છોકરી પાછી આપી.

"ચાલ હવે, જોજે કોઇ દિવસ કૈં કહેતી" કહી શિવા પટેલ નિરાધારની વહારે ચઢયા હોવાથી, મલકાતા બહાર નીકળ્યા. ગંગા તો વધારે ગુસ્સે થઇ પણ શિવા પટેલના રૂઆબ આગળ તેનું કૈં ચાલતું નહીં એટલે મનમાં ને મનમાંજ ગુસ્સો શમાવ્યો. "વંત્રી વળગી છે" કહી તે બહાર ગયાં.

મણિની સ્થિતિ સુધરી. હવે તેને કોઈ એક શબ્દ પણ કહેવાની હીંમત કરતું નહીં.

પ્રકરણ ૩ જું

સોંપણ

આડત્રીસ દિવસ મુગે મોઢે બધું સહન કરતાં મણિ પડી રહી. તે ક્યાં જશે, તેનું શું થશે, તે કોણ છે એ સવાલો ભગત અને તેના છોકરાની ધાકથી કોઈ મોઢે લાવતું નહીં, છતાં મણિ આખો દિવસ અને રાત તે ને તેજ વિચારો કર્યા કરતી. તે સ્વાર્થી હતી. તે જાણતી હતી કે સંસાર તેને માટે નિર્જન અરણ્ય હતું; એટલે આવા વિશ્રામસ્થાનમાં રહી જેમ શક્તિ વધારે આવે તેમ તેને લાભદાયક હતું બીજો સ્વાર્થ તેને આ છોકરીનો હતો. કોઈ ઠેકાણે તેને મુકી, કોઈ ન જાણે એમ પોતે નવી જીંદગી શરુ કરવી હતી. આઠ વર્ષ થયાં એકલાં, દુઃખ સહેતાં, તેને હજારો વિચારો આવ્યા હતા, અને તે વિચારો પ્રમાણે જીવન રચવાનો ઇરાદો તે રાખતી હતી. તે ગામની સ્વચ્છ હવા લેતી, પક્ષીનો કલરવ સાંભળતી, કોઈક વખત બહારથી આવતો ગાવાનો સ્વર તેને કાને પડતો અને નીડરપણે તે બધાનો અનુભવ કરવા ઇચ્છતી. છતાં અહીંઆં વધારે રહેવું તેને યોગ્ય લાગ્યું નહીં. તે બારણા સામે જોઈ બેસી રહી, અને જોરા ભગતને જતા જોઈ બોલાવ્યા.

"ભગતકાકા! આમ આવો, મારે જરા વાત કરવી છે. શિવાભાઈ હોય તો તેમને પણ બોલાવો."

"કેમ શું છે?" કહી ભગત અંદર આવ્યા અને થોડી વારે શિવા પટેલ આવ્યા.

"કાકા બેસો, મારે વાત કરવી છે. તમને મેં બહુ દુઃખ દીધું. હવે મારે જવાનો વિચાર કરવો જોઈએ."

"ઉતાવળ શી છે?" શિવાએ પુછયું.

"તમને ભલે નહીં હોય ભાઇ! પણ મને છેતો. હું અભાગણી છું. મારાં પગલાં ખરાબ છે. આખા ગામમાં મારી વાત થાય છે. તમારે શું શું શોષવુ પડે તે હું જાણું છું."

"દીકરી!" જોરા ભગતે કહ્યું: "તેની ફીકર તું કરતી નહીં. ગામના બાપનું કૈ દેવું છે?"

મણિએ ડોકું ધુણાવ્યું. "તે કેમ ચાલે? મારું તો હું મારી મેળે ફોડી લઇશ, પણ તમારી મારે સલાહ જોઇએ છે."

"શી?"

"મારે હવે કયાં જઇને રહેવું, ભગતકાકા? તમને લોકોને ગમે તે વિચાર આવ્યા હોય પણ હું છેક અધમ કે કુલટા નથી. અને ભુલ તો કોણ નથી કરતું?"

"હુ કયાં કહું છું? રણછોડરાયજીની મહેર જોઇએ બા! પણ તારાં કોઇ સગાંવહાલાં નથી? તારે સાસરે કે પીએર કોઇ એવુ નથી કે તને સંઘરે?"

"કાકા! સાસરામાં ને પીએરમાં તો મારો પરમેશ્વર. એ વાત તો જવાજ દો."

"ત્યારે તું કયાં જઇને રહેશે?"

"તેજ હું તમને પુછું છું. મારે કોઇ ઠેકાણે નીરાંતે રહી મારા પેટ-પુરતુ કમાઇ ખાવુ છે. મને ભણતાં અને ભરતાં આવડે છે, એટલે વાંધો નહીં પડે."

"દીકરી! ખાવાને માટે તો અમારા મોધારામ તલાટી છે તે કહેતા હતા કે ઘરમાં કોઈ રાંધવા બૈરું એમને જોઇએ છે."

"કાકા! એ તો કામનુંજ નહીં. રંધવારી થઇને રહું એટલે આખો ભવ મારે તો ઓશીઆળો રોટલોજ ખાવો પડે."

"ત્યારે તો કયાં જશે? ત્યારે હરિનું ભજન કરો કે ભવોભવનાં પાપ ટળે. મહાયોગી મહારાજ છે ત્યાં જશે!"

" એ કેવા છે ? "

"મહા મોટા હરિભક્ત છે. અને બહુ માણસો તેમને શરણે જાય છે. તારા જેવીને ઘણી શાંતિ વળશે."

"હા, મેં પણ એમની ખ્યાતિ સાંભળી છે. તમારી પાસેનાજ શહેરમાં એમનું મંદિર છે નહીં ?"

" હા. ત્યાં જાય તો ઘણું સારું."

" પણ તે મને ધુતકારી કાઢે તો !"

"કોઇ દિવસ નહીં. એ તો મહાત્મા છે. હજારો માણસો તેમનો ઉપદેશ સાંભળવા રોજ જાય છે."

" પણ મારી છોકરીનું શું ?"

"તારી સાથે લઇ જા. બીજું શું ?"

" કાકા ! મારી સાથે લઇ જાઉં તે કેમ બને ? મારે વૈરી માણસે હજુ શું શું વેઠવું પડશે. હજુ તો ક્યાંએ રખડીરઝળી પેટ ભરવું પડશે. તમે આટલા દિવસ કેટલું વેઠ્યું ? એવું બીજું કોણ વેઠે ? ભગતકાકા, એ રઝળામણમાં મારી કાચી કળી જેવી દીકરીને ક્યાં નાંખું ? એ મરી નહીં જાય ?" કહી મણિએ પોતાની છોકરી કાઢી બાપદીકરો બેઠા હતા ત્યાં મુકી. થોડી વાર કોઇ બોલ્યું નહીં

" કાકા !" મણિએ ધીમે ધીમે બોલવા માંડ્યું: " જ્યાં જઇશ ત્યાં મારું પાપ મને આગળ આવશે, પણ છોકરીએ શું ગુનેહગારી કરી ? એ તો પ્રભુનું બાળ છે. એ છો નિર્દોષપણામાં ઉછરે."

" ત્યારે શું કરીએ ?" શિવા પટેલે પુછ્યું.

" તમે બંને રાજી હો તો અહીંઆં રાખો, છોકરાંઓમાં ઉછરશે. અને મારું કૈં ઠેકાણું પડશે કે હું તરત એને લઇ જઇશ. એને મુકી જવાના વિચારે પણ મારું તો હૈયું ફાટે છે, પણ શું કરવું ?"

" મને બા ! જરા વાંધો નથી. પણ આ શિવાની વહુ જરા ગરમ છે."

" અરે બાપા ! ગરમી તો બધી કાઢી નાંખું. મને પણ વાત તો ઠીક લાગે છે. માને પાપે દીકરી શા માટે મરે ?"

"જીવતા રહો, મારા ભાઇ."

"ગંગાવહુ! ઓ ગંગાવહુ!" ભગતે બુમ મારી.

ગંગાવહુ નાકનું ટેરવું ચઢાવી, ન છુટકે આવ્યાં.

"જુઓ વહુ! આ બાઇ તો જાય છે. એની છોકરી રાખશો? છો આપણા ઘરમાં રહે ને છોકરાં ભેગી ઉછરે."

"એ ઉઠવેઠ મારાથી તો આ ઉમરે નહીં થાય."

"ઘરમાં બીજી વહુઓ છેને?"

"તે બધી નવરી બેઠી છે?" ગંગાવહુએ જવાબ દીધો.

"કોઇ નવરું નહીં હોય તો મણિને પણ સાથે રાખો." શિવા પટેલે બુમ મારી. બાપના મોં આગળ મર્યાદાને લીધે તે વધારે બોલ્યા નહીં પણ તેમનો મીજાજ વધતો ગયો. "મા અને દીકરી બંને અહીંઆં રહે. પછી બધાં રાજી થશે?"

ગંગાવહુએ જોયું કે જો છોકરી રાખવાની ના પાડીશ તો માએ રહેશે. તેણે ડહાપણ વાપરવા માંડયું: "મણિ કયાં જાય છે?"

"એ તો મહાયોગી મહારાજને મંદિરે જઇને રહેશે, અને જો કે એનું ઠેકાણું પડશે તો છોકરીને લઇ જશે."

"અરે અહીંઆં રહેશે તો શું ધાન ખુટવાનું છે?" શિવા પટેલે કહ્યું, "ને ચંચળીને ધાવણું છોકરું છે તે ઉછેરશે."

"ત્યારે તો જેવી તમારી મરજી" કહી ગંગાવહુ ચાલ્યાં ગયાં.

"બાપા! એ બધાં તમારાથી નહીં સમજે, મારાથી સમજશે."

"હા! એ તો એમજ કરીશું."

"ઠીક ત્યારે! પરમ દિવસે તમારું ગાડું આપો તો હું શહેરમાં જાઉં" મણિએ કહ્યું.

"હા! મારે પણ જવું છે." ભગતે કહ્યું. "બાપુજી (તલાટી) પણ આવવાના છે."

મણિને નીરાંત થઇ. તેનું બાળક હવે ઠેકાણે પડશે એમ તેને ખાત્રી થઇ

એટલે બીજી ચિંતા નહોતી. દુનીઆ વિશાલ હતી; અને તેમાંથી કોઈ એક ખુણે પોતે પડી રહી દિવસો ઘણી સહેલાઈથી નિર્ગમન કરી શકશે એમ તેને લાગતું હતું.

એ દિવસ સુધી પોતાનાં આંસુ ઢાળી પોતાના વહાલા બાળકની તેણે રજા લીધી. તે દિવસોમાં ઘણીએ વખત બાળકને સાથે લઈ જવા તેને મન થતું; પણ તે ઘણી દૃઢ બુદ્ધિની હતી, અને જ્યાં સુધી પોતે ઠેકાણે પડે નહીં ત્યાં સુધી તેને અહીંઆં રાખવામાંજ ફાયદો છે એ વિચાર તેણે મન આગળ રાખ્યો.

જવાને આગલે દિવસે તેણે ભગતને પાછા બોલાવ્યા, અને પોતાની પાસે એક વીંટી અને હાર હતો તે છોકરીની ઉછેરણી પેટે લેવા તેને આગ્રહ કર્યો. ભગતે તે લેવા ચોખ્ખી ના પાડી.

સવારના પાંચ વાગ્યા એટલે બધાં ઉઠયાં. મણિએ પોતાની છોકરીને છેલ્લું ચુંબન આપ્યું, ગંગાવહુની ક્ષમા માગી, પોતાની છોકરી માટે મહેરબાની યાચી. ગંગાવહુએ છોકરીને પાળવાનું વચન આપ્યું રડીરડી રાતી થઈ ગએલી આંખોમાંથી આંસુની ધાર પાડતી હતભાગિની સ્ત્રી જે બાલના સંરક્ષણ માટે ઘર તજી ભટકતી હતી, તેને પરઘેર સોંપ્યું. ભગત અને મોઘારામ તલાટી જોડે તે શહેર તરફ જવા માંડી. "ગંગાબહેન!" જતાં જતાં મણિએ કહ્યું: "મારી દોલત સાચવજો, અને એમ કરતાં હું નહીં આવું કે કોઈને ન મોકલું તો પણ ચાદ વર્ષની થયા વિના છોકરીને કયાંએ દેશો નહી. હો કે."

"વારુ, બેફીકર રહેજો" શિવા પટેલે ઉત્તર વાળ્યો.

"ને એનું નામ સુરેખા રાખજો."

"વારુ."

ઘુઘરાના ઘમઘમાટ સાથે બળદીઆ ઉપડયા, મા અને દીકરી વચ્ચે અંતર વધવા માંડયું

પ્રકરણ ૪ થું

મહાયોગી મહારાજ

શહેરના આગળ પડતા ભાગમાં એક જુની પણ વિશાલ હવેલીમાં મહાયોગી મહારાજનું મંદિર હતું. આજે કેટલાંક વર્ષો થયાં આ મહાત્મા આ શહેરમાં જન્મ્યા હતા અને ગામના અનુયાયી ઉપરાંત આખા ગુજરાત-માંથી ભક્તો તેમના પવિત્ર પાદપંકજનો સ્પર્શ કરવા આવતાં. દરરોજ હજારો માણસો તેમનાં ચરણસ્પર્શે પવિત્ર થતાં; હજારો રુપીઆ ભેટ તેમના ચરણમાં મુકાતા; અનેક માણસો તેમના અનુયાયી બની, તેમનાં પ્રવચનો પ્રમાણે ચાલવા પ્રયત્ન કરતા; કેટલાકો તેમની સાથે રહેતા, તેમની સેવા કરતા, અને તેમનો બોધ તેમને સ્વર્ગે લઇ જશે એમ માનતા.

તેમના મંદિરનો આગલો ઓરડો પ્રવચનો માટે વપરાતો. તેમાં વીસ બારીઓ ત્રણ ગમથી હવા અને અજવાળું આપતી; મહાપુરુષોની છબીઓ અને સીલીંગનું નકસીકામ રમણીયતા અર્પતાં; અને એક ખુણે મુકેલું સુખડનુ સિંહાસન દેવમંદિરની ભવ્યતાનું ભાન કરાવતુ. આ ઠેકાણે દરરોજ પાંચસો માણસો પ્રવચન સાંભળવા આવતાં.

મહાયોગી મહારાજની ખ્યાતિ સકારણ હતી. ગુજરાતના ભોળા વતનીઓને વશ કરવા તો માત્ર તેમનું કદાવર અને ભવ્ય શરીર બસ હતું. અતિશય ચરબીની કદરુપતા વિના તેમનું શરીર જાડું, લીસું, ચળકતું હતું; એક સ્નાયુમાત્ર પણ નજરે ચઢતો નહીં. તેમનું મોઢું તેજ ઝારતું, અને લોકો તેને બુદ્ધિનું તેજ ગણતાં. આંખોમાંથી નિરંતર એક શાંત, મીઠું તેજ પ્રસરી રહેતું. ઉંમરે તે છેલ્લાં દસ વર્ષ થયાં ચાલીસ વર્ષના લાગતા અને જ્યારે

નાહી, ધોઇ, ચંદનથી અર્ચિત થઇ, સફેદ કીંમતી કદ પહેરી, રુપે મઢેલી પાવડી પર ચઢી, હાથમાં ભગવદ્ગીતા લઇ, પગે પડતા ભક્તજનના ટોળામાં-થી આવતા ત્યારે લોકોમાં અજબ શાંતિ પ્રસરતી—શ્રદ્ધાળુ લોકોમાં આપો-આપ ભક્તિ પેદા થતી—ભક્તજન દિંગ્મૂઢ થઇ આ તેજસ્વી મૂર્તિ નીહાળી રહેતાં. જ્યારે તેમના સુંદર દાંત દેખાય તેમ તે હસતા ત્યારે બધાં સચ્ચિદાનંદનો સ્વાદ ચાખતાં.

વિદ્વત્તા માટે પણ તેમની ખ્યાતિ ઘણી હતી. તેમને શું નથી આવડતું, અને તે ક્યાં ગુંચવાય છે તે ખોળી કાઢવું એ પાંચ વર્ષના અનુભવે પણ બને એમ નહોતું. તેમને ત્યાં એકબે શાસ્ત્રી અને એકબે ગ્રેજ્યુએટો પડ્યાપાથર્યા રહેતા હતા. પણ તેઓ મહારાજને શીખવે છે કે મહારાજ તેમને શીખવે છે એ કદી પણ કળાતું નહીં. પણ તેમનાં પ્રવચનો પરથી તેમની વિદ્યા માપ વગરની દેખાતી.

જોરા ભગત, મોઘારામ અને લાજથી મોઢું ઢાંકતી મણિ આવીને એક બાજુ પર ઉભાં. હજુ સાડાસાત થયા નહોતા અને મહાયોગી મહારાજ એક વિપળ પણ પોતાના ક્રમમાં ફેર કરતા નહીં. ઘડીઆળ ભલે એક પળ મોડીવહેલી થાય—મહારાજ સદા અડગ રહેતા. સાડાસાતનો ટકોરો થતાં બારણું ખુલ્યું અને તે તેજસ્વી મહાત્મા આવ્યા. મણિએ મહારાજના ઘણાં વખાણ સાંભળ્યાં હતાં પણ તેમની ભવ્યતા જોઇ એ વખાણ પણ ઓછાં લાગ્યાં. તેના દુખી હૃદયમા કૈક શાંતિ સ્ફુરી આને ચરણે શું તેનાં દુ:ખ વામશે?

મહારાજ બેઠા. એક મીઠું, રસભીનું કહીએ તો ચાલે એવુ હાસ્ય ભક્તજનો તરફ જાણે કોઇ સખી દીલનો ધનેશ્વ ભીખારીને પૈસો ફેંકે તેમ ફેંક્યું. બે પાર્શ્વજનોએ પંખા ચલાવ્યા, એકબે ભક્તોએ આગળ આવી મહારાજને ચંદન કર્યું, અને આરતી ઉતારી. આરતીની અર્ચા સભાજનોએ લીધી. બરોબર આઠ વાગે પ્રવચન શરુ થયું.

મણિ ચીત્રામણ જેવી જોઇ રહી; મહારાજના મુખમાંથી મીઠો, શાંત મોહક શબ્દપ્રવાહ નીકળ્યો—શ્રોતાજનની સાનને દબાવી દીધી. ગુજરાતી

શુદ્ધ અને સ્પષ્ટ તે સહેલાઇથી બોલતા. વળી સંસ્કૃત, અંગ્રેજી તેમજ બીજી ભાષાનાં સૂત્રો પણ આવતાં. જરાજરા વારમાં નાના ટુચકાઓ આવતા ને લોકો પેટ પકડી હસતા. કૈં ખેદયુક્ત પ્રસંગો આવતા ને બધાની આંખો સજલ હતી. તેમાં એનો અવાજ! મણિને તેમાં જાણે વાંસળીનું માધુર્ય લાગ્યું. તેના હૃદયમાં કૈંકૈં ભાવો પેદા થયા.

મહારાજનો સંસ્કારી અવાજ કોઇ નદીના પ્રવાહની માફક પળમાં શાંત, પળમાં ઉછળતો, પળમાં બધાંને પોતાના પુરમાં ખેંચતો આગળ વધ્યો:

"કેટલાક લોકો—વિદ્વાન પણ ટુંક બુદ્ધિના—પાશ્ચાત્ય કેળવણીથી સંસ્કાર-ચ્યુત થઇ કર્મ કરવા માંગે છે—પણ નિયત—શાસ્ત્રવિહિત નહીં. આપણાજ શહેરમાં સમાજ ઉદ્ધારવાનો પ્રયાસ થોડા કાલ થયાં શરુ થયો છે. સંસાર તો સુધારવો છે, પણ શાસ્ત્રની મદદ લેવી નથી; તેમને ઘર તો બાંધવું છે, પણ સ્થાપત્યના નિયમો સ્વીકારવા નથી, સમુદ્ર તો તરવો છે, પણ નાવનો ત્યાગ કરવો છે; અને આ રેતીનો બંગલો બાંધવાનો પાયો સ્ત્રીઓના સ્વચ્છંદ પર રચવા તેઓ માંગે છે. શું મુર્ખાઇ! બધા સંતોષાય પણ—

न तु प्रतिनिविष्टमूर्खजनचित्तमाराधयेत्।

પ્રચંડ તરંગોથી ભયંકર બનેલો દરીઓ પણ તરાય, વીફરેલો નાગ પણ મસ્તક પર રાખી શકાય; મહમહેનતે સસલાનું શૃંગ પણ હાથ આવે—પણ ભર્તૃહરિ મહારાજ કહે છે કે न तु प्रतिनिविष्टमूर्खजनचित्तमाराधयेत्।

"સ્ત્રી એ સંસારતારિણી છે; જગદુદ્ધારિણી છે; પણ જગદંબાનો અવતાર છે. તેના આચાર ને વિચાર પર બ્રહ્માંડનો આધાર છે—તેના સ્વચ્છંદથી પ્રલયકાલ પ્રવર્તે છે. માટેજ મનુ મહારાજ કહી ગયા છે:

'न स्त्री स्वातंत्र्यमर्हति'"

મણિનું હૃદય ઉછળી રહ્યું. મહારાજ તેને માટે બોલતા હોય એમ લાગતું હતું. ઘડીભર તે પણ પોતાના વિચારો ભુલી મહારાજનાં સૂત્રોની સત્યતા જોઇ રહી.

"પણ આપણા સ્વચ્છંદી સમાજઉદ્ધારકો સ્ત્રીઓને સ્વતંત્ર બનાવવા એકે પગે થઇ રહ્યા છે; અને એમ સમજે છે કે વિધવાઓના પુનર્લગ્નમાં આ સ્વાતંત્ર્ય સમાઇ ગયું છે. પણ તેઓ વીસરે છે-મહાકવિ કલાપીનું સૂત્ર: 'છે વૈધવ્યે વધુ વિમલતા બ્હેન! સૌભાગ્યથી કૈં.'

"શાસ્ત્રે કરેલો વિધવાવિવાહનો નિષેધ સકારણ છે. ક્યાં તો સમાજમાં વિધવાઓ રહેવા દો, કે નહીં તો, કુમારિકાઓ રાખવી પડશે વીલાયતની હાલ સ્થિતિ છે ને આપણી થશે. સંસારમાં દુઃખ તો છેજ; પણ મોટું દુઃખ છોડી નાનુ દુઃખ સ્વીકારવામાંજ વિવેકબુદ્ધિ જણાય છે

નારી નિંદા નહીં કરો, નારી રત્નની ખાણ,
તેમાં સૌ પેદા થયાં, ધ્રુવ પ્રહ્લાદ સમાન.

"પણ જો વિધવાવિવાહ પ્રચલિત થાય ને સમાજ અપરિણીતાઓથી ઉભરાય તો શી દશા થાય? ક્યાં તો ખાણમાંથી રત્ન ન નીકળે-કે ક્યાં તો તેમાં પથ્થર પાકતા થાય. અર્જુને ગીતાજીમાં કહ્યું છે તેમ—

* 'अधर्माभिभवात्कृष्ण प्रदुष्यन्ति कुलस्त्रियः ।
स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसंकरः ॥
संकरो नरकायैव कुलघ्नाना कुलस्य च ।
पतन्ति पितरो ह्येषां लुप्तपिण्डोदकक्रियाः ॥
दोषैरेतैः कुलघ्नानां वर्णसंकरकारकैः ।
उत्साद्यन्ते जातिधर्माः कुलधर्माश्च शाश्वताः ॥
उत्सन्नकुलधर्माणां मनुष्याणां जनार्दन ।
नरके नियतं वासो भवतीत्यनुशुश्रुम ॥"

---

* અધર્મે ઘેરતાં થાયે દુષ્ટાચારી કુલસ્ત્રીઓ;
સ્ત્રીઓ દુષ્ટ થતાં, કૃષ્ણ! જન્મે છે વર્ણસંકર.
કુલને કુલઘાતીને નાંખે સંકર નર્કમાં;
પડેજ તેમના પિત્રી લોપાતાં પિંડ તર્પણ.
વર્ણસંકરકારી આ દોષથી કુલઘાતીના;
ડૂબે છે જાતિધર્મો, ને કુલધર્મોય શાશ્વત.
કુલધર્મો ડુબ્યા જેના, તે જનોનો જનાર્દન!
સદાનો નર્કમાં વાસ, થાય એમ સુણેલું છે.
(નાનાલાલ.)

જ્યારે આ શ્લોકોનું તાત્પર્ય મહારાજ સમજાવી રહ્યા ત્યારે મણિના મગજ પર નવું અજવાળું પડ્યું, અને તેણે કેવાં ઘોર કર્મો કર્યાં હતાં, તેનું તેને ભાન થયું હોય એમ લાગ્યું. પણ મહારાજે આગળ ચલાવ્યું:

"પૂર્વે એક ત્રીયારાજ્ય હતું. ત્યાં કુંવારી કન્યાઓ રાજ્ય કરતી. ત્યાંની રાણી કુમારિકા હતી; ત્યાં સૈનિકો પણ કુમારિકાઓ હતી. તે રાજ્યમાં મહાગુરુ મત્સ્યેન્દ્રનાથ વીચર્યા; અને જે તપસ્વી ઉર્વશી ને મેનકાથી ન ચળ્યા તે સ્વચ્છંદી કુમારિકામાં ફસાયા ને યોગભ્રષ્ટ થયા.

"આ કારણથી ત્રિકાલજ્ઞ મહર્ષિઓએ કન્યાને અપરિણીત રાખવાનો નિષેધ કર્યો છે. અને જો કન્યાઓને અપરિણીત નજ રહેવા દેવી હોય, અને વર્ણાશ્રમની પવિત્રતા જાળવવી હોય, તો વિધવાને પરણતી અટકાવવી જોઇએ. આ બધાં રહસ્યો સમાજશાસ્ત્રથી અણજાણ બીચારા સમાજ-ઉદ્ધારકોને ક્યાં જોવાની પરવા છે?

"અને આ બધા કરતાં વિધવાની સ્થિતિમાં જે વિમલતા છે તે શામાં છે? નિશ્ચલ તપ તપતી તે માતાઓ તો અવનિના આધારરૂપ છે. તેજ ખરી પુણ્યશાળી છે, તેજ ખરી વેદાંતી છે. તેમની કુટુંબજાળમાં એક કુટુંબ નથી–પણ આખી વસુધા છે. તેમને એક ઘરનાં આંસુ લુછવાનાં નથી પણ આખી દુનીઆનાં દુઃખ વીસરાવવાનાં છે. અને તેની એકતાનતા સગાંવહાલાં સાથે નથી પણ આખા જગત જોડે છે, અવિનાશી પ્રભુ જોડે છે.

સંસારીનું સુખ કાચું, ઝાંઝવાના નીર જેવું;
તેને તુચ્છ કરીએ રે.
સંસારીનું સુખ કાચું પરણીને રંડાવું પાછું;
તેને ઘેર શીદ જઇએ રે.
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો;
રાંડવાનો ભય ટાળ્યો રે.
મીરાંબાઇ બલીહારી, આશા મને એક તારી;
હવે હું તો બડભાગી રે.
મોહન તારા મુખડાની માયા લાગી રે.

મહારાજની ગાવાની કલા પણ અદ્ભુત હતી; અને આ પદ પુરું

કરતાં તો છેલ્લી લીટી બધાંએ ઉપાડી લીધી.

અને જેવા નવ વાગવાની શરૂઆત થઇ કે એકદમ જાણે પર્વત પરથી પડી પ્રવાહ ભૂમિમાં સમાઇ ગયો હોય એમ પ્રવચન પુરું થયું. મહારાજે આશીર્વાદ દેવા હાથ લંબાવ્યા અને તે બોલ્યા: 'શાંતિઃ શાંતિઃ શાંતિઃ'

શ્રોતાજનોએ નીસાસો મુકયો: શબ્દજાળનો જાદુ પુરો થતાં તેમને જાણે જીવનદોરી તુટી ગઇ હોય એમ લાગ્યું. ફરીથી મહારાજને હાર પહેરાવ્યો અને તે ઉઠી અંદરના ઓરડામાં ચાલ્યા ગયા.

માણસો વીખરાવા માંડયાં. કેટલાંક પાછળ રહ્યાં, કારણ કે નવથી દસ સુધી જેને ઇચ્છા હોય તેને મહારાજ એકાંતમાં મળતા અને તેમના મનનું સમાધાન કરતા. આ પાછળ રહેનારામાં મણિ, મોઘારામ અને જોરા ભગત પણ હતા. તેમને સદ્‌ભાગ્યે આજે ખાસ મળવાની ઇચ્છા રાખનાર માણસો ઘણાં થોડાં હતા. જે પાર્શ્વદ બારણા અગાડી ઉભો હતો તે જોરા ભગતને ઓળખતા હતો. આ કારણથી મણિનો વારો તરતજ આવ્યો.

બારણા આગળ ઉભા રહેલા પાર્શ્વદે જોરા ભગતને આંખની નીશાની કરી એટલે તેણે મણિને અંદર જવા સુચવ્યું. આવા તેજસ્વી મહાત્માનો પુણ્યદાયી સમાગમ લેવા જતાં મણિને પોતાનું પાપ ફરી તાજું થયું, પોતાનું અધ:પતન કેટલું થયું હતુ તે યાદ આવ્યું; જવું કે ન જવું એવી શંકા પેદા થઇ. પણ હવે જવાની ના કહેવાય એમ નહોતું પાર્શ્વદ બારણું અડધું ખોલી ઉભો હતો. ગભરાએલા હૃદયને લીધે ગુંગળાતી તે અંદર ગઇ, બારણામાં પેઠી. પાછળ બારણું બંધ થઇ ગયું.

તે બારણા આગળ સ્તબ્ધ થઇ ઉભી રહી. સામે પાટલા પર મહાયોગી મહારાજ પદ્માસન વાળી બેઠા હતા. પદ્માસન છતાં પણ ત્યાગી કરતાં શ્રીકૃષ્ણનુ ભાન તે વધારે કરાવતા. મણિ ક્ષોભને લીધે અટકી. તે જોઇ મહાત્માએ પોતાનાં તેજસ્વી ચક્ષુઓથી તેને પાસે આવવા કહ્યું.

ચક્ષુઓ ગંભીર, તેજસ્વી, સત્તાવાહી હતાં–તેમાં ચમકારો અજબ હતો મણિને બધાની વિસ્મૃતિ થઇ ગઇ અને આકાશમાં તેનો પ્રાણ એ બે સ્થિર

તારાઓ તરફજ ઉડતો હોય—આકર્ષાતો હોય તેમ તે જોઇ રહી. તે કોણ હતી, તે શું હતી, તેનું હૃદય કેવે ભારે દબાતું હતું તે બધું ભુલી, તે આગળ આવી. તેના હૃદયમાં એક જાતની સ્ફુર્તિ આવી.

" બેસ બહેન."

બોલ્યા વગર મણિ બેસી ગઇ અને પગે પડી.

" શું દુઃખ છે ? બાઇ, તારા જેવાને ઇશ્વર દુખી થવા નથી મોકલતો." મીઠાશભર્યા અવાજે મહાત્માએ બોલવા માંડયું. પોતાના દુઃખ સંબંધી પ્રશ્ન થતાં મણિ ઝબકીને ભાનમાં આવી; મહાત્માની આંખોએ પ્રસારેલી જાદુઇ જાળમાંથી તે છુટી.

" મહારાજ ! મારું દુઃખ કહ્યુ જાય એમ નથી."

" કહેવાની જરુર નથી." ધીમેથી મહાત્માએ કહ્યું અને પોતાની આંખો મણિની આંખો પર ઠેરવી. " હુ જાણુ છું."

" હેં ! " કહી મણિ આઘી ખસી. તે ચમકી.

" ગભરા નહીં. દુનીઆમાં મારાથી કૈં અજાણ્યુ નથી. તુ બાલ-વિધવા છે ?"

મણિએ ડોકા વતી હા કહી.

" સગેવહાલે દુઃખી છે. પુરુષોની અધમતાની ભોગ થઇ પડી છે. અત્યારે નિરાધાર બની આશય ઢુંઢે છે." જાણે પોતાના અંતરમાંથી એક-એક શબ્દ જડતો હોય તેમ પ્રયત્ન કરતાં મહારાજ બોલ્યા.

મણિ દિંગ્મૂઢ થઇ સાંભળી રહી.

" ખરું ?"

" હા ! પ્રભુ ! મહારાજ ! આપ સર્વજ્ઞ છો." ગભરાટમાં તેણે કહ્યું. મહાત્મા જરાક હસ્યા. "સર્વજ્ઞ છો તો મારે વધારે કૈં કહેવું નથી. મારું દુઃખ કયારે શમશે ! કે આખી જીંદગીભર આમ ને આમ ટળવળી ટળવળી મરીશ ?"

" જ્યારે પાપનું સમાધન થશે ત્યારે."

" પાપનું ! મહારાજ ! આપ પણ પાપ કહો છો ?"

પ્રકરણ ૫ મું

મણિનું આત્મકથન

"હા ! પાપ વિના દુઃખ પડે નહીં."

"મેં શું પાપ કર્યું ?" જેમ પોતાનુ દુઃખ તાજું થયું તેમ મણિને સંસારની ક્રૂરતા યાદ આવી. મહારાજના વ્યક્તિત્વની અસર ઓછી થઇ અને ઘણા દિવસ થયાં હૃદયમાંજ રાખી મુકેલા વિચારો બહાર કાઢવા લાગી.

"તું ક્યારે વિધવા થઇ ?"

"મહારાજ ! હું પરણી ત્યારે આઠ વર્ષની હતી અને ત્રણ મહીને રંડાપો આવ્યો. હું પરણી તે મારો દોષ ? ક્યાંથી વર આવ્યો તે ખબર નથી; કોણે મને તેની સાથે નાથી તે ખબર નથી; તે કોણ હતો તે ખબર નથી; છતાં મારો દોષ ? લોકો ભલે કહે. તે તો બધાં પાપનાં પુતળાં છે; પણ આપ આવું શું કામ કહો છો ?"

મહાત્મા મણિનું બોલવું સાંભળી જરાક હસ્યા.

"વૈધવ્યને દુઃખ શા માટે ગણે છે ?"

"શા માટે ?" અજાયબીથી મણિએ પુછ્યું.

"હા ! 'છે વૈધવ્યે વધુ વિમલતા, બહેન સૌભાગ્યથી કૈં,'" કલાપીની લીટી મધુર અવાજે ગાતાં મહારાજે કહ્યું.

"વિમલતા ! ત્યારે તો બધી સૌભાગ્યવતી વિમલતા લઇ બેસે તો સારું. મહારાજ હું પાપિણી છું, મને માફ કરજો; પણ એ બધી વાતો બહુ ડાહી લાગે છે, પણ જ્યારે અનુભવ ડંખે ત્યારે ખબર પડે."

"દુઃખ એ તો દુનીઆનો પહેલો લહાવો."

"મહારાજ હું કંઈ જ્ઞાની નથી, આપ છો. શા માટે મારે એ દુઃખ વેઠવું ?"

"એ દુઃખથી પુનિત થઇ દુનીઆનો ઉદ્ધાર કરવાની તક મળે માટે."

"મારે પુનિત નથી થવું. મારે સુખ જોઇએ છે તેનું કેમ ? હું મોટી થઇ ત્યારે રંગેરંગ સૌભાગ્ય માટે તલસવા લાગી. મારો ધણી હોય તેની સાથે ફરું, બોલું, હસું—તેના લાડકોડ પુરા પાડું—મારું ઘર કરી તેમાં રાણી થઇ મહાલું—મારાં છોકરાં થાય તેને ઘણોક રમાડું, ઉછેરું; એ બધા લહાવા છોડી દુઃખનો લહાવો શા માટે લઉં ? મેં શું ગુનેહગારી કરી છે ?"

"પરણી તેથી." શાંતિથી, જરાક ટોળ કરતા હોય તેમ મહાત્મા બોલ્યા.

"પરણી તેથી ? પરણનારનું મોઢું પણ દીઠું નથી. એક દિવસ તેનો હાથ પકડવાની ગુનેહગારી કરી તેમાં મારે આટલું વેઠવું ? મરજો મારાં મા ને બાપ કે આટલી વયે મને ગરદન મારી."

"બાઇ ! દુઃખી થવાનો આ પહેલો રસ્તો. ગઇ વાત સંભારવી નહીં—નકામો ઉદ્વેગ થાય."

"ઉદ્વેગ તો ઘણો થયો ને હજી થશે. પહેલાં તો હું ભોળી હતી, વ્રત કરતી, સંસારે કહેલા નિયમોને તાબે થતી."

"પછી ?"

"પછી બધું છોડયું. શા માટે તાબે થવું ? મારા સ્વભાવમાં સુખની લાલસા હોય તો શા સારુ દુઃખ વેઠવું ? હું પણ માણસ છું—જુવાનીનું ઉછળતું લોહી મારા શરીરમાં ફરે છે. શા માટે હું મજા નહીં કરું ? હા ! મારે કુલટા નહીં થવું; પણ શા માટે ન પરણવું ?"

"પરણનાર મળ્યો ?"

"મહારાજ તેજ શોધું છું. એકે મને ફસાવી, રખડાવી. હરકત નહીં; દુનીઆ મોટી છે. હજુ કોઇ મળશે ને મારા કોડ પુરશે. તે માટે તો હું

ઘરબાર તજી ભટકતી થઇ છું. મારે બીજું કંઈ નથી જોઈતું–માત્ર મને સુખેથી, નીતિથી કોઇનું ઘર માંડી રહેવા દો."

"છોકરી ! એ ભ્રમ છે. આ સંસારમાં તને કોઇ નહીં મળે."

"કેમ નહીં મળે ?"

"આપણા સંસારની રચના વિચિત્ર છે. જો ! થોડો વખત મારું માને તો તારો રોગ ટાળું." મહાત્માએ કહ્યું.

"કેવી રીતે ?"

"સુખદુઃખ એ મનનું કારણ છે."

"પણ એ મન મરાય કેમ ?"

"સદુપદેશથી, સત્સંગતથી."

"દસ વર્ષ થયાં બહુએ કર્યું પણ મારું તો કૈંએ નહીં વળ્યું."

"વળશે. સંસારમાં હોય ત્યાં સુધી માણસ દુઃખી થાય. સંસારને તીરે જઇ ઉભા કે જરા ન પલળાય."

"પણ તે થાય કેમ ?"

"રસ્તો હું બતાવીશ."

"આપ તો સમર્થ છો, પણ મારું મન સંસારી છે, લિપ્સાવાળું છે. તમારો બોધ નિરર્થક જશે."

મહારાજ જરા હસ્યા. "બાઇ! ઉતાવળ કરવાની જરૂર નથી. તું કોની સાથે વાત કરે છે તેનું તને ભાન નથી. બહારથી લોકો આવે છે, પ્રવચન સાંભળે છે ને જાય છે; પણ મારા પ્રભાવનો ખ્યાલ કોઇને નથી. તું સંસારી છે, ઉતાવળી છે, દુઃખી છે; હું યોગી છું, આનંદસ્વરૂપ છું. થોડા દિવસમાં તું સુખી થશે, સંતોષી થશે. તારામા બુદ્ધિ છે, હીંમત છે. તારા જેવી સ્ત્રીઓ બહુ થોડી છે. તુ અસાધ્ય સાધી શકશે." શબ્દો વહ્યા જતાહતા. મહાત્માનો અવાજ નાનો મોટો થતો હતો. તેની આંખો પાછી નિશ્ચલ થઇ ગઇ હતી. મણિ પહેલાંની માફક પાછી દિઙ્મૂઢ થવા લાગી. ભાન જતું હોય એમ તેને લાગવા માંડયુ. તેનું માથું ફરવા લાગ્યું.

તેની નજરે મહાત્માની મૂર્તિ વધારે તેજસ્વી, વધારે લાંબીપહોળી થવા માંડી. તેની આંખોમાં જાણે અખિલ વિશ્વનું તેજ સમાયું હોય તેમ લાગ્યું.

મણિથી તેજ ન સહેવાયું–તેણે આંખો મીંચી–તે બે પલ બેભાન રહી.

તેના કાન પર મહાત્માનો શાંત સવાલ અથડાયો. તે પાછી ભાનમાં આવી.

"તારી સાથે કોણ છે?"

મણિએ આંખો ઉઘાડી. મહાત્મા જેવા ને તેવાજ બેઠા હતા.

"મીઠાકુવાના પટેલ ને તલાટી."

"મોહન!"

"જી" કહી પાર્શ્વદે બારણું ઉઘાડયું.

"જોરા ભગત તથા તેની સાથે આવેલા માણસને મોકલ."

"જી!"

તરત મોઘારામ અને જોરા ભગત આવ્યા અને તેમણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

"ભગત! આ બાઇની વ્યથા હું સમજ્યો છું. એને અહીંઆંજ મુકી જાઓ. ધીમેધીમે તેનું દુઃખ વામશે. મોહન! આ બાઇને બાજુના ઓરડામાં બેસાડ."

બધા નીચા નમી પગે લાગ્યા. મહારાજે આશીર્વાદ આપ્યા અને તેઓ બહાર નીકળ્યા. મોહન બીજા માણસોને દાખલ કરવા ફર્યો.

"બહેન!" જોરા ભગતે કહ્યું. "હું શું કહેતો હતો? મહારાજ તે મહારાજ. દીકરા! કામ પડે તો જરૂર મને બોલાવજે, અહીંઆં કૈં ખોટ તો નથી, પણ—"

"ભગતકાકા! હું વધારે શું કામ તમને પજવું? મારી સુરેખાને સંભાળજો ને ચૌદ વર્ષ પહેલાં પરણાવશો નહીં."

"વારુ બહેન! વારુ."

"જો મારું કામ પડે તો મારું અહીંઆં ભૈરવફળીઆમાં ઘર છે."

"ભાઇ! મારા નસીબમાં એકલાજ રખડવાનું છે. ખપ પડશે તો મળીશ, નહીં તો રામરામ!" મણિની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં.

મોહન આવ્યો, "ચાલો બાઇ."

"હા ભાઇ!" કહી મણિ ફરી અને બાજુમાં આવેલા એક ઓરડામાં ગઇ.

પ્રકરણ ૬ ઠ્ઠું

જેમાં ભીંતને પણ આંખો હોય છે એમ સિદ્ધ થાય છે.

જીવનના ખેલના એકેક પડદા ઉપડતા હોય તેમ મણિ આ નવે ઘેર આવી. તેના મનમાં મોટી હોંશ જુની જીંદગી પાછળ મુકી નવી શરુ કરવાની હતી, એટલે એક રીતે એને આ રુચ્યું. જો બેત્રણ મહીના પણ નીરાંત અહીંઆં રહેવાનું થાય તો નીરાંત વળે એમ તેને લાગ્યું. મહાત્મા વિદ્વાન, તેજસ્વી, ભલા હતા. શા સારુ તેના પવિત્ર આશ્રય નીચે સુખ નહીં મળે? તેમાં મહાત્માના વ્યક્તિત્વના જાદુએ તેના પર એવી અસર કરી હતી કે તેની મૂર્તિ તે છેલ્લા શબ્દો બોલ્યા ત્યારે જેવી પ્રભાવશાલી હતી તેવી તેની આંખ આગળ રમ્યા કરતી તેને મહાત્માને ફરી જોવાનો તલસાટ થયાજ કર્યો.

તે આ ઓરડામાં આવી અને તેની રચના જોવા માંડી ઓરડો સાદો પણ સુંદર હતો અને થોડાઘણા રુપાના પાટલાઓ ત્યાં પડેલા હતા. મણિ એક પાટલા પર બેડી અને પોતાની નવી જીંદગીમા શું શુ થશે તેનો વિચાર કરવા લાગી.

થોડી વારે તેણે માથું ઉંચક્યું અને આસપાસ નજર ફેરવી; અને પાસે એક મોટો આરસો જોઇ, તેમાં જોવાનું તેને મન થયું. તે ઉઠી અને તેની સામે જોઇ ઉભી રહી. તેના. માથા પર નાનાનાના વાળ ઉગવા લાગ્યા હતા નીમાળાના મુગટ સાથે તેણે પોતાનું માથું આજે પહેલી વખત જોયું. ચકિત થઇ હસતી, શરમાતી તે ઉભી રહી. તેનું સુંદર મુખ જરા જાડું

થયું હતું અને કપાળ પર કાળા ભમર જેવા વાળ અદ્‌ભુત શોભા આપતા હતા. તેના ગર્વનો પાર નહીં રહ્યો—પોતાનું રૂપ જોઈ તે હસી.

તખ્તા સામે જોતાં તે ગભરાઇ. આરસીની સફેદ સપાટી પર એક કાળો ઝીણો ડાઘ દેખાતો અને તે ઘડીમાં પારદર્શક થઇ જતો. મણિએ થોડો વખત જોયા કર્યું અને સમજી. આરસાની પાછળ કોઇ ઉભું રહી, પાછળથી જે જગ્યાએ કલાઇ ઘસાઇ ગઇ હતી તેમાંથી જોતુ હતું મણિએ જે કોઇ હોય તેને આવવાની નીશાની કરી. પાછળથી કોઇ ખસી ગયું અને થોડી વારે આરસો ખસ્યો—ઉઘડ્યો. આરસો બારણા પર જડવામાં આવ્યો હતો અને તે બારણું ઉઘડ્યું.

મણિને સમજ નહીં પડી કે શું કરવું. તે પાછી હટી. ઉઘડેલા બારણામાંથી એક મોઢું બહાર આવ્યું. તે મુખ પર રૂપ, તંદુરસ્તી, જુવાની અને ઠસ્સો સ્પષ્ટ દેખાતાં હતાં. મણિ તે જોઇ છક થઇ ગઇ. પણ નવી સ્ત્રીની આંખોમાં ગભરાટ હતો—તેણે ક્ષોભથી આખા ઓરડામાં નજર નાંખી—હોઠ પર હોઠ પીસ્યા અને ધીમેથી કહ્યું:

"નાસી છુટ."

મણિ ચંચળ હતી. નવી સ્ત્રીનુ મોઢું પાછું આરસા પછાડી અદ્રશ્ય થાય તે પહેલાં તેણે આરસો પકડ્યો અને પોતાના તરફ ખેંચ્યો બારણું જરાક પહોળું થયું. મણિએ પેલી રૂપવંતી સ્ત્રીને ઝપાટાબંધ એક સાંકડી સીધી ગલીમાં દોડી જતી જોઇ અને હાથમાંથી બારણું છુટી ગયું. તેમાં સ્પ્રીંગ હોવાથી તરત તે દેવાઇ ગયું ભીંતની સાથે આરસો જડાઇ ગયો.

મણિ વિચાર કરતી, જાણે સ્વપ્નમાંથી જાગી હોય તેમ ઉભી રહી. આ સ્ત્રીનું લાવણ્ય, તેના શબ્દો, તેનું અંતર્ધાન થવુઃ એ બધાનું રહસ્ય શુ હશે તે વિચારવા તે બેઠી.

'નાસી છુટ!" શું કૈં દગો છે? મણિ હસી. દુનીઆમાં તેને કૈં શરમ નહોતી, કોઇ સગું નહોતું. એને દગો કોણ, કેવી રીતે દઇ શકે? તે ગભરાયા વિના ઉભી રહી. અને આ ભેદ શું હશે તે જાણવાની તેને ઉત્કંઠા થઈ. તેને રસ પડયો.

તેણે નીચાં વળી આરસાની સપાટીમાં જ્યાં ડાઘ હતો ત્યાં જોવા માંડયું. પણ કાચમાંથી આરપાર દેખાતુ હતું. જે બારણેથી એ આવી હતી તે ઉઘડયું અને મહાત્મા આવ્યા. તેની આંખ જરા હસતી હતી.

"બાઈ! તારું નામ શુ?"

"મણિ."

મહાત્માના કપાળ પર જરાક કરચલી વળી અને તરત ચાલી ગઈ. "ઠીક ચાલ. તારે કયા ઓરડામાં રહેવાનું તે બતાવુ મારે ત્યાં એક નિયમ ઘણો સખત છે કે પણ નવુ કે વિચિત્ર જોવામાં આવે તો પુછવું નહીં અહીંઆં અનેક રોગનાં રોગી હોય છે"

"જેવી આપની મરજી." મણિની આંખ આગળ પેલી સ્ત્રીની છબી ખડી થઇ. તરતજ તે મહાત્માની પાછળપાછળ અંદર ગઇ.

પ્રકરણ ૭ મું

જેમાં દેશનો ઉદ્ધાર કેમ થાય તેની સમજ પડે છે

શહેરના મધ્ય ભાગમાં એક મોટું બજાર આવેલું હતું. ત્યાં જતાં એક મોટું પાટીઉ તરત ધ્યાન ખેંચે એમ હતું. તેના પર મોટે, સફેદ અક્ષરે નીચે પ્રમાણે લખ્યું હતુઃ "મદનલાલ પ્ર. મારુતિ બી. એ.; એલએલ. બી., હાઇકોર્ટ વકીલ." આ મકાનમાં વિદ્વાન ધારાશાસ્ત્રીની ઓફીસ હતી.

ઓફીસની અંદરની ઓરડીમાં એક મોટું ટેબલ પડયું હતુ, અને તેના પર કાગળીઆના ઢગ નજરે ચઢતા હતા. બપોરના વકીલ સાહેબે નાસ્તો લીધેલો હોવાથી ટેબલના એક ખુણા પર એક ખાલી ચલાણું અને બીસ્કીટના ભુકાવાળો કાગળ પડયો હતો. આજે રવિવાર હોવાથી આ મંદિરના દેવ, આ ઠેકાણા વગરના ટેબલની પાછળ, નાક પર ચશ્માં ચઢાવી, મોઢામાં સીગારેટ રાખી, પગને ટેબલ પર ટેકવી, હાથમાં ચોપડી લઇ પોતાની આવકનો હીસાબ કરતા હતા. હીસાબ ઘણો સંતોષકારક લાગવાથી વકીલ સાહેબનું મોં જરા મલકાયું તેમણે ટેબલ પરથી પગ નીચે નાંખ્યા ને હાથ ટેબલ પર અફાળ્યા.

"બાઇ જોવ! આ પ્રમાણે ચાલે તો બદાનો બેડો પાર" કહી તે ટેબલ સામે જોઇ હસ્યા.

તેમનું શરીર ઠીંગણું, જાડું અને કાળું હતું; આંખો મોટી હતી, મોઢું જરા કદરુપું હતું, અવાજ બુલંદ હતો; કુંડ જરા આબરુદાર થતી જતી હતી, નાકનું ટેરવુ ઘસાઇઘસાઇ નાનું ચીબું થયું હતું. તેની મોટી મુછોને

મરડીમરડીને જર્મન કયસરના જેવી કરવાને પ્રયત્ન કરતાં તેની એક અણી ઉંચી ગઇ હતી, અને બીજી અડગતાથી નીચે ને નીચેજ રહેતી; અને આથી જાણે કોઇ નાટકીએ ખોટી મુછ પહેરી હોય અને તે ખેંચતાં ખસી ગઇ હોય એવો ખ્યાલ આવતો હતો.

નવી કેલવણી ને નવો કહેવાતો જાહેર જુસ્સો—એ બે જનેતાના એ આબેહુબ કુળદીપક હતા. જ્યારથી એ મુંબાઇમાં કોલેજમાં ભણતા હતા ત્યારથી એમની મહત્ત્વાકાંક્ષાને પોષવાનાં સાધનો એમણે સંગ્રહવા માંડ્યાં હતાં. એક વખત મુંબાઇની પ્રાર્થનાસમાજમાં થતાં ભાષણોના એ અચુક શ્રોતા હતા; અને રાનડે, તેલંગ, ને ચંદાવરકરનાં ખપપુરતાં સુધારાસૂત્રો પણ મોઢે રાખ્યાં હતાં. એ એમ પણ માનતા કે આપણા કોહી ગએલો સંસારને પુરાણા થઇ ગએલા અંગ્રેજી લેખકોની સલાહ પ્રમાણે પાશ્ચાત્ય ધોરણે ઘસાવવાની ઘણી અગત્ય છે. એમની વાત પરથી એમ પણ તરત જણાતું કે સંસારસુધારાની અનેક સંસ્થાઓના મંત્રીઓ પર અનુગ્રહ કરવા એમણે વગરપગારની ઘણી હમાલી કરી હતી અને પરિણામે સહાધ્યાયીઓના ભૂતલમાંથી નેતાઓના સ્વર્ગમાં ડોકીઆં કરવાનો અધિકાર એમને પ્રાપ્ત થએલો.

પોતે જુના વિચારના કુટુંબના દીવા, સત્તરમા સૈકાની સ્ત્રીના પતિ હતા છતાં, રહેણીકરણીમાં ઇરાનીની પાંઉરોટી સુધી પહોંચ્યા હતા. અને જુના વિચારની અંધશ્રદ્ધા એમણે છોડી હતી પણ નવા વિચારની ઉદારતા કે નિઃસ્વાર્થતા ગ્રહ્યાં નહોતાં. એમનું વહાણુ વગરસુકાને જેમ પવન ઘસડે તેમ ઘસડાઇ જતું.

તે વકીલ થયા. ગરીબી ને બચરવાળી વચ્ચે સંકડાઇ જવાથી, મુંબાઇની ન્યાયાધીશીને પોતાની બાહોશીનો લાભ આપી શકયા નહીં એટલે અહીંઆંજ ઘર પર મોટું પાટીઉં લગાડી 'રહેમુ' નામના રખડેલા છોકરાને 'બોય' બનાવી, પોતાનો કારભાર શરુ કર્યો છે. ધંધો ચાલતો હતો સારો; અને સરકારી વકીલનો અને શહેરસુધરાઇમાં સભ્યનો હોદ્દો—આ બે નેમ પર મારુનિ તરાપ મારી બેઠા હતા.

મી મારુતિ બારી તરફ ગયા અને બેચાર વાણીઆઓ જતા હતા તેમના તરફ જોઇ તેઓ અસીલ છે કે કેમ તે પ્રશ્નનો નિર્ણય કરવા ઉભા; પણ પેલા લોકો તેમનું બારણું વટાવી ચાલ્યા ગયા એટલે પ્રશ્નનો નિર્ણય આવતાં વકીલે નીસાસો મુકયો. એટલામાં બહારથી એક ગૃહસ્થને આવતા દેખી મી. મારુતિ ચમકયા—એકદમ પાછા હટયા—વીજળીની ચપળતાથી બેચાર કાગળના થોકડા ટેબલ પર નાંખ્યા, એકબે 'લૉ રીપોર્ટ' ગમે તે પાને ઉઘાડા મુકયા; પોતે ડબ દઇ ખુરશીમાં બેઠા; અને માથે હાથ દઇ, કરચલી પાડી, ચોપડીમાં મશગુલ હોય એવો ડોળ કરી બેઠા. તરત એક માણસ ઉપર આવ્યો અને બારણા બહારથી તેણે પુછ્યું:

"હું આવું?"

મારુતિએ જવાબ આપ્યો નહી. તેઓ દેખીતી રીતે પુસ્તકમાંજ મન પરોવી બેઠા હતા. નવા આવનારે વધારે જોરથી પુછ્યું.

મારુતિ જાણે આ સવાલથી કચવાયા હોય તેમ કપાળ પર વધારે કરચલી પાડી તેમણે ઉચું જોયું. "કોણ છો...ઓહો ડાકટર તમે! શાં ધનભાગ્ય!'

"હા, હા, હા" કરતા ડાકટર ધનેશચંદ્ર સર્પની ગતિએ અંદર આવ્યા. ડાકટર પણ મારુતિનીજ ઉમરના પણ સુકા, ચિંતાગ્રસ્ત, મુંઝવાતા, ગભરાતા, છતાં આગળ ધસવાની હોંસ ધરાવતા થોડી કમાણી પણ મોટો આડંબર કરતા, ઉગતા, જાહેર જુસ્સાવાળા શહેરી હતા.

"લો મી. મારુતિ! તમારે તો આખો દહાડો કામ, કામ ને કામ. નોન્સન્સ! જરા જાહેર જુસ્સો રાખવો જોઇએ. આજે રવિવારે પણ આ..."

"શું કરીએ?" મી. મારુતિએ ચોપડીઓ ન છુટકે દૂર ધકેલતા હોય એમ બતલાવતાં કહ્યું: "અમારે તે તમારી માફક બેચાર પાણીની બાટલીઓ રાખવાની છે? અમારો તો મગજમારીનો ધંધો."

"જવા દો, જવાદો. હું ઘણાજ જરૂરી કામે આવ્યો છું." એક પછી એક શબ્દો ઉપરાછાપરી સેરવતાં ડૉ. ધનેશચંદ્રે કહ્યું. "આખી પ્રજાનું કામ છે. હવે આપણા શહેરે પણ કૈં કરવું જોઇએ."

"મારો પણ એજ અભિપ્રાય છે. પણ દોસ્ત, કરીએ તો કૈં એવું કરીએ કે સ્વાર્થ ને પરમાર્થ એ સધાય. એકલા પરમાર્થમાં મને શ્રદ્ધા નથી."

"જાઓ! જાઓ! આમ શું કહો છો? કોઇ સાંભળે તો કેવું? પહેલાં તમને કમાણીની ચિંતા હતી; તે તો હવે નથી. હવે તો પરમાર્થ કરવો જોઇએ."

"હા! હા! હા!" ખુરશી પર પાછા પડતાં મારુતિએ કહ્યું. "ડાકટર! આ બધાં ભાષણો 'પ્લેટફોર્મ' માટે. હવે ચાલો સીધી વાત કરીએ, નહીં તો સવાર પડશે."

"બરોબર છે. પણ આજકાલ લોકો કૈં સાંભળે તો આપણા બાર વાગી જાય."

"કોણ સાંભળવાનું હતું? આ તદ્દન 'પ્રાઇવેટ' રુમ છે. જુઓ ડોકટર! હવે આપણે આપણી જાહેર કારકીર્દી શરુ કરવી જોઇએ."

"બેલાશક! તેથીજ મેં વિચાર રાખ્યો છે કે એક 'જીલ્લા એસો-સીએશન' કાઢીએ. આજકાલ તેની ઘણી જરુર જણાય છે. તરફડદાસને પણ કહેતો આવ્યો છું."

"કૈં ગાંડા થયા ડોકટર! તમારે તો સરકારની પરવા નથી, પણ મારે તો......"

"તમે કયાં મુનસફ થવાના હતા? ઝંપલાવો 'પોલીટીકસ'માં; કોંગ્રેસમાં જોડાયા વગર કામનું નહીં."

"માફ રાખજો! છ મહીના રહીને સરકારી વકીલની જગ્યા ખાલી પડવાની છે. હા! એ સીવાય બીજું કૈં હોય તો તૈઆર છું; કૈં જાહેરમાં ભાગ લીધા વિના સરકારની આંખમાં આવવાના છીએ? કહેતા હો તો આપણે એક સમાજઉદ્ધારિણી સભા કાઢીએ. એનાથી જાહેર ચળવળ કરવાનો સારો લાગ મળશે." મારુતિએ કહ્યું.

"જાઓ! જાઓ! એ શું કામનું? તમને વકીલોને તો વાતોજ કરવી ગમે. કૈં 'પ્રેકટીકલ' પગલાં લેવાં જોઇએ."

"સુઇ ગયાં 'પ્રેક્ટીકલ' પગલાં ! તે પગલા જોઇએ તો દોઢીઆ કમાવામાં." વકીલે જણાવ્યું.

"નહીં. પણ જુઓ મારો વિચાર એવો છે કે એક અનાથાશ્રમ કાઢીએ. લોકોને પણ સુખ થાય અને આપણને પણ જશ મળે. શું સમજ્યા ?" ડૉક્ટરે જણાવ્યું.

"હા ! એટલે તમારે પૈસા ઉઘરાવવાને બહાને દર્દીઓ વધે." મારુતિએ કહ્યું.

"ના, ત્યારે સમાજઉદ્ધારિણી સભા કાઢી તમારે ભાષણ કરવાનો લહાવો લેવો હશે."

"જરુર ! નહીં તો વળી એ ધંધો કોણ કરે ?"

"નહીં, ત્યારે એ તો નહીં બને. એવી વગર કામની સંસ્થાને મારી મદદ કોઇ દિવસ નહીં આપું."

"ત્યારે મારા મહેરબાન ! શું મોટું સત્યાનાશ જવાનું છે?" કહી મારુતિએ ઠંડે પેટે ટેબલ પર પગ લંબાવ્યો.

"કોનું સત્યાનાશ જવાનું છે ?" કહી એક ત્રીજો ગૃહસ્થ આવ્યો.

"કોણ તરકડદાસ !" બંને સાથે બોલ્યા.

"જી હા ! સેવક પોતે" કહી તરકડદાસે નમન કર્યું. "કેમ શું ચાલે છે ?"

"આ અમારી વચ્ચે તકરાર ચાલે છે." ડૉક્ટર ધનેશચંદ્રે કહ્યું. "હું કહું છું કે અનાથાશ્રમ કાઢીએ, આ કહે છે કે સમાજઉદ્ધારિણી સભા કાઢીએ. એમાં હવે કૈં સમાધાન થાય એવું નથી. આપણી બધી યોજના ડુબી ગઇ. મી. મારુતિ દહાડેદહાડે બહુ સ્વાર્થી થતા જાય છે."

"નોન્સન્સ ડૉક્ટર" મી. તરકડદાસ ખુરશીને બદલે ટેબલના એક ખુણા પર બેસતાં બોલ્યા. "દુનીઆમાં સ્વાર્થ જેવી ચીજજ હું જોતો નથી. બધું પરમાર્થજ છે. હું ખાઉં છું તે પણ દુનીઆના ભલાને માટે. પણ તમારી પંચાત શું છે તે કહો."

"બોલો ડોકટર! મા. તરફડદાસ ચોથી રાજ્યસત્તાના પ્રતિનિધિ છે."

"કેમ ભાઇ, એ શું?" તરફડદાસે પુછ્યું. "મારું જ્ઞાન ધોળકાથી આગળ ગયું નથી."

"આપના આત્મજ્ઞાન માટે ધન્યવાદ આપું છું. છાપખાનાને ચોથી રાજ્યસત્તા કહેવામાં આવે છે."

'જી, પછી બોલો."

"વાંધામાં તો ડોકટરે કહ્યું તે."

"તેનો રસ્તો બતાવું."

"શું?" ડોકટરે પુછ્યું.

"એક સમાજઉદ્ધારિણી સભા કાઢો ને તેને અંગે અનાથાશ્રમ કાઢો. પછી શું!"

"ખરી વાત, દોસ્ત તરફડીઆંમારુ!"

"ખબરદાર મારુતિ! મને મશ્કરી ગમતી નથી."

"તો આ રહી પાછી! કેમ મીસ્તર ધનેશચંદ્ર, તમે શું કહો છો?"

"વાત સારી છે; પણ 'પ્રેકટીકલ' પગલાં શું લેશો?"

"ઓહો! એજ પંચાત કેની?" તરફડદાસે કહ્યું. "સમાજ-ઉદ્ધારિણી સભા તરફથી એક જાહેરખબર આપો મારા 'માર્તંડ-પ્રકાશ'માં."

"શું?"

"કે 'જોઇએ છે એક સારા ઘરની વિધવા; પરણવા માટે એક આબરુદાર વિધુર તૈઆર છે."

"પછી કોઇ અરજી કરે તો?" ડોકટરે પુછ્યું.

"અરે, એમ કોણ બેઠું છે નવરું! સારા ઘરની કોઇ વિધવા અરજી કરે નહીં; ને કરે તો તે સારા ઘરની નહીં."

"શાબાશ, શાબાશ." ટેબલ પર હાથ ઠોકતાં મારુતિએ કહ્યું.

"અને કોઇ ખરેખર આવે તો આપણા ડોકટર તૈઆર છે."

"કોણ હું ?" બુમ પાડી ઉઠતાં ડોકટર ધનેશચંદ્રે પુછ્યું. "હું વિધવા પરણું ?"

"'પ્રેકટીકલ' પગલું ! ડોકટર !" મી. મારુતિએ કહ્યું

"ચુલામાં ગયું તમારું 'પ્રેકટીકલ' પગલું. પણ હરકત નહીં. કોઇ આવશે તો લાલીઓજમાલીઓ કોઇ ખોળી કાઢીશું. ત્યારે તમારા આવતા અંકમાં બધું આવે તેમ કરવું."

"હા! પણ પહેલાં મીટીંગ બોલાવી સમાજઉદ્ધારિણી સભાની સ્થાપના કરવી પડશે. બધું રીતસર થાય અને મારા પેપરમાં જાહેરખબર આપવાને પણ પૈસા જોઇશું."

"ખરી વાત છે." મી. મારુતિએ કહ્યું. "પણ જો ભાઇ, હુ ને ડોકટર સહમંત્રીઓ."

"ને હું તીજોરર" તરફડદાસે કહ્યું. "'માર્તંડપ્રકાશ' ને પૈસાની હાલ જરુર છે."

"ચાલો નક્કી." ડોકટરે કહ્યું.

"ને આપણો પ્રમુખ કોણ બનશે ?"

"રાવસાહેબ ગંભીરલાલ, કેમ ?" ડોકટરે કહ્યું.

"હા ! એ પણ ઠીક છે. એણે મને કલેકટર સાહેબ પાસે લઇ જવાનું વચન આપ્યું છે." મારુતિએ કહ્યું. "ચાલો એ વાત પર મીજબાની. બોય ! બોય !"

મહામુશ્કેલીએ સામે પાનવાળાની દુકાન પર બેસી બીડી પીતો મીયાનો છોકરો જે મારુતિના 'બોય'ની પદવી ધરાવતો હતો તેને બોલાવ્યો અને પાસેના હોટેલવાળાને સમાજઉદ્ધારિણી સભાના જન્મના મહોત્સવને લાયક સામગ્રી મોકલવાનો બધાએ હુકમ આપ્યો.

"આ હોટેલોથી કેટલી નીરાંત !" ડોકટરે કહ્યું.

"અરે હારે ! મારું ચાલે તો આપણી સભાના પ્રમુખ રેવાશંકર હોટેલવાળાને બનાવું એ બહુ 'પ્રેકટીકલ' પગલાં લે છે." મારુતિએ કહ્યું.

"ખબરદાર ! મારી મશ્કરી કરી તો." ડોકટરે કહ્યું.

પ્રકરણ ૮ મું

મહાયોગીના આશ્રમમાં

મહાયોગી મણિને અંદર લઇ ગયા અને એક પાર્ષદને સોંપી.

"રઘુનાથ! આ બાઇને નંબર ૧૨ નો ઓરડો આપ્યો છે. તેને ત્યાં લઇ જા." કહી મહારાજ ગયા.

"જેવી આજ્ઞા બાપજી!" કહી રઘુનાથ મણિને લઇ ગયો. તે ઘરડો અને જરા અક્કલ્પાંસળીઓ લાગતો. તે મહારાજના ગુણ ગાતો ગાતો આગળ ચાલ્યો.

મણિને એક વસ્તુ ઘણી વિચિત્ર લાગી. ઘરની બાંધણી એવી હતી કે જે રસ્તે તેઓ જતાં હતાં ત્યાં કોઇ બીજા ઓરડાનું બારણુંજ નહોતું પડતું. વચ્ચે એક દાદર આવ્યો.

" આ અહીંઆંથી ઉતરી નીચે જાઓ એટલે ભક્તોને માટે વાંચવાનું પુસ્તકાલય આવશે. તેની પેલી મેર બીજા બધા ભક્તોને રહેવાને આશ્રમ છે."

"ત્યારે અહીંઆં કોણ રહે છે !"

"અહીંઆં તો ઘણા મોટા ભક્તો હોય તે રહે. તમારાં સદ્‌ભાગ્ય કે એકદમજ તમને અહીંઆં રાખ્યાં. મહારાજની મહેર જોઇએ. મારા બાપજી તો જબરા છે." કહી ડોસો હસવા લાગ્યો.

" પણ અહીંઆં દેખાતું તો બીજું કોઇ નથી !"

" તે કેમ દેખાય! બધાજ ઉંચી ભૂમિકાના યોગીઓ. કોઇ કોઇને મળેજ નહીં."

મણિને આનંદ થયો. તેણે મહાત્માનો ઉપકાર માન્યો. તેને એકાંત-માંજ રહેવું હતું. તેના મન આગળ પહેલાંના અનુભવનાં ચિત્રો આવ્યાં અને તેણે નિઃશ્વાસ મુકયો.

જે ઓરડો મણિને આપવામાં આવ્યો હતો તે નાનો પણ સુઘડ અને સુંદર હતો. તેમાં સરસામાન ઓછો અને રમણીય હતો. પાસે નાની ઓરડીમાં તેને માટે રાંધી ખાવાની સોઇ હતી.

"શું મારે અહીંઆં રાંધવાનું છે?"

"બાઇ! મહારાજનાં જે મહાભકતો હોય તે બધાં આ મકાનમાં તેમનાં ચરણારવિંદ પાસે રહે છે, અને તે બધાં સંયમીજ હોય છે એટલે બીજાનું ખાતાં નથી. પેલી તરફ બીજા સામાન્ય ભકતજનો માટે ભેગું ખાવાનું થાય છે."

"ચાલો નીરાંત થઇ. ઓહો" બારી ઉઘાડી મણિ બોલી: "આ પાછળ તો એલાયદો બાગજ છે ને?"

"હા!" કહી રઘુનાથ ત્યાંથી ગયો.

સુખનો સ્વાદ નીરાંતે લેવાના હેતુથી મણિ હીંચકે બેસી ગઇ. જન્મ લઇ આજે પહેલી વખત તેને આવો નિર્દોષ આનંદ મળ્યો હતો. તે હીંચકા ખાવા લાગી અને તેણે ધીમે સ્વરે ગાવાનું શરુ કર્યું ધીમેધીમે તેણે ગાવાનુ બંધ કર્યું ને વિચારમાં પડી. તેને સુરેખા સાંભરી. જો મહારાજ રજા આપે તો તેને પણ મંગાવી અહીંઆં સાથે રાખવાનો વિચાર થયો. નજર આગળ પાછી મહારાજનીજ મૂર્તિ આવી તે આકર્ષક લાગી ને એક પલવાર તેણે તે મૂર્તિ મનમાંથી કાઢવાનો પ્રયત્ન કર્યો; પણ મન જાણે કોઇના હુકમથી એકજ પ્રવાહમા વહેતુ હોય તેમ તે મૂર્તિ યાદ કરવામાજ તે મશગુલ બની. ધીમેધીમે હીંચકા ચલાવતા તેના પગ રહી ગયા. તે સ્તબ્ધ બની બારણા તરફ જોઇ રહી. તેની આંખે જાણે સદેહે મહારાજ ત્યા હોય એમ દેખાવા માંડયું. છતાં આ સ્વપ્ના જેવું લાગતું. અડધા કલાક સુધી મણિની આ સ્થિતિ રહી.

જાણે એકદમ મન સ્વતંત્ર થયું હોય તેમ તે સ્વપ્નું જતું રહ્યું. તેણે એકદમ આસપાસ જોયું—ને એકલીજ હતી. તેનું મન આવું નબળું થઇ ગયું છે તે તેણે આજે જાણ્યું. તે ઉઠી ને આમતેમ ફરી. થોડી વારે રઘુનાથે રાંધવાની સામગ્રી આણી.

"રઘુનાથ! મહારાજનું નામ શું?"

"બાઇ! તેમનું અસલ નામ શુ હશે એ કોણ જાણે છે? ઘણુંખરું તો બાલારામ કે એવું કૈં હતું. વારુ તમને વાંચતાં આવડે છે?"

"હા."

"ત્યારે મહારાજે જોઇએ તે ચોપડી લાવી આપવાનું કહ્યું છે."

"હેઠળ પુસ્તકાલયમાંથી?"

"હા, નહીં તો તમે જઇ લઇ આવજો."

"ના, ના. તુંજ લઇ આવની. જે હશે તે ચાલશે."

મણિએ રાંધ્યું, ખાધું ને પછી સુતી. સાંજે ભજનમાં ગઇ, રાતે આરતી થઇ તેમાં ભાગ લીધો અને પાછી પોતાને ઓરડે ગઇ.

તેણે જેવી સુવાની તૈઆરી કરી એટલે પાછું તેનું મન સ્થિર થઇ મહારાજની મૂર્તિ ચીંતવા લાગ્યું. સવારે જેમ થયું હતું તેમ થવા લાગ્યું. મણિએ ઘણીજ દૃઢતાથી તે અસર દૂર કરવા પ્રયત્ન કર્યો, પણ ક્યાં સુધી તે અદ્દભુત કાંતિવાન મહાત્માની ભવ્ય મૂર્તિ જાણે ત્યાં હાજરજ હોય તેમ તેના મનમાં રમી રહી. થોડો વખત થયો એટલે એકદમ મૂર્તિ અદૃશ્ય થઇ અને મન પાછું સ્વતંત્ર થયું.

કૈંક ન સમજાય એવી રીતે મહાત્મા તરફ તેને કંટાળો આવ્યો. તેને પોતાના નિર્બળ મન તરફ પણ તિરસ્કાર આવ્યો. આ માફક તે તેનું શા માટે ચિંતવન કર્યા કરતું હતું? રાત્રે તેને મહારાજનાજ સ્વપ્નાં આવ્યાં.

બીજે દિવસે પણ મણિએ એજ પ્રમાણે જીંદગી શરુ કરી. સવારના પ્રવચનમાં, સાંજે ભજનમાં, અને રાત્રે આરતીમા તે મહારાજને જોતી, તેમના શબ્દો સાંભળતી; આખો દિવસ તે પુસ્તકાલયનો ઉપયોગ કરતી.

ત્યારે મહારાજ રઘુનાથ જોડે કૈં ગોળીઓ અને સાકર પ્રસાદ તરીકે મોકલતા તે મણિ ખાતી. આ સીવાય મહારાજ કૈં પણ વધારે લક્ષ તેના તરફ આપતા હોય એમ લાગ્યું નહીં.

મણિને ઘણીખરી વખત પેલી રમણી કોણ હશે તે જાણવાનું મન થતું, પણ ભજનમાં કે પ્રવચનમાં તે બૈરી દેખાતી નહોતી; અને દેખાતી હોય તો અનેક બૈરાંઓ ઘુમટો કાઢી બેસતાં તેમાંની એક તે હોવી જોઇએ એમ લાગ્યું. પેલા ઓરડામાંથી તે ઘણી વખત જતી, પણ આરસીવાળું બારણું ખસતું પણ તેણે જોયું નહીં. અને સાથે હંમેશાં મોહન આવતો હોવાથી કાચમાં જોવાનો વખત મળ્યો નહીં.

એકબે દિવસમાં મણિના શરીરમાં અજબ ફેરફાર થવા લાગ્યો. રગેરગ લોહીનું પુર આવવા લાગ્યુ. તેની ફીક્કાશ જઇ લાલાશ આવવા લાગી. તેનાં અંગેઅંગ સૌંદર્ય પ્રાપ્ત કરવા લાગ્યાં. તેને અજાયબી થઇ. મહારાજે મોકલેલા પ્રસાદમાં કૈં દવા છે એમ વહેમ પડ્યો; પણ તેને આ નવા જ્ઞાનમાં એટલો આનંદ લાગ્યો કે કૈં વિચાર કરવા તે રહી નહીં. આખો દિવસ ભજન અને પુસ્તકોથી તેની શાંતિ પણ વધી.

આખો દહાડો ફુરસદ હોવાથી તેણે પુસ્તકાલયનો સારો ઉપયોગ કરવા માંડ્યો. દસ દિવસમાં તો તેની માનસિક સૃષ્ટિની મર્યાદા ઘણી મોટી થવા લાગી.

પ્રકરણ ૯ મું

સમાજઉદ્ધારિણી સભાની સ્થાપના

આશરે પાંચ વાગ્યાને સુમારે શહેરના એક જાહેર પુસ્તકાલયમાં ખુરશીઓ ગોઠવી, મી. તરફડદાસ અને ડૉ. ધનેશચંદ્ર અધીરા બની સભાજનોના વાટ જોતા બેઠા હતા. ડૉકટર સાહેબની ધીરજ નહી રહેવાથી તે અવારનવાર ઉભા થતા, આમતેમ ફરતા, બારણા આગળ ઉભા રહેતા અને પાછા તરફડદાસ તરફ ફરતા.

" તરફડદાસ! આજે ફારસ થવાનો. કેમ કોઇ આવતું નથી? જાહેર-ખબર બરોબર આપી હતી ને?" પચીસમી વખત ડાકટરે પુછ્યું.

"ત્યારે શું મજાક કરી હતી? કોઇ નહીં આવશે તો ફજેતો થશે તમારો."

" શું લોકો છે! સુધારવા મથીએ છીએ તોએ સુધરતા નથી! પણ હવે કરવું કેમ? હું નીશાળના હેડમાસ્તરને તો કહી આવ્યો છું, એટલે થોડાંક છોકરાં તો આવશે."

"ત્યારે હજી કોઇ આવતું કેમ નથી? રાવસાહેબ ગંભીરલાલ તો હમણાં આવશે. જો મજાહ." તરફડદાસ હસ્યો.

" અને જેની પેલો મારુતિ પણ મોઢું દેખાડતો નથી. કોણ જાણે ક્યાં પડ્યો હશે? આવી વખતે પણ આળસ." ડાકટરે કહ્યું.

" ને વરના વડા બાપ થયા તે હમેશાં તૈયાર. વારુ, હારફલગી લાવ્યા છો?"

"હા, પણ આનું કરશું કેમ? આવતું તો કોઇ નથી."

"લો ! આ સદ્ગૃહસ્થ આવ્યા."

એક દસ વર્ષનો છોકરો, કાળશી ચારેક ધુળ મોઢે લગાડી, એક હાથમાં લોઢાનું પૈડું અને બીજા હાથમાં તેને દોડાવવાનો હુક લઇ હાજર થયો.

"અરે હા ! એને તો હું ઓળખું છું. મગન ! ઓ મગન !"

"કેમ ?" ગભરાતો ગભરાતો છોકરો આગળ આવી ઉભો. તેણે એક-બે વખત બારણા સામે જોયું અને ડાકટર મારે કે ધમકાવે તો રફુચક્કર થવાને માટે કેટલી સુગમતા હતી તેનો વિચાર કર્યો.

"મગન ! તારા ભાઇબંધો ક્યાં છે ?"

"કોણ જાણે ?" શા કારણથી સવાલ થાય છે તે ન સમજતાં તેણે નબોજ વાસ્યો. તેને અજાણપણે જ્ઞાન થયું હોય એમ લાગ્યું કે ના કહ્યામાં નવે ગુણ રહેલા છે.

"જ્યાં હોય ત્યાંથી બધાને બોલાવી લાવે તો એક પૈસો આપું." તરફડદાસે વચ્ચે પડતાં કહ્યું.

"આહા !" ડાકટરે કહ્યું: "જા જેટલા છોકરા બોલાવી લાવે તેટલા પૈસા આપું, પણ જલદી."

છોકરો જોઇ રહ્યો. રખડેલ છોકરાઓની કીંમત આટલી બધી વધી ગઇ જોઇ તેની અજાયબીનો પાર રહ્યો નહીં. તે મોઢું વીકાસી ઉભો રહ્યો.

"જોયા શું કરે છે ?" તરફડદાસે એક ટપલી મારતાં કહ્યું. "જા લે, આ એક પૈસો પહેલેથી આપું છું. દોડ." આડુંઅવળું જોયા વગર છોકરાએ પૈસો લીધો અને તે દોડ્યો.

"ડાકટર ! કેટલા થયા ?"

"પાંચ ને વીસ"

"ત્યારે કૈં કરવું જોઇએ. ઠીક તમે ઉભા રહો. હું હમણાં જઇને આવું છું." તરફડદાસે કહ્યું.

"અરે કેમ ! મને એકલો મુકી જવો છે ?" ડાકટરે કહ્યું. "તો હું પણ ચાલ્યો. મારો તે કૈં છોકરો પરણે છે ?"

"નહીં ! તમે જાતેજ પરણો એમ છોને." તરફડદાસે ઉત્તર વાળ્યો. "જરા થોભો. હું સામે હોટેલમાંથી લોકોને લઇ આવું." કહી તરફડદાસ ઝપાટાબંધ દોડયો.

તેની બુદ્ધિ તીવ્ર હતી. તે સામે આવેલા વિશ્રાંતિગૃહમાં ગયો, એક 'કપ' ચહા મંગાવી, અને આસપાસ નજર નાંખી. આશરે દસબાર જણાઓ જુદા જુદા પ્રકારની સામગ્રીઓ આરોગતા હતા.

"ગુમાનસિંહ ! દોસ્ત મીટીંગમાં ચાલે છે કે ?" મોટે અવાજે તરફડદાસે એક જણને સંબોધ્યો. ગુમાનસિંહ બેલીફ હતો. તેણે આઇસક્રીમની રકાબીમાંથી ઉંચું જોયું.

"કોણ અધિપતિસાહેબ ! નારે મારા મહેરબાન, અમારા ગરીબ માણસને મીટીંગ શી ?"

"પણ આજે તો મજાહ છે."

"શી ?"

"પેલા મહાયોગી જુવાનો ફજેતો છે. તેના પોકળો બધાં બહાર પડવાનાં છે."

"હેં !" કહી ગુમાને ફરીથી ઉંચું જોયું અને ત્યાં બેઠેલા બધાનું ધ્યાન ખેંચાયું. તેઓ સાંભળવા લાગ્યા.

"હા ! મી. મદનલાલ મારુતિ અને ડોકટર ધનેશચંદ્ર આજે બધાં બોપાળાં ખોલવાના છે. મેં તો એમ પણ સાંભળ્યું છે કે કોઇ વિધવા આજે ભાષણ કરવાની છે."

"શું કહો છો !" કહી એકમે જણે ચપચપ પોતાના પૈસા આપી હીસાબ ચુકાવવા માંડયો.

"નહીંરે બાપા ! અમે તો સરકારી નોકર." ગુમાને પોતાને લાગતો ડર જાહેર કર્યો. "નકામા બધા જાણે કે જાહેર મીટીંગમાં ગયો તો પગાર વધતો અટકે."

"અરે ગાંડો થયો છે ? એ તો રાજદ્વારી મીટીંગ હોય તો. અહીંઆં, આમલતદાર સાહેબ તો પ્રમુખ છે."

"એમ ! ત્યારે તો આવું."

"હા ! જરૂર. આવી ગમ્મત દસ વર્ષે પણ ફરી નથી આવવાની" કહી તરફડદાસ ત્યાંથી ઉઠ્યા.

ત્યાં બેઠેલા ગૃહસ્થોએ એકેકની સામે જોયું. બધાના મનમાં શી ઉત્કંઠા થઇ હતી તે સ્પષ્ટ દેખાતું હતું. ધીમેધીમે બધા ઉઠ્યા, અને પુસ્તકાલયના હોલમાં ગયા. બધાની નજર હોલમાં ચારે તરફ તરફડદાસે કહેલી વિધવાને શોધવા ગઇ, પણ તે ન જડવાથી બધા જરા નિરાશ થયા; છતાં, તેની વાટ જોતા તેઓ ધીમેધીમે ગોઠવાયા.

આગલી હારમાં હેડમાસ્તર, અને મામલતદાર સાહેબની ઓફીસના કારકુનો જેઓ તે સાહેબ બહાદુરને કોઇ પણ પ્રકારે રંજન કરવા તત્પર રહેતા તેઓ આવી ગયા હતા. મગને પણ પોતાનું કામ ફત્તેહમંદીથી પરિપૂર્ણ કર્યું હતું. આઠદસ છોકરાઓનું મહાન સૈન્ય એકેક પૈસાની આશામાં પાછળ આવીને બેઠું હતું. સભામાં ત્રીસેક જણાની હાજરી થઇ ગઇ હતી થોડી વારે મદનલાલ મારુતિ કોટનાં બટન ઉઘાડાં, અને મોઢું હસતું રાખી બંદરમાં સ્ટીમર આવે એમ આવી પહોંચ્યા. તેમણે આસપાસની સભા જોઇ; કોઇને ઇશારાથી તો કોઇને હાસ્યથી, કોઇને હ થથી તો કોઇને ડોકાવતી સલામતી આપી; અને પ્રમુખની પાસેની ખુરશીમાં બેસી ગયા. જાણે આ બધી મીજલસ તેમના માનાર્થેજ હોય તેવો તેમનો ઠાઠ હતો.

પોણા છએક વાગ્યા અને પ્રમુખ પધાર્યા. રાવસાહેબ ગંભીરલાલ ઉંચા, ગોરા અને ભવ્ય કાંતિવાળા હતા. તેમનો રોફ ગામમાં પડતો હતો અને તેમની મીઠી જીભથી તેઓ ઉપરી સાહેબોને ખુશ રાખી શકતા. આ કારણોથી પાંત્રીસેક વર્ષની નાની વયમાં તેઓ સારી પદવી પર ચઢ્યા હતા, અને હજુ ઘણા મોટા થશે એમ બધાનું માનવું હતું. તે આવ્યા અને સભા બધી-મગનના લશ્કર સીવાય-ઉભી થઇ.

આ મહાસભાનો કાર્યક્રમ શરુ થયો. હેડમાસ્તરે પ્રમુખને પ્રમુખપદ લેવાનું સુચવ્યું; અવલકારકુને તેને ટેકો આપ્યો; અને ગંભીરલાલ પ્રમુખપદે બેઠા. પછી મદનલાલ મારુતિએ ગંભીર સ્વરે ભાષણ શરુ કર્યું; આજે

મળવાનું કારણ બધા સભાજનોને જણાવ્યું. આ વખતે મગન અને તેના એક મિત્રને કંઈ ઝપાઝપી થતી સંભળાઈ, પણ વખતસર તરફડદાસ ત્યાં જઈ પહોંચવાથી એ વિગ્રહ ઝટ શાંત થઈ ગયો. મારુતિએ પછી આપણી અધોગતિ પર વિવેચન કર્યું; 'પ્રેક્ટીકલ' પગલાંની ખામી તરફ તિરસ્કાર બતાવ્યો; વિધવાઓનાં દુઃખનો કંઈ ખ્યાલ આપ્યો; સભાજનોને સુચવ્યું કે જ્યાં સુધી સારી બુદ્ધિ-એટલે મારુતિ, ધનેશચંદ્ર અને તરફડદાસરૂપી ત્રિમૂર્તિની બુદ્ધિ-પ્રમાણે દુનીઆ નહીં ચાલે તો તે જરૂર પસ્તાશેજ; અને સદ્ભાગ્યે આ શહેરમાં એ સારી બુદ્ધિ પેદા થઈ છે, અને એ સારી બુદ્ધિ હવે દુનીઆને કેવી ટોચ પર લઈ જશે તેનો ખ્યાલ આપ્યો.

આટલે સુધી આવતાં હોટેલમાંથી જે ગૃહસ્થો આવ્યા હતા તેમાંથી બે જણાને ધારેલું તોફાન કંઈ ન જડવાથી જવાની પ્રેરણા થઈ હોય એમ તેને લાગ્યું. તરત તરફડદાસે તેમને સુચવ્યું હતું તે પ્રમાણે તે મહાયોગી પર આક્ષેપ કરવા લગ્યા, અને અડધો કલાક પુરો થતાં શ્રોતાજનની સંપૂર્ણ સહાનુભૂતિ સાથે તેમણે પુરવાર કરી આપ્યું કે બીજા બધા અત્યાર સુધી ખોટા હતા, માત્ર હમણાંજ એ પોતે ખરા હતા; અને તેથી હવે જરૂર દુનીઆનો ઉદય થયા વિના રહેવાનોજ નથી. આ સિદ્ધાંતો કહ્યા પછી સમાજઉદ્ધારિણી સભાની સ્થાપના માટે તેમણે દરખાસ્ત મુકી. સભાજનોએ તાળીઓના છુટાછવાયા ટપટપાટથી અને મગનના સૈન્યની બુમોથી આ દરખાસ્ત વધાવી લીધી.

ધનેશચંદ્રે તેને ટેકો આપ્યો તે ઝપઝપ જેટલું બોલવું હતું તેટલું બોલી ગયા અને વધારામાં એમ પણ કહ્યું કે આ સમાજઉદ્ધારિણી સભાને અંગે અનાથાશ્રમ કાઢવાનું છે. અને સાથે 'પ્રેક્ટીકલ' પગલાંનો ઝુંડો પણ લેવાનો છે. પ્રમુખ સાહેબે પછી પોતાનું કામ શરુ કર્યું, અને ઘણી મહેનતે તૈયાર કરેલું. ઘણા વાંચનના પરિણામરૂપ, ઘણાઘણા ભયંકર વિદ્વાનોના શબ્દોના ટાંચણથી ભરપુર એવું એક ભાષણ આ વિદ્વાન અને જોખમદારી સમજનારા સભાજનો આગળ રજુ કર્યું.

તરફડદાસે પ્રમુખનો ઉપકાર માન્યો. કોઈકે તેને ટેકો આપ્યો તે કે

મરમડાટમાં સમજાયું નહીં. મારુતિએ પ્રમુખને હાર પહેરાવ્યો; અને તે પળે છાનામાના પુછ્યુ: "કેમ કાલે કલેક્ટર સાહેબને ત્યાં લઇ જવાની ફુરસદ છે? હોય તો આવું."

"હા! જરુર" કહી પ્રમુખ નમ્યા. સભા હાના આવેગમાં પોકાર કરી રહી, અને આ શહેરના ઉદ્ધાર માટે મોટું ભગીરથ પગલું લેવાનો પ્રસંગ પુરો થયો.

છેલ્લી વારે તરફડદાસ અને ડાક્ટર રહ્યા. તરફડદાસે તાળી આપીઃ "કેમ દોસ્ત! કેવી ફ્રેન્ડ! મને ખાત્રી હતી."

"હારે. સત્યમેવ જયતે."

"હા, ચાલો હવે હું જાઉં. હવે કાલે રીપોર્ટ લખવો છે."

"જોજે હાં, બરોબર આવે."

"ફીકર નહીં" કહી મગનને પૈસા આપી તરફડદાસ પ્રેસ તરફ ગયા

× × ×

બીજી સવારે 'માર્તંડપ્રકાશ' માં પાંચ પાનાં ભરીને આ સભાનો સવિસ્તર હેવાલ આવ્યો. ઉપર મોટા અક્ષરે "ગુજરાતમાં સુધારાનો ડંકો" અને "સમાજઉદ્ધારિણી સભાની સ્થાપના" છાપવામાં આવ્યું હતું. સભામાં કેવા મહાન, વિદ્વાન, જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ પુરુષો આવ્યા હતા; કોણે શું કહ્યું—અથવા ન કહ્યું હોય તો પણ, તે શું કહેવા ધારતા હતા—અને કહેવા ન ધારતા હોય પણ, તરફડદાસ તેમની પાસે કેવા ભાષણની આશા રાખતા હતા તેની પુરેપુરી નોંધ લેવામાં આવી હતી. ઠેકાણે ઠેકાણે મીલ, સ્પેન્સર, રાનડે, તેલંગનાં વાક્યોનો છંટકાવ કરવામાં આવ્યો હતો; અને તે સભાના અગ્રેસરો આખા દેશમાં—કે આખી દુનીઆમાં અગ્રેસર શા માટે થતા નથી એવો પ્રશ્ન હીંમતથી અને છટાથી પુછવામાં આવ્યો હતો.

આ હેવાલ ગુજરાતનાં બધાં પત્રોમાં આવ્યો; મુંબાઇનાં બધાં પત્રોએ તે ટુંકો કરીને લીધો; અને અંગ્રેજી પત્રોએ પણ થોડોઘણો લીધો. સંસારસુધારા કમીટી તરફથી ગંભીરલાલને અભિનંદન પત્ર મળ્યો; ધારાસભાના એક સભ્ય તરફથી મારુતિને તેના ઉત્સાહ માટે ધન્યવાદ મળ્યો; કલેકટર સાહેબે સમાજઉદ્ધારિણી સભાના ફંડ તરફ રુ ૪) અંકે ચાર મોકલી આપ્યા; અને 'માર્તંડપ્રકાશ'ની બાર નકલ વધારે ખપી

તરતજ આ આશાવંત નરરત્નોએ ઉઘરાણું કરવા માંડ્યું અને અનાથાશ્રમ માટે હીલચાલ શરુ થઇ.

પ્રકરણ ૧૦ મું

પેલી રમણી

મણિ શરીરે અને મને વિકાસવા લાગી; અને જેમ વિકાસ વધ્યો તેમ એના મનની પીડા પણ વધી. ઘર, ધણી, છોકરાં એ બધી વસ્તુની અણપુરાએલી હોંસ ફરી તાજી થઇ અને તેના મનને દુ:ખી કરવા લાગી. પ્રવચનમાં આરતી વખતે તે જતી ત્યારે તેને પોતાનામાં અને બીજાં બૈરાંમાં ફેર હતો તેનો વિચાર આવતો, અને તે રહેંસાઇ જતી. તેને ધીમેધીમે પાછો હતો તેવો અસંતોષ થવા લાગ્યો અને જેમ અસંતોષ વધ્યો તેમ પેલી પલવાર દીઠેલી રમણી ફરીફરીને યાદ આવી. એવી કોઇ સહીઅર અહીંઆં મળે તો કેવું!

એક દિવસ સવારે પ્રવચનમાં એક બનાવ બન્યો. મહારાજે પ્રવચન પુરું કર્યું, આરતી થઇ રહી, અને તે ઉઠયા. મહારાજ પોતાની જટાદાર ચાલે શ્રોતાજનનાં ઝુંડમાંથી જતા હતા. ચારે બાજુએ ભક્તજનો પગે લાગી રહ્યાં હતાં. એટલામાં બારણામાં એક બાઇ, રખેને મહારાજ ચાલ્યા જાય તો દર્શન વિના રહી જાય એમ ધારતી, હાંફળીફાંફળી આવી. તે પરગામથી ચાલી આવી હોય એમ લાગતું હતુ. તેણે ઝપાટાબંધ આજુબાજુ ઉભેલા લોકોને હડસેલી કાઢયા ને તે આગળ આવી. તે આવી અને સામેજ મહારાજ જતાં મળ્યા. મળતાંને વાર બાઇ ચમકી, તેણે સાથે આવેલા મરદનો હાથ ઝાલ્યો અને બધા સાંભળે એમ મોટેથી બોલી:

"કોણ આ? આ મહારાજ?" તે ડોસીએ ચીસ પાડી; "આ તો

મુએ માવજી તો છે! મુઆ મારી ભાણી ક્યાં?" કહી સ્ત્રીએ મહારાજ સામે હાથ લંબાવ્યો.

ભક્તજનોમાં વીજળી પડી હોય એમ ગભરાટ થયો. આમ બેઅદબીથી મહારાજ સાથે બોલવું, કે આક્ષેપભર્યાં વચનો કાઢવાં, એ તેમને મન ધૃષ્ટતાની પરાકાષ્ઠા હતી; અને મહારાજ સંબંધી એટલી ગપો ચાલતી કે દરેક જણને આ શું છે તે જાણવાની જીજ્ઞાસા થયા વિના રહી નહીં. બધાંએ ડોકાં લંબાવ્યાં, બધાં આગળ આવવા ધસ્યાં. મણિ તો પાસેજ બેઠી હતી એટલે બધું જોવાય અને સંભળાય એમ હતું.

એક વિપળ મહારાજે અંદરના ઓરડા તરફ જોયું. આ બાઈને વીંધીને જવાય એમ નહોતું. તે બાઈ તરફ ફર્યાં અને મીઠું રસીલું હાસ્ય હસી તેને પુછ્યું: "બાઈ તું કોણ છે? શું દુઃખ છે?" મહારાજ મોટેથી બધાં સાંભળે એમ બોલ્યા; તેના સ્વરમાં જરા પણ ધ્રુજારો હતો નહીં.

છતાં મણિની તીવ્ર નજરે મહારાજની આંખમાં તલવારની ધારના જેવું તેજ દીઠું. તેની ભ્રકુટિ પર કરચલી વિના રુદ્ર બીરાજેલા જોયા.

બે પળ બંને શાંત રહ્યા. નવી બાઈ પહેલાં તો ગભરાઈ. પછી જાણે જોરજુલમથી વગર ઈચ્છાએ કબુલ થતી હોય તેમ દબાઈ ગઈ ને માથું નમાવ્યું. મહારાજનાં ચક્ષુઓ વધારે સ્થિર થયાં. સ્ત્રીએ આંખો મીંચી દીધી. ડોકું છાતી પર નમાવ્યું. ધીમેધીમે જાણે કોઈ તેને માથે દબાવતું હોય તેમ તે વળી અને મહારાજને પગે પડી.

"મહારાજ! ક્ષમા કરો." ભોંય પર પડી જતાં સ્ત્રીએ કહ્યું.

"મોહન! આ બીચારી કોઈ દુખી જીવ છે, એને ભક્તો રહે છે ત્યાં લઈ જા અને તેની આસનાવાસના કર." કહી જાણે કંઈ થયુંજ નહીં હોય તેમ મહારાજ ચાલ્યા.

ભક્તજનો સ્તબ્ધ થઈ ગયા. મહારાજનો પ્રભાવ જોઈ તેમની શ્રદ્ધા વધારે દૃઢ થઈ. તેમનો જયજયકાર બોલતાં બધા વીખરાઈ ગયા.

મણિ ઉઠીને પોતાના ઓરડામાં ગઈ અને આ પ્રસંગ પર વિચાર કરવા બેઠી. પહેલાં તો કંઈ વિચિત્ર અણગમો તેને મહારાજ તરફ થયો.

મહારાજની સ્થિર આંખોની યાદે તેનામાં ગભરાટ પેદા કર્યો. જરૂર એ માણસ કોઇ ભયંકર, અડગ અને ક્રૂર પુરુષ છે. એ બાઇ તદ્દન નિર્દોષ છે મહારાજને જે કૈં પણ તેણે કહ્યું તે કૈં સાચુંજ છે એવા તેને વિચાર આવ્યા. મહારાજે પોતાના જાદુથી તે સ્ત્રીને વશ કરી એમ તેને ખાત્રી થઇ. આ વિચારો પરથી મહારાજ કોણ હશે અને એ શા કારણે આટલી સત્તા ચલાવી શકે છે એ જાણવાની તેને ઉત્કંઠા થઇ.

એટલામાં મહારાજની તેજસ્વી મૂર્તિ તેની નજર આગળ દહાડામાં એ વખત ખડી થતી હતી તેમ ખડી થઇ. તેના વિચારો સ્નેહાળ થયા. તે મહારાજ તરફ વળ્યા. પહેલાં થોડો વખત તે વિચારો સામે થઇ, પણ પછી જોર નહીં ચાલવાથી તાબે થઇ હંમેશની માફક વખત પુરો થતાં એ વિચારો પણ પુરા થયા.

મણિને એકદમ આ વિચિત્ર માનસિક સ્થિતિની સમજ પડી. જેમ મહારાજે આજે પેલી સ્ત્રીને વશ કરી હતી તેમ પોતાને વશ કરવા દરરોજ મહારાજ મથતા હશે, અને જેટલો વખત તેમ મથતા હશે તેટલો વખત પોતાની માનસિક સ્થિતિ આવી વિચિત્ર રહેતી હશે. આ ભાન થતાં તે ગભરાઇ; મહારાજ એક દુષ્ટ રાક્ષસ હોય તેમ તેને ત્રાસ વછુટયો.

શા કારણે મહારાજ આમ કરતા હશે? તેનામાં ભક્તિભાવ પેદા કરવા? તેને ગાંડી બનાવવા? શું મહારાજ પણ બીજા માણસોની માફક નીચ, અને અનીતિમાન હશે? આવા આવા અનેક તર્કવિતર્ક કરતા તેનો દહાડો ગયો. પળેપળે તેને મહારાજ વધારે અકારા થતા ગયા.

બપોરે તે નિશ્ચય પર આવી. તેણે મહારાજને રઘુનાથ જોડે કહાવ્યું કે ફુરસદ હોય તો મણિ મળવા માંગે છે મહારાજને ફુરસદ હોવાથી તેને તરત બોલાવી અને તે ગઇ. જે ઓરડામાં તે પહેલાં મહારાજને એકલી મળી હતી તેની પાછળ એક ઓરડામાં હીંચકા પર તે બેઠાબેઠા વાંચતા હતા; મણિને જોઇ તેમણે તેને ભોંય પર બેસવા સુચવ્યું.

"કેમ?" જરાક હસતાં મહારાજે પુછ્યું.

"મહારાજ ! આજે પંદરવીસ દિવસ થયા. હવે મારું શું ? આમ ને આમ ક્યાં સુધી ?"

"કેમ કંઈ અસંતોષનું કારણ મળે છે ?"

"ના મહારાજ! પણ મારો સ્વભાવ વિચિત્ર. મને આમ ખાઈપી પડી રહેવું નથી ગમતુ."

"પ્રભુનું ભજન કર."

"તે પણ નથી થતું. મારે તો સંસારનો લહાવો લેવો છે. આખી રાત અને દિવસ તેનુજ ચીંતન કર્યા કરું છું."

"બીજું કશું મનમાં આવતુંજ નથી?" જરા તીવ્ર નજરે મણિ સામે જોતાં મહારાજે પુછ્યું.

"હા! દહાડામાં બે વખત આપની મૂર્તિ નજર આગળ આવે છે. પણ મારી ઝંખના જતી નથી."

"જશે. 'ઉતાવળા સો બહાવરા.' અહીંઆં દુઃખ શાનું છે? મારા ભક્તોને હું જરા પણ દુઃખ પડવા દેતોજ નથી." કહી મહારાજે કંઈ વિચિત્ર રીતે મણિ સામે જોયું.

મણિ ચમકી. આવી નજર મહારાજ કરે ? તેણે તેની સામે જોયું તો તેનું મોં તેવુજ ગંભીર હતુ. મણિને લાગ્યું કે આ વિચાર ખરેખર ભ્રમણતા હશે. તેણે કહ્યુંઃ "મહારાજ, આપ તો સર્વશક્તિમાન છો. પણ આમ ને આમ જો રહીશ તો હું કૈં કરી બેસીશ, માટે મને રસ્તો બતાવો."

"બતાવીશ! ગભરાય છે શાની? મારા ભક્તો મારા છે અને હું તેમનો છું. અહીંઆં ને અહીંઆંજ તારી બધી વાંછના પુરી થશે. હમણાં જા. પરમ દિવસે હું મળીશ."

મણિએ નમસ્કાર કરી રજા લીધી, અને મહારાજ પર ગુસ્સે થતી પાછી આવી. તરત તેના ગુસ્સાનો પાર રહ્યો નહીં, પણ થોડી વારે તે ટાઢી પડી. વખત છે ને તેના મનની ભ્રમણતાએ હોય. ઘણી મહેનતે મનને શાંત

કરવાના પ્રયત્ન કર્યા છતાં પણ તેનું હૃદય પાછું ફરી આવ્યું. શા માટે બધાં સુખી અને પોતે દુઃખી? એણે પોતે શી ગુનેહગારી કરી હતી?

સાંજ પડી—હંમેશનો સમય થતાં જે સાંજે અડધો કલાક મહારાજનીજ ધુન લાગતી હતી તે કંઈ લાગી નહીં. તેને અજાયબી લાગી. આખરે થાકી તે બારીએ ઉભી રહી નીચે આવેલી નાની વાટિકાને ચારે તરફથી બંધ કરી લેવામાં આવી હતી તે તરફ એ જોઇ રહી. અહીંઆં કેમ કોઇ આવતું નથી! કયે રસ્તેથી ત્યાં જવાતું હશે? એ શા શારુ રાખી હશે? આવા વિચારમાં તે તલ્લીન થતા વખત વહ્યો; રાત પડી.

"કંઈક વિચિત્ર રીતે બાગમાં કોઇ ધીમેધીમે ચાલતું હોય તેમ લાગ્યું. એ કોણ હશે તે જોવા મણિ આંખો ફાડી જોઇ રહી. કોઇ આવ્યું અને એક કાંકરો ફેંક્યો. મણિ વાગવાની બીક ખસી ગઇ. કાંકરો ભોંય પર પડયો. તેને એક કાગળ બાંધેલો હતો. મણિએ તરત કાંકરો ઉંચક્યો, દોરી તોડી અને કાગળ ખોલ્યો તેની અજાયબીનો પાર રહ્યો નહીં. તેમાં લખ્યું હતું—

"અભાગણી નાર,

અહીંઆં તારે માથે મોટો ભય ઝઝુમે છે. એક પળ પણ રહેવું તેમાં સલામતી નથી. નાસી છુટ.

લી. એક મિત્ર"

મણિ તરત બારીએ દોડી, પણ નીચે કોઇ દેખાયું નહીં. આ કાગળના છેલ્લા શબ્દો પરથી પેલી પગવાર જોએલી રમણી તરફથી તે આવ્યો હોય એમ લાગ્યું.

શું ડર હશે? જો કંઈ ડર હોય તો મણિને વધારે સારું લાગ્યું; કારણ કે તેના નીરસ જીવનમાં કંઈ તેથી વધારે રસ આવત. પણ આ કાગળ લખનાર જો પેલી રમણી હોય તો આમ ચેતવણી આપવાનો તેનો શો હેતુ હોઇ શકે? મણિએ બારી બહાર જોયું અને જાણે આત્મોત્તેજ કરતી હોય તેમ બોલીઃ "પ્રભુ! હવે તો કંઈ રસ્તો દેખાડ. એ સીવાય કંઈ આરો નથી."

મણિએ ધાર્યું હતું એવીજ આ યુક્તિની અસર થઇ. નીચે કોઇ

લપાઈને ઉભું હતુ તે ત્યાંથી ખસ્યું. કે ધોળો આભાસ બાગમાં થઈ ચાલ્યો ગયો.

એ આભાસ કોનો છે અને તે શુ કરવા માંગે છે તેનો વિચાર કરતી તે ઉભી રહી. ક્યા સુધી કોઇ દેખાયું નહીં. મણિને ચિંતા થઇ, તે બારીએથી નીચી વળીવળી જોવા લાગી, પણ કોઇ આવતુજતુ દેખાયું નહીં.

પાછળથી, કોઇ ઓરડામાં આવતુ હોય એમ તેને લાગ્યુ. તે ગભરાઇ ધ્રુજી ઉઠી, પાછળ ફરી અને તેનો શ્વાસ જાણે અટકી ગયો હોય એમ લાગ્યું.

તખ્તા પાછળ એક પલવાર જોએલી રમણી સામે ઉભી હતી.

પ્રકરણ ૧૧ મું

બે મણિઓ

મણિ આ રમણીને જોઇ સ્તબ્ધ બની ઉભી રહી. રમણી પૃથ્વીની હોય, માણસ જાતની જાણે નહીં હોય એમ તેને લાગ્યું નહીં. તેના સુંદર મુખ પર તંદુરસ્તીની ભભક મારતી હતી; તેની આંખોમાં ભલાઇ અને નિર્દોષિતા સ્પષ્ટ દેખાતાં હતા. એ ઉપરાંત તેના અંગે અંગની ખીલવણી અદ્દભુત હતી; માથાથી પગ સુધી શરીરનો કોઇ અંગમરોડ અપૂર્ણ નહોતો. તેને જોતાં મણિને પણ ખ્યાલ આવ્યો, કે આ રંભા કોનાં ભાગ્ય ખીલવતી હશે?

"કોણ, તમે?"

"હા!" જાણે કોઇ સાંભળી જશે તેમ ધીમે અને બીતે અવાજે તેણે કહ્યું. "ચાલ તને રસ્તો બતાવું."

"પણ એવો અહીંઆં ડર શો છે?" મણિના પાકા મગજમાં ખ્યાલ આવ્યો કે આ સ્ત્રી કૈં કારણસર ડરે છે અને પોતાને અહીંઆંથી કાઢી મુકવા પ્રયત્ન કરે છે.

"બહુ ડર છે. એ વાતજ જવા દે. તારે જીવતા જવું હોય તો નાસી જા."

"પણ શા માટે? આવા પ્રતાપશાલી મહારાજના આશ્રય હેઠળ ભય શાનો?"

"તને ખબર નથી?" ધ્રુજતે અવાજે નીચી વળી રમણિએ કહ્યું.

"ના."

" મહારાજ ખરાબ છે. બીજી રીતે મહાત્મા છે પણ જરા–" કહી આ સ્ત્રીએ જરા નીચું જોયું. "સારા માણસે અહીંઆં રહેવું જોઇએ નહીં."

" ત્યારે તમે કેમ રહો છો ? તમે સારાં માણસ નથી ?"

" તેની તારે પંચાત !" જરા કપાળ પર કરચલી પાડી નવી સ્ત્રીએ કહ્યું.

" હાસ્તો ! તમે મને બચાવવા આવ્યાં તો મારે જાણવું તો જોઇએ કે તમે કોણ છો. તમારું નામ શું ? હીંચકા પર બેસો, ઉભાં શા માટે રહ્યાં છો ?"

" મારુ નામ મણિકર્ણિકા" કહી તે થાકીને હીંચકા પર બેઠી.

મણિ ચમક્યા. તેણે મહારાજને પહેલી વખતે પોતાનું નામ કહ્યું હતું ત્યારે તે જરા ચમકયા હતા તેનુ કારણ કૈંક જડયું. " મારું નામ પણ મણિ ! હું તમને કર્ણિકા કહું તો ચાલશે ને ?"

" ગમે તે કહે, પણ ચાલ કોઇ આવી પહોંચશે."

" પણ હું શું કામ જાઉં ? હું અહીંઆં મોજમાં છું." મણિએ જવાબ દીધો.

" તારે હમણાં જવું હતું ને ?"

" ખોટી વાત." ખડખડ હસતાં મણિએ કહ્યું. તેને કર્ણિકા ભલી બાઇ લાગી એટલે તેના ભોળપણ પર તે હસવા લાગી. " મારે તો અહીંઆંજ રહેવું છે."

"કેમ ? તારી આબરુ વહાલી નથી ?"

" તમારી જોડે મારે બહેનપણાં કરવાં છે."

" સુઇ ગયાં તારાં બહેનપણાં ! જા, ચાલી જા. મારું કહ્યું માન. પાછળથી પસ્તાશે."

" મારે કયાં કૈં આગળ ઉલાળ છે કે પાછળ ધરાળ છે ?"

" કેમ, તારાં માબાપ શું કહેશે ? તારી આબરુનું શુ ?"

" મારે મા નથી, બાપ નથી; આબરુ હતી તેટલી ચાલી ગઇ." જરા

દુ:ખપૂર્ણ અવાજે મણિએ કહ્યું; "રહું તોએ ઠીક છે ને જાઉં તોએ ઠીક છે."

"શું કહે છે ?" ચમકીને કર્ણિકાએ કહ્યું.

"સાચું."

"તું નહીં જાય ? જા, બ્હેન જા ! તારા સારાને સારુ કહું છું." જરાક કરગરવાનુ શરુ કરતાં કર્ણિકાએ કહેવા માંડ્યું. તેનો સ્વભાવ એટલો પોચો લાગ્યો કે કહેતાં કહેતાં તેની આંખમાં આંસુ આવ્યાં.

"ઉ–હું–" મણિએ ડોકું ધુણાવ્યું. "મને નસાડી મુકવાનું કારણ કહો."

"કહું છું તે માત્ર તારા ભલાને માટેજ. આજે એક પત્રમાં મેં વાંચ્યું."

"શુ ?"

"જો આ રહ્યું" કહી 'માર્તંડપ્રકાશ'નો તે દિવસનો અંક હાથમાં આપતાં કર્ણિકાએ કહ્યું: "વાંચ."

મણિએ વાંચ્યું:—

"જોઇએ છે, જોઇએ છે, જોઇએ છે

એક સ્વરૂપવાન, વિદ્વાન, નીતિમાન વિધવા પરણવા માટે; એક રૂપવાન, ગુણવાન, ધનવાન વિધુર તૈઆર છે.

લખો અથવા મળો:—

સહ–મંત્રીઓ:

સમાજઉદ્ધારિણી સભાની ઓફીસ, ચૌટાં."

"અહીંઆ રહ્યા કરતાં આ સારું !" કહી કર્ણિકાએ કાગળ સામે હાથ ધર્યો.

"પણ અહીંઆં ખોટું શું છે? મહારાજ તો મારા પર રહેમનજર રાખે છે."

"તેજ ખોટું ને."

"ત્યારે અહીંઆં રહીરહીજ સમાજઉદ્ધારિણી સભાના મંત્રીઓને મળીશ." મણિએ કહ્યું.

"તે મહારાજ નહીં કરવા દે. આ શું ખોટું છે?"

"આ તો જાણે ભાડે ઘર જોઇતું હોય એવી જાહેર ખબર લાગે છે. પહેલાં જોઉં તો ખરી કે આ મહેરબાનો કેવા છે? લોકોની ભલમનસાઇ પર મારો વિશ્વાસ દિવસેદિવસે ઉઠતો જાય છે. અહીંઆં રહ્યાં રહ્યાં બધું થશે."

"મહારાજ નહીં થવા દે."

"કેમ?"

"તે વિધવાવિવાહના દુશ્મન છે."

"પણ તમે તો કહો છો કે ખરાબ છે."

"હા તે બધું, પણ પુનર્લગ્ન તેમને પસંદ નથી."

"તો પણ ઠીક! પણ હું તો અજાણ્યા દરીઆમાં ઝંપલાવવાની નહીં. કાલે સવારે તપાસ કરીશ"

"તું નહીં જાય ત્યારે?"

"ના, ના." બહુ જોરથી ના કહેતાં તેણે કહ્યું.

"મારા ભોગ જાગશે" કહી ખિન્ન વદને કર્ણિકા ઉઠી અને જવા માંડયું.

મણિએ ઝટ ઉઠી તેનો હાથ પકડયો. "બહેન! શાના ભોગ જાગશે? મારો સ્વભાવ જરા આડો છે તેથી હું નથી જતી, પણ તમને શું દુ:ખ છે? તમે કોણ છો તે મારે જાણવું છે. મને પહેલેથી થયું કે આપણે બહેનપણીઓ થઇએ તો કેવું? હું પણ સંસારમાં એકલી છું." મણિને જરા ખિન્નતા આવી. "તમે પણ દુ:ખી અને એકલાં છો?"

"ના, હું સુખી છું; મારે કૈં દુ:ખ નથી. તું આવી ત્યારથી દુ:ખ થયું."

"મારા આવવાથી દુ:ખ થયું? એવું મેં શું કર્યું?" આ પુછતાં મણિનું કાબેલ મગજ અનેક તર્કવિતર્ક કરી રહ્યું હતું. તેને આ વાતનું રહસ્ય જાણવું હતું. તેના નીરસ જીવનમાં કૈં રસ રેડાયો.

"બહેન, તું શું કરે? મારું નસીબ."

"મારા આવ્યાથી મહારાજ તમારા તરફ બેદરકાર થઇ ગયા?" માત્ર શું છે તે જાણવા મણિએ કલ્પના કરી પ્રશ્ન કર્યો. તે ઝીણી આંખે કર્ણિકા સામે જોઇ રહી.

પ્રશ્ન સાંભળી કર્ણિકા જાણે ગભરાઇ ગએલા જેવી થઇ ગઇ. તેને ફટકો પડયો હોય એમ લાગ્યું. તે બોલીઃ "ના, ના"

"ના શું હા! સાચું કહી દોની. અત્યાર સુધી તમે એકલાં હતાં; મહારાજે મને જોઇ ને તમારાં માન ઘટયાં."

"હેં! તેં ક્યાંથી જાણ્યું?" વધારે ને વધારે ગભરાતાં કર્ણિકાએ પ્રશ્ન કર્યો.

મણિ પોતાની હોંશીઆરી પર હસી. "મે! એમાં શું? તમારી વાત પરથી. મારી પાસે કૈં ખાસ જાદુ નથી. આપ તેથી મને જવાનું કહો છો?"

જવાબ દેવાની શક્તિ નહીં હોવાથી નીચું માથું કરી કર્ણિકાએ હા કહી.

"ગભરાઓ નહીં! બહેન! એમ હશે તો હું દુઃખી છું, એકલી છું, કોઇને દુઃખ દેવા આવી નથી અને તેથી તમારા સુખ ખાતર કહો ને કરીશ." મણિએ કહ્યું.

"હા! એમ કરે તો સારું."

"તમે મહારાજનાં પરણેતર છો? મહારાજ તો બ્રહ્મચારી છે એમ લોકો કહે છે ને?"

"કોઇને કહેતી નહીં." ધીમેથી કર્ણિકાએ કહ્યું. "લોકો બ્રહ્મચારી માને નહીં તો પછી માન કેમ પડે?"

"એટલે એમના માન ખાતર તમારે જન્મકેદ વેઠવી?"

"હોય! ગમે તેવા પણ મારે મન તે પ્રભુ છે, પરમાત્મા છે. તેમને માટે જીવ આપવા હું તૈઆર છું."

"કેટલાં વરસ થયાં પરણ્યાં છો ? તમે મારાથી બેચાર વર્ષે મોટાં દેખાઓ છો." મણિએ કહ્યું.

"હું પરણી નથી" જરા કચવાઇ કર્ણિકાએ કહ્યું. "મને બાવીસ વર્ષ થયાં. પણ એ બધું પુછે છે શું કામ? તુ ક્યારે જાય છે?"

"હું કૈં એમ ને એમ જાઉં કે?" જરાક હસીને મણિએ કહ્યું. "પરમાર્થ કરું તો ખરી; પણ જાણું તો ખરી કે આ બધું શું છે. પણ મને વિચિત્ર તો એ લાગે છે—"

"શું?"

"કે કેટલાં વર્ષ થયાં કોઇના જાણ્યા વગર તમે રહી શક્યાં છો!"

"હું મહારાજને મળી ત્યારે એક માસી સીવાય કોઇ હતું નહીં. અને—" કહી કર્ણિકા અટકી.

"મહારાજનું મુળ નામ માવજી." એકદમ સવારના પ્રસંગની સમજ પડતાં મણિએ કહ્યું.

"તે કેમ જાણ્યું?" એકદમ ડોળા ફાડી કર્ણિકાએ પુછ્યું.

મણિ હસી.

"તુ તો બધું જાણે છે."

"હુ કૈં નથી જાણુતી. એ તો કૈં વાતો પરથી મેં જાણ્યું." વાત ઉડાવતાં મણિએ કહ્યું. પેલી સ્ત્રી માની ગઇ. તે ઘણી ભલી હતી.

"તું જાય છે?"

"હા! પણ તમારી બધી વાત સ્પષ્ટ રીતે કહો તો જાઉં. મને પેલું 'માર્તંડપ્રકાશ' આપો, વખત છે ને ખપ લાગે."

"મારી શી વાત કહું? હું ખાઉં છું, મારા નાથને રીઝવું છું. મારી વાત પુરી થઇ."

"ઉ—હું" મણિએ ડોકું ધુણાવ્યું. "તમે કોણ છો? મહારાજ પાસે કેમ આવ્યાં? એમ વાત ઉડાવશો તે નહીં બને. હું જાઉં, પણ મારા જવાની કીંમત તો આપવી પડશે."

"મારી વાત !" કહી દીનમુખે કર્ણિકા મણિ સામે જોઇ રહી. "શું કહું ? છ વર્ષ પર હું મારાં માસી અને બાળક સાથે રહેતી હતી."

"બાળક !"

"હા ! મારો છોકરો."

"તમે પરણેલાં હતાં કે કુવારાં ?"

"હું વિધવા હતી." મણિના હૃદયમાં અનુકંપા પ્રસરી રહી. "ત્યાં મહારાજ આવ્યા. હું તેમની પાછળ ગાંડી થઇ ગઇ. બધાને છોડી હું તેમની સાથે ગઇ."

"પણ તે શું તે વખતે પણ અહીંઆંજ હતા ?"

"ના, એમણે યોગ સાધવા માંડયો હતો. મારા આવ્યા પછી એમની આબરુ અને માન વધારે વધ્યાં."

"એ પણ ખરું ! પછી ?"

"પછી શું ? મારે મન મહારાજ તે પ્રભુનો અવતાર છે. હું સુખી છું. કોઇક વખત મારો નરેંદ્ર સાંભરે છે, પણ મહારાજના સ્નેહ આગળ મને આખી દુનીઆનો હીસાબ નથી."

"સાબાશ ! પણ ભોગ બીચારા છોકરાના."

"ના, મારી માસી તેને ઉછેરશે. મેં કહ્યું હતું કે નહીં તો મારી બ્હેન મુબાઇમાં છે તેને સોંપી આવે. તેને છોકરાં નથી. બંને સુખમાં હશે"

"ત્યારે મને હાંકી કાઢો છો તે તમારા સુખને વાસ્તે ?"

"હા ! એટલી મહેરબાની કરે તો—"

"હા ! દુનીઆમાં મારે માટે તો ઠરવાને ઠામ નથી. કર્ણિકા બ્હેન ! તમે તો ભાગ્યશાળી છો કે આમ છ વર્ષ થયાં સુખ મહાલો છો. મારી પણ તમારા જેવીજ સ્થિતિ હતી, પણ મારે કોઇ નહોતું; જેટલાં સગાં હતાં તે દુશ્મન હતાં. એક પાપી ચંડાળે મને ફસાવી. મને લઇ જવા તેને બહુ વીનવ્યો; પણ મરદ જેવા સ્વાર્થી અને ચંડાળ કેં જોયા છે ? તેણે મને રખડતી રહેવા દીધી."

" એમ ? પછી ?"

" પછી શું, મને દહાડા રહ્યા. મા, સાસુ, બધાં પાછળ લાગ્યાં. બધાં કહે કે કોઇ પણ પ્રકારે અમારા કુટુંબ પરથી કલંક કાઢ. હું અડગ રહી. મારે મન સંસારનો લહાવો સોના સમાન હતો. શા માટે મારે છોકરું નહીં ? મેં શું ગુનેહગારી કરી હતી ? મેં ના પાડી. બધાંએ મારા પર કેર વર્તાવ્યો. હું ઘેરથી નાસી ગઇ."

" એમ ?"

" હા ! મારી સુરેખાને ચાલીસ વાસામાં પટેલને ઘેર છોડીને અહીંઆં આવી. કણિકા બહેન ! કહો, કોણ દુઃખી—હું કે તમે ?"

" ત્યારે બોલ મારા મહારાજ કેવા સારા ?"

" હા ! સારા તો ખરાસ્તો." મણિને હસવું આવ્યા વિના ન રહ્યું. શી આ બાઇની ભલમનસાઇ! " હવે તમે કહો છો કે જા ! હા બહેન હા ! હુ જાઉં છું. તમે બધાં ભલે સુખી થાઓ."

" મારા એકલાના સુખની વાત નથી."

" કેમ ?"

" મહારાજ યોગ સાધે છે, અને જો આડે માર્ગે વધારે જાય તો યોગભ્રષ્ટ થઇ જાય."

" તો શું દુનીઆ રંડાઇ જવાની હતી ?" ખડખડ હસતાં મણિએ કહ્યું. " મહારાજને માટે તો મને જરા પણ દયા નથી આવતી. તમારે માટેજ જાઉં છું."

" બહેન ! તું સુખી થશે. ગભરા નહીં. હું શું કરું કે મારો સ્વાર્થ રહ્યો છે. તુ બહુ રુપાળી છે એટલે અહીંઆં તારું કામ નહીં. નહીં તો તને બહેન તરીકે રાખત."

" વાહ રે તમારો પરમાર્થ !"

"હા ! પણ મારી બહેન છે, તે ચંદુલાલ શેઠ મુંબાઇમાં......ઠેકાણે રહે છે તેની ધણીઆણી છે. પ્રભુ કરે ને તું સુખી થાય તો મારા છોકરાને જોજે."

" ત્યારે ચાલોને તમેએ."

" હું મહારાજને છોડીને ! ભલેને બ્રહ્માંડ તુટી પડે. પહેલા તે અને પછી બધાં."

મણિ આ શ્રદ્ધા, આ અડગતા તરફ વગર બોલ્યે જોઇ રહી. તેને મહારાજ તરફ વધારે તિરસ્કાર આવ્યો.

" જો બહેન ! આ મારી બંગડી રાખ. મારી પાસે પૈસા તો નથી પણ આ વેચી કોઇ દિવસ પૈસા મળશે. કેટલાની છે તે મને ખબર નથી."

" લાવો જે હોય તે સારું. ચાલો રસ્તો બતાવો." કહી મણિએ મહારાજનું આપેલું એક લુગડું હાથમાં લીધું અને જવા તૈયાર થઇ.

" ચાલ ત્યારે !" કહી કર્ણિકા આગળ ચાલી.

પ્રકરણ ૧૨ મું

પ્રયોગ

બે સ્ત્રીઓ બહાર નીકળી. કર્ણિકાને રસ્તો બધો માહીત હતો એટલે અંધારામાં પણ તેણે ધીમેધીમે રસ્તો વટાવ્યો અને એકબે બારણાં ખોલ્યાં.

મણિને તરત કંપારી આવી. હમેશાં સવારે ને સાંજે જે જાતની એકાગ્રતા તેને આવતી હતી તેવી આવવા લાગી.

" કર્ણિકા બહેન ! મારા પગ ધ્રુજે છે "

" કેમ ? "

" મને દહાડામાં બે વખત અજબ જાતની ધ્રુજારી આવે છે, ને મહાત્માની મૂર્તિ નજર આગળ રહે છે."

" હાય હાય ! તારા પર પણ પ્રયોગ ચાલે છે."

" એ પ્રયોગ છે ! "

" હા ! મહારાજ અત્યારે તારા પર એકાગ્રતા રાખી બેઠા હશે, મણિ !"

"કેમ મારું માથું ભમવા લાગ્યું છે ? "

" મણિ ! ઓ મણિ ! તું મારી જગ્યા લેશે ? મને વચન આપ. મારા મહારાજ લઈ લેશે ? હું મરી જઈશ." રડતે અવાજે કર્ણિકાએ કહ્યું.

" ના, કદી નહીં. તમે ગભરાશો નહીં. પણ અત્યારે કંઈ ચાલતું નથી, મહારાજજ દેખાય છે. ઓ ! ઓ !" કહી મણિ બેસી ગઈ અને ગાંડા જેવી ભીંત સામે જોવા લાગી.

" તું આંખો મીંચી દે અને કશા બીજા પર વિચાર કર."

"નથી થતો ! હવે પછી જઇશ."

"એ ! એ ! મને મહારાજ બોલાવે છે." જાણે ઉંઘમાં બોલતી હોય તેમ મણિ બોલી.

"આવુ છું. હા ! પ્રભુ ! મહારાજ ! આવું છું." કહીને મણિ ઉભી થઇ.

"મણિ ! મણિ ! શુ કહે છે ? તુ ઉંઘે છે, જરા વિચાર કર. આ તો મહારાજની ઇચ્છાશક્તિનો પ્રભાવ છે દૃઢતા રાખ."

"મહારાજ બોલાવે છે, આવુ છું" કહી મણિ સીધી જાણે ઉંઘમાં ચાલતી હોય તેમ પાછી ચાલવા લાગી. કર્ણિકાએ કપાળ કુટયું. આ પ્રયોગો તે જાણતી હતી. તે આંસુ ઢાળતી બાજુમાં આવેલા એક બારણામાં રહી અદૃશ્ય થઇ ગઇ

મણિ સીધી ને સીધી ચાલી. રસ્તો કોઇ દિવસ દીઠો નહોતો છતાં જાણીતો હોય તેમ તે સીધી ચાલતી અને બારણાં ખોલતી. ચાલતાં ચાલતાં તેને માત્ર એકજ વિચાર આવતો–ને તે મહારાજનો. તેમની ભવ્ય મૂર્તિ તેની નજર આગળ આવી રહી હતી અને નિશ્ચલ સત્તાના પ્રભાવથી તેને આગળ લઇ જતી. તે શું કરતી હતી તેનુ પણ તેને ભાન નહોતુ. કર્ણિકા જોડે શી વાત કરી હતી તે પણ યાદ નહોતું. માત્ર તે મહારાજને દેખી રહી, અને તેમને મળવા તલ્લીન થઇ રહી.

દસ મીનીટમાં બધા રસ્તા વટાવીને મહારાજના ઓરડામાં તે ગઇ. જે ઠેકાણે સવારે તેમને તે મળી હતી તેની પાછળ એક સુંદર, સુશોભિત ખંડમાં તે ઉભી હતી, અને તે જાગી. તેણે આસપાસ જોયું, ઓરડાની ભભક જોઇ વિસ્મય પામી પણ મગજમાંથી એકાગ્રતાનો નીશો જતાં, તે ગભરાઇ ઉઠી. કર્ણિકા ક્યાં રહી, પોતે કેવી રીતે અહીંઆં આવી તેનો વિચાર તે કરવા લાગી. મહારાજના પ્રયોગથી ખેંચાઇ આવી એમ લાગતાં તેને તેના તરફ ધિક્કાર આવ્યો. ચારપાંચ પળમાં તો તે સ્વસ્થ થવા લાગી. મનની નિર્બલતાથી આવું થયું તેમ તેને લાગ્યું, અને મહારાજે પોતાની શક્તિથી તેને અહીંઆં બોલાવી એની ખાત્રી થતાં કોઇ પણ પ્રકારે વિચાર દૃઢ કરવા તેણે પ્રયત્ન કર્યો. પોતાને ફસાવનારને યાદ કર્યો; સુરેખા યાદ કરી.

બાજુની ભીંત પરનો એક પડદો આઘો થયો અને મહારાજ નીકળ્યા. તેનું સ્વરૂપ રાત્રિને વખતે વધારે આકર્ષક લાગ્યું; છતાં મણિને વધારે ધિક્કાર છુટયો.

"કેમ મણિ ?" કહી મહારાજ ઓરડામા એકજ આરામખુરશી હતી તેના પર બેઠા.

"શુ છે ? મને કેમ બોલાવી ?"

"મેં ક્યારે બોલાવી ? તારી મેળે આવી.' તેણે ધીમા પણ રસાળ અવાજે કહ્યું.

"ના! કોણે કહ્યું ?" મણિએ મોટે અવાજે કહ્યું. હવે તેનું સ્વાસ્થ્ય બરાબર રીતે આવ્યું હતું એટલે તેને કશી દરકાર નહોતી. વળી મહારાજ અને તે એક દ્વંદ્વયુદ્ધમાં ઉતર્યા છે એમ તેને લાગ્યું એટલે તેમાં વિજયી નીવડવા તેણે હીંમત ભેગી કરવા માંડી તેને સગાંવહાલાં, સંસાર, આબરુ કશાની પરવા નહોતી, એટલે પોતાની શક્તિનો ખ્યાલ મહારાજને આપવા તે તૈયાર થઇ.

"હું કહું છું." સત્તાથી મહારાજે કહ્યું

"ત્યારે તમે જુઠું કહો છો."

મહારાજે ગૌરવથી ઉંચું જોયું.

"હા ! દરરોજ તમારા જાદુથી તમે મને રહેંસો છો; અત્યારે પણ તમારી મેલી વિદ્યાથી મને અહીંઆં બોલાવી. બોલો શું કામ છે ? મને ઉંઘ આવે છે, રાત ઘણી ગઇ છે."

"મણિ! આમ આકળા પડીને બોલીએ નહી. એ તો તારું ચંચળ મન તને દોરી લાવ્યું. મારી ભક્તિના પ્રાબલ્યે તું અહીંઆં ખેંચાઇ આવી."

"કોણે કહ્યું ? મને ભક્તિએ નથી ને માન પણ નથી."

"કેમ બોલતાં બહુ વધે છે કે ?"

"હા ! તમારાથી થાય તે કરો. કરીકરીને કરશો શું ? બોલો મારું શું કામ છે ?"

“ મણિ ! તારામાં વૈરાગ્ય આવતો નથી, તું પ્રભુને માર્ગે જઇ શકતી નથી.”

“ તે કે તમે લઇ જઇ શકવાના છો ? ”

“ હા ! વૈરાગ્ય બે રીતે આવે: અત્યંત ત્યાગથી, કે અત્યંત તૃપ્તિથી.”

“ એટલે તૃપ્તિથી મારામાં વૈરાગ્ય લાવવો છે ?”

મણિની હોંશીઆરીથી મહારાજ પ્રસન્ન થઇ હસ્યા.

“ હા ! ત્યાં સુધી તારો સંસારનો શોખ પુરો નહીં થાય.”

‘ કબુલ છે, લાવો, સમર્થ હો તો લાવો એક સુંદર અને ગુણવાન પતિ. હું સતી થઇ તેને પુજીશ. આપો સારા છોકરાં, તેમને કેળવી કૃતાર્થ થઇશ.”

“ તેનાથી પણ એક વધારે ઉચી ભૂમિકા છે.”

“ શી ? ”

“ પ્રભુની પાસે રહી પ્રેમભક્તિથી જીવન ગાળવુ તે.”

“ એટલે તમારી જોડે રહી તમારી બૈરી થઇ રહું તે ? ”

“ તેમાં ખોટું શું ? ”

“ ચાલો, મારી જોડે પરણશો ? કાલે સવારે તમારી દાસી થઇ રહું. છે કબુલ ! ” જરા મશ્કરી કરતી હોય તેમ મણિ બોલી.

“ પરણશો ? ગાંડી ! મારાથી પરણાય ? ”

“ ત્યારે વગર પરણ્યે સુશીલ સ્ત્રીથી સાથે પણ રહેવાય ?”

“ પ્રભુભકિત બધાંનું ઓસડ છે એટલું સમજતી નથી ? ”

“ સમજું છું, પણ પ્રભુ મળવા જોઇએ. આ તો તમે આટલો આડંબર કરી, લોકોને છેતરી, ગરીબ બાપડીઓને ફસાવવાનો ધંધો લઇ બેઠા છો.”

“ શું બોલે છે ? ”

“ અક્ષરે અક્ષર સાચું. હા ! એક કામ કરો તો પ્રભુ માનું.”

“ શું કામ ?”

“ મણિકર્ણિકાને પરણો, અને ઉઘાડે છોગે રાખો.”

મહારાજ ચમકીને ઉભા થઇ ગયા. તેના સુંદર મુખ પર કચવાટ દેખાયો. તે ચીરડાઇ બોલી ઉઠયાઃ "કોણે કહ્યું ?"

"તેનું તમારે કામ છે ?" કેડ પર હાથ ટેકવી મણિએ કહ્યું.

"હા, કોણે કહ્યું ? શું કહ્યું ?" જરા સખ્તાઇથી મહારાજે પુછવા માંડ્યું. તેની આંખમાં સવારે પેલી સ્ત્રી સામે જોતાં જે ભયંકર સ્થિરતા આવી હતી તે આવી. મણિના પેટમાં ધ્રાસ્કો પડયો. તેણે હીંમત આણવા પ્રયત્ન કર્યો, પણ કૈં વળ્યું નહીં.

"ગમે તેણે." તેણે મહામુશ્કેલીએ જવાબ દીધો.

મહારાજ ઉભા થયા અને મણિની સામે જોતાજોતા પાસે આવ્યા મણિ ધ્રુજી ઉઠી. તે માત્ર મહારાજની મોટી દેખાતી આંખો સામેજ જોઇ રહી.

"કોણે કહ્યું ?" ભયંકર શાંતિથી મહારાજ બોલ્યા.

"કોઇએ નહીં."

"બોલ."

મણિ બેભાન થઇ જતી હોય એમ લાગ્યું. તેનું મગજ મહારાજની ઇચ્છાશકિતનો ભાર સહી શકયું નહીં. તેને લાગ્યું કે જવાબ દેવો પડશે. તેને ગુંગળામણ થયું.

"બોલ."

"મણિકર્ણિકાએ પોતે કહ્યું." મણિએ જવાબ દીધો—દેવાઇ ગયો.

"શું કહ્યું ?"

"બધું."

બીજી પલે જાણે દબાણ જતું રહ્યું હોય, જાણે દબાયલી કમાન છટકી જાય તેમ તેના મગજ પરથી ભાર જતો રહ્યો. મહારાજની આંખમાંથી સ્થિરતા ગઇ અને તે હતી તેવી થઇને રહી. મહારાજનું મોઢું હસતું હતુ.

"ઠીક ! તું બધું જાણે છે ત્યારે નકામા ઢોંગ શા કામના ? બોલ, મણિકર્ણિકાની જગ્યા લઇ રહેવું છે ? બધું મળશે."

" મણિકર્ણિકા મારા કરતાં ક્યાં ઉતરતી છે ?" સ્વસ્થ થએલી મણિએ ઉત્તર વાળ્યો.

" રાજાને ગમી તે રાણી." જરાક હસતાં મહારાજ બોલ્યા.

" પણ તેણે તમારે માટે બધું છોડયું, ઘરબાર, છોકરો; અને તમે તેને આમ કાંકરા માફક તરછોડી કાઢશો ?"

" તે તારે જોવાનું છે ?"

" હાસ્તો ! કાલે ઉઠી મને પણ ધકેલી કાઢો ત્યારે ?"

" જેવું નસીબ." શાંતિથી મહારાજ બોલ્યા

" જરા શરમ નથી આવતી ?" મણિનો પીત્તો ઉછળી આવ્યો. મહારાજની અધમતા એ અત્યાર સુધી સહી શકી હતી. હવે તેનો મીજાજ હાથમાં ન રહ્યો. " આવી નફટાઇ દેખાડી મને વશ કરવા માંગો છો ?"

" હ." મહારાજ જરા તિરસ્કારથી હસ્યા.

" આમ હું તમારી ગુલામ થઇ રહીશ ? તમે મને ઓળખાતા નથી ?"

" એમ કે ?"

" હા ! તમારા જેવાનો મારે હીસાબ ક્યાં છે ? તમારો ધુતેલો પૈસો, તમારા ઢોંગ ને આડંબર કરતાં તો કોઇ ગરીબ બીચારા ભીખારીને ઘેર પડી રહું તે વધારે સારું."

" તો દુઃખી થશે. બીજું શુ ? કોઇ ભીખારી પણ તને તો ઘરમાં નહીં રાખે.'

" કેમ ?"

" જુવાન વિધવા છે તેમાં." ઠંડે પેટે મહારાજ બોલ્યા.

" હા ! ખરી વાત છે." અકળાઇ, કપાળ કુટી, મણિ બોલી; "દુનીઆમાં એવુ કોઇ અધમ નહીં હોય, પાપી ચંડાળ નહીં હોય કે એક નિરાધાર રઝળતી વિધવાને આશરો આપે. તમારા જેવાઓની દાનતથી અમારા ભોગ લાગ્યા છે."



આવી નફટાઇ દેખાડી મને વશ કરવા માંગો છો ?

"જે કહે તે. અહીંઆં રાણી જેવું સુખ મળશે."

"તે મારે જોઇતું નથી. મહારાજ! હું પણ જીદ્દી છું. તમારા જેવા ભલે મારા પગની ધુળ ચાટે. હું મરી જઇશ; કે યમરાજા ના કહેશે?"

"જીંદગીની મજા પછી નહીં મળે."

"જરા શરમ રાખો! સવારે તો મોટાં પ્રવચનો આપો છો, મને ખીજવવામાં સાર નહીં કાઢો."

"તું શું કરવાની હતી?"

"તમારી ફજેતી."

"મારી ફજેતી તારાથી થવાની નથી.'

"કેમ?"

"ભલેને જા! આ બારણાં ઉઘાડાં છે. બહાર જઇને રહેશે તો લોકો તને મૂર્ખ ગણશે. મારી આબરુ અને પ્રતિષ્ઠા અસ્પર્શ્ય છે તું કોણ–રખડતી કુલટા; હું બાલબ્રહ્મચારી મહાયોગી બાલારામ. જા, થાય તે કરી લે."

મણિ આ ધૃષ્ટતા, આ હીંમત, આ નફટાઇ જોઇ દીંગ થઇ ગઇ. મહારાજના એકેએક શબ્દ ખરા છે એમ એને લાગ્યું. તેણે હીંમત છોડી, પોતાની નિરાધારતાથી આંખમાં આંસુ લાવી છાતી પર માથું નાંખી દીધું.

"જા! હજી બેચાર દિવસ વિચાર કર! તારા તોફાનથી, તારી બુદ્ધિથી હું ઉલટો વધારે પ્રસન્ન થયો છું. થોડી પણ અક્કલ હોય તો વિચાર. દુનીઆમાં સત્તા, પૈસો, અને મજા આજે મળ્યાં તે કાલે મળવાનાં નથી."

"આ કાલે સવારે પ્રવચનમાં કહેજો."

"ત્યાં હું કહેતો નથી; કરી બતાવું છું. લોકોમાં સમજવાની અક્કલ ક્યાં છે?"

મણિ આ નફટાઇનો કે પણ જવાબ આપી શકી નહીં. મહારાજે ફરીથી કહ્યું:

"મણિ! જા, જરા વિચાર કરી જો; ચાલ રસ્તો બતાવું. ને સાભળ! પેલી મણિકર્ણિકા ગમે તે બકી જાય તે સાંભળતી નહીં. એ બહુ ખરાબ છે."

"તમારા પગલાં પુજીને જીવે છે તેમાં ?"

મહારાજે જાણે તે શબ્દો સાંભળ્યાજ નહીં હોય તેમ આગળ જવા માંડ્યું.

પ્રકરણ ૧૩ મું

ફરીથી રઝળતી !

મણિ જ્યારે પાછી પોતાના ઓરડામાં ગઇ ત્યારે એટલા બધા વિચારના વમળમાં પડી કે શું કરવું તે સુઝયું નહીં. તે પોતાની હીંમત ઉપર પણ અજાયબ થઇ. મહારાજને આવા શબ્દો સંભળાવવાની ધૃષ્ટતા કોઇએ પહેલાં કરી હશે ? મહારાજમાં પ્રભાવ કેટલોક હશે ? હવે શુ કરવું ? મણિકર્ણિકા મળશે કે કેમ, નહીં તો તેને કેમ મળવું ? તેને લાગ્યું તો ખરું કે કર્ણિકા મળ્યા વિના નહીં રહે.

મણિને તેના પર ઘણીજ દયા આવી. તેનુ રુપાળું મોઢું, અને જ્યારે મહારાજના પ્રભાવથી તે ખેંચાઇ રહી હતી ત્યારે થઇ રહેલી તેની શોકગ્રસ્ત આંખો તેના મન આગળ ફરી ને ફરી આવતાં ! અને તેમતેમ તેને મહારાજ તરફ ધિક્કાર વધારે ને વધારે આવતો ગયો. એક કલાક આમ વિચારમાં ગયો હશે એટલામાં તેનું ધાર્યુંજ થયું. કર્ણિકા હાંફલીફાંફલી આવી.

"કેમ શું થયું ?"

"કે નહીં." મણિએ હીંમતથી કહ્યું. મહારાજ જોડે કરેલા શબ્દયુદ્ધ પછી તેને પોતાની બુદ્ધિમાં શ્રદ્ધા વધારે આવી હતી, અને પોતાનામાં પ્રાબલ્ય પણ ઘણુંજ છે એમ ખાત્રી થઇ હતી. "તમારા મહારાજને બેચાર સંભળાવી આવી. કોઇ દિવસ એવી તેણે સાંભળી નહીં હોય."

"હેં, શું કહે છે !"

"હા ! પણ તમને કે કહ્યું ! જોરજુલમ કરી તમારું નામ મારી પાસે કઢાવ્યું."

" એમ ! મને તો કૈં કહ્યું નહીં. જાણે કૈં થયુંજ નહીં હોય એમ મારી જોડે તો વર્ત્યા. "

" શી પંચાઇ !"

" પણ તને શું કહ્યું ?"

" તમારી જગ્યાએ અહીંઆં રહેવાનું. "

" હેં !" ગભરાટમાં કર્ણિકા બોલી, " તેં હા કહી !"

" ગભરાઓ નહીં. મેં ના કહી. સોનામહોર જેવા હોય તોએ તમારા મહારાજ મારે નહીં જોઇએ. "

" શું સાચું કહે છે ?"

" હા, મેં તમને શું વચન આપ્યું હતુ ? મેં કહ્યું કે મને પરણો તો રહું. " કહી મણિ હસી. કર્ણિકાએ આ હીંમતથી દીંગ થઇ જોયાજ કર્યું. " મને વિચાર કરવાને વખત આપ્યો છે."

" ત્યારે તું અહીંઆં રહેશે ?" કર્ણિકાએ પુછ્યું.

" આજની રાત તો અહીંઆંજ છું. પાછું કૈં થાય અને પાછાં આવવું પડે. "

" ના ! હવે મહારાજ સુઇ ગયા છે એટલે તારા પર પ્રયોગ નહીં ચાલે. ધ્યાનમાં બેસે ત્યારે—"

" ત્યારે તો કાલે સવારે જઇશ, અત્યારે કયાં રખડું ?"

" અહીંઆં રહી પડે તો !"

" કર્ણિકા બહેન ! બહુ સ્વાર્થ ન કરીએ. હું જઇશ તો ખરી, પણ એક રાતમાં પણ તમને ખાટુંમોળું થઇ જાય છે. "

" ના " કહી કર્ણિકા ત્યાંથી ગઇ.

મણિને મહારાજ તરફ ઘણોજ તિરસ્કાર આવ્યો હતો. તેમાં તેને પાછી બોલાવી શકે એટલી શક્તિ જ્યારથી તેમનામાં જોઇ ત્યારથી તેને ગભરાટ છુટ્યો હતો અને તે નાસવા માંગતી હતી.

તે થાકી હારી સુતી, પણ કૈં ઉંઘ આવી નહીં. કયાં સુધી પથારીમાં તેણે ગોથડગોથડ કર્યા કર્યું. મધરાત પછીના બેએક વાગ્યા ત્યારે કૈંક ઉંઘ આવવા માંડી. ઉંઘ આવતાંઆવતાં જાણે કોઇ આવતું હોય એવો ખખડાટ સંભળાયો: તે કોનો છે તે જોવા માટે તે બેઠી થવા ગઇ પણ તેનાથી ઉઠાયું નહીં, આંખો ઉઘાડવા પ્રયત્ન કર્યો પણ ઉઘડી નહીં. ધીમે ધીમે કોઇ પાસે આવ્યું હોય એમ લાગ્યું–જાણે મહારાજ આવ્યા હોય એમ લાગ્યું. મનમાં તેની મૂર્તિ દેખાઇ, છતાં આંખ ઉઘડી નહીં, બેઠાં થવા ગાત્ર હાલ્યું નહીં. મનમાં ધીમે-ધીમે અનેક વિચારો થવા માંડયા—ન વિચારાય, ન વદાય એવા કૈં વિચારો આવ્યા. એ બધા જાણે મહારાજ ઓરડીમાં ઉભા હોય અને તેમના તરફથી આવતા હોય તેમ લાગ્યું. આમ થોડો વખત રહ્યુ અને કોઇનાં પાછાં જતાં પગલાં સંભળાયાં.

મણિ એકદમ જાગ્રત થઇ ગઇ અને પથારીમાં બેઠી થઇ ચારે તરફ તેણે જોવા માંડયું. માત્ર કેસરના મઘમઘાટ સિવાય ઓરડામાં કૈં ફેર ન હતો. તે ઉઠી બારણા તરફ દોડી પણ અંધારામાં કોઇ દેખાયું નહીં તેના ગભરાટનો પાર રહ્યો નહીં. આટલે દિવસે તેને બારણું દેવાનું સુઝયું–જુએ છે તો બારણાને અંદરથી કૈં દેવાનું હતુંજ નહીં. મણિ ગુંચવાઇ ને પથારીમાં બેસી ગઇ.

તેનું ચિત્ત સ્થિર થયું તોપણ તેને ખાત્રીજ રહી કે અત્યારે મહારાજ જ આવી કૈં પ્રયોગ ચલાવી ગએલા હોવા જોઇએ. તેણે દૃઢ નિશ્ચય કર્યો કે હવે આ આશ્રમમાં રહેવામાં સાર નથી તેણે મહામુશ્કેલીએ ચાર કલાક વીતાવ્યા. સવાર પડી ત્યારે તેનો ભય ગયો અને તેના જીવમાં જીવ આવ્યો.

તેણે નાહી ધોઇ, રાતનું થોડું વધ્યું હતું તે ખાધું; કણિકાએ આપેલી બંગડી હાથમાં લીધી અને પ્રવચનમાં ગઇ. તે બૈરાંઓની પાછળ બેઠી. પ્રવચન ક્યારે પુરું થાય તેની વાટ જોતાં તેને પળેપળ અકારી લાગી. આખરે પ્રવચન પુરું થયું, આરતી થઇ, મહારાજ અંદર ગયા, અને બૈરાંઓનું ટોળું જેવું બહાર નીકળ્યું તેની તેમાં સામેલ થઇ તે આશ્રમમાંથી બહાર નીકળી.

"બહેન! ચૌટું કયાં આવ્યું ?" એક સાથે ચાલતી બાઇને તેણે પુછ્યું.

"આ ડાબે હાથે. શહેરમાં પહેલાંજ આવ્યાં છો?" બાઇએ પુછ્યું.

"હા! રસ્તો ભુલી ગઇ" કહી તે ચૌટા તરફ ચાલી થોડી વારે ચૌટું આવ્યું હોય એમ લાગ્યુ એટલે તેણે લુગડામાંથી ચારે તરફ જોવા માંડયુ; પણ જોવાની ખાસ જરુર નહોતી કારણ કે બરોબર સામે મોટા ધોળા પાટીઆ પર ગજગજના લીલા અક્ષરે 'સમાજઉદ્ધારિણી સભા'નું નામ લખાએલું હતું. નીચે નાનુ એક બીજું પાટીઉ પણ મારેલું હતુ. તે વકીલ મી મદનલાલનું હતું.

મણિ ઝપાટાબંધ આશાના કીલ્લા બાંધતી જાણે આ લીલા અક્ષરનુ પાટીઉ તેના દુઃખસાગરનો આરો હોય તેમ તે તરફ ગઇ. મદનલાલનો 'બોય' હાથમાં એક ગંદી સાવરણી લઇ મોઢામાં બીડીનું ઠુંઠું ઘાલી પગથીઆં પરથી ધુળ કાઢતો હતો

"સમાજઉદ્ધારિણી સભા અહીંઆ?"

"કયુંબે! દેખતી નહીં હય ?" કહી કોઇ તત્ત્વવેત્તા જેમ ટુંકાણમા સુત્ર લખે તેમ 'બોયે' પાટીઉ બતાવ્યુ.

"મંત્રી અહીંઆ છે?"

"કયા કુછ કેસ હય?" હોંશીઆર 'બોયે' પોતાના ધંધાનું સંરક્ષણ કરવા સવાલ કર્યો.

નારે મળવું છે."

"કેસ હય કયા? હોવે તો અબ્બી બુલાઉ." મોઢામાંથી બીડી કાઢી, અદ્દભુત ગૌરવથી નાકમાથી ધુમાડો કાઢતાં 'બોયે' કહ્યું; "નહીં તો બયઠો."

"ઠીક બેસું છું."

"અયસા બોલની! સબેરકે બીચમે કટકટ કરતી હય." કહી મણિના ઉપર વેર લેવાને ઇરાદે પગથીઆંને સખત ઝાપટ મારી 'બોયે' પોતાની પુઠ ફેરવી. તેને અસીલો સીવાય બીજાં પ્રાણીઓ તરફ બેહદ તિરસ્કાર

હતો; કારણ કે અસીલો કોઇક વખત આનો બે આના એને આપવા ચુકતા નહીં. અને બીજા બધા મળવા આવે તેથી એની 'બોય'ની પદવીને મોટો કારી ઘા લાગી જતો હોય એવું કંઈ એને થયું હતુ.

મણિ ઉપર જઇને બેઠી. હવે તેને ક્ષોભ ઓછો લાગતો હતો. દુનીઆએ તેને એવા ઝપાટા લગાવવા માંડયા હતા કે તેની મૃદુતા અદૃશ્ય થવા લાગી હતી.

પ્રકરણ ૧૪ મું

ઉદ્ધારકોને શરણે

ડા. ધનેશચંદ્ર સવારના સાત વાગે ઉઠી, દાતણપાણી કરી, દવાખાનામાં ડોકીઉં કરી, ત્યાં કોઇ દર્દીને અભાવે નીસાસો નાંખી ચૌટા તરફ ચાલ્યા. 'સમાજઉદ્ધારિણી સભા'ના સહમંત્રી તરીકે તેમની પદવી ઘણી વધી ગઇ હતી એ નિઃશંક વાત હતી; છતાં આ શહેરના મૂર્ખ લોકોના મનમાં એ પદવીથી કંઈ પણ આકર્ષણ થતું હોય એમ લાગતું નહીં, અને ડાકટરનું દવાખાનુ હતું તેવુંજ ઉજ્જડ રહેતુ. આ કેમ થતું તેની ધનેશચંદ્રને સમજ પડી નહીં. તે પોતાની બનતી કોશીશે ગામમાં રખડતા ને પૈસા ઉઘરાવતા અનાથાશ્રમ માટે એક મકાન પણ ભાડે લીધું હતું, અને એકબે રખડતા છોકરાને ત્યાં એટલે બેસી રહેવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું કે જેથી લોકોને અનાથાશ્રમ ચાલે છે એવો કંઈ ખ્યાલ થાય.

ધનેશચંદ્ર આ બધાથી જરા કંટાળી ગયા હતા; અને લોકોમાં વાત ઉડી હતી કે તેણે વિધવા પરણવા માટે જાહેરખબર આપી છે એટલે સગાં-સંબંધીઓ પણ સામે જોતાં ઓછાં થવા માંડયાં હતાં. ડાકટર તો ઇશ્વર પાસે એમજ પ્રાર્થના કરવા લાગ્યા હતા કે શહેરમાં પ્લેગ યા કોગળીઉં ફાટી નીકળે કે જેથી તેમને ત્યાં સડતી દવાઓનો કોઇ પણ પ્રકારે નીકાલ થાય અને તેમની સેવાનો અમૂલ્ય લાભ લોકોને મળે.

ધનેશચંદ્ર આવા ઉમદા અને પારમાર્થિક વિચારો કરતા ચૌટા તરફ ચાલ્યા અને પોતાની સભાનું વિશાલ પાટીઉં નીહાળી તેમની છાતી ઉંચી

આવી. જો આના સુંદર પાટીઆથી લોકો આકર્ષાય નહીં તો પછી.....પાછલો વિચાર કરવો છોડી દીધો કારણ કે મી. મારુતિનો 'બોય' તેમની સામે આવ્યો

"કેમ ક્યાં જાય છે? મી. મારુતિ આવ્યા કે?"

"નહીં સાબ, બુલાનેકું જાતા હું."

"કેમ કોઇ અસીલ બેઠો છે?"

"એક ઓરત બયઠી હય."

"હં!" ધનેશચંદ્ર બોલી ઉઠયા, "એકલી?"

"હાં."

"ઠીક, જવાની જરુર નથી" કહી ડાકટર ઝપાટાબંધ ઉપર ચઢી આવ્યા.

જેવા તે ચઢીને ઉપર આવ્યા કે તેની નજરે એક જુવાન સ્ત્રી પડી. તેણે ઘુમટો કાઢી નાખ્યો હતો એટલે તેનું તેજસ્વી મુખ હાથ પર ટેકવેલુ હતું તે તેમણે જોયું જાણે એ ચંદ્રની મીઠી જ્યોત્સ્ના ચારે તરફ પ્રસરી રહી હોય એમ ડાકટરને લાગ્યું. તે જરા ગભરાટીઆ હતા. કેટલાંક વર્ષ થયાં બૈરી મરી ગએલી હોવાથી, કુટુંબમાં કોઇ સ્ત્રી સગાંનો સંબંધ ઝાઝો નહીં હોવાથી અને સ્ત્રીદર્દીઓ દવાખાનામાં ગેરહાજર હોવાથી સ્ત્રીઓ જોડે વાતચીત કરવાના કઠણ વિષયમાં તેમનુ પ્રાવીણ્ય વધારે નહોતું. તે ગભરાયા, એક ઉંડો શ્વાસ લીધો. આ મુખ સામે જોઇ રહ્યા, પણ પગ ત્યાં અટકી રહ્યા—આગળ ચાલ્યા નહીં.

મણિ પણ ચમકી. તેણે ઘુમટો તાણ્યો અને સજ્જ થઇ બેઠી.

ક્યાં સુધી કોઇ બોલ્યું નહીં. ડાકટરે વિચાર કર્યો કે પાછા નાસવાનુ બને એમ છે કે નહીં.

"તમે સભાના મંત્રી છો?" આખરે મણિએ પુછ્યું.

"હા!" મહામુશ્કેલીએ ડાકટરે જવાબ વાળ્યો.

"આ જાહેરખબર તમારી છે ?" ડાકટરને ગભરાતા જોઇ મણિને સ્વસ્થતા આવી.

"હા ! તમે કોણ છો ?"

"વિધવા પરણવા માટે કોઇ ગૃહસ્થ તૈઆર હોય તેનું નામ-ઠામ આપશો ?"

મણિનો મીઠો અવાજ સાંભળી ડાકટરનુ હૈયુ પીગળીને પાણી થવા લાગ્યું.

"તમે જાતેજ પરણનાર છો કે કોઈ બીજાના તરફથી ?"

"હું જાતેજ !"

"તમારું નામઠામ શું ?"

"પુરુષ કરતાં સ્ત્રીને નાનમ વધારે હોય" જરાક હસતાં મણિએ કહ્યું. "એટલે પહેલાં સામાનું નામઠામ જાણું તો પછી મારું કહેવાય."

આ અવાજ, આ હાસ્ય, આ શબ્દો સાંભળતાં ડાકટરનું હૈયું કુદ્યું, અને કોણ જાણે કેમ પણ જે શારીરિક વિદ્યામાં તે પ્રવીણ હતા તેના બધા નિયમો તોડી નાંખી એ નાપાક હૈયું ઉછળીને તેમના ગળામાં આવીને બેઠું.

"મારા પર વિશ્વાસ નથી ?"

"તમારું નામ મને ખબર નથી."

"એમ ? મારું નામ ડા. ધનેશચંદ્ર. હું અહીંઆંનો પ્રખ્યાત ડાકટર છું."

ધનેશચંદ્રે અનેક વિચાર કરવા માંડયા. તેમાં હમણા મી. મારુતિ આવશે તો આને ઉપાડી જશે એમ કૈંક વહેમ પડયો આ વહેમને દૂર કરવા તેમણે ઉપાય યોજ્યો

"તમે ક્યાં રહો છો ?" તેમણે પુછ્યું.

"મને ઘરબાર કંઇ છેજ નહીં."

"ઠીક. હાલ ચાલો મારી સાથે, પછી હું તમને કહીશ. બોય બોય !"

"કયું !" બોય હાજર થયો.

"એક ભાડાની ગાડી લાવ તો."

"અચ્છા" કહી તે ત્રણ પગથીઆં સાથે કુદતો હેઠળ ઉતર્યો.

"ચાલો! જરા ગભરાશો નહી"

મુગે મોઢે મણિ તેની સાથે ચાલી અપરિચિત પુરુષને શરણે આમ જવું, તેની સાથે આમ વાત કરવી એ પ્રસંગો તેની રહેલી મૃદુતાને પણ દુખવતા; પણ હીંમતથી કઠણ હૈયું કરી તે સ્વસ્થતા રાખી રહી. મહારાજના શબ્દો તેને કાને અથડાતાઃ આપણા સસારની રચના વિચિત્ર છે, તેમાં તારે માટે સુખ નીર્માયું નથી–આ વાત અક્ષરેઅક્ષર ખરી પડતી હોય, તેમ લાગ્યું.

ડાકટર ધનેશચદ્ર જાણે પોતે એક મહાન યુદ્ધનૌકા (ક્રુઝર) હોય અને એક વેપારી વહાણ પકડી દુશ્મનના બંદરમાથી બહાર પડે તેમ તે બહાર પડયા–એટલે કે મી. મારુતિની ઓફીસનો દાદર ઉતર્યા; પણ જેવા ઓટલા પર આવ્યા કે સામેથી દુશ્મનની યુદ્ધનૌકા ધજાપતાકા ફરકાવતી નજરે ચઢે તેમ મારુતિ કોટનાં બટન ઉઘાડા મુકી ધીમેધીમે સામે રસ્તેથી આવતા દેખાયા. ડાકટર ધનેશચંદ્ર ગભરાયા; ચારે બાજુ પર જોયું પણ રસ્તો દેખાયો નહીં એટલે હીંમત ધરી મણિને કહ્યું:

"ચાલો! ગાડીમાં બેસી જાઓ"

"હા!"

પણ તે ઓટલા પરથી ઉતરે તે પહેલાં મી. મારુતિ આવી લાગ્યા

"ડાકટર!" તેમનો મોટો સાદ ગાજ્યો "કોને લઇ ચાલ્યા?"

"કોઇને નહીં."

"અરે એમ શું કરો છો મારા ભાઈ, મારો પણ અદર અડધો ભાગ."

મણિએ ઘુમટામાં હોઠ પર દાંત દાબ્યા ડાકટર બોલ્યાઃ "જા! જા! આ તો જરૂરની વાત છે."

"પણ શું? હું પણ મંત્રી છુંને."

"આ વિધવા છે." નીચા વળી ધનેશચંદ્રે કાનમાં કહ્યું. "હું એને કોઈ ઠેકાણે મુકી આવું."

"આપણી જાહેરખબરને લીધે કે ?" કહી મી. મારુતિએ મણિ સામે જોયું "પણ તું લઈ કયાં જાય ? ચાલો એના કરતાં મારે ઘેર. બાઇમાણસ તારે ઘેર એકલી શું કરશે ?" કહી મારુતિ ઝપાટાબંધ ફલંગ મારી ગાડી પર ચઢયા અને ગાડીવાળાને પોતાને ઘેર ગાડી લઈ જવાનો હુકમ કર્યો. ડાકટર ધનેશચંદ્ર ધુંધવાતા કચવાતા બેસી રહ્યા.

મારુતિ પોતાને ત્યાં બધાંને લઈ ગયા અને તેમના દીવાનખાનામાં બધાં બેઠાં મારુતિ કોટ કાઢી મણિ સામે જોવા લાગ્યા.

"તમે પરણવા માંગો છો ?"

"હા !"

"તમે કયાં ગામનાં છો, અહીંઆંનાં ?"

"કોણ પરણવા માગે છે તે જણ્યા સીવાય જવાબ કેમ અપાય !" મણિએ પુછ્યું. એને આ લોકો પર તિરસ્કાર આવવા માંડ્યો હતો.

મણિના અવાજથી મારુતિ પણ જરા વિચારમાં પડયા. તેમણે પોતાનો રુઆબ જરા નરમ થવા દીધો, "પણ આ બધી ગોઠવણ કૈં તરત થાય ! એટલો વખત કયાં રહેશો ?"

"અનાથાશ્રમમાં" ડાકટરે કહ્યું.

"કૈં ગાંડા થયા ! એવા એકાંતમાં તે જુવાન બાઇથી રહેવાય ! નોન્સેન્સ."

"તેમાં શુ વાંધો છે ?"

"આ તે કૈં અનાથ છે ?" મારુતિએ કહ્યું, "ડાકટર ! જરા અંદર આવો, માફ કરજો." મારુતિ અને ડાકટર અંદર ગયા.

"બોલો ! મોટાં 'પ્રેક્ટીકલ' પગલાં લેવાના હતાને ! આ ઝોડ કોને વળગાડશો !" મારુતિએ પુછ્યું.

"મારુતિ ! આ તમારી તોછડી રીતભાત મને બીલકુલ પસંદ નથી."

"તમારી પસંદગીની મને બીલકુલ પરવા નથી." ડાકટરના ચાળા પાડતાં મારુતિએ કહ્યું.

"પણ હવે કરશો શું? તમે પરણશો?"

"હું પરણું? જાઓ, જાઓ."

"ત્યારે તમારી જાહેરખબરનું શું?" બંને એકમેક સામે જોઇ રહ્યા.

"કંઇ ગોઠવણ નહીં કરશો તો આબરુના કાંકરા. સમજ્યા? ડાક્ટર સાહેબ! માટે થઇ જાઓ તૈઆર ઘોડે ચઢવા." કહી મારુતિ હસ્યા.

"મશ્કરી જવા દો!" જરા ભવાં ચઢાવી ડાક્ટરે કહ્યું, "પણ એને હમણાં મારે ત્યાં રાખીએ."

"તે કેમ બને? એ તો મારે ત્યાં રહેશે. મારું ગમે તેવું પણ બાળબચ્ચાંવાળું ઘર"

"જોયું જોયું! હું તે કંઇ રસ્તાનો ચાલનાર છું કે મારે ત્યાં રાખતાં વાંધો પડે? મારા ઘર પાસે અનાથાશ્રમમાં રહે છે એમ લોકો ધારશે એટલે આપણી આબરુ પણ વધશે."

"નોન્સેન્સ! જુવાન સ્ત્રીને કોઇ પણ દિવસ એકલી રખાય નહીં."

"બેસ બેસ! તારી આબરુ, પાછી નહીં જોઇ તો."

એમ કરતાં સમાજઉદ્ધારિણી સભાના મહાસ્તંભો બાથમબાથી પર–માત્ર જીભ વડેજ–આવી ગયા; એકએક પર ન કહેવાય એવા આક્ષેપો થયા; ન સંભળાય એવી ભાષા બોલાઇ. આ દ્વંદ્વયુદ્ધ પ્રચંડ થયું. સમાજ ડગમગવા લાગ્યો. તેના ઉદ્ધારની આશાઓ નષ્ટ થતી ગઇ. આખરે મારુતિએ ચોખ્ખું કહી દીધું કે "મારી ઓફીસમાં આવી હતી, અને હાલ મારા ઘરમાં છે એટલે કોઇ પણ પ્રકારે હું એને જવા દેવાનો નથી."

બહાર આ બધા કલહનું કારણ ગરીબ બીચારી મણિ પોતાના ભાગ્યને ઠપકો દેતી બેઠી હતી. પળેપળે તેના સંસ્કારી જીવને આ બધી પંચાતો સાલતી હતી; તેનું ખિન્ન હૃદય પળેપળે વધારે દબાતું જતું હતું.

તો સાથે થોડીથોડી વારે તેને એક જાતની નફટાઈનો ઉછાળો પણ આવતો હતો. સંસ્કારી સ્ત્રીપુરુષો જે જે પ્રસંગોને અકલ્પ્ય માને તેવા અનેક કઢંગા અધમ પ્રસંગોમાંથી પસાર થતાં તેને હવે એક મરણીઆની બેદરકારી આવી હતી. તેનું શું થાય છે તેની તેને પરવા રહી નહોતી; તેની આશાઓ ફળીભુત થવાની નથી, તેની તેને ખાત્રી થઇ હતી. હવે શું?

પ્રકરણ ૧૫ મું

સુધારકનું ગૃહજીવન

ડાક્ટર ધનેશચંદ્ર ગુસ્સામાં ને ગુસ્સામાં ચાલ્યા ગયા; અને મી. મારુતિના દિગ્વિજયની આડે આવનાર કોઇ રહ્યું નહીં. તે તેમની વકીલાતમાં ઘસીઘસી તીણી અગર જેવી બનાવેલી બુદ્ધિને પણ જરા ધાર ચઢાવી મણિ પાસે ગયા.

"બાઇ! તમારું નામ શું? હવે તમે નીરાતે અહીંઆં રહેજો."

"હું અહીંઆં રહેવા નથી આવી. મારે તો માત્ર જે ગૃહસ્થે જાહેર-ખબર આપી હોય તેને મળવુ છે."

"હા! પણ તમારે કોઈ સગુ નથી?"

"ના."

"ક્યાંય રહેવાનુ પણ ઠેકાણું નથી?" ફોજદારી કાયદામાં સ્ત્રી-સંગ્રહણના ગુનાહમાં પોતાની ચાલચલગત આવે છે કે કેમ તેનો વિચાર કરતાં મારુતિએ પુછ્યું.

"ના, પણ આખો દિવસ આમ સવાલોજ પુછ્યા કરવા છે?"

"જુઓ બાઈ, જે ગૃહસ્થે જાહેરખબર આપી છે તે બહારગામ ગયા છે. આજે તેમને પત્ર લખી બોલાવીશ. કૈં ઉતાવળે આંબા પાકે એમ છે? પણ જરાએ ગભરાશો નહીં. આ ઘર તમારુંજ સમજવું."

"તમારા ઘરનાં કોઇ વાંધો નહીં લે?"

"ના, ના,!" જરાક ચકવાળા ઓરડાનાં બારણાં તરફ જોતાં મી. મારુતિએ કહ્યું. "અને વાંધો હોય તોપણ તમારે ગભરાવું નહીં. સુધારાને માટે થોડો ઘણો સ્વાર્થત્યાગ તો કરવોજ જોઇએ."

મણિ આ વિચારો સાંભળી જરા આનંદ પામી દુનીઆમાં સ્વાર્થ તેણે એટલો બધો જોયો હતો કે નિ:સ્વાર્થ માણસ જોતાં તેનું હૈયું ભરાઈ આવતું. તે કંઈ જવાબ આપી શકી નહીં.

"તમે કઇ ન્યાતનાં છો ?"

"બ્રાહ્મણ." મણિએ ન છુટકે જવાબ આપ્યો.

"ચાલો ઉઠો, હું એની સાથે ઓળખાણ કરાવું." કહી મારુતિ ચકવાળે બારણે થઈ અંદર ગયા અને પાછળપાછળ મણિ ગઈ.

અંદરના ઓરડામાં બે માંદા જેવી છોકરીઓ ચોથરાંની ઢીંગલીઓ વતી રમી રહી હતી; અને ઘણા કામમાં રોકાયલી ગંભીર ઘરડીની માફક તેઓએ ઉંચું પણ જોયું નહીં. મદનલાલે પાછા ફરી માંણના કાનમાં કહ્યું: "તમે શું કામ અહીંઆં આવ્યા છો તે કોઇને કહેશો નહીં."

"વારુ."

અંદરની ઓરડીમાં જેવા મારુતિ દાખલ થયા કે મણિને કાને એક ઉંચો, તીવ્ર ને કચવાયલો અવાજ પડ્યો.

"જો જો ચોકામાં આવશો! જરા આંખોએ નથી તો, મારે ફરી અબોટ દેવો પડશે."

મારુતિનો રોફ બધો શમ્યો; તેમનો સીનો ઉતરી ગયો; તેમની આંખો દયામણી થઇ ગઇ; અને સરકારી વકીલ થવાની આકાંક્ષા રાખનાર ગામના આશાવંત વકીલ સાહેબ, જેણે થોડી વાર પર ડોકટર ધનેશચંદ્રને ધુત્કારી કાઢ્યા હતા તે નરમ ઘી જેવા થઇ ઉભા રહ્યા. કોઇ નીશાળીઓ ખીજવાયલા મહેતાજી પાસે જાય, કોઈ ગુલામ ધુંધવાયલી મલીકાની હાજરીમાં આવે તેવા મારુતિ થઇ રહ્યા.

" ના, ના. આ આધો ઉભો છું ને." જાણે જજ સાહેબે ઠપકો આપ્યો હોય અને તેના જવાબમાં માફી માગતા હોય એમ મારુતિએ કહ્યું. " આ બાઇ આવ્યાં છે. એ અસીલ છે, એકબે દિવસ રહેવાનાં છે."

" ભલે. આ ઘરમાં જે નહીં આવે તે ખરું. હું તો એક રંધવારી. વારુ ! પણ તમારે આમ કયાં સુધી ભટકયા કરવું છે?" ગોદાવરીએ પુછ્યું.

ગોદાવરી આધેડ વયની પણ ઘરડી દેખાતી, રીતભાતે સો વર્ષ પહેલાંની, જીભની તીખી અને માથાની ફરેલી સ્ત્રી હતી. તેણે નાકે મોટો કાંટો, હાથે મોટા હાથીદાંતના ચુડા, અને પગે પાચ શેરનાં કલ્લાં પહેરી પોતાનું અંગ શોભાવ્યું હતુ. આ બધી સામગ્રી અને કપાળે કરેલી મોટી આડ જોઇ મણિને કંઇક અંબાભવાનીની મૂર્તિ યાદ આવી.

" હજુ દસ કયાં વાગ્યા છે?" ઘણીજ નમ્રતાથી મદનલાલે સવાલ પુછવાની ધૃષ્ટતા કરી.

" કાલે રાતના અઢી શેર ખાઇને બેઠા છો તે એમજ લાગે તો! જરા વિચાર આવે છે કે બૈરી બીચારી ભુખી હશે?"

" હા! ગઇ કાલે અગીઆરસ હતી, કેમ?"

" તમને કયાંથી ખબર હોય? આપણે તે કોઇ દિવસ પુણ્ય કરવાની પરવા છે કે યાદ રાખીએ? બારે મહીના ખા ખા ને ખા ! બહેન બેસો," એકદમ મણિ તરફ ફરીને કહ્યું. " જોજો મારા ચોકમાં નહી આવતા! જાઓ હવે. તમે ચોટલી બોળી આવો. પાણી તો મેં કયારનું કાઢી મુક્યું છે."

" હું તો નાહ્યો."

" હાસ્તો, ને પછી ઢેડા, ભંગીઆ, પારસી, મુસલમાન બધાને અડકી આવ્યા. તમારા તે કંઇ અવતાર છે? બ્રાહ્મણનું ખોળીઉં છે તોએ પરવા નથી."

" તું કહેતી હોય તો ફરી નાહી આવું."

"જેવી તમારી મરજી ! નહીં તો ચોકામાં નહીં બેસાડું. મારા પણ સોગન છે તો કે બારસને દિવસે પણ તમારા ભાણામાં બેસી જમવાનું નહીં આ પેલો શું કરે છે?" કહી મારુતિનાં ધણીઆણીએ બારી તરફ હાથ લંબાવ્યો. મણિ તે તરફ ફરી અને ત્રણેક વર્ષનો, એક માંદલા જેવો છોકરો દુધ ઢોળી તેનો અબોટ દેતો હતો તેને જોયો. આ તીખી જીભની સ્ત્રીને રીઝવવા તે તરત દોડી અને તે છોકરાને લઇ લીધો અને ચોક આગળ જઇ તેના હાથ ધોવા પાણીનો લોટો લીધો.

"હાય ! હાય" કહી નિરાશામાં મારુતિની સ્ત્રીએ માથે હાથ મુકયા "આ પવાલું ને લોટો ને કુંડી—બધું અજવાળવાનું કર્યું બાઇ, તને તે કોણે કહ્યું હતું કે આટલા આગળવેડા કરજે?"

આ છોકરાને લેવાની ગરબડમાં મણિની લાજ ખસી ગઇ હતી, અને તેનુ અનુપમ લાવણ્યથી ખીલતુ મુખ મારુતિની નજરે પડયુ.

"માફ કરજો, ભુલ થઇ. હું બધું સાફ કરીશ '

"કઇ ન્યાતની છે?"

"બ્રાહ્મણ છું."

"તારું નામ શું?"

"મણિ." સવાલની પરંપરા પર જરા હસતા મણિએ જવાબ દીધો.

"ચાલો હવે ! તમને અહીંઆં બોજ જેવા ઉભા રહેવાનું કોણે કહ્યુ હતું ? નાહી લોની ઝપઝપ. આ રમણને પણ સાથે નવાડજો." પોતાના ધણીને હુકમ કરતાં ગોદાવરીએ કહ્યું.

"કહો તો હું નાહીને મદદ લાગું."

"ના, મને એ કારભારે નહીં ગમે. જાઓ, કૈં કરવુ હોય તો બહાર છોકરીઓ બેઠી છે તેમને નવડાવો."

"હા !" કહી મણિ ગઇ અને છોકરાને મારુતિના પગ આગળ મુક્યો.

મણિ છોકરીઓ પાસે ગઇ, તેમની પાસે મહા મુશ્કેલીએ ઢીંગલીઓ છોડાવી અને રસોડામાં ચોક હતો ત્યાં લઇ ગઇ એટલામાં મી. મારુતિએ

ઝપાટાબંધ સ્નાન કર્યું અને તેમની સ્ત્રીએ મુકેલા પાટલા પર બેઠા. તેમનો છોકરો ચીમો પાડનો નાનો હતો તે કેમે કરતાં છાનો રહ્યો અને જમવાની ના પાડી ના—ના—ના કરતો આઘે જઇને બેઠો.

" જરા એને ઝભલું તો પહેરાવો. માંદો પડશે તો ચાકરી કરવા તમે નથી આવવાના."

મારુતિ હુકમને તાબે થયા.

ગોદાવરી ભાણું પીરસતી ગઈ, અને તે તકનો લાભ લઇ પોતાના પતિને ભાષણ આપવું શરુ કર્યું. મારુતિએ મુગે મોઢે તે સાંભળ્યા કર્યું.

" તમને પણ જરા વિચાર નથી થતો કે પરમેશ્વરનું નામ દઇએ. ભણ્યાગણ્યા પણ તેવા ને તેવાજ રહ્યા. ચાલો! હમણાં જમવા નહીં માંડશો મારે તમારી આરતી કરવી છે." મારુતિએ શરમમાં નીચું જોયું ગોદાવરીએ એક આરતીમા કપુર તૈયાર રાખ્યું હતુ તે ચેતાવ્યું અને મારુતિની આરતી કરવા માંડી.

મણિ આ ખેલ જોઇ રહી. સંસારસુધારક વીશે તેણે ઘણુંએ સાંભળ્યું હતુ અને વાંચ્યું હતુ, પણ ખરેખરું તો આજેજ જોયું. એટલામા મણિની નજર મારુતિના છોકરા પર પડી. તે ખસતોખસતો અજાણે પાણી ઉનું કરવાના ચુલા તરફ ગયો હતો અને તેની પાસે પડેલી ચીનગારી પર તેનુ ઝભલું પડયું હતું એટલે તે ચેત્યું તેમાંથી ધુમાડો નીકળતો હતો.

" અરે જરા જુઓ જુઓ! આ તમારા છોકરાનું ઝભલું ચેત્યું."

તેજ પળે ઝભલામાં ભડકો થયો. મારુતિ બીચારા સમાજઉદ્ધારિણી સભાના વિચારમાં હશે એટલે શું કહ્યું તેનો અર્થ સમજ્યા વગર તેમણે આમતેમ જોવા માંડયું. ગોદાવરી આરતી છોડવી કે કેમ તેનો વિચાર કરતી ઉભી. મણિ ચોકમાંથી કુદી ગોદાવરીના ચોકામાં થઇને ગઈ અને પાસે ટૅગડો પડયો હતો તે લઇ છોકરા પર રેડયો. છોકરો રડી ઉઠયો—મારુતિ ઉભા થઇ ગયા—ગોદાવરીની આરતી હોલવાઇ ગઈ—બંને છોકરીઓ કારણ સમજ્યા વિના પણ કૈં ગંભીર વાત બની એવી ઝાંખી થવાથી મોટે અવાજે રડવા લાગી.

"લો ! નશીબદાર, બચી ગયો છે" મણિએ કહ્યું. અબોટીઉં પહેર્યું છે તેનો વિચાર કર્યા વિના મારુતિએ છોકરો પોતાના હાથમાં લીધો. ત્રણ છોકરાંનું કકલાણ એટલું ચાલતું હતું કે શું કરવું તે કોઇને સુઝયું નહીં.

"છાનીઓ મરો છો કે નહીં?" ગોદાવરીનો હુકમ ગાજી રહ્યો. છોકરીઓ ચુપ થઇ ગઇ.

"લાવ બેન ! છોકરો મને આપ ને તું નાહીને પીરસ ! રમણ તો એમનો એમ છાનો નહીં રહે. મારે તો બારસ ને તેરસ બધાંએ સરખાં. મારો તે કૈં અવતાર છે ? છાનો મરની." છોકરાને સંબોધી તેણે કહેવા માંડયું: "આ તે છોકરાં છે કે દૈવના ઘરની વેઠ ?"

"બીચારો બચી ગયો ને વઢે છે શું ?" ધીમેથી જરા પણ ઠપકાનો અંશ ન આવે એમ મારુતિએ કહ્યું.

"તમારે તેનીએ પચાત. આ અડકી પડયા તે હવે નાહ્યા વગર ખાશો. હવે તમે તમારી મેળે જોભરોની, હું તો થાકી."

થોડી વારમાં મણિ નાહીને આવી અને મારુતિને જમાડયા. મારુતિનું હૈયુ તેનો પુત્ર બચવાથી ભરાઇ ગયું હતુ તેથી તેણે મુગે મોઢે ખાધા કર્યું. તે જમી ઉઠયા ત્યારે ભીની આંખે તેણે મણિ સામે જોયું "બહેન ! આજે તેં અમારા પર અનુગ્રહ કર્યો છે, તે હું કોઇ દિવસ નહીં ભુલું."

આવી સ્નેહભરી રીતે સંબોધાવાને તે કવચિતજ ભાગ્યશાળી થતી હતી એટલે આ શબ્દો સાંભળી મણિની આંખમા આંસુ આવ્યા.

મારુતિ કોર્ટમાં ગયા એટલે ગોદાવરી આવી અને ફરીથી નાહી લોકોની અશુદ્ધતા પર બડબડ કરતાં જુદી ખીચડી મુકી અને ખાધી પોતાનો છોકરો મણિએ બચાવ્યો હતો એટલે તેને કૈં પણ કહેવાનુ માંડી વાળ્યું. મણિને શાંતિ વળી. આ પ્રમાણે રહેવાય તો કેવુ સારું ? મણિએ નીસાસો મુકયો. એ નશીબ કયાંથી હોય !

પ્રકરણ ૧૬ મું

આપખુદી સામે બળવો

ડાકટર ધનેશચંદ્ર પહેલાં તો એકદમ દાદર ઉતર્યા; પાછો ચઢવાનો ઇરાદો થયો ત્યાં મારુતિની ધાક લાગી; પોલીસ બોલાવવાનો વિચાર થયો એટલે શો ગુનોહ થયો તે સમજ પડી નહીં; ફરીઆદ કરવાનું મન થયું તો કોને અને શાની, તેનો સંશય પડયો. કોઇ આધુનિક પરશુરામ પૃથ્વી નક્ષત્રી કરવાનો સંકલ્પ કરે તેવી અડગ વૃત્તિથી મદનલાલ પર વેર લેવાનો તેણે નિશ્ચય કર્યો. એક વાર નહીં પણ અનેક વાર તેણે ભવાં ચઢાવ્યાં, પણ કોઈ જોનાર નહોતું; ભયંકર શબ્દો જીભે આવ્યા. પણ કોઇ સાંભળનાર નહોતું; જ્વલેણ મુઠ્ઠીઓ તેમના હાથની વળી, પણ કોઇના પર તેની અજમાયશ થાય એમ નહોતું.

નિરાશામાં, વિફલતામાં ડાકટરે ધરણિ ધ્રુજાવી—સામાન્ય શબ્દોમાં કહીએ તો ઝપાટાબંધ ચાલ્યા. ધરણિ ધ્રુજી અને નવો વિચાર આવ્યો. ડાકટર તરફડદાસના ઘર તરફ વળ્યા; મહારથી અર્જુન શ્રી કૃષ્ણની સહાય માંગવા ગયા.

એ શ્રીકૃષ્ણ પરમાત્મા એમની નાનકડી સૃષ્ટિમાં લીલા કરી રહ્યા હતા. કોટ કાઢી, ખમીસની બાંય ઉંચી ચઢાવી, ધોતીઆનો કછોટો મારી તરફડદાસ પ્રેસનું રોલર બંધ પડી જવાથી તેને તપાસી રહ્યા હતા. ડાકટર ગયા, છાપખાનાના નોકરોની શરમ રાખ્યા વિના તરફડદાસને પાસે બોલાવ્યો, બધું કહ્યું. એક વખત કહ્યું, પણ ઘણું ઝપાટાબંધ બોલવાથી તરફડદાસ કંઈ ન સમજ્યા; ફરી ફરીને બોલતાં તે સમજ્યા; સમજતાં ગુસ્સે થયા. શ્રી

ધણી સુંદર છે એ સાંભળી રસિકતા ઉછળી આવી; તે ઉછળતાં ગુસ્સાનો પાર રહ્યો નહીં.

તરકડદાસનો પહેલો વિચાર એકદમ 'વકીલની ફજેતી' ના મથાળા નીચે બધું 'માર્તંડપ્રકાશ'માં છાપી નાંખવાનો આવ્યો; પણ તે સાથે સભાની પણ ફજેતી થાય અને વખત છેને મારુતિ કાયદેસર પગલાં લે એવી ધાકે એ વિચાર માંડી વાળ્યો.

"હરકત નહીં દોસ્ત! ચાલ, શવસાહેબ પાસે, આપણે સભાની કાર્યવાહી કમીટી ભરીએ. એ સમજે છે શું?"

"બરોબર છે" ડાકટરે પૂર્તિ આપી. "આવી આપખુદી! આ દેશનું થવા શું બેઠું છે? લોકશાસનની પદ્ધતિ ક્યારે આવડશે? જરા સત્તા આપી કે છાપરેજ ચઢીને બધા બેસે છે."

"એ હું તો પહેલેથી જાણતો હતો. મારુતિ ઘણોજ પક્કો છે. ઠીક, પણ એને પણ પુરો પડીશ—પડીએ—ત્યારે ખરા. ચાલ ગંભીરલાલ પાસે."

[illegible] મસલત કરતા આ બે નેતાઓ મારુતિ સામા લઢવાને હીંમતથી બહાર પડ્યા.

પ્રકરણ ૧૭ મું

ડાક્ટરનાં 'પ્રેક્ટીકલ' પગલાં

બપોરે મારુતિ કોર્ટમાંથી વહેલા આવ્યા. તેમનું હમેશા સ્વસ્થ રહેતું મગજ અસ્વસ્થ થયું હતું. પોતાના પુત્રને બચાવવાથી મણિ તરફ તેમનો જીવ ખેંચાયો અને બને તો તેને કોઇ પણ રસ્તે ઠેકાણે પાડવા તે વિચાર કરવા લાગ્યા. તે ઘેર આવ્યા અને મણિને બોલાવી. "બહેન! હવે બોલો શું કરવું છે?"

"કેમ? તમે મને નામ આપો તો તે ગૃહસ્થને મળુ. બીજું શું?"

"જુઓ!" જરાક એમની કાયદાગરી રીતભાત દૂર કરતાં તેમણે કહ્યું: "હું ખરેખરું કહું? મને મારા પોતાને માટે તિરસ્કાર છુટે છે."

"કેમ ભાઇ?"

"અમે જે જાહેરખબર આપી હતી એ તો તદ્દન ખોટી હતી. અમારે તો એ બહાને થોડોઘણો જશ ખાટવો હતો. અમને ખાત્રી હતી કે કોઇ વિધવા–" કહી તે અટકયા.

"હું સમજી!" મારુતિથી ન બોલાયુ તે સમજી જતાં મણિએ કહ્યું.

"હા, હવે થઇ પીડા! તમે કહો છો કે કોઇ તમારે છે નહીં. હવે શું કરવું?"

મણિનું હૃદય ખિન્ન થયું. પોતે કયાં જાય? લોકોની મુર્ખાઇનો પોતે ભોગી બની. તેણે મુગે મોઢે જોયા કર્યું.

" તમે જરા ગભરાશો નહીં. " મારુતિએ હીંમત આપી. " હું તમને રખડતાં નહીં રહેવા દઉં. તમને કેટલી પીડા પડી હશે કે ઘરબાર છોડી આમ પારકે ઠેકાણે આવી પડયાં એ હું સમજું છું. "

" ત્યારે કોઈ પરણનાર તૈયાર છેજ નહીં ?" અતિશય દયામણાપણાથી મણિએ કહ્યું.

" બહેન ! તમને અનુભવ નથી. આપણા સંસારમાં કોઈ સારું માણસ નહીં મળે. કોઇ ટુંકપુંજીઓ મળે તે કામનો નહીં તેના કરતાં તો કોઇ ઠેકાણે રહી નીરાંતે પ્રભુનું ભજન કરો. "

હોઠ પર હોઠ પીસી મણિ મુંગે મોઢે સાંભળી રહી. થોડી વારે તેણે કહ્યું: " પ્રભુનું ભજન ! શા માટે? પ્રભુએ મને રખડતી રાખી મારે હવે શી પરવા ?" તેની આંખો ચમકી ઉઠી સામે બેઠેલા મારુતિ આ જુસ્સો જોઇ રહ્યા।

" તમારી હીમતને શાબાશ છે, પણ આ બધું નિરર્થક. આપણે અહીંઆં તો બધાને કાશીનુ કરવત મુકાવવાનું છે " કહી અજાણતાં બીચારાથી અદરના ઓરડા તરફ જોવાઇ ગયું. " હા ! એક રસ્તો છે."

" શો ? "

" ધનેશચંદ્રને કહું. તેની સ્ત્રી મરી ગએલી છે. એનામાં પાણી હોય તો પરણે પણ મને લાગતું નથી કે એ એટલી હીંમત કરે. "

" જુઓ " નિરાશાથી મણિએ કહ્યું: " દુનીઆમાં બધું મરદને ફાવતુંજ થાય છે. મને પણ કૈં વળે એવુ લાગતું નથી. નશીબ ! હું પણ ધડાઇ-ધડાઇ બેપરવા થતી જાઉં છું. "

" ના, તે ગભરાશો નહીં ! મારું ચાલશે ત્યાં સુધી તમારી ખોરાકી-પોશાકીની સગવડ કરી આપીશ "

" ભાઇ ! તેની મને પરવા નથી ! તમે મને ઓળખતા નથી. જ્યાં સુધી સંસારના લહાવા લેવાનાં સ્વપ્નાં મને આવે છે; જ્યાં સુધી પરણવાની ધુન લાગી છે ત્યાં સુધી ઠીક છે. નહીં તો મારામાં બધું કરવાની શક્તિ છે. પોષણ ! એ હાથ છે ત્યાં સુધી કકડો રોટલો નહીં મળે ! "

મારુતિ આ ભાષા અને આ જુસ્સો જોઇજ રહ્યો. સ્ત્રીનો તેનો આદર્શ ગોદાવરીની ઢબ ઉપર ઘણે ભાગે રચાયો હતો; એટલે તે મણિની વાત સાંભળી દીંગ થઇ ગયો. તેનું હૃદય કુટુંબવત્સલ હતું; ગમે તેવી પણ પોતાનાં છોકરાંની મા તરફ તે અંતઃકરણથી સ્નેહાળ થવા ઇચ્છતો હતો; છતાં તેના મન આગળ વિચાર આવ્યો કે કોઇ જાદુથી મણિ ને ગોદાવરી અદલબદલ થઇ જાય તો કેવું!

"કંઇ નહીં! તમે નીરાંતે બેસો. હું ડાકટરને મળી આવું." કહી મારુતિ નીકળ્યા. સવારના તેમની અને ડાકટરની વચ્ચે ચકમક ઝરી હતી તેથી તેને મળવા તો તે બીલકુલ ખુશ નહોતા. માત્ર મણિને ખાતર ગયા.

તે ડાકટરને ત્યાં પહોંચ્યા ત્યારે ડાકટર સાહેબ ગભીરલાલને ત્યાંથી તરતનાજ આવ્યા હતા, અને મારુતિને જોઇ ફરીથી ધુંધવાવા લાગ્યા.

"માઇ ડીઅર ડાકટર! માફ કરો." પોતાની હંમેશની રીતથી મારુતિએ કહ્યું. "સવારના જરા હું ગરમ થઇ ગયો હતો."

ડાકટરે ગુસ્સાનું રૂપ પ્રકાશ્યું—તે બરોબર રીતે ન પ્રકાશવાથી ચીરડાએલી સ્ત્રી જેવો કંઇક દેખાવ થઇ રહ્યો. તે મુગામુગા જોઇ રહ્યા. મારુતિએ પોતાનું વાક્ચાતુર્ય ચલાવવા માંડયું; આખરે ડાકટર પલળ્યા

"પણ હું કેમ ભુલું! મારા જેવા ભણેલા પર આક્ષેપ! આવા શબ્દો?"

"પણ ભાઇ મારી માગું—પછી તે કેમ મને ફાંસી દેવો છે? તમારું ચાલે તો તે પણ દો, પણ મારી વાત સાંભળો."

"આવા નિઃસ્વાર્થ સુધારાના કામમાં આટલો દ્વેષ! હું કદી નહીં વીસરું" કહી ખુરશી પર આડા મરડાઇ ડાકટર છત તરફ જોઇ રહ્યા. મારુતિને તેને એક તમાચો મારવાનું મન થયું; પણ મન મહામુશ્કેલીએ રોકી રાખ્યું.

"ભાઇ પણ હવે થયું તે થયું! હવે એ સ્ત્રીનું કરવું છે કેમ?"

"હું શું જાણું? મેં આપણા અધ્યક્ષ રાવસાહેબને બધું કહ્યું છે. તેમની નજરમાં આવશે તેમ કરશે. મારા હાથમાં કંઇ જોખમદારી રહી નથી."

' અરે બધી છે! ગભરાઓ છો શું ? હવે આ સ્ત્રીને સારુ વર કોઇ બતાવશો ?"

" હું શું કરું ? મારા હાથમાં રહેવા દીધી હોત તો વાત ઠીક છે. તમે મારું અપમાન કર્યું. મારુ મારું !" કહી ડાક્ટરે ટેબલ પર હાથ ઠોક્યો.

" પણ ધારો કે હું પાછી આપું. પછી કૈં છે ?"

" હેં ! "

" હા ! હું તેજ વાત કરવા આવ્યો છું."

" ઠીક ! ત્યારે મારે ત્યાં મોકલાવી દો અને જાહેર ક્ષમાપત્ર લખી આપો. છે ખુશી ?"

" ઓહો ! એટલુંજ ને ' ઠીક, ક્ષમાપત્ર જોઇએ તો પાંચ લખી આપું, અને બાઇને પણ મોકલું; પણ એક શરત છે !"

" શી ?"

" એની જોડે પરણો તો !"

જાણે વીજળી પડી હોય તેમ એકદમ ડાક્ટર ઉભા થઇ ગયા. તેમને લાગ્યું કે મારુતિ ગાંડો થઇ ગયો છે.

" શું ?"

" તમે વિધુર છો. બહુ ઝાઝાં સગાંવહાલાં છે નહીં. સુધારક છો અને ' પ્રેક્ટીકલ ' પગલાં લેવાને ઉત્સુક છો." વકીલે બધાં કારણોની હાર કડીતોડ રજુ કરી.

" શું વાત કરો છો ? ' પ્રેક્ટીકલ ' પગલાં ગયાં જહાનમમાં."

" અરે, પણ તમે તો કેળવાએલા છો. આમ અજ્ઞાનની માફક ગભરાઓ છો શું ? જરા ' મોરલ કરેજ ' (નૈતિક હીંમત) રાખો."

" એટલે હું ગધેડો બનું, વિધવા પરણું ને મારું મોઢું કાળું મેશ બનાવું ?"

" પણ સંસારસુધારે—"

" ગયો સુઇ ! મોટામોટા સુધારકોનાં પુંછડાં જાતે પરણતા નથી ને હું પરણું ! એ વાત જવા દો ! સાહેબજી ! તમે અત્યારે મને ચીઢવવા આવ્યા છો. સાહેબજી ! તમારાં ' પ્રેક્ટીકલ ' પગલાં રહ્યાં તમારી પાસે."

"અલ્યા ભાઇ! આ તો તમે કહેતા હતા તે કહું છું. 'પ્રેકટીકલ પગલા'ના હીમાયતી તો તમે હતા વારુ! પણ ત્યારે આ બાઇને તમારી પાસે કેમ કરી મોકલું ? હજુ વિચાર કરી જુઓ."

"મારુતિ! તમે સીધા માણસ છો, તમારી જોડે સીધી વાત કરીશ!" કહી ડાકટરે પોતાનો અવાજ ધીમો પાડયો "એ બાઇ સાથે પરણાય તો નહીં; પણ ભલે આવીને મારા ઘરમાં રહે હું પાળીશ, પોષીશ અને જોઇએ તો મારો બે હજારનો વીમો તેના નામ પર કરી આપીશ."

મારુતિ સમજ્યા; તેમને ગુસ્સો આવ્યો, પણ તે કેમે કરતાં શમાવ્યો

"તે વાત હું નહી જાણું તેને કહીશ."

"તેને શું કહેવું હતુ? મોકલી દો મારે ઘેર એ તો તમે ઘરમાં રાખી તેમાં; નહીં તો કયારનુંએ આ પ્રકરણ પુરું થઇ જાત."

"તે વાત નહીં બને. તે હા કહેશે તો ઠીક છે, નહીં તો મારે ઘેર છો રહી"

"કેમ મારુતિ! તું પણ વંઠયો કે?"

"ખબરદાર!" જરા ડોળા કાઢી મારુતિએ કહ્યુ. "ચાલો સાહેબજી" કહી તેણે રજા લીધી અને ખિન્ન હૃદયે પાછો આવ્યો.

મણિ તેની વાટ જોતી બેઠી હતી. મારુતિએ આવીને બને તેટલી નરમાઇથી વાત કરી. વાત સાંભળતાં મણિનો મીજાજ ગયો. તેની આંખોમાં-થી તણખા ઝર્યા, તેની છાતી ગુસ્સામા ઉછળી રહી.

"બધી દુનીઆ સમજે છે કે નિરાધાર સ્ત્રી તો જાણે હરરાજીમાં મુકાઇ છે! દરેક જણ એની એજ વાત લાવે છે."

"બહેન, શું કરીએ? આપણો સંસાર કઢંગો છે.'

"ઠીક! તો એ સંસારને પણ દેખાડી આપીશ કે હુ શુ કરી શકુ છું." મારુતિ આ રૌદ્ર સ્વરૂપ તરફ માનભેર જોઇ રહ્યો. "તમારે બધાને મન તો હું રસ્તાનું રખડતું રોડું."

"બાઇ! આવુ કૈં પણ કર્યા વિના છુટકો નથી."

"જો છુટકો નહીંજ થાય, જો આખરે સંસારના પાપાચારીઓ મને નહીંજ જંપવા દે તો હું મારી જાતને વેચીશ—પણ તમારા ડાકટર જેવાને

નહીં વેચાઉં. હું વેચાઇશ ને આખી દુનીઆ ખરીદી લઇશ. મારું ચાલે–મારું ચાલે તો મરદમાત્રને ઝબ્બે કરું. તમારે રુચતા નિયમો, તમારે રુચતો સંસાર, તમારે રુચતાં અમારે વેચાવાનું. અને શા માટે? એક ટુકડો ખાઇ તમારી ગુલામગીરી કરવા! ઠીક ભાઇ! હું મારી મેળે ફોડી લઇશ."

"ના! બહેન, આકળાં પડવાની જરુર નથી. જરા થોભો, જુઓ શું થાય છે. નહીં તો જુઓ. અમારા રાવસાહેબને કહી નીશાળમાં મહેતીની નોકરી અપાવુ. તમારાથી નીરાંતે રહેવાશે."

' ઠીક જુઓ" કંટાળો આવવાથી મણિએ કહ્યું: "જે થાય તે ખરું; બને તેટલી મહેનત કરો પણ મને નથી લાગતું કે કંઈ વળે."

"કેમ?"

"મારા નશીબમાં નથી તેમાં. બીજું શું કહું?"

એટલામાં એક પટાવાળો ઉપર આવ્યો.

"કેમ? કોણ રાવસાહેબનો માણસ છે?"

"હાજી! રાવસાહેબે ચીઠ્ઠી મોકલી છે."

"લાવ" મારુતિએ ચીઠ્ઠી લીધી, ફોડી, વાચી અને તેનું મોઢું ઉતરી ગયું.

"બાઇ! આ ડાકટર જંપવા દે એમ નથી."

"કેમ?" અતિશય દુઃખથી નીપજેલી બેદરકારીથી મણિએ પુછ્યું.

"આવતી કાલે સાંજના સમાજઉદ્ધારિણી સભાના કાર્યવાહક મંડળની સભા બોલાવી છે. રાવસાહેબને ત્યાં તમને લઇ મને બોલાવ્યો છે."

"શું કરવા?"

"મારો જવાબ લેવા. એ પેલા ડાકટર ને તરફડદાસનાં કારસ્તાન!"

"તમને પીડા પડશે?"

"એમાં મને શું કરવાના હતા? એ તો બધાને હું પુરો પડીશ. ગભરાશો નહીં."

પ્રકરણ ૧૮ મું

ગંભીરલાલને ઘેર

રાવસાહેબ ગંભીરલાલના સુંદર દીવાનખાનામાં એક આરામખુરશી પર તેઓ પોતે પડયા હતા. તેમના સ્વરૂપવાન મુખ પર ઉત્સુકતા પ્રસરી રહી હતી. છેલ્લા બે દિવસની વાતથી તેમને જરા મઝાહ પડી હતી. એક સુંદર, નિરાધાર સ્ત્રી આવે; તે આમ ભટકે; અને ન્યાય કરવા પોતે આમ બેસે એ તેમને ઘણું સંતોષકારક લાગતુ તેમણે કેળવણી ઘણા પ્રકારની લીધી હતી એટલે તેઓ રસજ્ઞ અને સૌંદર્યભક્ત હતા; તેમાં જુદા જુદા પ્રકારના શરીરસૌંદર્ય પર ખાસ ધ્યાન આપવાની તેમને ટેવ હતી, એટલે આ સ્ત્રી કઇ પંક્તિની હશે, ડાક્ટર ધનેશચંદ્રે કરેલી પ્રશંસા કેટલે અંશે સત્ય હશે એ વિચારમાં તે રોકાયા હતા.

એટલામાં નોકરે થોડો નાસ્તો લાવી આપ્યો તે તેમણે ખાધો, પાન ખાધું અને સાડાસાત વાગવાની વાટ જોતા તે બેઠા.

"માધુ!"

"જી."

"જો મદનલાલ મારુતિ કોઇ સ્ત્રીને લઇ આવે તો તેને અંદરને રસ્તે આ અંદરના ખંડમાં બેસાડજે."

"જી." કહી નોકર ગયો.

સવાસાત વાગ્યા કે તેઓએ ઉઠી આરસા સામે જોયું. પોતાના કદાવર, સ્વરૂપવાન શરીરનું તેમને ઘણુંજ અભિમાન હતું.

તરત તરફડદાસ અને ધનેશચંદ્ર આવ્યા. તેઓએ ખરું કારણ છુપાવી. મારુતિ ધનેશચદ્રની ખુશામત કરવા આવ્યો હતો એવુ રૂપ આપી તેની મશ્કરી કરી. થોડી વારે અંગ્રેજી નીશાળના હેડમાસ્તર અને અવલકારકુન આવી પહોંચ્યા. સાડાસાતે દારુના ઇજારદાર, અને મરકો લગાડવામા એક્કા, ગામના આગેવાન પારસી મી. નસરવાનજી આવ્યા. રખેને લોકો સમાજઉદ્ધારિણી સભા માત્ર હીંદુનીજ છે એમ કહી નાંખે એવા ડરથી, અને ચાલકો ઘણા વિશાલ હૃદયના છે એ પુરવાર કરવાના સ્તુત્ય હેતુથી મી. નસરવાનજીને કાર્યવાહક મંડળમાં સ્થાન આપવામા આવ્યુ હતુ. અને ફળના કડીઆ કે કૈં પણ ઉપહારની મદદ વિના રાવસાહેબને ત્યા અવાર-નવાર જવાનુ થાય તે માટે તે ઉત્સાહી ગૃહસ્થે એ સ્થાન ઘણીજ હોંસથી સ્વીકાર્યું હતું. થોડી વારે હેઠળથી મારુતિનો સદાનો હસતો ઘાંટો સંભળાયો.

"કેમ રાવસાહેબ! આવુ કે?" સરકારે 'રાવસાહેબ' નો ખેતાબ અંગત કરી નાંખ્યો છે છતાં ગુજરાતી મગજ મામલતદારને રાવસાહેબજ માની બેઠુ છે તેની સાક્ષી પુરતાં મારુતિએ કહ્યું.

રાવસાહેબના તીવ્ર કાને હેઠળથી અંદર જતુ કોઇ ન ભળાયુ 'હરકત નહીં,' તેમણે વિચાર્યું. "આવો મી. મારુતિ." તેમણે ગભીરતાથી જવાબ વાળ્યો.

મારુતિ હંમેશની માફક હસતા, બધાને સલામ કરતા કોટનાં બટન ઉઘાડાં રાખી આવ્યા અને રાવસાહેબ પાસે બેઠા.

"બોલો ભાઇ! કેમ આજે એકદમ કાર્યવાહક મંડળ બોલાવવાનુ કારણ? મારા મનમાં કે વારંટ બારટ કાઢવુ છે કે શુ?"

"સીધે રસ્તે લોકો નહીં માને તો તે પણ કરવું પડે." મી. તરફડદાસે મમરો મુકયો. રાવસાહેબે તેના તરફ જરા ગૌરવથી જોયું એટલે તે ચુપ થઇ ગયા. પછી ગંભીરલાલે ચલાવ્યું: "મી. મારુતિ! તમારે માટે અમને બધાને ઉંચો મત છે; તમારા પર કોઇ પણ જાતનો આક્ષેપ અમે

કરવા માંગતા નથી; પણ તમે લીધેલાં કેટલાંક પગલાં માટે કાર્યવાહક મંડળને તમારો જવાબ જોઇએ છે—"

"હું જવાબ આપવા તૈઆર છું." મારુતિ વચ્ચે બોલ્યો.

તેને વચ્ચે બોલતો અટકાવવા ગંભીરલાલે હાથ ઉંચો કર્યો.

"કાર્યવાહક મંડળને તમારો જવાબ જોઇએ છે." ગંભીરલાલે વાક્ય ફરીથી બોલતાં કહ્યુ ને ગંભીરતાથી એક ન્યાયાધીશને શોભે તેવી શાંતિ અને સત્તાથી બોલતા હતા. "એક સહમંત્રીના કબજામાંથી, જોરજુલમ કરી, એક સ્ત્રી સમાજઉદ્ધારિણી સભાનો આશ્રય લેવા આવી હતી તેને, તમે તમારે ઘેર લઇ ગયા; અને તેને કેવા પ્રકારે રાખવા માગો છો તેનો જવાબ આપતા નથી."

"ખોટી વાત!" મારુતિએ બરાડો પાડ્યો. જે ગૃહસ્થો આ વાત નહોતા જાણતા તેમને રસ પડવા માડ્યો. તેમણે એકચિત્તે સાંભળવા માડ્યું.

"ખામોશ રાખો! અમે એમાં ઉંડા ઉતરવા નથી માગતા!"

"જેવી મરજી!" કહી મારુતિએ તબીઅત વાળી.

"માત્ર એ સ્ત્રીને આ કમીટીને સ્વાધીન કરો."

"તે છેક સહેલ વાત નથી. એ સ્ત્રી પહેલાં મારી ઓફીસમાં આવી."

"તમારી ઓફીસ તેજ સભાની ઓફીસ."

"વારુ! એક યુવાન સુંદર સ્ત્રી ડાકટર ધનેશચંદ્ર જેવા વાઢાના ઘરમાં–"

"સાહેબ! હું એક ઓર્ડર (નિયમ)નો પોઇંટ (મુદ્દો) ઉઠાવું છું. આ મારી બદનક્ષી!" કહી ડાકટર ધનેશચંદ્ર હાસ્યજનક રીતે ગંભીરલાલને સંબોધતા લાંબો હાથ કરી ઉભા થઇ ગયા.

"બૈરી વગરનો હોય તે વાઢો. તેમાં બદનક્ષી શી?" મારુતિએ પુછ્યું. "બૈરી હોય તો બતલાવો."

"ઓર્ડર ઓર્ડર" ના એકએ પોકારો ધીમેથી આવ્યા.

"તમે તમારી વાત આગળ ચલાવો. એ પુરું કરે ત્યાં સુધી કોઇ વચ્ચે બોલશો નહીં."

"પણ સાહેબ, એ ન સહેવાય એવું બોલે છે." ડાકટરે ફરીથી ભુસ્કો માર્યો.

• "તો ઉઠીને બહાર જાઓ!" મારુતિએ શાંતિથી કહ્યું. એ આવી જાતના તોફાન સામે પડવાને કુશળ હતા.

"ચાલો! તમે આગળ ચલાવો."

"હાજી! એવી સ્ત્રીને એક કુટુંબીને ઘેર લઇ જવાથી સારું દેખાય માટે મારે ત્યાં લઇ ગયો. તેમાં મારો શુ વાંક?"

"પછી?"

"પછી શુ? સાહેબ, મારો જવાબ! તેના કરતાં પુછોની આ મારા મિત્રને! સાહેબ! આ જાહેરખબર અપાઇ તે એમની પ્રેરણાથી. એમને 'પ્રેકટીકલ' પગલાં લેવાં હતાં માટે. મે જાણ્યુ એમ જે પોતાને માટે કૈં એમને વિચાર હશે. આ સ્ત્રીના આવ્યા પછી હું એમને ઘેર ગયો. હાથે પગે લાગ્યો. મેં કહ્યુ કે જીવનમા ભાવના સિદ્ધ કરવાનો પ્રસંગ આવ્યો છે; સંસારસુધારાનો વિજય વાવટો 'પ્રેકટીકલ' પગલાંથી ફરકાવવાનો અવસર આવ્યો છે મેં કહ્યુ કે તમે પરણો સ્ત્રી સુંદર છે, કુળવતી છે, ભણેલી છે. સાહેબ! આ મારા અગ્રગણ્ય સુધારક, 'પ્રેકટીકલ' પગલાંના હીમાયતી, નવા જમાનાના માર્ટીન લ્યુથરે ચોખ્ખી ધસીને ના પાડી. આ જાણે સમાજઉદ્ધારિણી સભા માટે તેમને કેટલી દરકાર છે તે વીશે કહ્યું. એટલે પત્યું હોત નો ઠીક, વધારેનું કહું! ડાકટર! છે રજા? પછી કહેશો કે બદનક્ષી કરી." મારુતિના સપાટા આગળ ધનેશચંદ્ર જાણે ટાઢે ધ્રુજતા હોય તેમ પાછળ ખસી બેસી રહ્યા. શું જવાબ દેવો તે તેને સુઝ્યું નહીં. તેના હોઠ ધોળા પડી ગયા હતા.

"મારી રજા?" તેણે વગર ભાને પુછ્યું.

બધાની જિજ્ઞાસા ઘણી વધી. નસરવાનજી શેઠે તો તપકીરના ચપટે ચપટા સુધી રસથી વાત સાંભળી હતી. તે બોલ્યા:

"વકીલ સાહેબ! જી! કહેવા માઇરું છે ટે પુરુંજ કરો."

"હા! કાર્યવાહક કમીટી તમારી વચ્ચે જે કૈં થયું હોય તે જાણવા માંગે છે."

"પણ આ તો કૈં ખાનગી વાત લાગે છે." મી. તરફડદાસ મિત્રની વ્હારે ધાયા.

"પણ તે સમાજઉદ્ધારિણી સભા સંબંધીજ છે માટે અમારો જાણવાં નો અધિકાર છે," અવલકારકુને રાવસાહેબની મુખમુદ્રા પરથી તેમના મગજના વિચાર કલ્પતાં બોલવાની હીંમત કરી.

"બરોબર છે." ગંભીરલાલે નિર્ણય આપ્યો.

"ત્યારે સાહેબો! હું કહું છું તે સાંભળો. મેં પરણવાની સુચના કરી ત્યારે આપણા ડાકટરે એવી યોજના મારી આગળ રજુ કરી કે તે યાદ આવતાં મને કંપારી છુટે છે."

"ત્યારે નહીં કહો." તરફડદાસે કહ્યું.

"સાહેબ! તેમને જે સ્ત્રીને પરણતાં વાંધો હતો તે સ્ત્રીને–તમે સમજો છો ને? તે માણસ આજે આમ સતા થવા નીકળ્યા છે."

"ખોટી વાત!" ડાકટર આખરે બોલી શક્યા. "તદ્દન ખોટી વાત! સાહેબ! તમે બધા સાક્ષી છો, હું એને પુરો પડીશ. મારું અપમાન! મારી બદનક્ષી! સાહેબ! તમે ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ છો. મારી ફરીઆદ નોંધો. આપ સાહેબના દેખતા મારું આવું અપમાન!"

"તમે શાંત થાઓ! ડાકટર આપણે બધું કરીશું." તરફડદાસે આશ્વાસન આપ્યું.

"જે કરવુ હોય તે કરો."

"જુઓ ગૃહસ્થો!" જરા કોલાહલ શાંત થયો એટલે ગંભીરલાલનો ગભીર અવાજ આવ્યો. "આવી પંચાતોમાં પડવું એ આપણને છાજે નહીં. એમનું ખાનગી વેર એ ગમે તેમ વાળે. નહીં નસરવાનજી શેઠ?"

"નહીં સાહેબ!" હેડમાસ્તરે ધીમેથી પહેલીજ વાર મોઢું ઉઘાડ્યું. "વાત ઘણી જરુરની છે. જો આ વાત સત્ય હોય તો મારે સમાલવું જોઇએ. અનીતિ એ રોગના જેવી ચેપી છે; અને મારે આખા ગામના ઉછરતા યુવકો ઉપર છાપ પાડવાની છે."

"માસ્તરસાહેબ! રાવસાહેબ ઠીક કહે છે." મારુતિએ આ બધી મજાહ જોતાં કર્યું "આપને ડાકટરનો ચેપ નહીં લાગે. નિશ્ચિંત રહેજો પણ એ ભાંજગડ કરવા જતાં પેલી બાઇનું શું? તે બીચારી નિરાધાર માટે તો કૈં વિચાર કરીએ. પછી રાત મોડી થઇ જશે."

"બોલો ત્યારે તમે તેને આપી દેવા ખુશી છો?" ગંભીરલાલે પુછ્યુ તેમને સ્ત્રી જોવાની ઉત્કંઠા વધારે ને વધારે થતી હતી

"હા! જો કે તેને માટે સારી વ્યવસ્થા કરી શકો તો."

"શી?"

"સાહેબ! મારા પરના આ આક્ષેપનો ફેંસલો કે કરવો જોઇએ." ડાકટર અને તરફડદાસ કૈં ખાનગી મસલત કરતા હતા તે પુરી થઇ એટલે ડાકટરે જણાવ્યું. "મેં એવુ કદી કહ્યુ જ નહોતુ. મારા જેવા સદ્‌ગૃહસ્થ પર આવો આક્ષેપ!"

"આખો ડાગ ટેનુ ટે" નમરવાનજી શેઠે તપકીરનો ચપટો અડધી મીનીટ સુધી નાકમાં જવા દેતાં કહ્યું; "જરા આય બીજી વાટ હાયચ ટેમાં ટો કૈં ભેજું ઘાલો."

"ત્યારે તમે શું કહ્યું હતુ?" હેડમાસ્તરે પુછ્યું.

"મેં તો માત્ર મારા ઘરમા રસોઇએણ થઇ રહેવાનુ સુચવ્યું હતુ"

"ગૃહસ્થો! મારો એવો અભિપ્રાય છે કે આ વાત અહીંઆંથીજ પડતી મુકવી. હશે કોઇ ઉતાવળમાં બોલ્યું હશે, કોઇ ઉંધુ સમજ્યું હશે લોહી ઉકળે ત્યારે કે કૈં થાય. તમે બને મિત્રો છો. આપણી સભાના સ્તંભરૂપ છો. તમારો વિરોધ ભુલી જાઓ—સલાહ કરો. એમાં આપણી સભાનુ પણ ગૌરવ સચવાશે. આ કલહ કોરટે ચઢશે તો આપણો, સભાનો અને સંસારસુધારાનો કેવો ફજેતો થશે?"

"બરોબર છે" અવલકારકુને ટેકો આપ્યો

"મને પણ કે વાંધો નથી." મારુતિએ કહ્યુ

"મારુતિએ માફી માંગવી જોઇએ." તરફડદાસે કહ્યું.

"મેં જે કહ્યું તે મારી સમજ પ્રમાણે સત્ય છે. હું માફી નહીં માગુ." મારુતિએ કહ્યું.

"મી. મારુતિ! તમારા જેવા સમજુએ જરા વિચાર કરવો જોઇએ" ગંભીરલાલે કહ્યું.

"રાવસાહેબ કહે છે છતાં ટમોળી સું!" મી નસરવાનજીએ કહ્યું

"તમારે શબ્દો તો પાછા ખેંચવાજ પડશે" ગંભીરલાલે કહ્યુ.

"ઠીક! મારી સમજ પ્રમાણે મારી વાત સાચી છે તે સમજ ખોટી હોય તો મારું કહેવું પાછું ખેંચુ છું. થયું?"

"ચાલો"

"સાહેબ! હજુ ત્યાનો ત્યાં વળગ્યો છે."

"શુ ક્યારની પંચાત કરો છો? આવી નજીવી બાબત પાછળ મારો કીંમતી વખત ગુમાવો છો?" ગંભીરલાલે ગુસ્સામાં કહ્યું; "આ કલાક થયો તે શું ઘાસ કાપીએ છીએ? એવુ હોય તો જાઓ તમે બોલી લો! મારું રાજીનામુ આપું છું. છટ નોન્સેન્સ જાણે નાનાં છોકરાંની રમત. મી. મગનલાલ, પેલી કલમ ને ખડીઓ આપો, હું રાજીનામુ લખી આપું." કહી રોફમાં ને રોફમાં રાવસાહેબ ઉઠી ગયા. નાનાં છોકરાંને બાપા વઢયા હોય તેમ ચુપ થઇ બધા બેસી રહ્યા, અને જોયા કર્યું. ગંભીરલાલ જઇ એક સોફા પર બેઠા અને પાછળ નસરવાનજી શેઠ હાથમાં પંખો લઇ પાસે ગયા અને ધીમેધીમે પવન નાંખવા માંડયો.

આ ઠપકાથી, આ ગુસ્સાથી કાર્યવાહક મંડળ સ્તબ્ધ થઇ ગયું. કોઇક સીકદરનું જાણે વજ્રશાસન નીકળ્યુ હોય અને હાર ખાધેલું સૈન્ય જેમ ધ્રુજે, તેમ આ સભા કંપવા લાગી. રાવસાહેબ–તેમાં આવા પાવરધા સાહેબનો આવો કોપ! ત્યાં બેઠેલા બધાને મન દુનીઆ ડોલવા લાગી. પ્રલય મારુત વાવા લાગ્યો, પ્રલય સમુદ્ર આગળ વધવા લાગ્યો.

આખરે તરફડદાસે અવલકારકુનને કહ્યું. તેણે હેડમાસ્તરને કહ્યુ. હેડમાસ્તર જઇ મી. નસરવાનજી પાસે બેઠા. નસરવાનજીએ રાવસાહેબને જોરથી પવન નાંખ્યો. પવન નાંખતાં રીઝવ્યા. રીઝવતાં તે મનાયા. મનાઇને તરત ઉઠી પાછા આવ્યા. તેમનો કોપ અદૃષ્ટ થઇ ગયો, પણ સખ્તાઇથી તેમણે અધ્યક્ષપણું પાછું લીધું.

"સાહેબ ! મારી વીનંતી એવી છે કે આ બાઇને જો આપ કોઇ મ્યુનીસીપલ નીશાળમાં મહેતી તરીકે રખાવો તો તે હાલ ઠેકાણે પડે. નહીં તો એને રાખશો ક્યાં ?"

"કેમ, એનાં સગાંવહાલાં નથી ?"

"ના, એ તો કોઇ દુઃખની મારી બીચારી એકલી ભટકે છે."

"હું !" ગંભીરલાલના સફેત સપાટ કપાળ પર કરચલી પડી.

"કઇ ન્યાતની છે ?"

"બ્રાહ્મણ છે. કઇ ન્યાતની છે તે ખબર નથી."

ગંભીરલાલની ભવ્યતાનો અણુદીઠો ભંગ થયો.

"કયા ગામની છે ?" તેમના સ્પષ્ટ ઘાંટામાં જરાક ધ્રાસ્ની જેવું જણાતું હતુ. તેમણે તરત દૃઢતાથી ડોકું ઉચું કરી પોતાનું હમેશનું ગૌરવ ધારવા પ્રયત્ન કર્યો.

"તે ખબર નથી."

"ઠીક."

"ટારે સાહેબ ટેને અહીંઆં બોલવોની કે બદુંજ ચોખ્ખું ચપાટ ઠઇ જાય." નસરવાનજી બોલ્યા.

"તમને શું ખબર મી. નસરવાનજી ! અમારાં સુશીલ બૈરાંઓને મરદ આગળ આવતાં કેટલું થાય ?" ગંભીરલાલે સખ્તાઇથી કહ્યું.

ગંભીરલાલ પહેલાં સ્ત્રીને બહાર બોલાવવા જેવા આતુર હતા તેવાજ અત્યારે આતુરતા વગરના થઇ રહ્યા. બધાને આ ફેરફાર કૈં વિચિત્ર લાગ્યો. પણ તરફડદાસ સીવાય કોઇએ ખાસ ધ્યાન આપ્યું નહીં. માત્ર મારુતિ ખુશ થયો.

"ત્યારે એક કામ કરો." અવલકારકુને ગંભીરલાલનો અભિપ્રાય કલ્પી ઉમેર્યું. "આપ, મારુતિ અને આ હેડમાસ્તર સાહેબ અંદર જાઓ અને તેની શી મરજી છે તે પુછી આવો."

"બરાબર" નસરવાનજીએ ટેકો આપ્યો.

" નહીં ! મી. મગનલાલ, તમે અને હેડમાસ્તર સાહેબ બે જણ જાઓ. અને તેનો શો ઇરાદો છે તે પુછો. માધુ !"

" જી !" નોકર દોડતો ઉપર આવ્યો.

" મી મગનલાલને ને માસ્તરને પેલી બાઇ પાસે લઇ જા "

" જી " કહી તે ચક ઉપાડી અંદર ગયો અને પાછળ મગનલાલ અને માસ્તર પેઠા.

ક્યાં સુધી અંદર કૈં સંભળાયું નહીં. પછી અંદર છાનાંમાનાં વાતચીત થતી સંભળાઇ. બધા કૈં આમથી તેમ ને તેમથી આમ જતા સંભળાયા; કૈં વિચિત્ર રીતે બધું ચાલતુ હોય એમ જણાયું. થોડી વારે અવલકારકુન બહાર આવ્યો. તેના હોસકોસ ઉડી ગયા હતા, તેની ગભરાએલી આંખો ગંભીરલાલનું મુખ શોધતી હતી.

' સાહેબ ! અંદર તો કોઇ નથી."

" હેં !" બધા એકે અવાજે બોલી ઉઠ્યા. ગંભીરલાલે હોઠ દબાવી સ્વાસ્થ્ય આણ્યું અને જાણે નીરાંત થઇ હોય એવો નીસાસો મુક્યો.

" હા ! માધુ કહે છે કે એ જાતે બાઇને અંદર બેસાડી ગયો; પણ અદર કે આખા ઘરમાં કોઇ નથી. બાઇ પસાર થઇ ગઇ." હેડ માસ્તરે બહાર નીકળી બધી વાત કહી. ગંભીરલાલ જરા પહેલાં હતા તેવા સ્વસ્થ થવા લાગ્યા.

" શું કહો છો ? માધુ ! ચોર ! બોલ એ કયે રસ્તેથી ગઇ ?"

માધુ ધ્રુજતો આવીને ઉભો રહ્યો.

" ના સરકાર, હું હેઠળ હતો. કોઇ ગયું નથી. પાછલી બારીએથી કુદીને ગઇ હોય તો."

" અરે એમ શુ જાય ?" મારુતિએ કહ્યું. તેણે મણિને એટલી વિશ્વાસપાત્ર ગણી હતી કે આ વાત તેના માનવામાં નહીં આવી.

" મી. મારુતિ ! મહેરબાની કરી માધુ જોડે તમે ફરીથી આ આખુ ઘર તપાસો."

"હા! હું પણ આવું" કહી તરફડદાસ ઉઠવા ગયા.

"તમે અહીંઆંજ બેસો" સત્તાથી રાવસાહેબે કહ્યું, એટલે માર્તંડ-પ્રકાશ'ના તંત્રી મહાશય ખુરશીમાંથી અડધા ઉઠી પાછા બેસી ગયા.

મારુતિ અને માધુ અંદર ગયા.

"ગૃહસ્થો! આજે આ આપણી વિચિત્ર મીટીંગ પુરી થઇ. હવે પછી મળીશું. એ સ્ત્રી મળે નહી ત્યાં સુધી વધારે પંચાત કરવી કામની નથી."

"બરોબર છે. ચાલો ટારે સાહેબજી મહરબાનો" કહી નસરવાનજી ઉઠયા.

"મી. તરફડદાસ! આજની મીટીંગ વીશે એક અક્ષર પણ 'માર્તંડ-પ્રકાશ'મા નહીં આવે."

"સાહેબ જરા—"

"જરાએ નહીં" ગંભીરલાલે હુકમ કર્યો. બધા રજા લઇ રવાના થયા મારુતિ પણ નિષ્ફળ મહેનત કરી પાછા ફર્યા

"મને ઘણું આશ્ચર્ય લાગે છે. એ બાઇ આમ નાસી જાય એવી લાગતી નહોતી"

"મી. મારુતિ! હજી તમે દુનીઆના પાખંડો પુરેપુરા નથી જોયા. કૈં કૈં માણસો હોય છે. ઠીક ત્યારે સીધાવો."

"હાજી! પણ આપ, ફોજદારને કહી એની તપાસ કરાવો તો ઠીક."

"હા! બરોબર છે. તમે જતા આ પાસેની ચોકીના જમાદારને મોકલો હું કહાવી દઉં."

"ચાલો ત્યારે સાહેબજી!"

મારુતિ ગયા એટલે ગંભીરલાલ કયાં સુધી ભોંય પર આંખ ટેકવી બેસી રહ્યા. તેમનું મન જાણે ભૂતકાલમાં ભ્રમણ કરતું હોય તેમ લાગ્યું. તેમનું વદન નિસ્તેજ હતું. તેમની આંખોની પ્રભા પર વાદળ છવાયું હતું. તે વિચાર કરતા હતા, ચિંતા કરતા હતા કે પશ્ચાત્તાપ? થોડી વારે માધુ આવીને ઉભો રહ્યો. તે પોતાના સ્વબળ, સ્વસ્થ શેઠને આવા જોઇ વિસ્મય થયો; તેણે ધ્યાન

ખેંચવા જરાક ખાંસી ખાધી. ગંભીરલાલ વિચારમાં જાગ્રત થયા નહીં. આમ દસ મીનીટ થઇ માધુએ જોરથી બારી બંધ કરી. રાવસાહેબ જાગ્યા ને ઉચું જોયું.

"કેમ ?"

"સરકાર ! હેડ્ડ જમાદાર આવ્યા છે."

"કયો જમાદાર ?"

"આપે બોલાવ્યો હતો. મારુતિ સાહેબને કહ્યુ હતુ."

"હા બોલાવ." જમાદાર ઉપર આવ્યો.

રામસિંહ, આજે એક કોઇ ભટકતી બાઇ અહીંઆ આવી હતી; અને મારી બારીએથી ભુસ્કો મારી ચાલી ગઇ. જરા તેના પર ધ્યાન રાખજે; અને જો જણાય તો પકડવાની જરૂર નથી ગામ બહાર છાનીમાની નીકળી જાય એમ કરજે. સમજ્યો ?"

"હા, સરકાર !"

"જોજે ચોક્કસ !" કહી ગભીરલાલે ડોળા કાઢયા, અને પછી એકદમ બનાવટી રીતે હસતાં કહ્યું: "રામસિંહ, તુ કેટલામા વર્ગમાં છે ?"

"સરકાર ! સત્તર રૂપીઆના. સાહેબ મારે પાંચ તો છોકરાં છે. આપ સુપ્રીન્ટેન્ડટ સાહેબને બે અક્ષર–"

"ઠીક ઠીક ! મારી નોંધમા તારુ નામ નોંધી લઉ" કહી તેમણે નામ નોંધ્યુ. "મેં આ વાત કહી તે ખાનગી રાખજે"

"તેમાં કહેવું નહીં પડે સરકાર." કહી સલામ કરી જમાદાર રવાના થયો.

"સરકાર ! ભટ કહે છે કે વખત થયો છે !" માધુએ જણાવ્યું.

"કહે કે મને રુચિ નથી. તે ખાઇ લે પછી બારણું બંધ કરી દો. મને ઉંઘ આવે છે."

માધુ ચકિત થયો પણ મુંગે મોઢે ચાલ્યો ગયો. ગંભીરલાલ પાછા વિચારમાં ગરકાવ થઇને બેઠા.

પ્રકરણ ૧૯ મુ

ગંભીરલાલની અણધારેલી પીડા

ગંભીરલાલ નીચું માથું કરી બેસી રહ્યા. તેમના મનમા કૈં અજબ જેવી ખિન્નતા આવી હતી. તેમના જીવનમાં કોઇ પણ બીજો સંગ એવો નહોતો આવ્યો કે તેમને આવી રીતે ધ્રાસ્કો પડ્યો હોય. આજે અચાનક હૃદય બેસી ગયું અત્યાર સુધી જે માણસે કદી કે પણ કરતાં પાછું ફરીને જોયુ નહોતુ—જે હમેશાં રોફથી, ગૌરવથીજ દુનીઆ સામે જોઇ રહેતો, તે અત્યારે ન સમજાય એવી ગમગીનીમાં ગરકાવ થયો—અણસમજી ધાકથી ધ્રુજતો બેઠો. શાની ધાક, કોની ધાક તે તેને સમજાયું નહીં

તેમની આંખ આગળ એક બાળા આવી ઉભી રહી—તેના કોમળ અંગોનો જાણે તે સ્પર્શ કરી રહ્યા હોય એમ લાગ્યું. અત્યાર સુધી કોઇ દિવસ તેનો વિચાર નહોતો કર્યો—અત્યારે જાણે તે ભવાનીની પ્રચંડ મૂર્તિ હોય તેવી લાગી. રાવસાહેબ તેને યાદ લાવતાં કંપવા લાગ્યા; જાણે હાથમાં શીત આવ્યું હોય તેમ તેમાં ગરમી પેદા કરવા, તેને એકબીજા સાથે ઘસવા લાગ્યા ધીમેધીમે તેમની ધાસ્તી વધી. જાણે હમણાં કોઇનુ ભૂત આવશે કે શુ—હમણાં કોઇ ખાઇ જશે કે શુ—કોઇ મારી પાડશે કે શું, એમ તેમને લાગ્યું. તેમનાથી આસપાસ પણ જોવાયું નહીં. તેમનું માથું નીચું ને છાતી પર પડયું. આંખ પણ તે ઉઘાડી શકયા નહીં

તેમના મગજમાં એક મુખ રમી રહ્યું; દુઃખપૂર્ણ, અશ્રુભીની આંખો તેમની સામે ખુન્નસથી જોઇ રહી. ગંભીરલાલના અભીમાની મને આવા વિચારો દૂર કરવા પ્રયત્ન કર્યા. આ વાત ખોટી છે, આવા વિચારો ઠાલા

છે એમ વિચારવા તેમણે પ્રયત્ન કર્યો. પ્રયત્નો નિષ્ફલ થયા; અને તે વધારે ને વધારે ડરતા ગયા.

તે ઉંઘતા હતા કે જાગતા હતા તેનું પણ તેમને ભાન રહ્યું નહીં. તે મહા મુશ્કેલીએ ઉભા થયા–તેમના પગ કંપતા હતા. તેમણે આસપાસ જોવા પ્રયત્ન કર્યો તેમની નજર અંદરના બારણા તરફ પડી–ત્યાં કોઈને ઉભેલું જોયું; કોઇ સ્ત્રી જેવું દેખાયું; જાણે સ્વપ્નું વધારે સ્પષ્ટ થતુ હોય તેમ લાગ્યું, જાણે સ્ત્રીનુ મુખ ઓળખ્યું. ગભરાતા, બહેબાકળા બનેલા ગંભીરલાલ ગાંડા જેવા જેવા થઇ ગયા. એ કોઇ દેખાતું હતુ તેને બાળવા હાથ ઉંચા કર્યા "ઓ–ઓ–ઓ–" કરી ને બેસી ગયા.

"આટલા ગભરાઓ છો શું ?' જરા મજાકમાં, જરા સખ્તાઇથી બોલતો સ્વર આવ્યો. ગંભીરલાલના હૃદયમાં પ્રતિશબ્દ થયો–તેમણે સ્વર ઓળખ્યો. તે ટટાર થઇ ગયા–સ્વપ્નું દૂર જાય માટે તેમણે આંખો ચોળી.

તેમણે પાછું બારણા સામે જોયું–સામે મણિ ઉભી હતી. ગંભીરલાલ ધ્રુજતા ખુરશીમાં પાછા પડયા. "કોણ મૃદુલા ?"

મણિ હસી. ગંભીરલાલને કમકમાં આવ્યાં.

"મૃદુલા ! મૃદુલા ! તુ–તું અહીંઆં કયાંથી ?"

"કેમ, તમારું ઘર તે મારું નહીં ?" શાંતિથી મણિએ જવાબ આપ્યો.

ખરેખરા જીવંત મનુષ્યની હાજરી જાણી ગંભીરલાલને હીંમત આવી. તેમણે વીખરાઇ ગએલી બુદ્ધિ સમેટવા માંડી.

"તું કયાંથી આવી ? મેં સાંભળ્યું કે તેં તો આત્મઘાત કર્યો."

"તમે તો સાભળોસ્તો. પણ મારા વગર તમને કેમ ગમે ? મને શી ખબર કે તમે વિધવાવિવાહના હીમાયતી હજુ રહ્યા છો."

"કેમ ?"

"ભુલી ગયા ? હમણાં તો મારો ન્યાય કરવા બેઠા હતા."

"તું ! હા હું ભુલી ગયો. મૃદુલા ! તું કયાં ભરાઇ ગઇ હતી ?"

"મને શી ખબર કે આપેજ જાહેરખબર આપી હતી?" જરાક મશ્કરીમાં બોલતાં મૃદુલા–મણિએ કહ્યું, "હું શું જાણું કે તમારે ત્યાંજ મારે આવવાનુ થશે? હુ આવી ને મેં તમને જોયા એટલે બધો વિચાર છોડી તમારા કબાટમાં ભરાઇ બેઠી. તમારી સભા દેખતાં હું તમને મળું તે તમને કેં ગમે?"

ગંભીરલાલ સજ્જડ ગભરાયા હતા, છતાં કોઇ પણ પ્રકારે સ્વાસ્થ્ય મેળવી, આ પ્રસંગ કેવી રીતે ફળવવો તેનો વિચાર કરવા લાગ્યા હતા.

"તુ ધીમે બોલ! હેઠળ મારા સીપાઇઓ જાણશે."

"તેમાં શુ થઇ ગયું? કાલે સવારે તો જાણશેજ કેની?"

"કેમ?"

"હું હવે અહીંઆજ રહેવાની છું."

"ના ના, એ કેમ બને? લોકો તો તને મરેલી ધારે છે."

"લોકો ગમે તે ધારે. જાહેરખબર તમારે માટે આપી હતી ને?"

"ના, કોણે કહ્યું?" આ વાત કોઇ સાંભળે તો શુ અસર થાય તેનો વિચાર કરતા ગંભીરલાલે પુછ્યું આ સ્ત્રીને હવે કેમ કાઢવી તેનો ઇલાજ શોધતા તે બેઠા હતા "તે કૈં થાય? પણ તુ અહીંઆ ક્યાંથી તે તો કહે?"

"એમાં શુ કહેવુ હતુ? મારો છેલ્લો તાર મળ્યો હતો? મારો કાગળ મળ્યા હતો?"

"ના!"

મણિએ તિરસ્કારથી, ગુસ્સામાં ગંભારલાલ સામે જોયુ.

"જુઠું નહીં બોલો. બંને પહોંચ્યા હશે–નહીં તો જાય કયાં? એમ કહો કે તમને મારું મોઢું નહોતુ ગમતુ. જ્યાં ત્યાંથી હું વળગી હતી તેને દૂર કરવી હતી. મેં નદીકુવો કરવાની ધમકી આપી તેથી તમને નીરાંત થઇ. તમારા મનમાં કે ટાઢે પાણીએ ખસ જશે. કેમ?" મણિની આંખમાંથી જવાળાઓ નીકળવા માંડી. "મને શું ખબર કે રાવસાહેબ ગંભીરલાલ તો અહીંઆં વિધવાવિવાહના વડા બાપ થઇ પડયા હશે?"

"મૃદુલા! તુ આમ ગુસ્સો શા માટે કરે છે? તારો તાર મળ્યો, ત્યારે તે ગામથી નીકળવાનો તાકીદે હુકમ મળ્યો હતો. તેજ વખત મારી અહીંઆં બદલી થઇ."

"તો એક કાગળ લખવો હતો. એક માણસ મોકલવો હતો. તમને ખબર તો હતી કે તમારી આશાએ હુ જીવ્યા કરતી હતી. તમને ખબર છે કે કેટલી પીડાએ, કેટલી ભીખ માંગે, મેં રુપીઓ ભેગો કરી તમને તાર કર્યો?" મણિએ પુછ્યું. "તમે અહીંઆ નીરાતે મોજમજાહ માણ્યા કરો, મારે માથે શુ શુ વીતી તેનો કૈં ખ્યાલ છે?"

"તુ જરા શાત થા. પછી શું કર્યું?"

"મેં? હું જહાનમમાં પડી મેં સંસાર છોડયો. કદી ઉમરા બહાર પગ નહોતો ધર્યો તે તમારે પાપે રઝળતી થઇ!"

"તને ઘણું વેઠવુ પડયું હશે?" બને તેટલી અનુકંપા સ્વરમાં લાવી ગંભીરલાલે પુછ્યુ.

"નારે! મારે માટે તો બધે આવા છત્તર પલંગ પાથર્યા હતા ચાલો પણ હવે ગઇગુજરી જવા દો. આખરે તમે મળ્યા એટલે મને નીરાંત થઇ." કહી મણિ ખુરશી પર બેસી ગઇ ગંભીરલાલને ફરીથી કમકમાં આવ્યાં. મણિએ આંખોમાંથી છેડા વતી આસુ લુછ્યાં.

ક્યા સુધી કોઇ બોલ્યુ નહીં. ગંભીરલાલ શો રસ્તો કાઢવો તેનો વિચાર કરતા કરતા. "મૃદુલા! હા, હવે ગઇગુજરી જવા દે. બોલ હવે તારે શું કરવુ છે?" કૃત્રિમ નરમાશથી ગંભીરલાલે પુછ્યું

"મારે હવે કરવાનું શુ હોય?" મણિએ એક તીક્ષ્ણ નજર ગંભીરલાલ તરફ નાંખતાં કહ્યું: "તમે મળ્યા એટલે મને પ્રભુ મળ્યા. તમે મને પહેલાં મળ્યા ત્યારે શું કહેતા હતા ને!"

"હુ શું કહેતો હતો?" જાણે ભુલી ગયો હોય એવો ડોળ કરતાં ગંભીરલાલે પુછ્યું.

"વાહ! એટલામાં ભૂલી ગયા? તમે કહેતા હતા કે બધાં ધર્મશાસ્ત્રો વિધવાને પરણવાની રજા આપે છે. તમે કહેતા હતા કે હાલની સ્થિતિ ક્રૂર

છે, અનીતિમાન છે. ભુલી ગયા? તમે મારી નજર આગળ સુખમય જીવન ધર્યું હતું તે વીસરી ગયા?" મણિ જરા તિરસ્કારમાં હસી. "ગરીબ બાપડી નિરાધાર સ્ત્રીને આપેલાં વચનો કોણ સંભારવાની પરવા કરે છે?"

ગંભીરલાલ મુગે મોઢે બેસી રહ્યા. જાળમાં માછલી સપડાયા પછી તે જેવા વિચારો કરે તેવા વિચારો તે કરવા લાગ્યા. તેમણે મણિ સામે જોયું. અસલની શરમાતી, દુ:ખી, શરીરને કષ્ટેકષ્ટે ક્ષીણ કરતી મૃદુલાને બદલે મહાયોગી મહારાજને ત્યાં નીરાંતે રહી આવેલી રૂપવતી, તેજસ્વી, સ્વસ્થ મણિ તેમણે જોઇ.

"હવે શું વિચાર કરો છો? તે વચન પાળવાના દિવસો આવ્યા છે."

"મૃદુલા! તુ જરા મારી વાત સાંભળ. આપણે નાનપણમાં કૈં કૈં કહીએ છીએ ને વીસરીએ છીએ"

"આઠ મહીના પર નાનપણ હતુ? કોનું તમારું કે મારુ? જુઓ. થયું તે તો થયું. મારા પણ દુઃખનો અંત આવ્યો. લોકલાજની પરવા હવે મને રહી નથી. તમે કહો તે દિવસે આપણે પરણીએ"

"ગંભીરલાલે ડોકું ધુણાવ્યું.

"ના કહેશો નહીં! તમે મારા શ્વાસ ને પ્રાણ છો. તમારે વચને હું ગાંડી થઇ ગઇ હતી; તમારા પર રાખેલી શ્રદ્ધાએ મે ભવોભવની આશા છોડી. હવે તમે નગુરા થશો?" મણિનો અવાજ ખરેખરો ભાવપૂર્ણ હતો કે મજાક કરતો હતો તે કળવુ મુશ્કેલ હતું.

ગંભીરલાલ વધારે ગુંચવાયા. માછલીને જાળ વધારે સખત થતી લાગી. શુ કરવુ?

મણિ બે મહીનામાં ઘણું શીખી હતી એટલે સ્વસ્થ હતી, છતાં છેલ્લો પાસો નાંખતી હતી.

"તમારે કોની પરવા છે?" તેણે આગળ ચલાવ્યું; "તમે પૈસાદાર છો, હોદ્દેદાર છો. તમારે સ્ત્રી નથી. તમે સુધરેલા વિચારના છો. જે સ્ત્રીએ તમારે માટે સર્વસ્વ આપ્યું તેની વારે તમે નહીં ધાઓ તો કોણ ધાશે?"

વાત ફેરવવા ગંભીરલાલે ભગીરથ પ્રયત્ન કર્યો. "તને દહાડા—"

"હા! તે હમણાં યાદ આવે છે? એ પણ મારું નશીબ! મીઠાકુવામાં મેં તેને રાખી છે કાલે સવારે આપણે બોલાવી મંગાવીશું સરસુધ તમારા જેવી છે. મોટી થશે તો ઇંદ્રની અપ્સરાઓ લજાવશે."

ગંભીરલાલ આ શબ્દે ધ્રુજ્યા. એક પલક માત્રની મુર્ખાઇનાં પરિણામ તેને બહુ કડવાં લાગ્યાં.

"શુ વિચાર કરો છો? મારા પર જરા દયા નથી આવતી? તમારી છોકરી પર પણ કૈં દયા નથી આવતી? ના ના, તમે છેક આમ નિર્દય શું થાઓ?" મણિએ કહ્યું. તેની આખમાંથી દડદડ આંસુ છો પડવા માંડયાં. ને ગંભીરલાલ તો તેની સામે જોઇ શકતાજ નહોતા.

"મૃદુલા! મૃદુલા! તારુ હેત તો અથાગ છે; માટેજ તને એક વાત કહું છું. સાંભળ."

"શી?"

"મારાથી પરણવાનુ બને એમ નથી."

"કેમ?" મૃદુલાએ હસીને પુછ્યું. આજ જવાબ આવશે એમ તે જાણુતી હતી.

"જો. મારી આબરુના કાંકરા થઇ જાય. આટલી પદવી પર આવ્યો છું તે ધુળ મળે."

"કેવી રીતે આબરુ જાય—સરકાર શુ નોકરી લઇ લેશે?"

"ના. પણ પુનર્લગ્નથી મારી પ્રતિષ્ઠા જાય તે."

"પ્રતિષ્ઠા! જે પ્રતિષ્ઠા નિર્દોષ બાળકીને કચરી નાંખી તમારાં ભાવનાઓને ભ્રષ્ટ કરે તે પ્રતિષ્ઠા! આ શું બોલો છો?"

"આપણાં સ્વપ્નાં અને ખરો સંસાર જુદાં છે, મૃદુલા!"

"એમ?" ગૌરવથી માથું ઉચું કરતાં મણિએ કહ્યું "ત્યારે મને ફોસલાવી હતી તે સ્વપ્નાં વડે—હવે તરછોડો છો સંસાર માટે?" મણિએ ક્યાં સુધી દાબી રાખેલો જુસ્સો પ્રગટ થવા લાગ્યો.

"તું આ બધું બોલતાં ક્યાંથી શીખી?"

"તમે દીધેલા દુ:ખથી! મને રઝળતી કરી મુકી નેથી હું જો મારી જુની રીતે રહેત—અપવાસો કરી, કષ્ટ વેઠી, જીવન ગાળતી હોત તો આ બધું નહીં શીખત. તમે સંસારનાં દ્વાર ખોલી મને સોનેરી આશાઓ દેખાડી. હવે આમ બારણાં બંધ કરવા માંગશો તે થશે ?"

' જો મૃદુલા ! આ તો આપણે નકામી માથાકુટ કરીએ છીએ તુ નિરાધાર છે, થોડોઘણો મારો પણ વાંક હશે એ કબુલ છે; પણ મારાથી મારો હાલનો સંસાર, આબરુ, પ્રતિષ્ઠા છોડી ઉછાંછળા જુવાનીઆ પેઠે મારા અભિપ્રાયોને ખાતર મારી આશાઓ તોડાય નહીં"

"ત્યારે મારી આશાઓ તોડાય—મારું જીવન ભ્રષ્ટ થાય ? હું કલંકિત થઇ દુનીઆમાં ભટકું ?" મણિએ પુછ્યું.

"તે હું ક્યાં કહું છું ? તને ભટકવા નહીં દઉં. તુ કહે તે ઠેકાણે તને એકલી, સુખમા રાખું. તે પસંદ નહીં પડે તો મારુતિ કહેતો હતો તેમ સ્કુલમાં મહેતીની નોકરી અપાવું. પણ—"

"પણ ?"

"પણ તે બહુ સારું નહી. અહીઆં ચગોવગો ઘણો થયો છે એટલે અહીંઆં તુ રહે તે મને ફાવે નહી"

"ત્યારે તમે કહો ત્યા જઇને પડી રહુ, ને તમે જે પૈસા મોકલાવો તેમા મારો નિર્વાહ કરું ?" ધીમેધીમે મણિએ કહ્યું.

"તુ ઘણી હુશીઆર છે; ઝટ દઇને સમજી જાય છે શી તારી બુદ્ધિ !"

"વાહ મારી બુદ્ધિ !" મશ્કરીમાં મણિએ કહ્યું. "માત્ર મારી બુદ્ધિ તમે ધારો છો તેના કરતાં વધી ગઇ છે."

"કેમ ?" ગંભીરલાલના મનમાં ફરીથી ધ્રાસ્કો પડતા તેણે કહ્યું

"કેમ શું ? બોલતાં જીભ કચરાઇ નથી જતી ?" કહી ડોળા કાઢી મણિ ઉભી થઇ ગઇ—બાયલાની માફક ગંભીરલાલ ખુરશી પર પાછા હઠ્યા.

પ્રકરણ ૨૦ મુ

મણિનો નિશ્ચય

જરા શ્વાસ લઇ ગુસ્સામા મણિએ પુછ્યું:

" મને પટાવી ફોસલાવી ભ્રષ્ટ કરતાં શરમ ન આવી ? હુ વીનવી વીનવી થાકી પણ મને ને તમારી છોકરીને મરવા દેતાં શરમ ન આવી ? અને હવે-હવે, મને આ વાત કરતાં મોમા જીવ નથી પડતા ?"

ગંભીરલાલ ગભરાયા. મણિનુ સ્વરૂપ તેજસ્વી વધારે લાગ્યું પણ એકદમ, જાણે કે નવો વિચાર આવ્યો હોય તેમ તેમણે સ્વસ્થ થવા પ્રયત્ન કર્યો; ખુરશી પર બેસી જઇને કપાળ પર આવેલો પરસેવો લુછ્યો; અને હોઠ કરડી ગુસ્સો શમાવ્યો.

" બોલો ! હવે વધારે કહેવામા માલ નથી. તમારા જેવા તો થોડાકજ હશે. છતાં આવાં નોતરાં કૈંક આવી ગયાં છે એટલે મારું કાળજું કઠણ વજ્ર જેવું થઇ ગયું છે."

" પણ એ સીવાય બીજું હું શું કરી શકું ?" ગંભીરલાલે પુછ્યુ.

" કરી તો બધું શકો; પણ કરવું નથી."

ગંભીરલાલે કૈં જવાબ દીધો નહીં.

" પ્રતિષ્ઠા, આબરુ, બધું સચવાય કે ન સચવાય તેની મને જરા પણ પરવા નથી. હું તો એટલું સમજું કે તમારું કર્યું તમારે ભોગવવુ પડશે."

" એટલે ?"

"એટલે મને પરણવું પડશે. મારાથી બનશે તેટલું કરી તમને સુખી કરીશ; અને જોઇશ કે બને એટલી પ્રતિષ્ઠા સચવાય ને આબરુ રહે."

"એ નહીં બનશે." ગંભીરલાલે કહ્યું.

"બીજુ કૈં બને એવુ છેજ નહી. સંસારના લહાવા લેવાની આશાઓ તમે ઉભી કરી. હવે એ ભૂત શમાવો પણ તમે. બીજો છુટકોજ નથી."

"મેં કહ્યું તે સીવાય બીજે રસ્તે કૈં પણ બને એવું નથી." ગંભીરલાલે કહ્યું.

"ત્યારે એનાં પરિણામ માઠાં આવશે"

"શુ આવીને આવશે?" ગંભીરલાલે પુછ્યુ. મણિમ શાંત રીતે વાત કરવા માંડી એટલે ગંભીરલાલ વધારે સ્વાસ્થ્યથી જવાબ વાળી શક્યા.

"એક વખત મને ના કહો એટલે તમને બતલાવુ."

"મને ધમકી આપે છે? ગભરાવે છે?"

"હા!"

"તું ધારે છે કે હું ડરી જઇશ?"

"ડરી જઇશ શું? ડરો છો અને ડરશો. હું હવે પહેલાંની મૃદુલા નથી"

"એમ? કેમ આટલો ફેર પડયો?"

"મે દુનીઆ જોઇ; તમારા જેવા કાળમુખા અનેક મહાત્માઓને જોયા ને તેમના હાથમાંથી છટકી. વળી,—"

"વળી?"

"તમે પ્રતિષ્ઠા ને આબરુના ગુલામ છો; મારે કશાની પરવા નથી. હું સ્વતંત્ર છું–તમે બંધનમાં છો; તેથી તમારા કરતાં હું વધારે સબળ છું"

"હં" ગંભીરલાલ હસ્યા. "બૈરાંની બુદ્ધિ—"

"ઠીક હસો. પહેલાં તમને ઇશ્વર લેખતી તે દિવસ ગયા. બુદ્ધિમાં કોણ ચઢતુ છે એ વખત આવ્યે જોઇશ."

"જો, મૃદુલા ! તુ કોઇ ઠેકાણેથી આ બોલતાં શીખી લાવી છે તે તો ઠીક પણ તે શોભતુ નથી."

"હવે કયાંથી શોભે ?" મણિએ હસીને જવાબ દીધો.

"મને એ સાંભળવાની ફુરસદ નથી. મેં કહ્યું તે કરવા હું તૈઆર છું. બીજું કૈં કરવાનો નથી."

"ત્યારે તમારા પૈસાને આગ લગાડો. મારા હાથમાં કમાઇ ખાવાનું જોર છે"

"તને ખબર છે? દુનીઆમાં કમાવુ સહેલ નથી."

"તમને નહીં હોય, મને છે."

"કેમ કરીને ?"

"તમે બધા અંકુશ તો મને વેચાતી લેવા માગો છો; તેના કરતાં આખી દુનીઆ વશ કરવાનુ મારા હાથમાં છે."

"તું આવી અધમ થશે ?"

"તમે કરી તેનાથી વધારે બની શકાય તેમ નથી." ગંભીરલાલે હોઠ કરડ્યા. "હજુ વિચાર કરો, મને વીફરાવો નહીં. હું વીફરીશ તો તમારી પ્રતિષ્ઠા, આબરુ બધાનો પ્રલય થશે."

"તેમ કૈં હું ડરવાનો હતો ? મૃદુલા, મારું કહ્યું માન. નકામી રખડી રઝળી દુઃખી થઇ જઇશ."

"તો તેનીએ મને પરવા નથી."

"ઠીક, ત્યારે હવે તુ કયાં જશે ?"

"ગભરાઓ નહીં. હું અહીંઆં તમારી ફજેતી નથી કરવાની. હમણાં ફજેતી કર્યે શુ મળે એમ છે ?"

"ત્યારે કયારે કરીશ ?" જરા તિરસ્કારમાં હસતાં ગંભીરલાલે કહ્યું.

"મારો વખત આવશે ત્યારે. જીવતી રહીશ તો જોશો."

"જીવતી રહેશે તો !—"

" તે ફીકર નહી કરશો. હું ઘણું જીવવાની છું."

" ઠીક. તું કયે રસ્તે જશે ? હેઠળ તો મારા સીપાઇઓ સુતા છે."

" હા ! હું તો ભુલી ગઇ. મામલતદાર સાહેબ પાછા ભડકયા" કહી મણિ ખડખડ હસી.

" હવે કેમ થશે ?"

" હવે કેમ થશે ?" તેના ચાળા પાડી મૃદુલાએ કહ્યું તે પાછી હસી અને પછી ગંભીર સ્વરે તેણે કહ્યું: " ગભરાઓ નહીં. તમારી પાછલી બારી છેને ? પાછળ તો માત્ર રામસિંહ સીપાઇજ ઉભો હશે."

" તે પણ તેં સાભળ્યું કે ?"

" શું કરું ? પાસેનાજ ઓરડામાં હતી કેની ? કૈં હરકત નહીં આજથી તમે ને હું લઢીશું; જોઇએ કોણ જીને છે. દુનીઆમાં ન્યાય તો નથીજ એટલે તમે જીતો એમ લાગે છે. પણ હું પણ તમારા જેવા હરામીઓને દેખાડી આપીશ કે નિર્દોષ બાળાને ફસાવવુ કેટલા શેરનું થાય છે?" કહીને તે અંદરના ઓરડા તરફ ખસી. ગંભીરલાલે સાથે ચાલવા માંડયું.

" હું પાછી કબાટમાં નથી ભરાવાની, ગભરાશો નહીં. હવે તમારું ઘર મારે મન નરક સમાન છે." કહી ગૌરવથી તે અંદર ગઇ અને બારી વાટે નીચું જોયું. બારી ઘણી નીચી હતી એટલે ભોંય પર કુદવામાં કૈં ભય જેવું હતું નહી.

એક વખત માનીતી કરેલી સુકોમળ સ્ત્રીને આમ સંસારસાગરમાં એકલી ભુસ્કો મારતાં જોઇ ગંભીરલાલના હૃદયમાં કૈંક દયા આવી.

" મૃદુલા! તું અત્યારે કયાં જશે ?"

" દુનીઆ વિશાલ છે. તમને ચિંતા ઘણી થઇ આવી ?"

" નીરાંતે રહેવાનું કરી આપું છું, છતાં શું કામ જોખમ ખેડે છે ?"

" રહું તો તમારી પત્ની તરીકે કે—"

" કે ?"

" અથવા તમારું ભાગ્ય ફોડવા અવતરેલી ચંડિકા." ગંભીરલાલ ધ્રુજ્યા. શબ્દોમાં કૈ જાદુઇ ઝનુન હતું; કૈં ભવિષ્યવાણીનો રણકાર હતો

તેજ પળે મણિએ ભુસ્કો માર્યો. અને ગંભીરલાલે તેને ધીમેધીમે ઉઠી, પાછુ જોયા વિના ચાલી જતી જોઇ.

ગભીરલાલ ક્યાંસુધી બારીએ ઉભા રહ્યા. તેમના મનમાં જુનાં સ્મરણાં આવતાં હતાં, કે પશ્ચાત્તાપના અંકુર ફુટતા હતા, ન સમજાય એવો ત્રાસ લાગતો હતો. સ્ત્રી પરથી છોકરીનો વિચાર આવ્યો. મીઠાકુવામાં ક્યાં હશે? તે કેવી હશે? એટલામા દૂરથી પોલીસચોકીમાંથી બારના ટકોરા સંભળાયા.

"ચાલો બલા ગઇ!" કહી ગંભીરલાલે બારી દીધી અને અંદર આવ્યા તેણે સુવાની તૈઆરી કરવા માંડી.

ફરીથી પશ્ચાત્તાપ થયો. કોઇ રીતે મૃદુલાને પાછી બોલાવી નીરાંતે રખાય તો કેમ? સસારમાં પ્રતિષ્ઠાનાં બંધનો ન હોત તો કેવુ સારૂં?

તે ઉપરથી તેને માટે હમણાં માગાં આવતાં હતાં તેના વિચાર થયા; ન્યાતમાંની છોકરીઓ સારી નહીં એટલે ધનવાનની દીકરીઓમાંથી પસંદગી કરવાનો ઇરાદો થતો હતો. આપણા લોકોનો સંસાર શો કઢંગો છે તેના પર તેમણે મનન કર્યું; અને જ્યાંસુધી લોકો પોતેજ સુધારવાનો પ્રયત્ન કરશે નહી ત્યાં સુધી કૈં થવાનું નથી એવો શુભ નિશ્ચય કરી રાવસાહેબે આંખો મીચી.

પ્રકરણ ૨૧ મું

નિશ્ચયનાં પરિણામ

મણિએ ભુસકો માર્યો અને ઉઠી તે ચાલવા લાગી. તેને ઝનુન આવ્યું હતું એટલે તે કયાસુધી તો ચાલી. તેને સંસાર પર ધિઃક્કાર આવ્યો હતો, અને ક્રમે કરી તેના પર વેર લઇ, જો તેનો નાશ થતો હોય તો તેમ કરવા તે ઝંખી રહી હતી.

થોડીવારે તેનું ઝનુન ઉતર્યું. તેણે ધીમેધીમે ચાલવા માંડયું. પોતે કયા હતી તે જોવા લાગી. આઘેથી કોઇ નાયકાનો સંસ્કૃત સ્વર ગાતો સભળાયો. ને એક ઓટલા પર બેસી ગઇ.

પાછળથી કોઇ આવ્યું ને તેની સામે ઉભું રહ્યું.

"કોણ છે?"

"કેમ? તારું શું જાય છે?" ગૌરવથી મણિએ પુછ્યું. તેણે પુછનારને ઓળખ્યો. રામસિંહ પોતાની ફરજ બજાવતો હતો.

"મારું? ચાલ અહીંઆંથી ભાગી જા, નહીં તો હમણા જેલમાં પુરી દઇશ."

"રામસિંહ!" પોલીસનો માણસ ચમકયો. "તારા રાવસાહેબના હુકમનો અમલ કરે છે કેમ?"

"રાવસાહેબ કેવા ને વાત કેવી?" જરાક સખ્તાઇથી રામસિંહે પોતાનો મોભો જાળવવાનો પ્રયત્ન કર્યો.

"નકામો શું કામ ગપ્પાં મારે છે? તારામાં મગદુર હોય તો પકડીને લઇ જા. સવારે મારા પર કેસ ચલાવજે. પછી તારી નોકરીનું શું થાય છે

ને ગંભીરલાલને પુછી આવજે." મણિએ શાંતિથી કહ્યું. રામસિંહ તો ગભરાઈને ઉભો રહ્યો. તેણે અનેક ગુનેહગાર જોયા હતા; પણ આ ગુનેહગાર કૈં જુદીજ લાગી.

"મને ગામબહાર કાઢવાનો હુકમ છે નહીં ?" મણિ હસી; "તું તારી મેળે ચાલ્યો જા હું આ ગામ છોડી જવાનીજ છું; પણ જો પુઠે લાગ્યો તો હું અહીંઆંજ રહીશ પછી પકડજે મને અને જોજે તારી અને તારા અમલદારની ફજેતી." રામસિંહ દિંગમૂઢ થઇ ગયો. અને છાનોમાનો મણિને છોડી ત્યાથી ચાલી ગયો.

વખત લગ્નગાળાનો હતો, એટલે પાડોશના એક પૈસાદાર શેઠને ત્યાં શામજણી બોલાવવામાં આવી હતી, તેનો સ્વર શાંત રાત્રિના વાતાવરણમાં પ્રસરી રહ્યો હતો. તે સ્વરે મણિના હૃદયમાં કૈંક શાંતિ આણી શાંતિ આવતાં શું કરવુ તેનો વિચાર થયો સવારની તે ભુખી હતી તેનું તેને ભાન આવ્યું. તેનું શરીર મજબુત હતું એટલે પેટનો પોકાર વધવા લાગ્યો અત્યારે કયાં જઇને ખાવુ ? ઘણીખરી દુકાનો બંધ હતી. પાસે માત્ર ગણ્યાગાંઠ્યાજ પૈસા હતા. મણિકર્ણિકાની બંગડી હતી; પણ તેનો કૈં અત્યારે ઉપયોગ થાય એમ નહોતું.

મારુતિને ત્યાં જવાનુ મન થયું પણ તેને રોકયું. અત્યારે તે જાય તો તેની બૈરી ગુસ્સે થાય; સવારે જો તેને ત્યાં રહે છે એમ ખબર પડે તો તેના પર ગંભીરલાલ ગુસ્સે થાય. એવી પીડામાં તે બીચારાને શા માટે પાડવો ? તે વિચાર તેણે છોડયો તેમજ અભિમાન પણ આડે આવ્યું. મારુતિ પુછ્યા વિના રહે નહીં; અને તે કયા નાસી ગઇ હતી તેનું શું કારણ આપવુ ?

ફરીથી પેટનો પોકાર વધારે જોરથી સંભળાવા લાગ્યો. થોડેક દૂર રસ્તામાં ન્યાત જમી ઉભી હતી તેનાં પતરાળાં ઉડતાં હતાં. અહીંઆં બે કલાક પર પાંચસે માણસ જમી ગયાં હતાં; પણ અત્યારે એક પેટ-પુરતુ પણ કૈં મળે એમ નહોતું. એટલામાં નાચમાંથી ઉઠીને કેટલાક ગૃહસ્થો આવતા હતા તેમની વાતચીત કાને પડી. રખેને કોઇનું ધ્યાન પોતાના પર પડે તેની બીકે તે ભીંતમાં લપાઇને બેસી રહી.

"શેઠ લાવ્યા તે આખરે ઘણી ફાંકડી નીવડી" એક જણ બોલ્યો; "શુ એનો કંઠ છે, જાણે કોયલ ટહુકી. ફરી સાંભળવા મળે તો સારું."

"નહીરે એ તો અત્યારે જાય છે."

"ક્યાં વડોદરાની છે?"

"નારે મુબાઇની."

મણિને આ શબ્દ કાને અથડાયા ને ક વિચાર આવ્યો: આ સ્ત્રીની આટલી કીમત—અને તેને પોતાને અત્યારે ખાવાના પણ સાસા' માત્ર રૂપ કે સ્વરને માટે લોકો તેના પર ફીદા થાય છે; અને પોતાની પાસે રૂપ છે, સ્વર છે, ગુણ છે છતાં કીમત નથી. પોતાનાં રૂપ અને સ્વરની પણ જો કીમત અંકાય તો કેટલી થાય?

લોકો ચાલ્યા ગયા એટલે તે ઉઠી. પેટમા ભુખ તો સજ્જડ લાગી હતી પણ શુ કરવું? અણજાણતા પગ જ્યા ન્યાત થઇ ગઇ હતી તે તરફ ગયા. થોડે દૂર એક વાડીનાં બારણા આગળ ભીખારુ અને બહારવાસીઓ-ને ખાવાનુ વહેચાતુ હતુ કંઇપણ ખાસ વિચાર વગર પગ તે તરફ ગયા. તે શું કરે છે તેનુ ભાન તેને ન રહ્યુ. બધાની પાછળ તે ઉભી રહી અને જે ટુકડો ભીખારુઓ તરફ ફેંકવામાં આવતો હતો તે તરફ એકીટસે તે જોઇ રહી.

ક્ષુધાએ તેને ગાંડી બનાવી. કોઇ એક કડકો તેના તરફ નાખે તો? વિચાર આવતાં હૃદયમા વજ્રાઘાત થયો—રુવેરુવાં ઉભા થઇ ગયાં બ્રાહ્મણ-કન્યા આટલી અધમતાએ! એટલામાં વહેંચનારો એની પાસે આવ્યો. તે બેભાન જેવી ઉભી રહી. વહેંચનારાએ એને ઉદ્દેશી કહ્યુ: "ભીખારણ! એ ભીખારણ! લે! લે! તુ રહી ગઇ છે."

જાણે માથા પર વીજળી પડી હોય તેમ તે ગભરાઇ ને ઉચુ જોયું. આજુબાજુ અંધારામાં ગમે તેમ ટુકડો ચાવતાં ભીખારુ તરફ નજર ગઇ. શું તેની આ સ્થિતિ! તેની ભુખ મરી ગઇ. તે બબડી: "મરે ભુખે તોએ મૃગપતિ કદી ના તૃણ ચરે.' તેણે હોઠ કરડી હીંમત રાખી અને તે પાછી ફરી અને નાઠી.

" વહેંચનારો અચંબો પામ્યો ને મોટેથી બોલ્યો: "બો તારો રોફ!"

શ્વાસ ભરાઇ ગયો ત્યાં સુધી મણિ દોડી–પછી ઉભી રહી. તેની ભુખ જતી રહી હતી ચિંતા પણ ગઇ હતી, માત્ર પોતાની અધમતા પર તિરસ્કારજ આવતો હતો તેનું અભિમાન, તેની સ્વમાનની લાગણી, તેની કુલિનતા તદ્દન નષ્ટ થતાં હતાં તેજ પળે ને અટકી. તે સતેજ થયા. તેમણે તેને શક્તિ આપી છેલ્લા ત્રણ ચાર દિવસની અનુભવપરંપરાએ તેના ચિત્તને અસ્થિર કર્યું હતુ; તેને માત્ર અધમતાને ઢોળાવે સેરવ્યાજ કરી હતી. અત્યારે તે એકદમ સરકતી અટકી—એટલુંજ નહી પણ અભિમાનની ટોચે જઇને બેઠી.

તેની પાસે બે ત્રણ આનાના પૈસા હતા એટલે મીઠેકુવે જઇ પોતાની છોકરીને જોઇ આવવાનો તેનો વિચાર થયો. જેરામભગતને ત્યા ખાવાનુ હશે તો મણિકર્ણિકાને બગડી વટાવી થોડા પૈસા પણ સાથે લેવાશે, એટલે પછી ક્યાય પણ જઇ કે ધંધો કરવો સહેલ થઇ પડશે. કુટુંબવત્સલ થવાની તેની હોસ. અદ્દષ્ટ થઇ હતી, પરણીને મહાલવાનો શોખ પણ સમુળગો ગયો હતો. તેણે અમુક મનોરથો જોયા હતા પણ અત્યારે તે બધાને ધીક્કારતી હતી

તે સ્ટેશન તરફ ચાલી. શહેર મુકયા પછી સ્ટેશન આવતા રસ્તાનો થોડો ભાગ ઉજ્જડ હતો દુનીઆથી પરવારી બેઠેલી મણિ બેધડક થઇ હતી. એને સદ્ભાગ્યે એક એકલી સ્ત્રીને ઝપાટાભેર જતી જોઇ રસ્તે જતા લોકો તેને ચુડેલ ધારતા અને પાસે આવવા હીમત કરતા નહીં સ્ટેશન પર જઇ તેણે બે પૈસાના મમરા લીધા અને સ્ટેશનથી થોડે દૂર રસ્તાની પાસે એક પથરો પડયો હતો તેના પર બેસી તે ખાવા લાગી.

થોડાક મમરા પેટમાં જતાં તેનુ મન જરા પ્રફુલ્લિત થયું. તેણે દુ:ખ વીસારવા માંડયુ. સવાર પડતાં પોતે પોતાની સુરેખાને મળી શકશે એ વિચાર આવતાં તેનું હૈયુ હસ્યું. તેણે સુરેખાના નાના રમણીય શરીરનું ચિત્ર મન આગળ આણ્યું તેની છાતી ભરાઇ આવી. પોતાની પુત્રીને ખાતર જીવવુ, એવો તેણે નિશ્ચય કર્યો. મન જરા પ્રફુલ્લિત થતાં રસ્તે સાંભળેલો સંગીતનો આલાપ યાદ આવ્યો; તેણે તે શબ્દો યાદ કરવા માંડ્યા.

"ગગરી મોરી ભરન નહીં દેત"—શબ્દ યાદ લાવતાં તેણે રામજણીના આલાપનું અનુકરણ કરવા માંડયું.

"ગગરીઇઇ—ગઅગઅરીદરીઇ–મોઓરી—" મણિને પુરેપુરું ભાન નહોતું કે પોતાનો અવાજ કેવો હતો. માત્ર સાંભળેલા સુરના ચાળા પાડી તેનાજ જેવો રાગ ગળામાંથી કાઢવા ધીમેથી તેણે પ્રયત્ન કર્યો

પેલા શેઠને ત્યાં મધરાત પછીના બે થતાં મીજલસ પુરી થઇ. રામજણીએ મુજરો કર્યો અને સવાર થયા સીવાય ભેરવી ગાઇ, નાચ પુરો કર્યો. ઘણા મોંઘે મુલે તેને આણવામાં આવી હતી અને છના તેની શરત એવી હતી કે સવારની ગાડીએ પાછી મુંબાઇ તેને જવા દેવી લાચારીથી શેઠ તેમજ તેના શોખીન મિત્રો તાબે થયા. મીજલસ વીખરાઇ ગઇ.

તબલચીએ તબલા બાધ્યાં, સારંગીવાળાએ સારંગી બાંધી અને ભાડાની ગાડીમાં રામજણીને વળાવી. સાથીઓ મોડી રાતને લીધે ઝોકાં ખાવા લાગ્યા. નાયકણ ફીસળી હતી. આજે એક રાગ ગાતા બીજાનું મિશ્રણ તેનાથી થઇ ગયુ હતુ, કોઇએ તે પારખ્યું તો નહોતુ છતાં તે ચીવટથી કેવી ભુલ થઇ તેની પરીક્ષા કરતી મનમાં રાગ ગાતી હતી. રાગ ગાતા તેને ભુલ પકડાઇ નહીં. મીજલસમાં કંઈ ભુલ કરી હતી તે વાત તો તેને ચોક્કસ લાગી. તેના ને સ્વરે તે ગાતી હતી "ગઅ–ગઅ–ગગરીઇઇ અંહ, ગગઅરી, શું ભુલ હતી? કેમ પકડાતી નથી?–ગગરીઇ મોઓ–"

જાણે તેના પ્રશ્નનો જવાબ હોય તેમ–જાણે તેનો પોતાનોજ આલાપ સંભળાતો હોય તેમ, તેવીજ ઘાટીએ પણ તેના કરતાં વધારે મીઠો અને રસપૂર્ણ અવાજ જાણે કોઇ ખરેખરી ઘેલી ગોપીની કરુણાજનક સ્નેહભરી ફરીઆદ હોય તેમ રસ્તામાંથી આવ્યોઃ "ગગરી મોરી ભરન નાહીં દેત."

રામજણી ચમકી જાણે કોઇ ભૂત બોલ્યું હોય એમ તેને લાગ્યું. તેણે ગાડીમાંથી બહાર જોયું. એક એકલી સ્ત્રીને જોઇ બુમ પાડીઃ "ગાડીવાળા! ગાડી રાખ. હુસેન!" તલબચીને તેણે કહ્યું; "ઉઠ તો, પેલી કોણ બેઠી છે?"

ગાડીવાળાએ જરા આગળ જઇ ગાડી રાખી મણિએ પોતાની ધુનમાં કંઈ જોયુજ નહીં.

" તુમેરા ઉસ્મે કયા જાતા હય?"

"તેની તારે પંચાત? ચાલ, મારી સાથે તો આવ." કહી નાયકણ ઉતરી અને મણિ પાસે ગઇ.

" કોણ છે બાઇ! અત્યારે—અહીંઆં?"

મણિ ચમકી. પાછું ફરી જોયું, નાયકણનુ સ્વરૂપ જોઇ સમજી. સામી સ્ત્રી મણિનુ રૂપ જોઇ દિંગ થઇ ગઇ અને મનમાં પોતાના ઘાટ ઘડવા લાગી.

" હું ગમે તે છું તેમાં તમારે શું?"

" તું કોઇ દુઃખી, એકલી બાઇ લાગે છે."

"કેમ જાણ્યુ?"

"નહીં તો આવી સ્વરુપવાન્ સ્ત્રીને અહીંઆં અત્યારે રહેવા દે એવો કોણ કઠોર મર્દ હોય?"

" તેમાં તમારું શું જાય છે?"

" મારું? તમારો કંઠ આવો મધુર છે તે."

મણિ સમજ્યા વગર જોઇ રહી દુનીઆના ખેલો જોઇ પાવરધી બનેલી નાયકણ પોતાનો લાગ સાધવા લાગી.

" આ કંઠને શું કામ નકામો જવા દે છે?"

" નકામો?" મણિએ પુછ્યું.

"હા, એના તો પૈસા આવશે ને એકલા અત્યારે મમરા ખાવા પડે છે તેના કરતાં તું ખાઇપી તાગડધીન્ના કરશે."

મણિની આંખો સરોષ ચમકી.

" તે તમને સોંપ્યું. તમે તમારે રસ્તે જાઓ."

પણ રામજણી એમ વાત પડતી મુકે તેમ નહોતું. તે પોતે વયોવૃદ્ધ થવા માંડી હતી; તેના રાગમાં જરા કઠોરતા આવી હતી; અને કોઈ સુંદર, સુકંઠી અને આકર્ષક સ્ત્રીની તેને ઘણી જરુર હતી. અત્યારે તેને ઇશ્વરે તક આપી હોય એમ લાગ્યુ.

"જો પ્રભુએ તને રાગ આપ્યો છે તો તેની કીંમત થવા દેવી જોઇએ. બીજું કૈં નહીં, હું ગાતાં શીખવીશ—અને ખપ પડે ત્યારે તું માત્ર ગાજે.

ખાવાપીવાનુ ને મહીને રુપીઆ પંદર આપીશ. આવવુ હોય તો ચાલ આ મુંબાઇની ગાડી કલાકમાં આવશે "

મહીને પંદર રુપીઆનો પગાર અને મફતનુ ખાવુ પીવું! મણિને જાણે સોનાની ખાણ હાથ લાગી હોય તેમ લાગ્યું. પણ રામજણી સાથે! શી અધમતા! અને તેની સુરેખાને મળવાની આશાનુ શું? તેણે કઠણ હૃદય કરી આ લાભદાયક વાત માની નહી તેણે ડોકુ ધુણાવ્યુ

"ના, હું જે છું તે ઠીક છુ."

"જો આવી મજાહ નહી મળે હાં!"

"ભલે "

"તો તારી મરજી. હજુ વિચાર કર. ગાડીને કલાકની વાર છે. તે પહેલાં વિચાર થાય તો મને કહેજે અને પછી વિચાર થાય તો મુંબાઇમાં કાંદાવાડીમા લાલ મોહનના માળામા આવજે. મારું નામ તુંગભદ્રા."

મણિએ તેના તરફ પુઠ ફેરવી નાયકણ નિરાશ થઇ પાછી ફરી ને બબડતી પોતાની ગાડીમા બેઠી મણિએ પણ લોકોને સ્ટેશન તરફ જતા જોયા એટલે ઉઠી તેની છોકરીને જોવાની લાલસા એટલી વધી હતી કે કાલે શું થશે તેની તેને પરવા નહોતી. તે સ્ટેશન પર ગઇ અને ટીકીટ ઓફીસ આગળ ટીકીટ લેવા ગઇ. ટીકીટ લેવાની બારી આગળ જઇ હાથ લંબાવવા જતી હતી તેવામા પાછળથી કોઇ મરદે આગળ આવી બારીમા જે ગામની તેને ટીકીટ જોઇતી હતી તેની ટીકીટ માટે પૈસા મુકયા મણિએ ચમકીને તેની સામે જોયુ. બન્નેની નજર મળી.

"કોણ મણિ?"

"કોણ મોઘારામ?"

"કયા જાય છે અત્યારે?" મોઘારામે પુછ્યુ. મણિ શરમાઇ ગઇ. બીજી પળે હીંમતથી ઉચું જોયુ. હવે શરમાવું કેવું? તેને અને સંસારને શુ લાગેવળગે?

"હું તમારા મહાત્માને ત્યાંથી કયારની ચાલી ગઇ."

"એમ? કયાં જાય છે?"

" તમે જાઓ છો ત્યાંજ."

" ઠીક, હું ટીકીટ લઉં છું. મીઠેકુવે આવે છે ? '

" હા, જોરભગતને ત્યાં જાઉં છું "

મોઘારામે મણિની પણ ટીકીટ લીધી અને તેને દૂર લઇ ગયો.

"તને ખબર છે? જોરાભગત તો ગયા "

"હેં! કયારના?"

" આજે પંદર વીસ દિવસ થયા "

"ત્યારે મારી સુરેખાનું શું? ગગાવહુ તો તેને ગરદન મારશે "

" કેં ગભરાતી નહી. તેનો ધણી ડાહ્યો છે પણ તુ કેમ આમ રખડતી?"

"મારી છોકરીને જોવા મીઠેકુવે જાઉં છું" જરા નિરાશાભર્યા અવાજે મણિએ કહ્યું જોરાભગતને તે પિતાતુલ્ય ગણતી હતી અને તેના મૃત્યુથી મીઠેકુવે જવાની તેની હોસ અડધી ભાંગી પડી હતી

"એ બધા તો અંબાજી જવા નીકળ્યા છે"

" મારી સુરેખા સુદ્ધા?"

' હાસ્તો."

"મણિનુ મન ભાગી ગયું–બધી હોસ જતી રહી. તેની આંખમાં આસુ આવ્યા. તેણે અજાણ્યે કપાળ કુટયું.

" મારું નસીબ ફુટયું છે."

"કેમ?" તું શું કામ ગભરાય છે? હું મારી સાથે લઇ જઇશ. તું મહારાજને ત્યાંથી કેમ નીકળી ગઇ?"

" મહારાજ! તમારો મહારાજ હરામખોર છે. તમારા સુધારકો હરામખોર છે. મોઘાભાઇ! મારે તો હવે મરવુ રહ્યું છે. ઉપર આભ અને નીચે ધરતી. હું ક્યાં જાઉં?" કહી મણિ આક્રંદ કરવા લાગી. મોઘારામનું હૈયું ભરાઇ આવ્યું.

"ગભરા નહી! રડ નહી! હુ મારે ઘેર લઇ જઇશ "

"ના, ના. તમે દુ:ખી થશો."

"નહીં થાઉ."

"નહીં. હું મુંબાઇ જઇશ. મારે એક જણની ઓળખાણ છે."

"પણ હમણાં તો સાથે ચાલ"

"ના, આજ ગાડીમા જઇશ" કહી મણિ ઉઠી. હોઠ પર હોઠ દાબ્યા અને તુગભદ્રા નાયકણ તરફ ગઇ.

મોધારામ મુગે મોઢે જોઇ રહ્યા.

"તુગભદ્રા!" મણિએ કહ્યું. રામજણીએ ઉંચું જોયું.

"કેમ? કોણ? ઓહો! તુ કયાથી?"

"હા હું. કેમ મુંબાઇ લઇ જવી છે?"

"હા, તું આવે તો."

"પણ એક શરત!"

"શી?"

"કોઇ ઠેકાણે ગાવા નહીં જાઉ, ને કોઇ પુરુષને પાસે આવવા નહીં દઉં."

"કબુલ, બીજું કૈં?"

"બીજુ કૈ નહીં. આ કબુલ હોય તો મુંબાઇની ટીકીટ કઢાવો."

"હુસેન! જા તો એક મુંબાઇની ટીકીટ લઇ આવ તો."

હુસેન ટીકીટ લઇ આવ્યો. મણિ પાછી મોધારામ પાસે ગઇ.

"મોધારામભાઇ! હવે ઘણુ ખરું નહી મળીએ, પણ મારી સુરેખાને જોતા રહેજો. પ્રભુ સારો દહાડો દેખાડશે તો લઇ જઇશ, નહીં તો પ્રભુ ઇચ્છા!" ગદ્દગદ્દ કંઠે મણિએ કહ્યુ. મોધારામની આંખમાં આંસુ આવ્યાં.

થોડીવારે આગગાડી આવી અને મણિ તુંગભદ્રા સાથે મુબાઇ આવી.

પ્રકરણ ૨૨ મું

ગંભીરલાલનું વાત્સલ્ય

રાવસાહેબ બીજે દિવસે ઉઠયા પણ તેને કૈ ચેન પડયુ નહીં. મણિ શું કરે અને શું નહી કરે તેનો તેને મોટો ધાક હતો એટલે ઉઠીને તરત તેણે રામસિંહને બોલાવ્યો. રામસિંહે તેને ખાત્રી આપી કે જે સ્ત્રી તેની બારીએથી કુદી બહાર પડી હતી તેને બહાર નસાડી મુકવામાં આવી હતી. આ ખાત્રીના જવાબમાં ગભીરલાલે તેને સામી ખાત્રી આપી કે તેનો પગાર વધશે. રામસિંહ ગયો એટલે તેણે માધુને બોલાવી તરત તેને મીઠાકુવા ગામના તલાટી મોઘારામને તેડવા મોકલ્યો, પણ તે તેને ગામ હોવાથી માધુ પાછો આવ્યો.

" માધુ! બપોરની ગાડીએ—ગામ જા. ત્યાંથી મીઠાકુવા બે ચાર માઇલ થાય છે. ત્યાં મોઘારામ હોય તો કહીએ કે તરત રાવસાહેબ બોલાવે છે."

" જી!"

" વારું, હેઠળ કોઇ બીજો સીપાઇ છે કે?"

" જી હા! પાંડુ છે."

" તેને કહીએ કે, જા, મારુતિને પુછી આવ કે પેલી સ્ત્રીનો કૈ પત્તો લાગ્યો."

" જી" કહી માધુ ગયો.

"ચાલો આ વાતની નીરાંત થઇ. હવે માત્ર એ છોકરીને ઠેકાણે કરવાની રહી" ગંભીરલાલ બબડયા. તેણે પછી પોતાના ટેબલ પર પડેલા કાગળો લીધા અને વાંચવા માંડયા. સાંજના મોધારામ પાછા આવ્યા.

"મોધારામ ! એક ઘણી ખાનગી તપાસ કરવાની આવી છે."

"શી ?"

"એક સ્ત્રી–ગુનેહગારનો પતો આણવો છે એ કામ કોઇને સોંપાય તેમ નથી. તે છેલ્લી મીટેકુવે આવી હતી એમ જાણવામા આવ્યું છે તમને કંઇ ખબર છે ?"

મોધારામ વિચારમાં પડયો શું મણિ ગુનેહગાર ! કે રાવસાહેબ કોઇ કારણસર માત્ર જાણવાજ માંગે છે ? ગઇકાલે રાત્રે સ્ટેશન પર તે એને જોઇ રાવસાહેબને કોઇએ ચાડી તો નહીં ખાધી હોય ?

"ના સાહેબ ! મને કંઇ ખબર નથી"

"મને ખબર છે કે તે ત્યાં એક પોતાની છોકરી પણ મુકી ગઇ છે ?" ગંભીરલાલે પુછ્યું.

"હેં !" જાણે કે જાણતોજ નહીં હોય તેમ મોધારામે કહ્યું. તેણે રાવસાહેબની પ્રશ્ન પુછવાની રીતથી જાણ્યું કે તે કંઈ પેચમાં આ બધું પુછતા હતા, એટલે તેણે સાૈ દુઃખ હણવા નન્નોજ ભણ્યો.

"આટલા નાના ગામમાં શું થાય છે તેની ખબર નથી રાખતા ? તમે તે તલાટીગીરી કરો છો કે હજામત ?" ગુસ્સામાં ગંભીરલાલે પુછ્યુ.

"પણ સરકાર ! આવી વાત કેમ ખબર પડે ?"

"હાસ્તો ! તમારે તો અવારનવાર અહીંઆં નાસી આવવુ, ગામ પર રહેવું નહીં અને સરકારી કામ આવે ત્યારે દરકાર કરવી નહીં !"

"જી, હું તપાસ કરી ને કહીશ. બે ચાર દિવસમાં ખબર કરીશ."

"ઠીક, મારે કાલે ને કાલે ખબર જોઇએ. અત્યારે પાછા જાઓ ને કાલે સાંજની ગાડીમાં પાછા આવજો."

"હા સરકાર !" કહી મોધારામ ઉઠયો. તેણે વિચાર કરવા માંડયો. 'શુ મણિ ગુનેહગાર હશે ? ભલે હોય તોપણ શું ?' મોધારામને આવી દુઃખની

મારી, અનાથ સ્ત્રી માટે ઘણી લાગણી હતી એટલે બને તેટલુ તેનું અને તેની છોકરીનું હિત કરવુ એવો તેણે નિશ્ચય કર્યો હતો. તેથી રાવસાહેબની પ્રશ્નાવલિથી તેને સંશય પેદા થયો. ગુનેહગાર હોય તો માદીકરીને શું ? શા માટે ગંભીરલાલ તપાસ કરે ? તેને કહેવુ કે નહીં ?

મોધારામ નિર્ણય પર આવ્યો કે છુપુ રાખવામાં કંૈ ફાયદો નથી, કારણ કે મીઠાકુવાનો દરેક માણસ મણિ આવીને છોકરી મુકી ગઇ તેની વાત જાણતો હતો. હાલ બધાં અંબાજી ગયા છે તે પણ સારી વાત હતી કે ગંભીરલાલ શુ કરવા માંગે છે તેની ખબર પડે

મોધારામે બીજે દિવસે આવી ગંભીરલાલને મણિનો ઇતિહાસ થોડો ઘણો કહ્યો. તેની છોકરી હાલ શિવાપટેલ પાસે છે.

" શિવાપટેલ તો જેરાભગતનો દીકરો કેની ?"

"હા."

"હં, આવતી કાલે મારો મુકામ મીઠાકુવે થવાનો છે."

"જેવી સરકારની મરજી !" ધીમેથી મોધારામે કહ્યું. "પણ ત્યાં શિવાપટેલ નથી."

ગંભીરલાલની આંખો ચમકી. પોતાનો હેતુ તલાટી સમજી જાય એ તેને ગમ્યું નહી અને પોતાનો હેતુ પાર પાડી ન શકયો તેથી તે કચવાયો.

"કયાં ગયો છે ? પટેલ થઇ ગામ પર નથી રહેતો ?" મામલતદાર સાહેબે રોફ માર્યો.

"સાહેબ ! આપેજ રજા આપી હશે. એનો બાપ મરી ગયો ત્યારથી એ રજા પર હશે."

"હં ! કયાં ગયો છે ?"

"કોઇ ઠેકાણે જાત્રાએ ગયો છે."

"કઇ જગ્યાએ ?"

"મને ખબર નથી" જુઠું બોલતા મોધારામે કહ્યું.

"મોધારામ ! તમારા દહાડા ભરાતા જાય છે. સાવધાન રહેજો."

"કેમ સરકાર?"

"તમે હવે જુઠું બોલતાં શીખ્યા છો તેમાં."

મોધારામના મોઢા પર નરમાશ હતી, આંખોમા દયામણાપણું હતુ; પણ અંતરમાં તેનો પીત્તો ઉછળી રહ્યો હતો. આગ્રહથી તેનુ મન નિશ્ચય ઉપર આવતું હતુ.

"સાહેબ! આપને જુઠું કહેવાય? કહો તો તપાસ કરી આવુ."

"ના, જરુર નથી. ઠીક છે, જોઇ લેવાશે" કહી ગભીરલાલે તેને વીદાય કર્યો. એ ગયો કે માધુને બોલાવી શિવાપટેલ કયાં જાત્રાએ ગયા હતા તેની તપાસ કરવા મોકલ્યો. મોધારામ ગભીરલાલના ઘરમાંથી નીકળી પાસેની દુકાન પર બેસી રહ્યો, અને માધુ જવા નીકળ્યો એટલે તેની પાછળ ગયો. માધુ સ્ટેશન પર ગયો ત્યાં જાણે બે જણ અચાનક સાથે થયા હોય તેમ તે માધુને મળ્યો અને સાથે બંને મીઠેકુવે ગયા. ત્યા જતા પહેલાં મોધારામે બધી વાત કઢાવી અને જાણી લીધું કે શા માટે માધુને મોકલ્યો હતો, તે ઉપરાંત મણિ જે દિવસે ગંભીરલાલને ત્યાં આવી હતી તે વાત પણ માધુએ કહી. શું ભરમ હતો તે મોધારામ સમજ્યો નહી; પણ ગભીરલાલ કંઈ ન સમજાય એવી રમત રમી રહ્યો હતો એમ તેને લાગ્યું.

પ્રકરણ ૨૩ મું

મોઘારામ

ગામ જઇ મોઘારામે ઘણો વિચાર કર્યો. કે ગંભીરલાલ સારા કામ માટે તો આટલી ખાનગી તપાસ નહીંજ કરતા હોય એ સ્પષ્ટ હતું. ત્યારે શિવાપટેલ પાછા ફરે તે પહેલાં સુરખાને તે કૈં જોઇ શકવાના નહોતા; તો સુરેખા પાછી ફરે તે પહેલાંજ તે અદ્દષ્ટ થઇ જાય તો વધારે સારું એમ મોઘારામને લાગ્યું.

બીજે દિવસે તે પાછો શહેરમાં આવ્યો અને પંદર દિવસની રજાની અરજી લખી એક મિત્રને આપી કે બીજે દિવસે મામલતદાર સાહેબ પર રવાના કરે. મોઘારામની એક બહેન કાઠીઆવાડમાં પરણી હતી ને તે ઘણી માંદી ચાલતી હતી ને મરી ગઇ છે અને તેટલા માટે એકદમ જવું પડયું હતુ એમ બહાનું કાઢી તેણે રજા માગી હતી.

મોઘારામ પોતાને ઘેર ગયો. અને અંદરના ખંડના ખુણામાં દાટેલી પુંજી કાઢી આશરે ૮૦૦–૯૦૦ રુપીઆ એક લોટામા દાટેલા હતા તેમાંથી કમરપટામાં માય તેટલા રુપીઆ લીધા, અને પાછો લોટો દાટી દીધો. તેણે કમરપટો કેડે બાંધ્યો, એક પોતીઉ, એક અબોટીઉ એક દોરીલોટો અને એક કામળો એટલાં વાનાં ભેગાં કર્યાં; સખડ, એક ઓરસીઓ, એક પોથી ને એક આસનીઆનું નાનું પોટલું બાંધ્યું; અને એ બધાનું પોટલું ખભે ભેરવી તે ત્યાંથી નીકળ્યો.

તે વખતે અંબાજી સુધી આગગાડી નહોતી એટલે થોડે રસ્તે ગાડીમાં, અને થોડે રસ્તે ચાલતાંચાલતાં મોઘારામ ત્યાં પહોંચ્યો; પણ તે

જરા મોડો થયો. શિવાપટેલનો સંઘ ત્યાંથી પાછો નીકળ્યો હતો. મોઘારામને ખબર હતી કે એક બે તીર્થયાત્રા કરી શિવાપટેલ ડાકોર જવાના હતા, તેથી રખેને તે મોડેકુવે વહેલા પહોંચી જાય તેની બીકે તે ઝપાટાબંધ ડાકોર પહોંચ્યો. સદ્ભાગ્યે ડાકોર પહોંચતાંજ તેને શિવાપટેલનો પત્તો મળ્યો. તરત તેણે ધર્મશાળા ખોળી કાઢી અને શિવાપટેલને મળ્યો. થોડીવાર આડીતેડી વાત કરી સુરેખાની વાત તેણે કાઢી.

"મને મણિ મળી હતી. તે મુંબાઇ ગઇ છે, અને મને સરનામું આપી ગઇ છે, ને સુરેખાને લઇ મને મુંબાઇ બોલાવ્યો છે."

"શું કહો છો? વાહ! કોણુ કોઇ સગું મળ્યું ?"

"હા! તેનો ભાઇ આવ્યો હતો તેની જોડે ગઇ. હવે તો સુખી છે"

"આયહાય! ત્યારે એની આબરુના કાકરા થશે" ગંગાવહુએ ઉમેર્યું

"તેમાં આપણે શું?" મોઘારામે વાત ઉડાવી.

"આપણે તો ચીઠ્ઠીના ચાકર તમે કહેતા હો તો આજે લઇ જાઉ"

"ના, ના. એ છોકરી મને તો ઘણી ગમે છે." પટેલે કહ્યું

"હા! પણ તેની મા માગે ત્યારે કૈં ના કહેવાય?" પટલણે જવાબ દીધો. તરત પટેલ અને પટલણુ વચ્ચે મોટુ યુદ્ધ થયું; આખરે પટલણ જીત્યા. તેજ સાજના મોઘારામ સુરેખાને લઇ વીદાય થયા.

મોઘારામની બહેનની દીકરી વડોદરામાં રહેતી હતી. તે ત્યા ગયો તેણે તેને સુરેખા સોંપી અને એક દિવસ ત્યાં રહ્યો

પ્રકરણ ૨૪ મું

પિતાની ચિંતા

ગંભીરલાલ ઉઠયા. દાતણ કર્યું અને ટપાલ વાંચી એટલામા માધુ ચા લાવ્યો.

" માધુ ! મોઘારામને ત્યાં તપાસ કરી આવ્યો કે ?"

" જી હા ! ગઇ કાલે રાતના મોઘારામ બહારગામથી આવ્યો "

" એમ ? અત્યારે છે કે ?"

" હા જી બોલાવી લાવું ?"

" હા " કહી ગંભીરલાલ ચા પીવા લાગ્યા. માધુ ગયો એટલીવાર ગંભીરલાલ અધીરા થઇ રહ્યા. થોડી વારે તે આવ્યો.

" સરકાર મોઘારામ સંધ્યામાં બેઠા છે. ઉઠશે એટલે આવશે. "

" જહાનમમા ગઇ એની સંધ્યા !" ગંભીરલાલે ગુસ્સો દબાવતા કહ્યુ. અને જ્યારે મોઘારામ આવ્યા ત્યારે તેમનો ગુસ્સો ઘણો તપી ગયો હતો.

" કેમ મોઘારામ ! કૈં બહુ જાત્રા કરી આવ્યા ?" ગંભીરલાલે બને તેટલી શાંતિ રાખી પુછ્યું. મોઘારામ આ તોફાન માટે તૈઆર હતા; છતા તેની નમ્રતામાં જરાએ ફેર નહોતો.

" જી, હું તો મારી બહેનની કાણે ગયો હતો. મેં રજાના રીપોર્ટમા લખ્યું હતુંને."

" પણ ખરુ કારણ શું હતું ? દરેક તલાટીને રજા જોઇએ કે માબહેન મરવા પડે "

" સાહેબ ! મારું કારણ ખરું હતું."

" તારી બહેન ક્યાં અંબાજી રહે છે કે શિવાપટેલની જોડે જાત્રા કરવા ગઇ છે ?"

" ના સરકાર ! જેતલસર રહે છે." મોઘારામ મનમાં તો ડરવા લાગ્યો પણ બહારથી અજ્ઞાનતાનો ડોળ કરી કહેવા લાગ્યો.

" હં. તું ત્યાં જઇ આવ્યો ?"

" હાજી."

" શિવાપટેલ ક્યાં છે ? મીઠેકુવે આવી ગયા ?"

" મને શી ખબર ?"

" એમ ? મોઘારામ તારું મોત આવ્યું છે."

" કેમ સાહેબ ?

" મને છેતરવા માગે છે ? કમબખ્ત ! ચાલ બોલ ! પેલી છોકરી શિવાપટેલ પાસે હતી તે ક્યાં રાખી આવ્યો "

" કઇ છોકરી ને વાત શી ? મને કંઈ માલુમ નથી."

" હરામખોર ! જુઠા ! તું ડાકોર જઇ શીવાપટેલ પાસેથી જે લઇ આવ્યો તે ક્યાં રાખી છે ? સવેળા સમજી જા અને નકામો આડે આવ્યા વિના કહું તે કરી દે; નહી તો કૈં કચરાઇ જશે."

" શું કહું સરકાર ? આપની વાતમાં મને સમજજ નથી પડતી."

" સમજ શાની પડે ? જો આ ઢોંગ છોડી દે. મને બધી ખબર છે. શિવાપટેલ ગામે આવી ગયા છે. તેની પાસેથી છોકરી તું લઇ ગયો અને જુઠું બોલે છે."

મોઘારામ ગભરાઇ ગયો. તેણે નહોતું ધાર્યું કે ગંભીરલાલ આટલી તપાસ અને ચોકસાઇ રાખશે. તે અત્યાર સુધી દબાઇ રહેતો. કારણ કે નોકરીમાંથી ગંભીરલાલ બરતરફ કરાવી શકે એમ હતું. હવે તેને લાગ્યું કે તે બધું જાણી ગયા હતા અને કૈં છાનું રહેવાનું નથી એટલે તેણે નિશ્ચય કર્યો કે નોકરી જવા દેવી અને ગંભીરલાલને ગુસ્સે કરવા.

મોઘારામ જુની પદ્ધતિનો માણસ હતો. તેને પ્રારબ્ધ પર વિશ્વાસ હતો એટલે કોઇની ઝાઝી પરવા હતી નહીં. તેના મગજમાં કેટલાક વિચારો આવ્યા હતા અને તેથી તેણે ગંભીરલાલની તપાસનું શું કારણ હશે તે પારખ્યું હતું, અને અસલી બ્રાહ્મણનું રૌદ્ર સ્વરૂપ કૈંક તેનામાં આવ્યું હતું.

"સરકાર! હું જુઠું બોલું છું પણ તેવું કરતો નથી." જરાક ગૌરવથી ડોકું ઉચું કરતાં મોઘારામે જવાબ વાળ્યો "આપ બધું જાણતા હો તો મારે કૈં છુપું રાખવાની જરુર નથી. હા, છોકરી હું લઇ ગયો છું. પછી કૈં ?"

"ત્યારે મને આપી દે." ગંભીરલાલે જાણ્યું કે મોઘારામ હવે હાથ આવશે.

"શું કામ? તમે સરકારી કામ માટે એની માની તપાસ કરતા હતા? તેની સામે કોની ઇતરાજી છે?"

"તેની તારે પંચાત શી? છોકરી કયા મુકી આવ્યો છે? નકામી માથાકુટ શા માટે કરે છે?"

"સાહેબ! તમે તો અન્નદાતા છો; પણ મારે જાણવું જોઇએ કે કયા ઠરાવની રુએ આપ તેને માગો છો."

"ઠરાવ મારી મરજી! છોકરી આપવી છે કે નહીં?"

મોઘારામના કપાળ પર નસો તરી આવી. તેણે નિશ્ચય દૃઢ કર્યો "ના!"

"ના! મોઘારામ! તું કોની સાથે વાત કરે છે તેનું ભાન છે?"

"હા સાહેબ! તમે મોટા છો, હું ગરીબ માણસ છું; પણ નહીં આપવાનું કારણ છે."

"શું?"

"જે માણસે માને દુઃખી કરી તે દીકરીનું શું સુધારે?" મોઘારામ ગંભીરલાલનો ભેદ પોતાની કલ્પના શક્તિથી પામી ગયો હતો તે બહાર પાડતાં તેણે કહ્યું. જાણે વીંછુ ડંખ્યો હોય તેમ ગંભીરલાલ ખુરશી પર ઉછળ્યા.

"શું ?"

"ખરી વાત !" શાંતિથી મોધારામે કહ્યું.

"તને ખબર છે કે તારો રોટલો અત્યારે છીનવી લઇશ ? કંઈ વિચારીને બોલે છે કે નહીં ?"

"રોટલો છીનવવો કોઇના હાથમાં છે ? જોઇએ તો આ તમારી નોકરી લો. બાર રુપીઆની તલાટીગીરી જેટલું પ્રભુ આપશે નહીં ?"

"એમ, તારે છોકરી નથી આપવી ? ઠીક છે. યાદ રાખજે હવે ગંભીરલાલ સાથે કામ પાડવું છે."

"સાહેબ ! આપ બહુ મોટા માણસ છો. લો મારી નોકરી. મારું ટીપણું અમર રહેજો જ્યાં જઇશ ત્યાં ટુકડો રોટલો તો મળશે. આપની રજા હોય તો હું જાઉં."

"જા, હમણાં તો. ગઇ ફસલે કેટલા રુપીઆ લાચના લીધા હતા ને ભુલી ગયો ? ફોજદારને કહેતાંજ વાર છે મને દુશ્મન કરી સુખે નહીં સુવે.

"ક્યાં હું તેમાં એકલો ભાગીઓ હતો ? હું પણ ફોજદારને કહીશ કે બીજો ભાગીઓ કોણ હતો તે" કહી તેણે ગંભીરલાલ સામે જોયુ. ગંભીરલાલે નીચું જોયું, તે નમ્યા. ગૌરવ રાખી તેમણે મોધારામને સમજાવવા માંડ્યો.

"મોધારામ ! તું નકામો જીદે ભરાયો છે. એ છોકરીને હુ તે કંઈ મારી નાખવાનો છું ! મારે એને ઠેકાણે રાખવી છે; તે સુખી થાય એમ કરવું છે."

"હમણાં છે ત્યાં તે ઠેકાણે છે, સુખી છે. એથી વધારે સારું ઠેકાણું મળવાનું નથી."

"એની મા ક્યાં છે તે તો મને કહે !"

"તે મને ખબર નથી."

"કેટલું જુઠું બોલે છે !" ગંભીરલાલે ઉંડો વિચાર કરતાં કહ્યું.

મોધારામે જવાબ નહીં દીધો. થોડીવારે તેમણે કહ્યું: "મહારાજ ! હવે રજા હોય તો જાઉં. નમસ્કાર !" મોધારામે રજા લીધી.

તેને ગંભીરલાલની ઘણી ધાસ્તી લાગી. એ તેને સહેલાઇથી જવા દેશે એમ લાગ્યું નહીં, અને એમજ થયું.

ત્રીજે ચોથે દિવસે કલેક્ટર સાહેબબહાદુરનો હુકમ આવ્યો કે મોધરામને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યો છે. ગંભીરલાલના ઉપર ધુંધવાતો મોધરામ મીઠાકુવાથી શહેરમાં આવ્યો એટલે ફોજદારી વારંટ તેને માટે તૈઆર હતું.

ગયે વર્ષે કૃસલમાં લાંચ લેવા બદલ મોધારામ ઉપર લાંબો કેસ ચાલ્યો. સરકાર તરફથી કેસ ચલાવવા પૈસાની મંજુરી મળી; અને મદનલાલ મારુતિના વાક્પટુતાનો હીસાબ ગણ્યા વિના સેશન્સ જજે મોધારામને ત્રણ વર્ષની સખત મજુરી સાથે શિક્ષા કરી મોધારામને કશાની પરવા રહી નહોતી એટલે તેને કૈં ખાસ લાગ્યું નહીં. તેણે પ્રારબ્ધાધીન થઇ હુકમ સાંભળ્યો.

ગંભીરલાલને શાંતિ વળી. મોધારામ ગયો એટલે છોકરીનો પત્તો આપનાર અનુસંધાન દૂર ગયું અને મણિનો પત્તો હનોજ નહીં એટલે પોતાના રસ્તામાંથી કંટકો દૂર કરી પોતાની ભવિષ્યની જીંદગી સુધારવા તે મથવા મંડ્યા. તેમનો વિવાહ ઘણા ટુંકા વખતમાં એક ધનાઢ્યની કન્યા જોડે થયો.

•

પ્રકરણ ૨૫ મું

તરફડદાસની તરકીબ

સમાજઉદ્ધારકો તે દિવસે વીખરાઇ ગયા હતા; પણ સમાજનો ઉદ્ધાર કરવાનો તેમનો ઉત્સાહ ઓછો થયો નહોતો. ધનેશચંદ્ર જરા નરમ થઇ ગયા હતા; 'પ્રેક્ટીકલ' પગલા લેવાની હીમાયત જરાક કઠણ થઇ પડી હતી. મી. મદનલાલ મારુતિ પણ મણિના દર્શનથી જરા નિરાશ થયા હતા. તેમને ઘણી વખત મણિ યાદ આવતી પણ તે ક્યાં ગઇ તે કંઇ સમજ પડતી નહીં.

પણ 'માર્તંડપ્રકાશ'ના વિદ્વાન્ તંત્રીના મગજમાં અનેક ઉદ્ધાર કરવાના વિચાર આવતા. તેમાં સમાજ ઉદ્ધારનું કામ નિરુત્સાહી થવાથી એ મુશ્કેલી નડતી હતી. પોતે સભાના તીજોરર હતા એટલે તેના પૈસા પોતાની પાસે રહેતા. પણ હવે તે આવતા અટકી જવાથી 'માર્તંડપ્રકાશ'ની એંક ખાલી થઇ ગઇ. તે ઉપરાંત જે જાહેરાતની આશા રાખી હતી તે પણ દૂર જતી લાગી. પત્રની ઘરાકી કે વધતી જતી લાગી નહીં. કોઇ પ્રકારે કોઇ નવો ઝુંડો ઝાલવાને તે તલપાપડ થઇ રહ્યા. ગઇ વખતે ધનેશચંદ્ર અને મારુતિએ તેમને પાછળ રાખ્યા હતા અને બધું માન તેઓ ખાઇ ગયા હતા એ તરફડદાસને ઘણું સાલતું હતું. આ બધા વિચારો તેમના બાહોશ મગજમાં ઘુમતા હતા.

આ વિચારો એક વખત જોસભેર ઘુમતા હતા—ઘુમતાં ઘુમતાં સાગરમંથનથી જેમ રત્નો નીકળે તેમ અનેક તુક્કાઓ ઉદ્ભવતા હતા. એ તુક્કાઓ કેમ પાર પડે તેના રસ્તાઓ યોજાતા હતા. કોઇ તુક્કો હાથ

લાગતો નહોતો. એટલામાં તરફડદાસનાં ધર્મપત્ની ત્યાંથી ગયાં–તેમના પગનો ઠમકો તેમના કાનમાં અથડાયો. 'માર્તંડપ્રકાશ'ના અજ્ઞાના અંધકારગ્રસ્ત મગજમાં નવો પ્રકાશ પડ્યો–તે પ્રકાશમાંથી એક તુક્કો જાણે સાક્ષાત્ સરસ્વતિ હોય તેમ ઉપર આવ્યો. તરફડદાસ એકદમ ઉભા થઇ ગયા. "હત્ તારી."

"હત્ તારી" કહી 'માર્તંડપ્રકાશ'ના તંત્રી ઉભા થઇ ગયા. તેમના મોં ઉપર તેમના ધારવા પ્રમાણે, દૈવી તેજ પથરાઇ રહ્યું. વીજળી શોધતી વખતે ફ્રેંકલીનના કે નિર્વાણનો મંત્ર હાથ લાગતાં ભગવાન બુદ્ધના મોઢા પર જે પ્રભા છવાઇ રહે તે છવાઇ રહી. શી શોધ? આટલા દિવસ એ ક્યાં છુપાઇ રહી હતી?

"ડીઅર! જરા અહીંઆં આવો!" તરફડદાસે ધર્મપત્નીને સંબોધતાં કહ્યું. તેમનાં ધર્મપત્નીએ ગુજરાતી બે ચોપડીનો અભ્યાસ કર્યો હતો છતાં ખુશમીજાજમાં પોતે હોય ત્યારે તરફડદાસ તેને 'ડીઅર' કહી બોલાવતા. તરફડદાસનુ અર્ધાંગ પણ જોવા લાયક હતું. તે શરીરે ઉંચી અને સુક્કી સપાટ, રૂપે પાકા કાળા રંગની, મોંઢે ચીબા નાકની અને બેઠેલા ગાલની હતી છતાં તેનો લુગડાં પહેરવાનો ઠસ્સો અને હાવભાવથી ધીમેધીમે બોલવાની ચતુરાઇ તેના વ્યક્તિત્વને એકદમ ખીલાવી દેતા. 'માર્તંડપ્રકાશ'ની ઘણી ખરી આવક સસ્તાં, ભપકાદાર. અને ફેશનેબલ લુગડા અને ચોળીઓ ખરીદવામા ને કરાવવામાં વપરાતી; અને તરફડદાસના લલિતાની આવી બુદ્ધિ તે બધાંને તેમના લાકડાની ઘોડી જેવા શરીર પર બને તેટલી છટા અને કરચલી સાથે પાથરવામાં વપરાતી. તેને પોતાની ચાલની મગરૂબી ઘણી હતી–અને તેવીજ પોતાના અવાજ માટે પણ હતી.

તેનો અવાજ ધીમો અને મીઠો હતો. પ્રકૃતિએ આવુ શરીર અને રૂપ ઘડતાં આ અવાજ કેમ મુક્યો તે તત્ત્વજ્ઞાનીઓએ વિચાર કરવા જેવું છે; અને તેને લીધે ગરબામાં, રાજીઆમાં, ચાર બૈરીઓ ભેગી થઇ હોય ત્યાં કે મરદો આગળ તે પોતાની છાપ પાડી શકતી.

સ્વભાવે તે પાકી હતી એમ કોઇથી ગાંજી જાય એમ નહોતુ; તેથી પોતાનું કામ સહેલાઇથી પાર પાડી શકતી. તે કસરીઅણુ જબરી હતી;

એટલાજ માટે કે બચેલો પૈસો ટાપટીપમાં વપરાય. આ બધાનું કારણ હતું. તેનાં માબાપ મુંબાઇ રહેતાં હતાં અને એક પાંજરાપોળની ગંદી ચાલમાં તેનું બાળપણ ગયું હતું.

તરફ્ડદાસને તેમની ધર્મપત્ની માટે અથાગ માન હતું. તેમનું ચાલત તો તેને ઘડીએ અને પળે સાષ્ટાંગ દંડવત્ કરીને તે પોતાની જીંદગી પુરી કરત. આખો દિવસ તે લલિતાનું મનન કર્યા કરતા અને પોતે ગમે તેવા ચીથરેહાલ રહી તેને શોભાવવામાંજ કૃતકૃત્યતા ગણતા. આનુ મુળ કારણ એકજ હતું જ્યાં તે જતા ત્યાં તે તુચ્છકારાતા. બહારથી કોઇ વિનયી હોય તોપણ તેનો અંતરનો અભિપ્રાય તરત જણાઇ આવતો કે તરફડદાસ તેને મન તૃણસમાન છે. આ આત્મજ્ઞાન બીચારા તરફડદાસનો જીવ રાત ને દિવસ બાળતું, પણ તે અગ્નિની જ્વાળમાં લલિતાની મીઠી બોલી ઠંડા પાણીના ધોધ સમી હતી. તેથી તરફડદાસ આમ તેમ રખડીને પણ પાછા લલિતા તરફ ફરતા; અને તેને દેવી તરીકે પુજતા. એથી લલિતાને પણ એક ફાયદો થતો; બે મીઠા બોલ બોલી બે લુગડાંના પૈસા કઢાવવા સહેલ થઇ પડતું.

આ દેવીના દર્શનથી તરફડદાસના મગજમાં વિચાર સ્ફુર્યો અને પક્ષીનો ઘાત થતાં જેમ વાલ્મીકિથી શ્લોક બોલાઇ ગયો અને રામાયણ લખાઇ ગયું–તેમ આ દર્શનથી તરફડદાસના મુખમાં "હત્ તારી ' નો મહામંત્ર બોલાઇ ગયો, અને સમાજ–ઉદ્ધારનો નવો રસ્તો નજરે ચઢયો.

"ડીઅર !"

"કેમ શુ છે?" જરાક એક તરફ ડોક નમાવતાં લલિતાએ ટહુકાર કર્યો. અને કેડ પર સુકો વાંસ જેવો હાથ રાખી ૯૦ અંશનો પુરેપુરો કાટખુણો બનાવ્યો.

"અરે પણ જરા આમ તો આવ."

"હુ જરા કાનમાં છું. લો શું કહો છો?"

"આજે મને એક વાત સુઝી આવી છે."

"શી ?"

"શા માટે આપણા લોકો સુધરતા નથી તેનું કારણ."

"તમને તો રોજ કૈં નવું નવું દેખાય છે; બોલો આજે શું છે?"

"આપણે સુધરતા નથી, કારણ કે આપણા લોકોમાં સ્ત્રીઓની અસર જેવી જોઇએ તેવી છે નહીં"

"જાઓ જાઓ! દરેક ઘેર તો ધણીને માથે બૈરાંઓ છાણાં થાપે છે. મારા જેવી તો કોઇએક હોય"

"ના! એમ નહીં જ્યાં મરદો મળે ત્યાં બૈરાં પણ આવે તો નીતિ વધે. રીતભાત સુધારે અને સંસારસુધારો ખીલે.

"તે તો હું રોજજ કહું છું, પણ તમે ક્યાં માનો છો? સાથે ફરવા પણ લઇ જતા નથી"

"આ તે કૈં મુંબાઇ છે? લોકો ચાવી ખાય'

"ત્યારે મોટા સુધારક શાના? ઉભા રહો. આ મારી ખીચડી બળી ચાલી. પછી ખાતી વખત તમે બુમ મારશો" કહી લલિતા લાલિત્યહીન ડગલાં ભરતી ખીચડી સમાલવા ગઇ તેની પાછળપાછળ તરફડદાસ ગયા અને શી છટાથી લલિતા ખીચડી ઉતારતી હતી તે જોઇ રહ્યા; જોતાજોતા તે ઉમરા પર બેઠા.

"તું મારી વાત સમજીને?"

"ના. બરોબર નહીં. તમે કરવા શું માંગો છો? આ તે ગામ છે કે વેષ?"

"ગમે તેવું પણ કૈં મુંબાઇની બરોબરી કરે? પણ આપણે અહીંઆં કોઇ સ્થાન એવું હોય કે જ્યાં સુધરેલાં સ્ત્રીપુરુષો મળે તો મજાહનું."

"હા! પણ બીજી કઇ બૈરીઓ આવે એવી છે?"

"કૈં નહીં, તું તો છે."

"હા! હું તો તૈઆર છું."

"વળી એક બીજો ફાયદો છે.'

"શો!"

"તને ખબર છે? વીલાયતમાં ધણીને મદદ કરવા બૈરીઓ 'વોટ'-મત પણ લઇ આવે છે. તારે—"

"હા! હું સમજી, મારે લીધે તમને પણ ફાયદો થાય."

"શાબાશ! તુ કેટલી હુશીઆર છે."

આ શબ્દો સાંભળી, તે ખરાજ છે એમ લાગવાથી લલિતા હસી.

"ત્યારે એક કલબ કાઢો મુંબાઈમાં મારા બાપાના શેઠ એક કલબમાં જતા હતા તો!"

"લે, ત્યારે તો તને અનુભવ હશે?"

"હાસ્તો." કહી ફરીથી તેણે મોઢું મલકાવ્યું. "પણ લુગડાં ઘરેણા નવાં જોઈશે. ત્યાં કૈ આ તમારી ધાબળીઓ નહી ચાલે."

"અરે હારે, એ તો દુનીઆમાં રહ્યા તે કૈ છુટકો છે?"

મોંના કોલકરાર થયા. તરફડ઼ાસે આબરુ અને માન વધારવા માટે બૈરીને આગળ કરી, લલિતાએ બાપના શેઠને અનુભવે, કપડાં મળે તે લાલચે આ યોજના સ્વીકારી.

તરફડદાસને લાગ્યું કે આ યોજના પાર પાડતાં મારુતિની જરુર પડશે. એટલે તેને મનાવવા માંડ્યો પહેલા તો મારુતિ માનમા તણાયો. તેને સમાજઉદ્ધારમા શ્રદ્ધા ખુટી હતી. તરફડદાસ ગભીરલાલને મળ્યો.

ગંભીરલાલને એ વાત ઘણી ગમી એટલે તેણે સમાજ–ઉદ્ધારિણી સભાની કમીટી બોલાવી. તેની શરમે બધાએ કબુલ્યુ. નસરવાનજી શેઠે મફતનુ મકાન હાલ આપવાનુ વચન આપ્યું બધા ધીમેધીમે અજાણપણે એવા નિશ્ચય પર આવતા ગયા કે સમાજ-ઉદ્ધાર સુખથી થાય છે; સુખ મેળવી શકાય છે; તે જ ખાનપાનથી અને ટેલટપ્પાંથી થાય છે; અને જે સંસ્થામા ખાવાનુ મળે, પીવાનુ મળે, ગમત કરવાનુ મળે તે જરુર સમાજ-નો ઉદ્ધાર કરી નાખ્યા વિના રહેજ નહી.

વિભાગ બીજો

પ્રકરણ ૧ લું

વિચિત્ર પરિસ્થિતિ

મુંબાઇમાં સાંજ પડવા આવી હતી. જાણે આકાશમાંથી કાળો વરસાદ પડવાથી રાત પડતી હોય તેમ વાતાવરણમાં ધુમાડો દેખાતો હતો. ખીચો-ખીચ રહેવાથી પેદા થતો આ ધુમાડો ઝેરી હતો; પણ ત્યાંના લોકોને તે ઝેર આંખે દેખાતું નહીં. કીચડના કીડાને તેની ગંધ મારતી નથી. પણ એ ઝેર બધે પ્રસરતું અને પરિણામે પુરુષ, સ્ત્રી અને બાળકોના જાનની ખુવારી કરતું. આ મોટાં શહેરોની અને હાલની સંસ્કૃતિની ખુબી હતી.

કાંદાવાડીમાં એક મોટી ચાલને ઉપલે માળે એક નાની ઓરડીમાં મણિ પડી હતી. જે પથારી પર તે પડી હતી તે મેલી અને ચુંથાએલી હતી. તેનું મુખ કરમાએલું હતુ. તેના પર નિરાશાની અને કંટાળાની રેખાઓ દેખાતી હતી.

મણિ રામજણી જોડે મુંબાઇ આવી તેને ત્રણ મહીના થઇ ગયા હતા. ત્રણ મહીનામાં તે ગાતાં ને વગાડતાં શીખી હતી; પણ જીવનમાંથી રસ જતો રહ્યો હતો. દુ:ખમાં, અથડામણમાં જે કંટાળો તેને કદી આવ્યો નહોતો, તે કંટાળો આજે તેને આવતો હતો. આ પથારી, આ ઘર, તુંગભદ્રા, મુંબાઇ—બધાંને તે ધીક્કારતી હતી. તેના સંસ્કારી આત્મા પર અનેક ઘા પડ્યા હતા. તેમાંથી લોહી હંમેશ ઝરતું હતું.

તુંગભદ્રાનુ કૃત્રિમ જીવન, તેમા ખોટાં આભૂષણો, પાઉડરનો રંગ, હલકી શોભન, એ બધું તેને સાલતું હતુ. તેને ગુંગળાટ લાગતો હતો. દરીઆમાં પંડી કે જીભ કચરી જીવન પુરું કરવાની તેની ઇચ્છા વધારે પ્રબળ થતી હતી. તેને પ્રેમનાં કે રસભર્યાં ગાયન ગમતાં નહીં; તે દીલગીરીભર્યાં ગીતજ ગાતી. તે વસ્ત્રાભૂષણને છેડતી નહીં, કોઇની જોડે બેસતી નહીં કે બોલતી નહીં.

તેને અહીંઆં સ્થૂલ સુખ બધું હતુ—ખાવાનું મળતુ, સુવાનું મળતુ, રાત્રે ગાયન સાંભળવા મળતુ, પણ તે કેદી હતી—સર્વ રીતે. અંતરાત્મા સંસ્કાર—કારાગ્રહમાં હતો, શરીર પણ કારાગ્રહમાં હતું તુંગભદ્રા બધા લાડ કરતી, પણ ધીમેધીમે તેણે તેના પર એવો ચોકીપહેરો મુકયો હતો કે તે બહાર જઇ શકે નહીં, કે કોઇને મળી શકે નહીં. તેને દુર્ભાગ્યે મળનાર કોઇ હતુ નહી પણ કેદી થઇ રહેવુ કોને ગમે ? તેની અગાસી માત્ર ચાર ફુટ ચોરસ હતી. ત્યાં વખત ગાળી, વાદળો મારફતે સુરેખાને સંદેશા કહાવી તે જીવન વીતાવતી.

તુંગભદ્રા ધીમેધીમે મણિને વશ કરવા પ્રયત્ન કરતી હતી; અને તે ભડકે નહીં માટે ઘણીજ કળાથી પગલાં લેતી. તેની વય હવે ઉતરતી થઇ હતી એટલે જે આવતા તે માત્ર ગાયન સાંભળવાજ આવતા. તુંગભદ્રાને ખાત્રી થઇ હતી કે તેનો રાગ હવે બગડતો જતો હતો, અને તેના ઘરાકો માટે જો કોઇ નવુ રમકડું તે નહી શોધી આપે તો ઘરડે ઘડપણ ભુખે મરવા વારો આવશે; અને તેથી તે મણિને વશ કરવા ચહાતી હતી. મણિમાં રૂપ હતુ, રાગ હતો, ચતુરાઇ હતી; તે જો સમજે તો તુંગભદ્રાનો બેડો પાર થાય એમ હતુ તુંગભદ્રાને ત્યા આવનારામા ચંદુલાલ શેઠ મુખ્ય હતા. તે ધનાઢય હતા, મોજીલા હતા. છતાં તે પણ હવે પહેલાં જેવા ભાવથી તુંગભદ્રાની ભક્તિ કરતા નહોતા.

એક દિવસ ઉપર એકલીએકલી ગાતી મણિને સાંભળી તે ચમકયા, તુંગભદ્રાને ઠપકો આપ્યો; તે કોણ છે તે જાણવા માગ્યું. તુંગભદ્રા તેને ઉપર લઇ આવી; મહા મુશ્કેલીએ મણિ પાસે થોડું ઘણું ગવડાવ્યું. ચંદુલાલ શેઠ ગાંડા થઇ ગયા. તેમને મણિનો રાગ આખી દુનીઆમાં સૌથી શ્રેષ્ઠ લાગ્યો.

મણિનું મુખ તેમના હૃદયમાં કોરાઇ રહ્યું. રાતે ઘેર ગયા ત્યારે મણિનાં સ્વપ્નાં તેમને આવવા લાગ્યાં.

બીજે દિવસે મણિએ જોયું કે તુંગભદ્રા વગરકારણે ચંદુલાલનાં વખાણ કરવા મંડી ગઇ; તેની દોલતની ગણત્રી કરવા લાગી. પહેલાં તો મણિ કૈં સમજી નહીં. સાંજે પાછા શેઠ આવ્યા અને ફરીથી મણિ પાસે કૈં ગવડાવ્યું.

ત્રીજે દિવસે તુંગભદ્રા આવી અને પોતે મણિને ભુખે મરતી બચાવી તેના બદલામાં પોતાને થોડી મદદ કરવા તેણે પ્રાર્થના કરી.

"શી મદદ કરું? મારા હાથમા હોય તે કરું. તમે કહો તો ચક પાછળ બેસી ગાઉં આ એક શેઠ તો ઠીક છે પણ હું ઉઘાડે છોગે નહીં ગાઉં."

"તે કૈં ચાલશે? આજે નહી તો બે દિવસ રહીને કે ગાયા વગર ચાલવાનુ છે?"

"ના! હું જાહેરમાં તો નહીં ગાઉં તમે કહી રહ્યા?"

"પણ તે હું ક્યાં કહું છું?" તુંગભદ્રા એમ ઉતાવળે આબા પકવે એમ નહોતી. "માત્ર આટલા ચંદુલાલ શેઠને તું વશ કરની પછી નીરાંત."

"વશ તે કેમ કરું? તમે કહો છો ને હું ગાઉં છુ. બીજું શુ?"

"કૈં ગાંડી થઇ? એકલે ગાયને કોઇ રીઝે?"

"ત્યારે મને જવા દો."

"ક્યા દુઃખી થવા?"

"જે થશે તે. મારે તમારો ધંધો નથી કરવો તેમાંથી પૈસા પેદા કરી મોજ નથી કરવી. હું અહીંઆં ક્યા સુખી છું'!"

"આટલુ કર્યું છતાં આમ કહે છે? તુ કૃતઘ્ની છે. મારો ધાન-રોટલો ખાધો તે શું મફતમાં?"

મણિની આંખો ચમકી ઉઠી. 'તમે વચન આપ્યુ તેમાં આવી હું આવવા બેસી નહોતી રહી; તમે લઇ આવ્યાં.'

તુંગભદ્રા હસી. "વળી એવાં વચન પળાતાં હશે?"

"એ તો હું પહેલેથી જાણુતી હતી. કોઇ નહીં ને તમારી જાત વચન પાળશે ? પણુ હું તો પાળીશ."

"શું ?"

"કે મારી મરજીવિરુદ્ધ કોઇ પુરુષની સામે પણુ નહીં જોઉં."

"ત્યારે તું નહીં માને ? યાદ રાખજે. મારો મીજાજ જશે તો મારા જેવી ખરાબ બીજી કોઇ નહીં મળે."

"તેની મને બહુ ફીકર નથી રહી. આખી દુનીઆએ કેર વર્તાવ્યો છે તો તેમાં તમે એક વધારે."

"ઠીક ! આજે રાત્રે શેઠ આવશે. ત્યા સુધી આ તારી સુદ્ધિ ઠેકાણે આણજે નહીં તો પસ્તાશે"

"મારી સુદ્ધિ તો ઠેકાણેજ છે."

તુંગભદ્રા ગુસ્સામાં ચાલી ગઇ. સાંજના ઉસ્તાદ તેડવા આવ્યો એટલે હીંમત રાખી મણિ ગઇ. જરા પણ વાત કાઢે તો ઘર છોડી ચાલી જવાનો તેણે નિશ્ચય કર્યો હતો. ચંદુલાલ શેઠે ગવડાવ્યું. મણિએ ગાયું. ધીમે રહીને તુગભદ્રા ચાલી ગઇ. ગાયન પુરું થવા આવ્યું એટલે મણિ ઉઠીને ઉભી થઇ. તે ચેતી ગઇ કે આ બધું સંકેતથી થાય છે

"બેસ બેસ !" ચદુલાલ શેઠે કહ્યું.

મણિ તેમની સામે ફરી એટલામાં ઉસ્તાદ ત્યાથી ઉઠી ચાલી ગયો અને બહારથી ઓરડાનું બારણુ બંધ થઇ ગયું.

"શુ કામ છે !" એક વાઘણની વિકરાલતાથી મણિએ પુછ્યું.

"તે તે પુછવાનું હોય ?"

"હા !" દૃઢતાથી મણિએ કહ્યું. "હું કે તુગભદ્રાનો ધંધો નથી કરતી. મારી પાછળ પડવામા સાર નહીં કાઢો." મણિનું રૂપ, તેનો ગુસ્સો જોઇ શેઠ દિગ થઇ ગયા. તેને આવી રામજણી આજ પહેલીજ મળી

"ઓત્તારી ! તારો પણુ રોફ જબરો છે"

"જે છે તે. મેં તુંગભદ્રાને કહી દીધું છે. મારી મરજીવિરુદ્ધ કંઇપણુ હું કરવાની નથી."

"પણ તે કોણ કહે છે ? તારી ખુશી ચહાય તે માગ."

"હું તો એટલુંજ માગું છું કે તમે તમારે રસ્તે જાઓ ને મને મારે છું તેમ રહેવા દો."

"અરે તે કેમ ચાલે ? હું નહીં તો કાલે કોઇ બીજો."

"જોઉ છું કોણ આવે છે તે. શેઠ ! સીધાસીધા માનવું હોય તો માનો; નહી તો આ ઉભી, પાસે આવો તો ખરા !"

શેઠ માનભંગ થયા–આ મહિષાસુરમર્દિની જેવી લાગતી તેજસ્વી મૂર્તિ આગળ ગભરાઇને ઉભા રહ્યા. અત્યાર સુધી એમની મરજી ઉલ્લંઘે એવું માણસ તેમને મળ્યું નહોતું. આજે તે મહાત થયા. પણ મણિને છોડી જવાનુ મન નહીં થયું.

"ઠીક છે, કાલે વાત છે, હું તુંગભદ્રાને કહીશ."

"ભલે."

શેઠને કે બીજો રસ્તો સુજ્યો નહીં. થાકીને તેમણે બારણાં ઉઘડાવ્યાં. મણિ એકદમ નીકળી ત્યાંથી ઉપર ચાલી ગઇ. તેને ખાત્રી તો હતી કે શેઠ આમ છોડવાના નથી; પણ તે પણ છટકી જવા તૈઆર હતી.

ત્યાંથી ચાલી જવા રાતના તે ઉતરીને બારણાં આગળ ગઇ. દરરોજ બારણાં ઉઘાડાં રહેતાં–આજે તાળું હતું. પાસે ભૈયો ઘસઘસાટ ઉંઘતો હતો. "ભૈયાજી ! ભૈયાજી ! કુંચી લાવો તો."

"કોન હય ?"

"એ તો હું" મણિએ જવાબ આપ્યો. તેને લાગ્યું કે ભૈયો ઉંઘવાનો ડોળ માત્ર કરતો હતો.

"અબ કુછ નહીં ચલી જા." કહી તેણે પાસું બદલ્યું.

"ભૈયાજી, એ તો મેં જાણ્યું. નકામા ઉંઘવાના શા માટે ઢોંગ કરો છો ? નહીં ઉઘાડશો તો આખો માળો ભેગો કરીશ, ચાલો ઉઠો."

"ઉંહુ."

"ઉઘાડો છો કે નહીં ?" કહી મણિએ ઉંચે સ્વરે પુછ્યું. કોઇ પણ રસ્તે નાસવાનો તેણે નિશ્ચય કર્યો હતો.

"ચુપ બે બદમાશ !" કહી ભૈયો ઉઠયો. મણિને મોઢે હાથ દબાવ્યો ને તેને તણખલાની માફક ઉચકીને ઉપર લાવ્યો. તેના હાથમાં નિર્બલ મણિ તરફડીઆં મારતી રહી.

ભૈયાએ લાવી તેના ઓરડામાં તેને નાખી ને બારણું બંધ કરી તે ચાલી ગયો.

પ્રકરણ ૨ જુ

ઘરમાંથી બહાર પડવાના કેટલા રસ્તા હોય છે તેનો વિચાર

ક્યાં સુધી મણિ પડી રહી. હવે શુ કરવું? તેનો અભિમાની આત્મા પરિસ્થિતિથી તો કચવાઇ રહ્યો હતો; તેમાં ચંદુલાલ શેઠની લિપ્સા, અને ભૈયાની શક્તિ એ બેથી તો તે જીવ ઉપર આવી હતી. કોઇ પણ રીતે તાબે તો નહીંજ થવું એવો તેનો દૃઢ નિશ્ચય હતો. એટલે કોઇ પણ પ્રકારે અહીંઆંથી છુટયા વિના આરો નહોતો.

તેણે સુતાંસુતાં બધો વિચાર કર્યો. તે ઘર હવે બંદીખાના જેવું હતુ. તુંગભદ્રા મીઠી જીભે બોલતી પણ તેનો ઇરાદો જુદોજ હતો. તેની શાંત, મીઠી, પણ નિશ્ચલ રીતે તે તેને વશ કરવા માગતી હતી. આ પરિસ્થિતિમાં પડી રહેવું એ વશ થવા જેવુંજ તેને લાગ્યું.

આખી રાત આ વિચાર તેણે કર્યા કર્યો. મન આગળ પોતાનું ભૂતજીવન ખડું થયું. શા શા અનુભવો, અને શી શી પીડાઓ વેઠવી પડી હતી! અને તે શા માટે? શુ ઇશ્વર આખી દુનીઆનો હતો ને તેનો નહોતો? હવે શું બાકી રહ્યું હતુ? આ સ્થિતિ કોને વાંકે? તે ઘણુંએ રડી, ઘણુંએ આક્રંદ કર્યું. છોકરી સંભારી, ગંભીરલાલને ગાળો દીધી જે માબાપે જન્મ દીધો હતો તેને શાપ આપ્યો. જે સમાજે તેને બાલવિધવા રાખી રઝળતી કરી હતી તેનું નિકંદન નીકળી જાય એવી પ્રભુ પાસે યાચના કરી. પથારીમાં એકલીએકલી તેણે ઘણું આક્રંદ કર્યું—તેનું દુઃખ જોવા કોઇ હતું નહીં, તેનાં આંસુ લુછવા પણ કોઇ હતું નહીં. ઇશ્વરે, સમાજે, સંબંધીએ તેને અટુલી કરી હતી.

આખરે આંસુ ખુટયાં. પ્રકૃતિનું સામ્રાજ્ય શરૂ થયું–તે ઉંઘી ગઇ. પરોઢીએ તે જાગી અને પોતાની સ્થિતિનો પાછો વિચાર કરવા લાગી.

વિચાર બધા નિષ્ફલ ગયા. આ પીડામાંથી મોત સીવાય બીજો રસ્તો લાગ્યો નહીં. ઇશ્વરે આવો ટુંકો ને ટચ રસ્તો આપ્યો છે તો શા માટે દુઃખ વેઠવુ? તેણે દોરડું ખોળવા માંડ્યું–તે ન જડયું એટલે ચાદર લીધી. તેને ખીંટીએ બાંધી અને નાગળું બનાવ્યું. નાગળું ગળામાં ઘાલી તે ખાટલા પરથી કુદી–અને ભુસ દઇને ભોંય પર પડી. ચાદર જુની હતી તે ફાટી ગઇ. મણિ થોડીવાર સુધી ભોંય પર પડી રહી. એટલામા તુંગભદ્રા બહાર આવીને બારણું ઠોકવા લાગી.

"મણિ! મણિ! બારણું ઉઘાડ."

"ના, કેમ?" મણિએ પુછ્યું.

"કેમ શું? ઉઠવું નથી, ખાવુ નથી?"

"મારે કૈં નથી કરવુ. મને ઘરની બહાર જવા દો. તમારા ઘરમાં મારે નથી રહેવુ."

"અરે આમ આકળી શુ પડે છે? બારણું તો ઉઘાડ."

"જ્યાં સુધી ઘરમાંથી જવા દેવાનું વચન નહીં આપો ત્યાં સુધી બારણાં નહીં ઉઘાડું."

"ઠીક, લે વચન!" હસીને તુંગભદ્રાએ કહ્યું.

મણિ ઉઠીને બારણા પાસે આવી અને તુંગભદ્રાનો હસવાનો અવાજ સાંભળ્યો. તુંગભદ્રાનું વચન! અને તેના પર ભરોંસો! મણિ એકદમ પાછી ખસી ગઇ.

"તુંગભદ્રા! મશ્કરી કરો છો? પછી કાલની માફક ભૈયા પાસે જોરજુલમ કરાવવો હશે?"

"ના ના. તું ઉઘાડ તો ખરી."

"નહીં ઉઘાડું. ચંદુલાલ શેઠ આવે ત્યારે ઉઘાડીશ કે તે સાક્ષી રહે." મણિએ જવાબ આપ્યો. તે જાણતી હતી કે આવો ફજેતો

તુંગભદ્રા કોઇ પણ પ્રકારે રોકવા માગતી હતી; એટલે કદી તેને તો લાવશેજ નહીં; અને લાવશે તો પછી તેના દેખતાં આપેલું વચન પાળશે.

"મણિ ! આટલા દહાડા ખવડાવી પીવડાવી તેનો આ બદલો ? ઠીક ! પડી રહે, હું પાછી બપોરે આવીશ એટલે ખબર પડશે." કહીને તે ચાલી ગઇ.

મણિ સમજી ગઇ કે તેને ભુખે મારી વશ કરવાની તરકીબ થતી હતી. હવે શો ઉપાય કરવો ? તે ભુખે પેટે અને ખિન્ન મને પડી રહી. કૈં રસ્તો સુઝયો નહીં. તે અગાસીમાં ગઇ. ત્યાંથી ભુસ્કો મારવાનો વિચાર થયો. તેણે આજુબાજુ જોયું તો ચારે તરફ પાસેની ચાલોનાં છાપરાં આવી રહ્યાં હતાં. એકદમ એક વિચાર આવ્યો. શા માટે આ છાપરાંઓ ઉપર થઇને નાસી નહીં જવું ? અત્યારની સ્થિતિ હલકામાં હલકી હતી. હમણાં તે હલકામાં હલકા માણસોના આશ્રય નીચે હતી દુનીઆમાંએ શુ સારાં માણસો નહીંજ હોય ? મણિમાં જીવવાની ઉમેદ દુર્જય હતી. તેણે ભુસ્કો મારવાનો વિચાર બંધ રાખ્યો, અને આ છુટવાનો ઉપાય મનમાં રાખી પાછી આવી.

સાંજે પાછાં તુંગભદ્રાએ બારણાં ઠોક્યાં.

"મણિ ! કૈં સાન આવી કે ?"

"ચંદુલાલ શેઠ આવ્યા ?" મણિએ સામો પ્રશ્ન કર્યો.

"શેઠ ને બેઠ કોઇ નથી. તું સીધી રીતે માને છે કે નહીં ? હવે તારી સાથે જબરદસ્તી કરવી પડશે."

"જોરજુલમ કરવા મને લઇ આવ્યાં હતાં કે ?"

"ત્યારે શું તને ધાન ખવડાવવા લાવી હતી ? તારી હાડકી ઘણી કઠણ થઇ છે. તું બહાર નીકળ હુ પોચી કરાવુ."

"બહાર નીકળું તોને ? હું અગાસીમાંથી લોકો ભેગા કરીશ."

"મેં હેઠળ કહી મુક્યું છે કે મારા ઘરમાં એક ગાંડી છોકરી છે, એટલે તે બોલેચાલે તેના પર કૈં ધ્યાન નહીં આપશે."

"એમ ! ત્યારે જુઓ હવે તમને પણ બતલાવું !"

"શું ?"

"મને જોરજુલમે વશ કરવી છે? જોઇએ હવે કોણ જીતે છે."

"ચીબાવલી! મને ડાચાકુટ કરવાની ફુરસદ નથી. નહીં માનતી હોય તો ઉભી રહે. હમણાં સુથાર બોલાવી બારણાં ઉતરાવું છું." કહી તુંગભદ્રા ગઇ.

મણિએ તરત નિશ્ચય કર્યો. તેણે લુગડાંનો કછોટો માર્યો અને અગાસીમાં આવી. તે સુખ ને દુઃખ બધું ભુલી ગઇ. તેને લાગ્યું કે સ્વાતંત્ર્ય તેજ મુક્તિ. તેણે અગાસીની પાગેર પરથી પડોશના છાપરાં પર ભુસ્કો માર્યો.

કેટલીક વારે તુગભદ્રા સુથારને લઇ આવી અને બારણું ઉતારવાની પેરવી કરી. મહામુસ્કેલીએ બારણું ઉતાર્યું પણ ઓરડીમાં કોઇ નહોતું. મણિ નાસી છુટી હતી.

પ્રકરણ ૩ જું

એક ગ્રેજ્યુએટ

મુચકુંદ એક ગ્રેજ્યુએટ હતો.

હીંદુ ગ્રેજ્યુએટ એટલે એક અનુપમ વ્યક્તિ. તેની સ્થિતિ સૃષ્ટિમાં બધાથી ન્યારી, અને અદ્ભુત. તેને કોઇની સહાય નહીં. તેને કોઇની દરકાર નહીં. દુનીઆ તેના તરફ તિરસ્કાર બતાવે; અને તે પોતાના મનોરાજ્યમાં મહાલી દુનીઆને તિરસ્કારે.

એક રીતે ગ્રેજ્યુએટ એટલે ખરાબમાં ખરાબ માણસ. આપણી આદર્શહીન કેળવણીના પૂજકો કહે કે, હીંદુ ગ્રેજ્યુએટમાં મીઠું નથી, નવીનતા નથી; સ્વદેશસેવકો કહે કે, તેનામાં સત્યાગ્રહ નથી; સુધારકો કહે કે, તેનામાં હીંમત નથી; અસલી વિચારના કહે કે, તે વંઠી ગયો છે; રાજ્યકર્તાઓ કહે કે, તે રાજદ્રોહનું ચિંતવન કર્યાં કરે છે; ઓફીસવાળાઓ કહે છે કે, ને એક મોટી પીડા છે; કેટલાક એમ પણ માનતા હશે કે, તેનાથીજ દેશનું દુર્ભાગ્ય છે.

છતાં તે પોતાનુ કામ કર્યે જાય છે ગરીબ માબાપને પેટે અવતરી તે અતિશય મોંઘી કેળવણી લેવાનો પ્રયત્ન કરે છે; પેટે પાટા બાંધી, દુઃખતા માથાને દબાવી તે અરુચિકર કેળવણી લે છે; પોતાની ભાવનાઓમાં અને મનની મજાહોમા ભમ્યા કર્યા છે; લોહીનું પાણી કરી નામની કીંમતનો ખીતાબ મેળવે છે; અને પટાવાળો પણ ભાગ્યે સંતોષાય તેવો પગાર મેળવવા તરફડીઆં મારે છે. ગરીબાઇમાં ઘસાઇ જાય છે, છતાં તે ભાવનાઓ ઉંચી

રાખે છે; પોતે દુઃખી થઇ કુટુંબીઓને ભણાવે છે; ગમે તેવી અભણ સ્ત્રી મળે તોયે તેને નભાવે છે; ગમે તેવાં છોકરાં થાય તોયે સહનશીલતાથી તેમનો ઉદ્ધાર કરવા મથે છે.

તે સ્વાર્થી નથી; પણ સમાજનો ઉદ્ધાર ચાહે છે, ભારતમાતાની ભક્તિમાં તલ્લીન રહે છે. લોકો ધિક્કારે ત્યારે હસે છે; સરકાર દબાવે તોયે આશાવાન રહે છે. તે પોતાને હીંદના ભવિષ્યનો ખજાનચી માને છે.

તે જાતે ઘણી વખત રોગિષ્ટ હોય છે, અશક્ત હોય છે; છતા તેનામાં વડવાનલ છુપાયલો છે. જે અનલે પ્રાચીન ઋષિઓના હૃદયમા રહી આપણી અપુર્વ સંસ્કૃતિને જન્મ આપ્યો, જે અનલે બ્રાહ્મણોની બુદ્ધિમાં સમાઇ આપણા ઇતિહાસકાલના દુઃખમય દિવસોમાં તે સંસ્કૃતિનું સંરક્ષણ કર્યું તે અનલ ગ્રેજ્યુએટ–સ્નાતકમાં છે. હાલનો ગ્રેજ્યુએટ એ પ્રાચીન બ્રાહ્મણોનો અવતાર છે–ભવિષ્યના ઋષિઓનો પુરોગામી છે, આપણી સંસ્કૃતિ અને દેશની આશા છે.

એનું જીવન ઘણુ સાદું હોય છે. તે થોડામાં થોડા પૈસાથી ભણે છે; એક કોટ અને બે ખમીસે કોલેજનાં ચાર વર્ષ કાઢે છે; ઉછીની આણેલી ચોપડીઓથી વિદ્યા મેળવે છે પશ્ચિમ પૈસાદાર છે તેના ગ્રેજ્યુએટો મજાહ મારે છે. તેમની સગવડો બધી સચવાય છે અને આપણા ગ્રેજ્યુએટો તેમને ટક્કર મારે છે. પાશ્ચાત્ય કેળવણીના પૂજકો તેમને ગમે તેટલા પશ્ચિમ સંસ્કારે તરબોળ કરી નાંખે, યુરોપીય સાહિત્યનો અભ્યાસ ગમે તેટલાં અરાષ્ટ્રીય તત્ત્વો તેના સ્વભાવમાં ફુંકે છતાં તે આર્યજ રહેશે. ગરીબાઇને પણ ભાવનામય સંસ્કારે ઉજ્જવલિત કરી તે પોતાના પૂર્વજોનું જીવનરહસ્ય પોતાનામાં સાચવી રાખશે.

મુચકુંદ આ પંક્તિનો હતો. કાંદાવાડીમાં એક કાતરીઉ તે તેનું ભુવન હતુ; એક ત્રણ પગનું ટેબલ અને નેતર વગરની ખુરશી તેના અભ્યાસનૂ સ્થાન હતાં એક ખુણે એક નાની ટ્રંક પડી હતી અને તેના પર તળાઇનૂ પીલ્લું હતું. કાતરીઆને એક નાનું છજું હતું તેમાં એક સ્ટવ અને ચાહન વાસણ પડ્યાં હતાં આ બધી મુચકુંદની અસ્કયામત હતી.

ત્રણ પગની ટેબલ પર એક નાનો હલકો ઘાસતેલનો દીવો બળતો હતો અને મુચકુંદ નીચું ઘાલી વાંચતો હતો અને ધીમેધીમે બબડતો હતો: Culpable homicide is murder."

એટલામાં છજામાં એક ધબાકો થયો. મુચકુંદે ચોપડીમાંથી ઉચું જોયું. છજામાંથી એક સ્ત્રી દોડતી આવી. તે હાફતી હતી. તેણે કછોટો વાળ્યો હતો. મુચકુંદ ખુરસી પરથી ઉભો થઇ ગયો અને બુમ પાડવા જતો હતો પણ અટકયો. નવી આવનાર સ્વરૂપવાન સ્ત્રી હતી દોડવાથી અને હાંફવાથી તેના મોઢા પર રતાશ આવી ગઇ હતી અને મોઢું આકર્ષક ભભક મારી રહ્યું હતુ. તેણે કાછડો માર્યો હતો એટલે અડધી જાંઘથી પગ દેખાતા હતા. મુચકુંદના મનમાં સંસ્કૃત કવિઓ જે ઉપમા આપતા તે સાર્થક લાગી. તે કૈં પુછી શકયો નહીં.

" ભાઇ ! ભાઇ ! બુમ મારશો નહી હું દુઃખની મારી છું."

" તમે આમથી કયાંથી આવ્યાં ? "

" હું નાસી છુટી છું. મને પાપીઓએ કેદ કરી હતી." મણિએ આસપાસ બેસવાની જગ્યા જોતાં કહ્યું; " ઉભા રહો કહું છું."

મુચકુંદે તરતજ એક નાની સેત્રંજી પાથરી આપી. મણિ બેસવા ગઇ એટલે તરત પોતાના કાછડાનું ભાન આવ્યું એટલે લજ્જાથી નીચું જોયું અને કાછડો છોડી નાખ્યો.

" તમારા ઘરમાં કોઇ બીજું નથી ? "

" ના, મારું ઘર આટલુંજ છે " કરી મુચકુંદ હસ્યો.

" ચાલો સારું."

" કેમ ?"

" નહીં તો કોઇ કાઢી મુકત. ભાઇ ! અત્યારે રાતની રાત પડી રહેવા દો. હું નિરાધાર છું. મારે સગું નથી, વહાલું નથી. કહીં જવાની જગ્યા નથી."

" ત્યારે તમે આવ્યાં કયાંથી ?

મણિને કમકમાં આવ્યાં. "મને એક રામજણીએ કેદ કરી હતી."

"એમ ?" મુચકુંદને કૈં સમજ પડી "તેથી તમે નાશી છુટયાં ! શાબ્બાશ ! પછી ?"

"પછી શું ! મારે દુનીઆમાં કોઈ છે નહીં. કાલે સવારે કોઈ ઠેકાણે જવાની ગોઠવણ કરીશ."

"પણ ત્યારે તમે આવ્યાં કયાંથી ?"

"ભાઇ ! હું તો દેશમાં હતી ત્યાંથી રામજણી લઇ આવી."

"ત્યારે તમારાં ભાઇ. બાપ, ધણી કોઇ નથી ?"

' ભાઇ ! ધણી દશ વર્ષની મુકી મરી ગયો; બાપે દીકરી જીવતી બાળી મુકી; આખરે દુ:ખથી થાકી નાસી આવી ઘરની ઉઠી વનમાં ગઇ વનમાં ઉઠી આગ."

"તમે બાળવિધવા છો ?"

"હા !"

"અરરર, શી આપણા લોકોની સ્થિતિ. વારુ, તમારું નામ શું ! જાતે શું છો ?"

"હુ બ્રાહ્મણ છું. મારું નામ મણિ."

"પણ તમારી પાછળ કોઇ શોધ કરે એમ નથી ? હજુ સુધી આમ સ્ત્રીને લોકો રખડવા દે એમ મેં સાંભળ્યુ નથી."

"પણ આજે તો જુઓ છો. પણ ગભરાશો નહીં મારે લીધે તમને કૈં નહીં થાય."

"તેની મને પરવા નથી. તમે કહો તે સાચું હોય તો ભલે રાત રહો."

"ભાઇ ! જુઠું શા માટે કહું ? તમે જોતા નથી કે નહીં તો શું કામ ભટકું ?"

મુચકુંદની માનની લાગણીઓ ઉભરાઇ આવી. નિરાધાર સ્ત્રીને આધાર આપવો એથી વધારે શું ?

"તમે ખાધું છે કે ભુખ્યાં છો ?"

"ગઇ કાલે સવારે નીરાંતે ખાધું હતુ."

"ઠીક ઉભાં રહો. મારી પાસે કૈં હશે. લ્યો." કહી એક તપેલીમાંથી કૈં કાઢી આપ્યું. "આ થોડું દુધ પડ્યું છે. જોઇએ તો ચહા કરી આપું."

"નહીં, હું કરી લઇશ તમે નીરાંતે વાંચો."

મુચકુંદ એટલો ગભરાયલો હતો કે કૈં બોલી શક્યો નહીં. પણ મણિ ઝ્ખડી રઝળી પાવરધી થઇ ગઇ હતી. મણિએ ખાધું, ચહા કરી અને મુચકુંદને આપી. "ઠીક! મણિબ્હેન, હું વીશીમાં જમી આવું. તમારે સારું કૈં લેતો આવીશ."

મુચકુંદ ગયો. મણિ થાકી ગઇ હતી તે જરા આડી પડી.

જ્યારે મુચકુંદ આવ્યો ત્યારે કૈં ખાવાનું લેતો આવ્યો હતો તે મણિએ ખાધું. પછી મુચકુંદ વાંચવા બેઠો પણ કૈં ધ્યાન રહ્યું નહીં એટલે ચોપડીમાં મોઢુ રાખી સુવાની વેત્રણ કેમ કરવી તેનો વિચાર કરવા લાગ્યો. અત્યાર સુધી પારકી સ્ત્રી જોડે સંવાદનો પ્રસંગ એને આવ્યો ન હતો; તેમાં વળી આ તો એકજ ઓરડીમાં સુવાનું. તેણે આમ વિચાર કર્યો પણ કૈં રસ્તો સુજ્યો નહીં. તેનું પથારીનું સાધન જોઇએ તો એક તળાઇ, એક ઉશીકું, એક સેત્રંજી ને એક કામળો. જેમ વખત વધતો ગયો તેમ ગુંચવાડો વધતો ગયો.

જેમ સુવાનો વખત થયો તેમ મણિને પણ એ વિચાર થયો. સામાન્ય રીતે તો તેનો સ્વભાવ સખત અને બેશરમ થઇ ગયો હતો પણ મુચકુંદનુ નિર્મલ મુખ, તેની બુદ્ધિદર્શક આંખો અને તેની નિર્દોષ વાતચીત જોઇ તેણે પણ નિર્દોષતા પ્રાપ્ત કરી હતી. તેને પણ પોતે પોતાના ઘરમાંજ હોય અને મુચકુંદ પોતાનો ભાઇ હોય એવું લાગ્યું તે પણ શરમાવા લાગી; અને તેનો કૈં નિશ્ચય થયો નહીં એટલે અવારનવાર મુચકુંદ તરફ જોવા લાગી. મુચકુંદ પણ થોડીથોડીવારે મણિ તરફ જોતો હતો. હવે શું કરવું? વખત ઘણો ભયંકર આવવા લાગ્યો. મુચકુંદે હેઠળ ઉતરી કોઇ ઓટલે સુઇ રહેવાનો કે કોઇ મિત્રને ત્યાં જવાનો વિચાર કર્યો. બંને ચોરીથી એકબીજા તરફ જોતાં હતાં એવામાં એક વખત બંનેની નજર એક થઇ; બંનેએ એકએકની નજરથી મનમાં શું વિચાર છે તેનો કાસ કલ્પ્યો;

બંનેએ પથારી તરફ જોયું–અને એકદમ ખડખડ હસી પડયાં. મણિ પોતાનું દુઃખ ભુલી ગઇ–તેનું મધુરું, આકર્ષક હાસ્ય ગાજી રહ્યું.

"કેમ કરીશું?" મણિએ પુછ્યું.

"હું પણ એજ વિચાર કરું છું. હું મારા દોસ્તારને ત્યાં જઇ સુઇશ."

"ના. તે કેમ ચાલે?"

"કેમ તેમાં શુ?"

"એક તો મોડું ઘણું થયું છે અને તેમાં હું આવી તમને દુઃખ દઉ તે તો ન બને. હું મારી મેળે છજામાં સુઇશ."

"નારે, હું સુઇશ. મને સુતાં કોઇ મારે છે? તમારાથી સુવાય?"

ક્યાં સુધી રકઝક કરતાં આખરે બંને નિર્ણય પર આવ્યાં અને છજામાં તળાઇ લઇ મુચકુંદે સુવું અને ઓરડીમાં સેત્રંજી ને કામળો લઇ મણિએ સુવું એવો ચુકાદો આવ્યો. બંને સુતાં પણ મુચકુંદને ઉંઘ આવી નહીં. આ સંયોગ એવો વિચિત્ર હતો કે તેની ઉંઘ ચાલી જાય તેમાં નવાઇ જેવું નહોતુ. આવા પ્રસંગો સાહિત્યમાં કયાં આવ્યા હતા અને તેના શું રસ્તા લોકોએ કાઢયા હતા તેનો તેણે વિચાર કરવા માંડયો પણ વિચારપરંપરાનો સવાર સુધી અંત આવ્યો નહીં.

પ્રકરણ ૪ થું

સ્ત્રીસન્માનનાં સૂત્રો

મણિ આખી રાત નીરાંતે ઉંઘી. આવી નીરાંતે ઉંઘવાનું તેને ઘણે દિવસે મળ્યું હતું. જ્યારે તે જાગી ત્યારે મુચકુંદ ઉઠીને નાહીધોઇ પરવારી ગયો હતો અને ગઇ રાતે બાકી રહેલી 'પીનલકોડ'ની કલમનો અભ્યાસ કરી રહ્યો હતો.

"ઓહો ! તમે આટલા વહેલા ઉઠયા ? મને તો રાત ક્યાં ગઇ તે ખબરજ નહીં પડી."

"કેમ એમ ?"

"હુ આજે કેટલા દિવસ થયાં ભાગ્યેજ ઉંઘી છું. ચાલો હું દાતણ કરી ચહા કરી લઉં."

"મેં કરીને પીધી, અને તમારે માટે ઢાંકી છે. મારે ભણાવા જવાનો વખત થાય છે."

મુચકુંદ બે કલાક છોકરાં ભણાવતો, સાત કલાક ઓફીસમાં ગદ્ધાવેતરું કરતો, એક કલાક કાયદાની કોલેજમાં હાજરી આપતો અને પાંચ કલાક વાંચતો; તેમાં કમાતો રુપીઆ પીસતાળીશ. પીસતાળીશમાંથી ૨૦ મોકલતો ઘેર અને ૨૫ માં મુંબઇમાં પોતાની એકલી જીંદગી કાઢતો.

મણિ આ સાંભળી શરમાઇ ગઇ. આવો માણસ તો તેણે આજેજ જોયો કે જેણે અનાશ્રિતને આશ્રય આપ્યો અને વળી તેની સેવા ઉઠાવવા માંડી.

"ભાઇ !" મુચકુંદ જેવો જવા માંડયો એટલે મણિએ કહ્યું: "હું જાઉં તો કુંચી ક્યાં મુકું ?"

" ક્યાં જવાનાં છો ?" પાછા ફરીને મુચકુંદે પુછ્યું.

" કેમ ત્યારે કૈં અહીંઆં રહેવાની છું ?" મણિએ ફીકે મોઢે પુછ્યુ

" પણ ક્યાં જવાનું નક્કી કર્યું ?"

" જ્યાં નસીબ દોરશે ત્યાં વિશ્વ વિશાલ છે."

" એમ તે કૈં ચાલે ?"

" મુચકુંદભાઇ!" મણિની આંખમાં કૃતજ્ઞતાનાં પાણી ભરા આવ્યાં. " એક રાત કોણ હું છું તે પુછ્યા વિના આશરો આપ્યો માટે હું ભવોભવની ઋણી છું. પણ મારાથી કેમ કહેવાય ?"

" પણ જશો ક્યાં ?"

" ગઇ કાલે ક્યાંથી આવી તે તમે ક્યાં પુછ્યું હતું ? હું મારે માર રસ્તો શોધી લઇશ."

મુચકુંદે ડોકું ધુણાવ્યું. " એ કેમ ચાલે ? હા ! તમારે કોઇ સગુ વહાલું હોય તો સુખે જાઓ. પણ અહીંઆંથી જવાની ઉતાવળ શી છે ?

" ભાઇ ! તમે તો દેવના લોક લાગો છો. હું કેવી છું તે પણ તમ જાણતા નથી."

" દરેક સ્ત્રી મારે મન દેવી છે. માત્ર પુરુષજ અધમતાનું કારણ હોય છે. પુરુષ પુજે તો સ્ત્રી દેવીપદ છોડે નહીં."

અનુભવી મણિ ખડખડ હસી. " ભાઇ ! તમે બીનઅનુભવી છો દુનીઆએ આ સૂત્રો સ્વીકાર્યાં નથી અને સ્વીકારશે નહીં. તેમને મન સ્ત્રી એટલે ફુરસદનું રમકડું. પણ જવા દો એ વાત."

" તમે વાદવિવાદ બહુ સારો કરો છો." મુચકુંદે કહ્યું.

" વાત નહીં ઉડાવો. તમને ખબર છે કે મારે પગલે તો ઘેરઘેર આગ લાગે છે."

" હું વહેમી નથી."

" મને ઘરમાં પળવાર રહેવા દેશો તો ખાત્રી થશે. હડખાયા કુતરાની માફક મને ઘેરઘેરથી લોકો હડસેલી મુકે છે."

"હરકત નહીં. આપણા લોકો મૂર્ખ છે. યત્ર નાર્યસ્તુ પૂજ્યંતે રમંતે તત્ર દેવતાઃ"

"એ તો પોથીમાંનું વેંગણ છે. પણ તમે રીતસર વાત કરશો?"

"હા, શી?"

"તમે મને રાખવાનું કહો છો પણ પસ્તાશો.'

"મણિબહેન! વધારે વાત લંબાવ્યે કંઈ વધારે છે? તમે રાતે ઉંઘતાં હતાં, પણ હું જાગતો હતો–વિચાર કરતો હતો. મેં ઘણો વિચાર કર્યો. આખરે એકજ નિશ્ચય પર આવ્યો કે જ્યાં સુધી તમને કોઈ ઠેકાણે નીરાંતે રહેવા મળે નહીં ત્યાં સુધી આ ઘર તમારું છે."

"ભાઈ! મને પણ તમને જોઈ માના જણ્યા ભાઈ જેવું લાગે છે. પણ મને ખાત્રી છે કે હું અહીંઆં બે દિવસ રહીશ કે તમારે માથે વન ઉગશે. લોકોની જીભે તાળાં નહીં મરાય. તમને પાપી દુનીઆનો અનુભવ નથી.

"તમે કેટલાં વર્ષનાં છો કે અનુભવ લઈ પરવારી ગયાં?" મુચકુંદ હસ્યો.

"અનુભવે ગણો, તો અઢીસે. તમારે કોઈ ભાઈ ભાંડુ, માબાપ નથી?"

"બહુએ છે, બધાં દેશમાં છે. અરરર! આ વાતમાં મારે ભણાવવા જવાનો વખત ગયો!"

"ત્યારે શું કામ આ જીદ કરો છો? જુઓ મેં મારો પરચો દેખાડવા માંડ્યો."

"તમને ખબર છે? પહેલાં તો વીરો નિરાધાર નારીઓનાં દુઃખ દળવા દૂર દેશાવર રખડતા. તો આ તો ઘેર બેઠાં ગંગા આવી છે."

"ભાઈ! એવું તો વાતોમાં લખ્યું હશે."

"કેમ?"

"હવે તો વીરત્વ માત્ર સ્ત્રીઓને દુઃખ દેવામાં દેખાય છે."

"તમને બહુ વીત્યું હોય એમ લાગે છે."

" હા ભાઇ ! પણ તમારી સ્ત્રી ક્યાં છે ? "

" હું પરણ્યો નથી. માત્ર વિવાહ થયો છે."

" ત્યારે મારા રહેવાથી શો આક્ષેપ આવશે તેનું તમને ભાન છે ?"

મુચકુંદના અભ્યાસક્રમમાં તે કોઇ ઠેકાણે આવ્યું નહોતું; તેની પોતાની કલ્પનાશક્તિ શુદ્ધ અને સાત્ત્વિક હતી. તે શું સમજે ? તે સરળ રસ્તાનો વિદ્યાર્થી હતો.

" જે આવે તે, આક્ષેપ આવશે તો અનુભવ મળશે એટલુંજ કેની ?"

" અરે મારા ભાઇ ! તમે પરમેશ્વરના લોક છો ! "

મુચકુંદ હસ્યો: " ચાલો ત્યારે હવે તમે જાતે રાંધશો કે હું વીશીમાંથી લઇ આવું ? હમણાં ઓફીસનો વખત થશે."

" ત્યારે હું અહીંઆંજ રહું ? અરે ભગવાન્ ! તેં શું નિર્માયું છે ? "

" ભગવાન્ હાલ બીજા કામમાં છે, એટલે આપણે આપણું ધાર્યું કરીશું."

" ઠીક, અહીંઆં રાંધવાનું કેમ ? "

" મારા બનેવી આવ્યા હતા તે જાતેજ રાંધતા હતા. તે વખતની થોડી સામગ્રી છે."

" ઠીક !" કહી મણિએ આંસુ લુછ્યાં. દુનીઆમાં પહેલેથીજ આવા માણસો મળ્યા હોત તો તેનું ભાગ્ય કેવું ખીલત !

પ્રકરણ ૫ મું

૱૱૱ * ૯૯૯

ધર્મભગિની

મુચકુંદ ઓશીસે ગયો ત્યારે તેનું હૈયું ઉછળતું હતું. એક નિરાધાર સ્ત્રીને આશ્રય આપવો એ વાત ઘણાને હૈયે હર્ષ પુરે, પણ આ તો એકલા, ગરીબ, સ્વાશ્રયી વિદ્યાર્થીનું હૈયું. તેનાં ભાઇભાંડુ બધાં દૂર હતાં; આજે કેટલાંક વર્ષ થયા તેણે કુટુંબીઓનું સુખ નીહાળ્યું નહોતું; ઉચ્ચ વર્ગની કે બુદ્ધિશાળી સ્ત્રી જોડે તેણે સંભાષણ કર્યું નહોતું. અત્યારે એ અપરિચિત વસ્તુઓ પ્રાપ્ત થતાં તેના હૈયામાં કૈં કૈં ઊર્મિઓ આવવા લાગી. એક જાતની લશ્કરી, વૈતરી, જીંદગીમાં રસ ઉતર્યો. તેની બુદ્ધિમાં નવો પ્રકાશ પડયો હોય એમ લાગ્યું.

આપણા સંસારની ઘટનાને લીધે, કે આપણા સ્વભાવના વહેલા થતા પરિપાકને લીધે અઢાર વીસ વર્ષે પુરુષના હૃદયમાં વાત્સલ્યના અંકુરો ફુટે છે, અને જ્યારે કોઇ સ્ત્રી, છોકરાં, કે નિરાધાર સ્ત્રીપુરુષ તેનો આશ્રય કરી રહે છે ત્યારે તેને ચેન પડે છે, તેના બાહુમાં જોર આવે છે, અને તેનામાં સ્વાશ્રયની શક્તિ ખીલે છે. જીવનવૃક્ષમાં જોર આવે છે–પણ જ્યારે વેલીઓ આશ્રય ખોળવા માંડે ત્યારેજ.

આ ઉભરાતું વાત્સલ્ય એ આપણા જીવનમાં ખોડ નથી, પણ તેનું પહેલું રહસ્ય છે. આર્યો ખરા આર્યપુત્રો ત્યારેજ કહેવાય જ્યારે રસઝરતી ગૃહિણીઓ સ્નેહભારે નમી જઇ તેમને તે નામે સંબોધે. મુચકુંદનું જીવન અત્યાર સુધી શુષ્ક હતું. એક નિરાધાર સ્ત્રી

તેનો આધાર લઇ રહી અને એ શુષ્કતા પર અમીવૃષ્ટિ થઇ માતા પિતાને તેણે નાનપણથી છોડયાં હતા, બેનભાઇને લડાવવાનો લહાવો તેણે લીધો નહોતો: મુંબાઇના અઘોર વેરાન જેવો જીવનમાં તે એકલો, મુગે મોઢે જતો હતો. આજે તે વેરાનમાં મણિ મળી. પોતાનુ જીવન તેને રસમય લાગ્યું; ઓફીસમાં શેઠનું કામ જાણે એકદમ રસમય થઇ ગયું હોય એમ લાગ્યું; સાંજના કાયદા શીખવાના વર્ગમાં બીજા છોકરાઓની માફક તે પણ ધ્યાનવિહીન થઇ રહ્યો; ત્યાંથી પાછા ફરતા, કોઇકજ દિવસ ઉપયોગમાં આવતી ટ્રામમાં બેસીને તે ઘેર આવ્યો.

તે ઘેર આવ્યો, અને તેના આત્મામા શાંતિનો વરસાદ વરસ્યો તેની આડીઅવળી પડેલી ચોપડીઓ ટેબલ પર અપરિચિત સૌદર્યથી ગોઠવાઇ ગઇ હતી; સવારે ગમે તેમ ખીંટી પર પડેલા તેનાં કપડામાંથી કેટલાક રીતસર ટીંગાવેલાં હતા, કેટલાકની ઘડી થઇ હતી, અને ઓરડીમાં બધી વસ્તુ પર સૌદર્ય દેવીની આશિષો સ્પષ્ટ દેખાતી હતી. સુખની, શાંતાની લહેરમા મુચકુદને જાણે ઘેન ચઢયું આ અપરિચિત વ્યવસ્થા મોહક લાગી, ગટર આગળ રહેનારો બહારની ખુલ્લી હવાને આદરથી સ્વીકારે તેમ મુચકુંદે આ વ્યવસ્થા સ્વીકારી

" મણિબહેન !" કહી મુચકુંદે બુમ મારી

થોડી વારે છજામાંથી " ઓ " નો જવાબ મળ્યો મુચકુંદ ત્યા ગયો.

" કેમ ભાઇ? કૃત્રિમ હાસ્યથી આદર આપી પોતાની અશ્રુપૂર્ણ આંખોને સુકવવાનો પ્રયત્ન કરતાં મણિએ કહ્યું " આવી પહોંચ્યા ?"

મુચકુંદ પળ બે પળ ગાંભીર્ય સાથે જોઇ રહ્યો હતો તેણે મણિના આંસુને સુકાવાની તક આપી, પછી તે બોલ્યો: " બહેન ! આ શુ ? અહીંઆં નથી ગમતુ ?"

" મુચકુંદભાઇ ! હું શુ કરું ? રડવા સીવાય મારે બીજુ શુ રહ્યુ છે ? તમે મને ઓળખતા નથી તેથી આમ પુછો છો."

" પણ આમ રડયે શો ફાયદો ?"

" ભાઇ ! હું પહેલાં નહોતી રડતી. દુનીઆ મને દુઃખ દેતી અને હુ તેની સામે થઇ હતી, ત્યારે આસુઓ સુકાઇ ગયાં હતાં. તમે સુખ આપ્યું અને તે પાછા વહેવા માંડયાં."

" ત્યારે તો વાંક મારોજ !" જરા હસતાં મુચકુંદે કહ્યું. તેનું હૃદય ખિન્ન થયું.

" ભાઇ ! એમ શું બોલો છો ? તમારે લીધે રડું છું ? નીરાંતે રડવાનો લહાવો પણ કોણ જાણે કેટલે વર્ષે મળ્યો. ચાલો હવે ખાવાની તૈઆરી કરુ ?"

' ઉતાવળ શી છે," મુચકુંદે કહ્યું; " તમારો ઉભરો શમે પછી થઇ રહેશે "

" ભાઇ ! મારા મનમાં એક વાત ઘણી ખટકે છે "

" શી ?"

" હુ અહીઆં તમારે ત્યાં કયા સુધી રહીશ ?"

" જયાં સુધી બીજુ સારું ઠેકાણું નહી મળે ત્યાં સુધી. બહેન ! નકામી આવી વાતથી મને શા માટે દુખવો છો ? તમારા જેવાં આમ ભટકે અને કોઇ આશ્રય નહી આપે ?"

" તમને ખબર છે, હું કોણ છું ?"

" મેં સવારેજ કહ્યુ હતું–દરેક સ્ત્રી મારે મન દેવાગના."

" ભાઇ ! ભાઇ ! એ ખોટી વાત જવા દો. હું અધમ છું, પાપી છુ. અને જો અહીંઆં રહું તો તમને છેતરીને રહીશ નહી."

" પણ મારે સાંભળવુ નથી."

" મારે કેહેવુ છે તેનુ કેમ ?"

" તો તમારી મરજી" કહી મુચકુંદ બેઠો. તે જોઇ શકયો કે મણિ ઘણી અકળાએલી હતી અને પોતાના દબાએલા હૃદયની પીડાઓમાં કોઇને ભાગીઓ કરવા તલસતી હતી.

" તમને ખબર છે કે હું દુનીઆમાં અધમ–કનિષ્ટમાં કનિષ્ટ છું.– બાળ વિધવા" મુચકુંદ ચમકયો.

"ભાઈ ! તમે નરક વીશે સાંભળ્યું હશે–હું તે અનુભવતી. દસ વર્ષે મારે સંસાર પરવાર્યો–મને સાધુડી બનાવવાના પ્રયત્ન શરુ થયા. ક્યાં હું અનાથ બાળા–અને ક્યાં મારા પર વર્તાવાતો કેર ! ભાઈ ! મારુ હૈયુ બુદાઈ ગયું–શરીર કરમાઈ ગયું; પણ જીવવાની, સુખ મેળવવાની આશા ગઈ નહીં."

"તેથીજ બધા વિધવાવિવાહની તરફેણ કરે છે."

"જવા દો એ વિધવા વિવાહની તરફેણ કરનારાઓને એક એવો આવ્યો; અને મને સ્વર્ગની લાલસાએ લોભાવી. મને નરકમાંથી છોડવવાનું ડોળ કરતો એક પાપાચારી મળ્યો. તેણે પરણવાનું વચન આપ્યું હું લોભાઈ. ભાઈ ! હુ પડી" મણિની છાતી ઉછળી આવી; તેની આંખમાંથી ચોધાર આસું ચાલી રહ્યાં.

"બહેન ! ગઈ વાત સંભરી નકામાં શા માટે રડો છો ?"

"ભાઈ ! આટલે વર્ષે તમે મને ઓથ આપી–શા માટે હુ કેવી છું તે નહીં કહુ ? કાલે તમે મને આદરથી નહીં રાખી હોત તો કઠણ હૈયું થયું હતું તે લઈ વીચરત પણ તમારી ભલાઈ જોઈ મારી કઠણતા જતી રહી. ભાઈ ! હુ દયાને લાયક નથી ટુકડા રોટલાની અધિકારી નથી. હું સમાજની ગુનેહગાર–કુલાંગાર–કુલટા–છુ.

મુચકુંદ મુગે મોઢે જોઈ રહ્યો. તેનો દુનીઆનો અનુભવ એટલો થોડો હતો કે તે કૈં વધુ બોલી શક્યો નહીં.

"મને દહાડા રહ્યા જે ચંડાળે છેતરી હતી તે પડખે ઉભોએ ન રહ્યો. બધા ધર્મનો ઢોંગ કરતાં મારી પાસે આવ્યાં. મારા બાળકને ગર્ભમાંથી ડહામવાની તરકીબો કાઢી કોઈએ કુવો દેખાડયો, કોઈએ વિષ દેખાડયું, કોઈએ ગર્ભપાત સુચવ્યો. છેલ્લે સુધી હુ લઢી" કહી મણિએ આંસુ લુછ્યાં.

"પછી ?" આતુરતાથી, શું થયું તે જાણવાની ઇચ્છાથી મુચકુંદે પુછ્યું.

"હું લઢી મારા બાળક માટે ઘરબાર છોડી ચાલી ગઇ. મારી સુરેખા આવી અને તેને પરઘેર સોંપી હું ભટકતી થઇ."

"અરે રામ રામ ! આ આપણા સંસારની ખુબી. સુધારો કરવાનું કહીએ છીએ પણ કોઇ માનતું નથી." રાનડે અને તેલંગનાં ભાષણથી ભરપુર મગજનો મુચકુંદ બોલ્યો.

"તમારો સુધારો !" સિંહણ જેમ બરાડો મારે તેમ બરાડો મારતાં મણિએ કહ્યું. તેની આંખમાં અજબ ઝનુન આવ્યું. "ભાઇ ! હું ભટકી, હું તમારા ધર્મધુર્તો પાસે ગઇ; તમારા સંસારસુધારકો પાસે ગઇ. બધાને વીનવ્યા બધાના હૃદયો જોયાં તમારા સંસારના સડાઓ દૂર કરવાનો ઢોંગ લઇ બેઠેલાઓએ મને વધારે બાળી–વધારે ભટકતી કરી. જુના અને નવા બન્ને પંથના સમાજવૈદો જોયા;–બંનેની દવા લેવા કરતાં રોગે મરવું વધારે સારું લાગ્યું."

"શું કહો છો ?"

"સાચું. બધાઓ મારા નિરાધારપણાને લીધે લલચાયા. માત્ર મારો ટેક હું જીવથી જાળવી શકી, અને જો અધમ રામજણી ન હોત તો મારુ કોણ જાણે શુએ થાત !"

"પછી ?"

"પછી હું તેની જોડે નાઠી; તેને ત્યાં થોડો વખત રહી. પણ મારુ રૂપ નડયું. તેણે મને વેચવાનો વિચાર કર્યો. મારી દૃઢતા અડગ હતી. એક વખત એ લોભમાં લોભાઇ હતી–ફરી મારે એ અખતરો કરવો નહોતો."

"ત્યાંથી છુટી ક્યાં ગયાં ?"

"અહીંઆં આવી. ભાઇ ! આ મારું જીવન. હું સારા ઘરમાં પગ મુકવા લાયક નથી. માટે મારું માનો તો વેળાસર કોઇ ઠેકાણે મારી ગોઠવણ કરો. મારામાં ભકિત કરવા જેટલો વૈરાગ્ય નથી. અને સારા ઘરમાં વસવા જેટલો સદાચાર નથી."

"ત્યારે ક્યાં જશો?"

"ગમે ત્યાં મને ગાતાં થોડું આવડે છે—કોઇ ઠેકાણે મહેતી થઇ રહીશ."

"બહેન! તમને કોઇ ભાઇ હતો?"

"ના."

"ધારો કે હોય—તમારી માનો જણ્યો ભાઇ- જેની જોડે બાલપણમા રમ્યાં હો, કુદ્યાં હો એવો. અને તમારી આ અવસ્થામાં તમને તે બોલાવે—પોતાને ત્યાં રાખે. તો શું તે ભાઇની ઇચ્છાનો અનાદર કરો?"

"દુનીઆમા મારે માટે સ્નેહ અને સંબંધ નથી સરજાયાં" મણિએ કહ્યું.

"કોણ કહે છે? ધારો કે એ ભાઇ પોતાની બાલસખી બહેનને સ્નેહથી પુજ[illegible]ય, તે[illegible] માટે ઝખતો હોય અને તે તમને કહે કે બહેન આ ઘર તમારુ છે; એક જનનીનાં આપણે બે બાળક છીએ, એક ઉદરથી જેમ સાથે નીસર્યા તેમ સાથેસાથે સંચરીશુ. તો તમે શુ કહો?"

"તો હુ કહું કે ભાઇ! તારા પવિત્ર આત્માને કલંકિત કરવા કરતાં મને મરવું વધારે વહાલું છે. મુચકુદભાઇ! તમારું વાક્ચાતુર્ય હું સમજુ છું, પણ મને ઓશીઆળો રોટલો પચતો નથી."

"ભાઇનો રોટલો ઓશીઆળો કહેવાય નહીં"

"ભાઇ! ભાઇ! શીદ ઉપકારના ભારે મારો છો? હું તમારી મહેર-બાની કેટલી છે તે જાણુ છું. પણ તમે મારી આજીવિકાનું કૈં સાધન ખોળી આપવાનુ વચન આપો તોજ રહું."

"ઠીક! એમ જીદ હોય તો એમ, પણ હમણા તો રહો." ખિન્ન વદને મુચકુંદે કહ્યુ અને તે ઉઠયો તરત મણિને કૈં વિચારો આવ્યા અને તે પાસે આવી.

"ભાઇ! એક વાત. હું વિચિત્ર છું. મારો સ્વભાવ સ્વચ્છંદી છે; હું ગમે તેમ બકી જાઉ છું. તમને ખોટું લાગે તો ક્ષમા કરજો."

"આ વાતજ હવે જવા દો. તમે રહો. હું તમને સ્વાતંત્ર્યનું સાધન કરી આપીશ, પણ ત્યાં સુધી હું ભાઇ અને તમે મારાં બહેન !"

"ત્યા સુધી ? ના" મણિએ જવાબ દીધો ને આસુ સર્યાં.

* * *

મુચકુંદ અને મણિ જાણે સગાં ભાઇબહેન હોય તેમ રહેવા લાગ્યાં. મુચકુંદ વધારે ઉત્સાહથી ભણવા લાગ્યો. તેના શેઠ મ્યુનીસીપાલીટીના સભ્ય હતા અને તેની મહેરબાનીથી નીશાળ ખાતામાં નોકરી મેળવવા તેણે પ્રયત્ન કર્યો મણિના સદ્ભાગ્યે તે સફળ થયો

મણિ ત્રીસ રુપીયાની મહેતી થઇ અને એક મહીનો એમ ચાલ્યો ગયો.

પ્રકરણ ૬ ઠ્ઠું

વેંતનું વાદળ

એક મહીનામાં મુચકુંદ અને મણિ બન્ને જણ એકમેકના સ્વભાવથી વધારે વાકેફ થયાં, એકબીજાની રીતભાત વધારે સારી રીતે પારખી શક્યાં. આટલા અનુભવ છતાં મણિને આવો સરળ છતાં વિદ્વાન, આવો બુદ્ધિશાળી છતાં નિર્દોષ નર મળ્યો નહોતો. તે ઘડીમાં તેની બુદ્ધિથી મહાત થતી, ઘડીમાં તેની ભલમનસાઇ પર હસતી. સદાએ તેને રીઝવવા પ્રયત્ન કરતી, અને ઘણી વખત તેને કેટલાક કામોમ પ્રોત્સાહિત કરતી. મુચકુંદને પણ જુદાજુદાજ અનુભવો થવા લાગ્યા. તેને ઘરનો. નીરાંતનો અનુભવ થયો. સ્વચ્છ ગોઠવેલાં લુગડાં હારદોર ચોપડીઓ, અને રસમય ખાવાનાથી તેની નાની ઓરડીમા તેને સ્વર્ગસમી શાતા આવી લાગી. તેને કદી કોઇ સ્ત્રીનો ઝાઝો સમાગમ થયો નહોતો; હવે તેને દરરોજ એક તેજસ્વી યુવતી સ્મિતસ્નાનથી નવરાવતી. મણિની બાહોશી, તેનું બુદ્ધિબળ, તેની સચોટ ભાષા તેને ઢીંગ બનાવતાં. તે દરરોજ હસતો, અને હોંશથી પોતાને કામે જતો.

સ્ત્રીના હાસ્યથી જો નીશો ચઢે તો કયો નરપુંગવ માતેલો થઇ ફરતો નથી? માતાના, બ્હેનના, સ્ત્રીના, પુત્રીના લાડે કોણ ફાટતો નથી? કોણ સૃષ્ટિમાં પોતાને શ્રેષ્ઠ ગણતો નથી? જ્યારે એ લાડનો પારસમણિ પથ્થર બની રહે ત્યારેજ નરપુંગવ ગરીબડો ગાય થઇ જાય–નીચું મોઢું કરી ઓશીઆળું ખાઇ, નિરાધારી પ્રાપ્ત કરે.

પણ મણિના માથા પર ભમતી પનોતી તેને છોડે એમ નહોતું. મુચકુંદ એકલો હતો તેનો બેકલો એકદમ કેમ થયો તેની પાડોશીઓને સમજ પડી નહીં. મણિનું સ્વરૂપ એવું હતું કે જે કોઇ તેને જોતું તેને પુછપરછ કરવાનું મન થતું આ કારણોથી નીચે રહેતા આડોશી-પડોશીઓ મુચકુંદનું નામ પુરું જાણતા નહોતા છતાં તેના જીવનમાં રસ લેવા લાગ્યા, અને અનેક તુક્કાઓ ઉઠાવવા લાગ્યા.

મુચકુંદને દુનીઆની દયાળુતાનો લાંબો અનુભવ હોવાથી તેને એમ નહીં લાગ્યુ કે આમ નિર્દોષપણે રહેવામાં કોઇ પણ જાતનો વાંધો હોય. તેને આ જીવનમાં કૈં પણ કલંકરૂપ કે કૈં પણ સંતાડવા જેવુ જણાયું નહીં.

એક દિવસ રવિવારે તે છજામાં ઉભો હતો, થોડેક દૂર મણિ ઉભી હતી. સામે આજુબાજુ આવેલાં છાપરાઓની હાર જોઇ તેઓ પોતાના મનમાં મોજ માનતાં હતાં.

નીચેથી બે મુચકુંદના ઓળખીતા પસાર થતા હતા. એક જણે ઉંચુ જોયું.

" ગમનલાલ ! આતો આપણો મુચકુંદ પંડયો કે ?"

" હા !" ધીરજલાલે ઉંચું જોઇ કહ્યું. " આપણો ફેલો. અલ્યા આ તો ઉસ્તાદ છે ? આ સાથે કોણ ? આવી બૈરી કયાંથી લાવ્યો ?"

" બૈરી શાની ! એ હજુ પરણ્યો કયાં છે ? ગઇ 'વેકશન'માં એનો બાપ મળ્યો, તે તો હજુ પરણવાની વાત કરતો હતો અને એટલામાં વહુ આટલી વધી ગઇ !"

" ત્યારે એ કોને ઉપાડી લાવ્યો છે "

" કોણ જાણે, છે મીંઢાચોર. કૈં કોઇ મહોકાણો હશે. મને લાગે છે કે ભાઇસાહેબે ભાડુતી ઘર કરવા માંડયું છે."

" એમ ? ત્યારે તો ખાત્રી કરવી જોઇએ." અને પાદપૂર્તિ કરવા ધીરજલાલે પણ કલ્પનાશક્તિ દોડાવી થોડું ઉમેર્યું; " મેં પણ સાંભળ્યું હતું ખરું. પણ મુચકુંદ આવો હોય તે કોણ માને ? મને કોઇ એમ પણ કહેતું હતું કે એને તો એક બે છોકરાં પણ છે."

" ઓત્તારી ! ત્યારે તો તપાસ કરવી જોઇએ. ચાલ એક કામ કરીએ. હમણાંજ ઉપર જઇએ. હું થઇ જાઉં માંદો; અને તું ઉપર મને લઇ જા."

" પણ તું માંદો હોય તો આમ ફરવા કેમ નીકળે ?"

" અરે કહેજેને કે પેટમાં ચુંક થઇ. કોણ જોવા જવાનો હતો ? ચાલ " કહી ગમન આગળ થયો અને તે ઉપર ચઢયા.

" પંડયા ! પંડયા ! ઓ પંડયા !" કહી ધીરજલાલે બુમ મારી.

" કેમ છે ?" બારણું ઉઘાડી મુચકુંદ બોલ્યો.

" અરે આ ગમન મરવા પડયો છે."

" હેં ! શું થયું છે ?" કહી મુચકુંદે આવકાર દીધો.

" અરે, ઓ–ઓઓ–" ગમનલાલે જવાબ દીધો. " આ ચુંક. જીવલેણ છે તો. આ હમણાં થઇ આવી. ઓ જરાક સુવા દે. ઓ. માફ કરજે. તને–ઓ–ઓ–ઓ" ગમન ભોંય પર સુઇ ગયો. મુચકુંદ ગભરાયો " ધીરજલાલ ! આપણે ડાકટરને બોલાવીએ !"

" ઉહુંહું " ગમન આરડયો. તેણે ચારે તરફ નજર નાખી પણ કોઇ દેખાયું નહીં, કારણ કે મણિ છજામાંથી નીકળી નહોતી " એ તો મને ઘણી વખત થાય છે. હમણાં જતું રહેશે. દોસ્ત હેઠળથી ચહા લઇ આવની. ટપ દઇને મટી જશે ઓ ઓ–"

ધીરજલાલ સમજ્યો; તેણે ચારે બાજુ જોયુ. "અરે લાવની આ પેલો સ્ટવ પડયો."

" અરે હારે " મુચકુંદે કહ્યુ. " હમણાં આપણે બધાજ પીએ." કહી તે છજામાં ગયો ને મણિને પુછયું કે દુધ છે કે નહીં. તેણે હા પાડી અને તે સ્ટવ ચેતાવવા ગઇ.

સાદડી પરથી અવાજ આવ્યો " ઓ–ધીરજલાલ ઓ—"

મુચકુંદ બીચારો સારવારમાં રોકાયો.

" મીસીસ પંડયાને તસ્દી આપીએ છીએ તે માફ કરજો હોં." ધીરજલાલે ઉમેર્યું. મુચકુંદ લાલપીળો થઇ ગયો; પણ મિત્રો બીચારા શું જાણે ?

"એ તો મારી બેન છે !" તેણે જવાબ દીધો.

"અરે ! દીલગીર છું, માફ કરજે. તેમને નકામી તસ્દી આપીએ છીએ."

"એમાં શું."

"ગમનની ચુંક જરાજરા નરમ પડવા લાગી છે." ધીરજે કહ્યું.

"હા ! જરાક નરમ છે, પણ એનું કે કહેવાય નહીં. એ . એ ...અરે !" ચહા લેવા મુચકુંદ ગયો એટલે ગમને એક આંખ મીચી.

"બન્યા !" ધીરેથી ધીરજે કહ્યું.

"કૃપાળ !"

"કેમ ?"

"એને આટલી મોટી બહેન જ કયાં છે ?"

"સમજ્યો."

મુચકુંદ આવ્યો: અને એ વાત પુરી થઇ. બધાએ ચહા પીધી.

"પ્રાણશંકર પંડયા કેમ છે ?"

"સારા છે, હમણાંજ કાગળ આવ્યો હતો."

"બધાં ઘેર ખુશી આનંદમાં છે ?"

"હા ! તારી ચુંક કેમ છે ?"

"હવે જરા ઠીક લાગે છે. ધીરજ ! ચાલ હવે ચલાશે. નીચેથી ગાડી કરી લઇશુ."

"ના ના, હજુ બેસવુ હોય તો બેસોની."

"ના હવે જઇશું."

બંને દોસ્તદાર બહાર નીકળ્યા. હેઠળ શોભાને ખાતર ગાડી કરી ને જેવી ગાડી ચાલી એટલે ગમન ખડખડ હસી પડયો.

"દોસ્ત ! હવે જોઇ લે મજાહ. ચોર ડાહ્યો થઇને મોટી લાંબી લાંબી વાતો કરતો હતો તે !" કહી તેણે ગાડી થોભાવી, ચાર આના આપી વીદાય કરી. પાસે આવેલી ટપાલઓફીસમાં પછી બંને જણા ગયા અને ગમને એક કાર્ડ વાંકેચુંકે અક્ષરે લખ્યો અને ધીરજલાલને દેખાડયો

બંને પેટ પકડી ખુબ હસ્યા, અને કાગળ ટપાલની પેટીમાં નાખ્યો.

*　　　*　　　*

આ ગંમતના કારણરુપ નિર્દોષ બે જણાં—મણિ અને મુચકુંદ અજાણ-પણે સુખ માનવા લાગ્યાં. વ્યોમમાં એક વેંતનું વાદળ આવ્યું હતુ. તેમાંથી તોફાન નીપજવાનુંજ બાકી રહ્યું હતું.

પ્રકરણ ૭ મું

પ્રાણશંકર પંડયા

પાણું પંડયા ઓટલા પર બેસી સંહિતાનો પાઠ કરતા હતા.

ગામલોક તેને પાણું પંડયાને નામે ઓળખતા; એમનું ખરું નામ પ્રાણશંકર હતુ એમનો કહેવાતો ધંધો ગોરપદાનો હતો; અને તેને પરિણામે સહકુટુંબ સુખમાં રહેવાનાં સાધનો યજમાન રાજાઓની કૃપાથી તેમને મળ્યા કરતાં. એમનો ખરો દાવો પટલાઇનો હતો. પોતાની ન્યાતના એ પટેલ હતા. પટેલ તલાટી વશ રાખતા હોવાથી, ગામમાં પટેલ થઇ રહેતા. થોડી ઘણી વિદ્વત્તાથી, અને યજમાનોની મહેરબાનીથી તેમનાં ઘરોમાં પણ પટલાઇ ચલાવવાનો તેમને અધિકાર મળતો જાતે મુત્સદ્દી હોવાનું અભિમાન ધરાવતા, અને રોફદાર સીનો, મોટો ઘાંટો, ભૂદેવ તરીકેનો ગર્વ વગેરે અનેક તત્ત્વોથી તેમનો દોર એવો પડતો કે અભિમાન સકારણ લાગ્યા વિના રહેતું નહીં.

એમના ગામમાં હજુ પાશ્ચાત્ય સુધારો પેઠો નહતો; એટલે વચ્ચેના ફળીઆમાં ઓટલા પર પાણું પંડયા બેસે ત્યારે કોઇ મરદની મગદુર નહીં કે નમસ્કાર કર્યા વિના જાય; અને કોઇ સ્ત્રીની હીંમત નહીં કે તે રસ્તે થઇને જાય. આખા ગામના એકેએક માણસને તે ઓળખતા, તેમનો ઇતિહાસ જાણતા, તેમને સારે રસ્તે દોરવતા, અને પોતાનો કાબુ જમાવતા. દરેક ગામમાં આવા પંડયા જડે છે.

પાશ્ચાત્ય વિદ્યાના પારંગતો એમને બ્રાહ્મણોની આપખુદીના એક નમુના તરીકે દર્શાવે છે; આપણા સુધારકો બધો દોષ એમને માથે મુકે છે; આપણા

ઉછરતા જુવાનીઆઓ એમનો જડમુળથી નાશ કરવા મથે છે અને આપખુદી, બદદાનતના, ખાઇ પી માતેલા, દેશના કલંકરુપોથી શરમાતા હોય તેમ આવા પાણુ પંડયાઓ વીશે વાત કરે છે.

આ શુ ખરી વાત છે ? આવાં કલંકો આમ અમરત્વ પામી દેશમા કેમ જડમુળ ઘાલી બેઠા હશે ? હાલના જમાનાને પશ્ચિમને કાટલે જોખતા તેઓ કેવા દેખાય છે ? હાલ આપણે આપણી આંખે આ વર્ગની કીમત આંકી શકતા નથી, એ આપણી મુર્ખાઇ છે પારકા લોકો જે કીમત આંકે તે કીમતે આપણે બધું લેવા માગીએ છીએ; આ બુદ્ધિનાશની શરુઆત

હાલના પાણું પડયાઓ અજ્ઞાન, મૂર્ખ. દભી છે એમ કહેવામા આવે છે અજ્ઞાન, કારણ કે એ કોલેજોમા ભણ્યા નથી પણ આપણી કોલેજો આજકાલની છે, તેની કેળવણી નથી રાષ્ટ્રીય કે નથી સપૂર્ણ, એમનો વિસ્તાર હજી આપણા દેશસમુદ્રના થોડા ઘણા બિંદુ સુધીજ પહોચ્યો છે. પંડયાઓને કોલેજમા શીખવો–તે થશે રાનડે, મદનમોહન, સુરેંદ્રનાથ; અને તે કોલેજમા નહોતા ભણ્યા ત્યારે પણ તેમણે શું નથી કર્યું ?

એ ભૂદેવોએ ભૂતકાલમાં આર્ય સંસ્કૃતિ વધારી; સસ્કૃત ભાષા અને રીતિઓ દેશના નાનાંમાં નાના ગામડાંઓમા લઇ જઇ આટલા મોટા ખડને રાષ્ટ્રીય એકતા આપી; મહાભારત અને રામાયણની કથાઓ ઠેરઠેર પ્રસારી દેશના આદર્શો મહા દુ:ખના પ્રસંગોમા પણ સતેજ રાખ્યા, શાસ્ત્ર અને સસ્કારની કેળવણી આપી; લોકોને અનીતિથી, દારુથી, અધમતામાથી ઉગારી આજે પણ તેમના આદર્શો ઉચ્ચ રાખ્યા. અને આ સેવા સાટે શું મેળવ્યું ? માત્ર એક મુઠ્ઠી ચોખા, એક પૈસો ને એક સોપારી.

કયા દેશમાં દીઠો છે આવો શતક પરંપરાથી ચાલ્યો આવતો ભગીરથ, એકનિષ્ઠ પ્રયત્ન ? કઇ પ્રજામાં જોયો છે આટલાઆટલા પરદેશી હુમલા છતાં ઉચ્ચ વર્ગમાં આવો આત્મત્યાગ, આટલી સેવા !

પણ પાણું પંડયા પોતાની આમ કીંમત અંકાતી હશે તેનો ખ્યાલ વગર સંહિતા વાંચી રહ્યા. જુવાનીમાં કાશી જઇ તે શીખ્યા હતા; આજ સાઠ વર્ષે તે સંહિતા તેમની સહચરી હતી.

ગૌરીશંકર ગોટલીને નામે ઓળખાતો ગામનો જુવાન જોશી, જરા શરીરે ટુંકો, જાડો અને કાળો હોઇ આ ઉપનામ મેળવવા ભાગ્યશાળી થયો હતો, એ ત્યાંથી ચાલ્યો જતો હતો. પંડયાજીનો પાઠ તુટયો.

"ગોટલી, આમ આવ આમ !" તેમણે બુમ પાડી.

ગૌરીશંકર અને પંડયાજીને જરા ખડાખાસ્તું હતુ. પંડયાજી વૃદ્ધ પક્ષના નેતા હતા; સત્તા મેળવવાનો આકાંક્ષી જોશી નવા પક્ષને પ્રમુખપદે હતો

"ઓહો ! પંડયાજી ! કેમ છો ? નમસ્કાર !"

"કેમ અલ્યા ! તુ ઘણોજ ફાટયો છે કે ?" કહી પોતાની પ્રચંડ ફુંડ પરથી પરસેવો લુછતાં પંડયાજીએ પોકાર કર્યો "પેલા રામશંકર ત્રવાડીના છોકરાને ન્યાતમાં લેવા મથે છે કે ? હેં, મે તને શું કહ્યું હતુ ?"

"પંડયાજી ! કોણ કહે છે ?"

"કોણ શું ? કે હું છેતરાઇશ ?" કહી પંડયાજીએ ડોળા કાઢયા "એ વિદેશ જઇ આવેલો, ગમે તે ખાઇપીને રખડી આવેલો તેને ન્યાતમાં લેવાય ?"

"પણ, કહે છે કોણ ? પંડયાજી ! જ્યા તમારો બોલ ત્યાં મારું માથું તમારી પાછળ અમે !" ગોટલીએ કહ્યુ

"શાસ્ત્ર ચોખ્ખું કહે છે જે પરદેશગમનનું પ્રાયશ્ચિત્ત છેજ નહીં"

"વાસ્તવિક છે મહારાજ ! પણ "

"પણ શું ? મે સાંભળ્યુ કે તુ કહેતો હતો કે ન્યાત તો ગંગાનો પ્રવાહ છે."

"છે તો ખરોસ્તો. પંડયાજી ! જેમ દક્ષિણા."

"દક્ષિણા દક્ષિણા શુ ? આ નરદેહ એક વખત વટલે, પછી ભવોભવ નરકના અધિકારી ! ભાઇ ! હું મરું પછી કરજો જે કરવુ હોય તે ! આપણા નવ ગામની ન્યાત કયારે મળે છે ?"

"ન્યાતના પટેલ તમેજ છોની. બોલાવો ભરડાને."

"હા ! આજેજ. પણ સાવધાન ! તું લપ્પનછપ્પન મા કુરુ હાં કે." કહી પંડયાજીએ ગોટલીને ચેતવ્યો.

ગોટલી નમસ્કાર કરી વીદાય થયો. તે હીંગુજીના મનમાં પંડયા પર દ્વેષ દિનપ્રતિદિન વધતો જતો હતો; અને કોઇ પણ પ્રકારે તેમની સત્તા તોડવાનો વિચાર તે કરતો હતો

પંડયાજીએ પાછી પોથીમાં નજર નાંખી એટલામાં લાકડી ઠોકતો ટપાલવળો આવ્યો.

" પંડયોજી! રોમ રોમ. "

" કેમ કાગળ છે કે ?"

" ઓવે મહારાજ! એક ક્યાટ છે જોણું ભાઇનો હોયે, મમ્માટથી સે તે. "

" લાવ જેઉ " કરી પંડયાજીએ કાગળ લીધો અને વાંચવા માંડયો.

" કે ભાઇ હારો સેને?" ટપાલીએ પુછ્યું, પણ પંડયાજી સામે જોતા તો તેના ડોળા ચક્કર ચક્કર ફરતા જોયા. તેના હોઠ કાગળની સામે ભીડાએલા જોયા. ટપાલી ગભરાયો, અને સવાલોનો જવાબ મેળવ્યા વિના ચાલ્યો ગયો.

કાગળમાં પંડયાજીએ નીચે પ્રમાણે વાંચ્યું:—

મહેરબાન રાજેશ્રી પંડિતવર્ય પડયાજી! આપ જાણતા હશો કે તમારો દીકરો વિદ્યાભ્યાસ કરે છે પણ એ ભાઈસાહેબે અહીંઆ લગ્ન પણ કર્યું છે ને તાબડધીન્ના કરે છે એમ કહેવાય છે કે એક બે છોકરા પણ થયા છે એટલે પુનરકમાથી તમે તરવાના એ ચોકક્સ

લી૦

રામજી સામજી ભટ્ટાચોર

પંડયાજીને ક્યાં સુધી કૈં સમજ નહીં પડી, પછી કૈં સમજ પડતાં તેમનો ઉગ્ર સ્વભાવ છેક હાથથી ગયો. થોડીવાર તેમણે વિચાર કર્યો અને ધીમે-ધીમે કાગળ ફાડી નાખ્યો.

પંડયાજી ઘરમાં ઉતાવળા આવ્યા અને મોટા દીકરા પર ગુસ્સો આવ્યો હતો તેથી એક બે નાનાં છોકરાંને તમાચા ચોઢી કાઢયા. એટલામા એમનાં નવાં ધણીઆણી બહાર આવ્યાં

"કેમ આજે કૈં ઘણો ગુસ્સો ચઢયો છે? આ બીચારાને રડાવો છો કેમ?"

"તારું માથું ફોડવા. તું તારું કામ કર!" ડાહી ડોળા તતડાવી ગરીબ ગાય જેવી થઇ રહેલી સ્ત્રીને શાંત કરી

"કોણ પુરાણી મહારાજ! નમસ્કાર." કહી એક લાંબો, ટુંકીશી પોતડી અને લાંબીશી શિખાવાળો, ત્રિપુંડથી વિરાજિત કપાળ પરથી મહા-ભક્ત લાગતો બ્રાહ્મણ દાખલ થયો.

"પંડયાજી! આ શું? મારું ને તમારું બંનેનુ નામ બોળ્યું."

"કોણ? શું છે?" આ ક્યાંથી સમજ્યો તે ન સમજ પડતાં પંડયાજીએ પુછ્યું.

"તમારો દીકરો, ને મારો જમાઇ. કૃષ્ણનટેશ્વરમાં બધા વાત કરતાં હતાં કે તેણે તો મુસલમાની રાખી છે ને બે છોકરા છે. ને તમે તો લગ્નની વાત કરો છો?"

"કોણે કહ્યું? કયો ચાંડાલ–પાપાચારી–મારી પશ્ચાત્ આવાઅવા શુબનો કાઢે છે!"

"અરે ખરી વાત છે. ચોક્કસ, મુંબાઇથી ખબર આવી છે. ડોસા! મેં પહેલાંથી નહોતું કહ્યું કે છોકરાને પાશ્ચાત્ય ગોડદેમીઉં ના શીખવો! પણ તમને ક્યાં કોઇની પરવા છે? લ્યો લેતા જાઓ."

"અરે પુરાણીજી! એ સર્વે ગપાષ્ટકે વિનિયોગઃ છે. તમે નીરાંતે રહો. ક્યા ચાંડાલની ધૃષ્ટતા છે.–"

" અરે ધૃષ્ટતા શું પંડ્યાજી ! આ હમણાં બધા તમારે ત્યાં આવે છે. છોકરે અવધી કરી. કૈં ન્યાત મેળવવાનો ચગોવગો થાય છે. અને એમ હોય હોય તો આપણે બે બાળમિત્ર ખરા પણ મારી છોકરી કુપાત્રને નહીં આપું."

" અરે શું વદો છો પુરાણીજી ! એ બધા નરપિશાચો છે. બધાને હુ પુરો પડીશ. કોણ ન્યાત બોલાવે છે જોઉં તો ખરો. ન્યાતનો પટેલ તો હું છું."

" પણ તેથી કૈં ચાલવાનુ છે ?"

" ના, પણ હુંજ તપાસ કરીશ. મારો પુત્ર જો અધમાવસ્થામ્ આગત તો તેની ચોટલી પકડી ન્યાતબહાર વિસર્જયેત્."

" કુષ્ટનષ્ટેશ્વરમાં બધા બેઠા છે તે હમણાં જપ પુરો થતાં આવશે. હુ પણ માનતો નથી કે તમારો પુત્ર આવો હોય !"

" અરે હોય શું ? ચીરી નાખું કુલાંગારને" કહી પંડયાજીએ પુરાણીને વળાવ્યા.

" ગોરાણી !"

" કેમ ?" કહી ગોરાણી બહાર આવ્યાં.

" બે પળમાં આહારની તૈઆરી કરો."

" કેમ શું ઉતાવળ આવી છે ?"

" પર્યટન કરવુ છે. બપોરે આગગાડી આવે છે."

" ક્યાં જાઓ છો ? ક્યાં પણ એટલામાં ?"

" ગુપ્ત રાખજે. મુબાઇ. યજમાનરાજનો પત્ર આવ્યો છે, ત્યાં શ્રચ્ચંડી શરુ થઈ ગઇ છે; મારી ખાસ જરુર છે."

ગોરાણી વિસ્મય પામ્યા; પુરાણી જોડે થએલી વાત થોડી ઘણી સાંભળી હતી પણ પંડયાજીની મરજીવિરુદ્ધ તેમના વિચાર જાણી જવા એ મોટો ગુનોહ હોવાથી તેમણે મુગે મોઢે તૈઆરી કરવા માંડી.

પ્રકરણ ૮ મું

પુત્રને ત્યાં

પાણું પંડયા ચર્નીરોડને સ્ટેશને ઉતરી, મહા મુશ્કેલીએ કાંદાવાડી ખોળતા આખરે મુચકુંદના ઘર આગળ આવી પહોંચ્યા. તે મુંબાઇ પહેલ વહેલા આવ્યા હતા એટલે આટલાં ઉંચા ઘર, અને આટલી ભીડવાળા રસ્તા જોઇ, કોઇ બીજા પર ક્રોધ કાઢવાને અશક્ત હોવાથી મુચકુંદને ગાળો આપવા લાગ્યા. પોતાના કપુત ઉપર તેમને ઝાંઝ ચઢી હતી, અને જાણે મુંબાઇ આવું ખરાબ બનાવવાની પણ જોખમદારી તેનીજ હોય તેમ તે ઝાંઝ ડગલેડગલે વધતી જતી હતી.

"અત્યારે છોકરા! આના કરતાં વાંઝીઆ મરવુ સારુ" કહી પંડયાજી માળો પુછવા લાગ્યા. ત્રણ ચાર જણને પુછતાં માળો જડયો, ને બીજા પાંચને પુછ્યું ત્યારે મુચકુંદ કયાં રહે છે તે જડયું. તે ઉપર ચઢયા અને જાણે સાંકળના ખખડાટથી મુચકુંદનું જડબુંજ ભાંગી નાખતા હોય એટલા જોરથી સાંકળ ખખડાવી.

ધીમેથી બારણું ઉઘડયું. મણિનું રુપાળું, તેજસ્વી મોઢું બારણાની ફાટમાંથી નીકળ્યું.

"કોનું કામ છે, ભાઇ?"

"કોનું શું? આ કોનું ઘર છે મુચકુંદ પંડયાનું કે કોઇ બીજાનું?" હાંફતાહાંફતાં સરોષ પાણું પંડયા બોલ્યા.

"ના, એમનુંજ! પધારો. મુચકુંદભાઇ ભણવા ગયા છે."

પાણું પંડયાએ એમ ધાર્યું હતું કે મુચકુંદ વીશે આવેલી વાત ખોટી હશે, નહીં તો તે છુપી રાખતો હશે. પણ આ શું? પાણું પંડયાએ નીસાસો નાખ્યો. આવો બેશરમ, નાપાક, ચંડાળ, અધમ, પાષાણવત્ પુત્ર ક્યા ઘોર પાપના પરિણામે તેને પેટે અવતર્યો ! ડોસાએ ગુસ્સામાં, તિરસ્કારમાં, ડોળા ફાડી મણિની સામે જોયા કર્યું.

"તુ કોણ છે?" તતડાવીને પાણું પંડયાએ પુછ્યું.

મણિને સુઝયું નહીં કે શું જવાબ દેવો. તે આ ડોસો કોણ હશે તે સમજી શકી નહીં. તેણે ઘણી વખત મુચકુંદને પોતાને એક બહેન છે એમ કહેતો સાંભળ્યો હતો.

તેણે કહ્યું: "હું મુચકુંદભાઇની બહેન થાઉ !" મણિને આ વિકરાલ સ્વરૂપના ડોસાને જોઇ કૈં ભાવિ પીડાની અગમચેતી થઇ.

પાણું પંડયાના ગુસ્સાનો પાર રહ્યો નહીં. તેમણે જોરથી ઝોળી ફેંકી દીધી અને ભોંય પર બેસી ગયા.

"બહેન કઇ મુચકુંદની માએ જણી ? હુ કોણ છું તે ખબર છે ?" ડોસાએ બરાડો માર્યો.

"નાજી !" મુચકુંદના કોઇ પણ મિત્ર કે વડીલનું દીલ ન દુખાય માટે ખામોશી ધરતા મણિએ નમ્રતાથી જવાબ દીધો.

"હું એનો બાપ થાઉં. પણ તુ એની બહેન કેમ થઇ તે કૈં કહેશે ?"

મણિએ જોયું કે આ ભુલ મોટી થઇ ગઇ. "માફ કરજો ! પણ હું મુચકુંદભાઇની ધર્મની બહેન થાઉ છું"

"અરે ધર્મની કે કર્મની ! તું ક્યારની અહીંઆં આવી છે ?"

"દોઢેક મહીનો થયો હશે. આપ કપડાં ઉતારો, હું ચહા કરી લાવું. આપ થાકી ગયા હશો."

ડોસાનું ધ્યાન પહેલી વખત મણિના મોહક રૂપ તરફ અને તેના કોકિલશા કંઠ ઉપર ગયુ; અને તેની જાદુઇ અસર તેના પર થવા લાગી.

"તું કઈ જાતની છે?"

"બ્રાહ્મણ. દાતણ કર્યું કે કરવાનું છે?"

"ના, નથી કર્યું." મણિએ દાતણપાણી આપ્યું. ડોસા મણિના અંગલાલિત્ય સામે જોઇ રહ્યા.

"તમારા પતિ શું કરે છે?"

"મારે કોઇ નથી" મણિએ ખેદયુક્ત અવાજે જવાબ દીધો.

"કિં વદસિ?"

મણિએ જવાબ નહીં વાળ્યો.

"તારે બાપ હતો કે સ્વયંભૂ છે?" ડોસાએ કટાક્ષમયતાથી સવાલ પુછ્યો. મણિ અબોલ રહી.

"તુ ક્યાંથી મારા દીકરાને વળગી?"

"પડયાજી! તમને કોઇએ મફતના ઉશ્કેર્યા છે."

"અરે હારે. તમારા આ બધા ઢંગજ કહે છેને? એ કમજાત દીકરાને તો આવવા દે બોલ બાઇ! તારી જોડે મારે લાંબીટુંકી નથી કરવી. તું જ્યાંથી આવી હોય ત્યાં ચાલી જા."

"મને કૈં ના નથી. તમારા છોકરાએ મારા પર ઘણો અનુગ્રહ કર્યો છે. તે આવે કે હું જાઉ"

ડોસાએ વિચાર કર્યો "તે આવે ત્યાં સુધી શા માટે? હું એનો બાપ છું. હું કહું છું કે તુ જા. ગચ્છ!"

"તમે ભલે કહો. પણ ઉપકાર થયો છે તમારા છોકરાનો. તે આવે ને હુ જાઉં"

"એટલે તું ધારે છે કે એ આવશે ને મારું નહીં માને?"

મણિએ ગૌરવમાં ઉંચું જોયું; "ના." તેનો જુસ્સો સતેજ થયો.

"ત્યારે!"

"હું તેને ઓળખું છું, તમને નહીં!"

ગામના ગોર, અને ન્યાતના પટેલ, જેની મર્યાદા હજુ સુધી ઉલંઘાઇ નહોતી, એવા પાણું પંડયા આ ધૃષ્ટતા જોઇ દીંગ થઇ ગયા.

"તુ મને હવે ઓળખશે. મારી આબરુ પણ પાણી ફેરવવા પેદા થઇ છે ?"

"ના " મણિનાં નસ્કોરા ગર્વથી ફુલી ઉઠયાં. બીજી પળે તેની પાછલી કારકીર્દી તેને યાદ આવી. તેણે શરમથી નીચું જોયું. હજુ આ ડોસા તો તે જાણતા નહોતા. કોઇ સારા માણસને ત્યાં રહેવાનો—પગ મુકવાનો તેને શો અધિકાર હતો ?

"ત્યારે શા માટે જીદ કરે છે ? મારા છોકરાને શા માટે ખરાબ કરે છે ?"

"હું કયાં ના કહું છુ ? હુ જે છું તે. મુચકુંદભાઇ આવે એટલે આપણે નક્કી કરીએ મેં તેમને વચન આપ્યુ છે."

"શું ?"

"કે તેમની રજા વગર અહીંઆંથી નહીં જાઉ."

"ઓત્તારી વચનની પાળનારી ! તુ નહીં માને એમ ?"

"ના."

"ઠીક" કહી પગ પર પગ ચઢાવી પાણું પંડયા બેઠા અને ઝોરણીમાંથી ચમચી કાઢી પાન કરવા લાગ્યા.

મણિને ગઈ કાલ સાંજનો ધ્રાસ્કો પડયો હતો; તેને આવતા તોફાનના ભયંકર ગગડાટો સંભળાવા લાગ્યા હતા. અત્યારે ગાજવીજ સાથે વરસાદ શરુ થયો હતો, અને તેની નાનીશી ઝુંપડી ધસડાવા માંડી હતી.

જ્યારે તેના પર દુ:ખનાં ઝાપટાં પડતાં હતાં ત્યારે તેનું હૈયુ કઠણ થતું હતું; તેની લાગણીઓ નઠોર થઇ ગઇ હતી છેલ્લા મહીનાએ એ ભૂતકાલ પર પડદો નાખ્યો હતો; અને હૈયાની કઠણતા, લાગણીઓની નિષ્ઠુરતા અદૃષ્ટ થઇ. અસલ કુમાશ આવવા માંડી હતી. આ કુમાશ પર આજે પાછા

શ્રા પડવા લાગ્યા. પહેલાં જે હીંમતથી દુઃખ સહન કર્યું હતુ એ હીંમત હવે રહી છે કે કેમ તેનો મણિને સ[illegible]ય થયો.

તેણે મુચકુંદને ધણીએ ના પાડી હતી તે આજ બીકે; તે બીક આજે ખરી ઠરી. તેને બદલે દુર્ભાગ્ય પણ દાખલ થતુ હતુ તેની આજે તેને ખાત્રી થઇ. શા સારું મુચકુંદ સાથે તે રહી? શા સારુ તેના નિર્દોષ, પવિત્ર, વિદ્વત્તા-પૂર્ણ જીવનને કલંકિત કર્યું? હમણાં પણ નાસી જવાનો વિચાર થયો. એક જીંદગી બાળવા કરતા વચન પાળવું શુ વધારે? તે રાંધતારાંધતાં ઉઠી.

"પડયાજી! મારેજ લીધે તમારે ને તમારા દીકરાને સહેવુ પડે છે?"

"ત્યારે કોને મારે લીધે?" પંડયાજીએ સવાલ કર્યો.

"જો તમને એમજ હોય તો મુચકુંદભાઇને મારા પ્રણામ કહેજો, હું આ જાઉ છું." કહી મણિ જવાની તૈઆરી કરવા માંડી.

પાણું પંડયાને આ સ્ત્રીની હલકાઇ વીશે એવો મત થઇ ગયો હતો કે આ નિઃસ્વાર્થ નિર્ણય જોઇ જરા અચંબો થયો

"મુચકુંદ કયારે આવશે?"

"હવે આવવામાં" કહી મણિએ પોતાની નાની ટ્રંક તૈઆર કરી.

પાણુ પંડયાને જરાક દયા આવી. "તારે સગુંવહાલું નથી તે કયા જશે?"

'કયા જઇશ તે મારે સવાલ નથી."

"વારુ! બીજું કૈં કહેવુ છે?" આટલી સહેલાઇથી જીત મળી તેથી મલકાતા પંડયાજીએ પુછ્યુ.

"કહેજો કે મળી નથી તે માફ કરે." મણિએ નાની ટ્રંક ઉચકતાં કહ્યુ.

પ્રકરણ ૯ મું

બાપ અને દીકરો

"કોને મળી નથી?" પુછતો મુચકુંદ દાખલ થયો, અને ટ્રંક ઉચકી, જવાને તૈયાર થઇ રહેલી મણિને અને પોતાના બાપને બેઠેલા જોઇ ચમક્યો. પાણું પંડયાના મલકાટનો કચવાટ થઇ ગયો, મણિ અસ્થિર ચિત્તે ઉભી રહી. "ઓહોહો! બાપા, તમે ક્યાંથી અહીંઆ?"

"કોઇ કામ વગર આવતુ હશે? ચાલ બ્હેન! ચાલવા માંડ."

"ક્યાં ચાલવા માંડે? આ છે શું?" મુચકુંદે પુછ્યું.

"મેં તમને શું કહ્યું હતુ? તમને મારે લીધે વિપત્તિ આવશે તો હુ ચાલી જઇશ હવે હું ચાલી જવાની." મણિએ કહ્યુ.

"પણ મારે માથે વિપત્તિ ક્યાં આવી છે?"

"વિપત્તિ!" પાણું પંડયાએ બરાડો માર્યો. "તારા મનને તો આ બધી રમત થતી હશે કેમ? તને ખબર છે કે લોકોમાં તો હાહાકાર થઇ ગયો છે—મારાં ધોળાંમાં ધુળ પડવાની વખત થઇ છે, વૃદ્ધાવસ્થામ્ આગતોઽપિ"

"શાથી?"

"આ તમારા કારસ્થાનથી. આ બૈરીને તેં શીદ ઘરમાં ઘાલી? આપણા ગામમાં તો લોકો ગમે તેમ બોલે છે" પાણું પંડયાએ કહ્યું.

"આપણા લોકોને બીજો કૈં ધંધોજ ક્યાં છે? જ્યાં ત્યાંથી બધાની કુથલી કરવી."



“કોને મળી નથી ?” પતિનો [illegible]

"પંચ ત્યાં પરમેશ્વર!"

"પણ કેવા પંચ–નકામા, આળસુ, ચેષ્ટાખોરીઆ પંચ. તેવા લોકો ગમે તેમ કહે, પણ તેમાં મારે શું?"

"તારે શું કેમ? લોકવિરુદ્ધમ! ધિક મૂર્ખ! તારા બાપદાદાની આબરુ બોળવા બેઠો છે?"

"બાપા! આકળા પડવાનું શું પ્રયોજન? મારો વાંક શો? મારી કસુર શી? એક નિરાધાર અબળાને આશ્રય આપ્યો તેમા એવડું તે શું પાતક કરી નાખ્યું? લોકોની જેવી નૈયત તેવા તર્કો. શુદ્ધતા ન સમજે તે શુદ્ધતા ખાતર પ્રાણ કેમ અર્પી શકે?"

"અરે એ શુદ્ધતાની પુંછડી! તારી લાંબી પોથીમાંનાં રીંગણાં જરા ઉચાં મુક. એ વાત નહીં ચાલશે."

"શું નહીં ચાલશે?"

"આ બૈરીને રાખવાનુ. તુ મોટો સતો હોય તો ભલે પણ લોકલાજ—"

"લોકલાજની મને પરવા નથી."

"તારે પરવા કોની બળી છે? છોકરા! નરાધમ! જરા સમાલીને બોલ. મારી–મારી સામે બોલે છે? કયા ગયો તારો શિષ્ટાચાર? તુ બ્રાહ્મણ-પુત્ર! ધિકકાર છે."

"બાપા! હું બ્રાહ્મણપુત્ર છું માટેજ કહું છું. લોકલાજની પ્રણાલિકાઓ ભલે તુટે; હું મારું ધાર્યુંજ કરવાનો"

"તારું ધાર્યું કરવાનો! તુ–તું–જોઉ છું ને તારું મોઢુ!"

બાપ અને દીકરાએ એકબીજાના સામે પલવાર જોયા કર્યું. બંનેની આંખમાંનાં દૃઢ તેજો જાણે પુરાણા યોદ્ધાઓની તરવાર હોય તેમ અથડાયાં. એકેકનુ પાણી માપવા બંને થોભ્યા. પાણ્ડ્યાએ પહેલીવાર પુત્રને આ રુપે જોયો. તેમને હંમેશાં મુચકુંદ સાદો, અકકલવાળો, ભલો છોકરો લાગતો; આજે તે ટકકર ઝીલી શકે એમ છે એમ લાગ્યું. ડોસાની એક કહેવત તે હંમેશાં મુચકુંદને સંભળાવતાઃ "રોટી ખાના સક્કરસેં ઓર દુનીઆ

જીતની ટક્કરસે "આજે તેના દીકરામા તે કહેવતની અસર થએલી તેમણે એકદમ જોઇ.

મુચકુંદ હંમેશાં બાપની સાથે નમનતાઇથી વર્તતો. તે શરમાળ હતો, હેતાળ હતો; અત્યારે યુદ્ધ કરવાની તેની આકાંક્ષા નહોતી. છતા કેળવણીએ જે જે સસ્કારો સરજ્યા હતા તેના પર અત્યારે વજ્રાઘાત થતા અને જાણે અજાણે તે સંસ્કારો તેને બોલાવતા હતા

પાણું પંડયાએ ક્રોધનો પ્રવાહ રોકયો, જરાક શ્વાસ ખાધો. તેમણે મણિ તરફ નજર નાખી. તે કૈં કારણસર અંદર ગઇ હતી. ડોસાએ ધીમે અવાજે પુછ્યું: "તારુ શુ જાય છે કે નકામો પચાત કરે છે! કાઢની ઘરમાંથી હમણાં. ન્યાતનું તો ઠેકાણુ પડવા દે"

"પણ એવું મેં શું કર્યું કે ન્યાતને આટલી પંચાત કરવી પડે?"

"તેં આને રાખી તેમાં. લોકો તો કહે છે કે તેને બેચાર છોકરાં પણ થયાં" ધીમેથી ડોસાએ દાંત પીસી કહ્યું.

સાચા નિર્દોષ મુચકુંદે ડોળા કાઢયા તેના હાથની મુઠ્ઠીઓ વળી. "પછી બીજું કૈં?"

"એટલું શું ઓછું છે? ડાહ્યો હોય તો આ લપને જવાદે."

"મેં તમને એક વખત તો કહ્યુ. મૂર્ખ લોકોને રાજી કરવા હુ કૈં કરવાનો નથી."

"છોકરા! મારું પણ નથી માનતો?"

"બધી બાબતમાં માનું છુ ને માનીશ આમાં નહીં"

"પણ એ જવા ખુશી છે. જવા દેની. કોણ છે કોણ નહીં. તુ તો ભલો માણસ છે."

"હું જાણું છું. એ નિરાધાર વિધવા છે."

"હેં!" કહી પાણું પંડયા બેઠા હતા ત્યાંથી ઉભા થયા.

"હા. જુલમની મારી ઘેરથી નાઠીનાઠી ભટકતી હતી. મેં આશ્રય આપ્યો. આ મોટું પાપ !" બાપ કેમ ચમક્યા તેની સ્પષ્ટ સમજ પડ્યા વિના મુચકુંદે બચાવ કરવા માંડ્યો

"તું વિધવાને ઘરમાં ઘાલીને રહ્યો છે ? શાન્તં પાપમ્, છોકરા ! પિશાચ ! નરાધમ !" ડોસાએ ગુસ્સાના માર્યા ઘાંટો પાડી કહ્યું. "આરા કુલનુ આર્યત્વ ભ્રષ્ટ કર્યું. હવે સમજ પડી. તુ સુધરેલો થઇ ગયો ?"

"બાપા ! જરા શાંત પડો. આવી બાબતમાં મીજાજ ખોવો શા કામનો ?"

પંડ્યાજીનો ઘાંટો સાંભળી મણિ પાછી બહાર આવી.

"જારેજા ! અનાર્ય ! મારી ઇકોતોર પેઢી બોળી બોલ ! આને ઘરમાંથી કાઢે છે કે નહીં ?"

ઉદ્દહમાં, મીજાજમાં, આગ્રહમાં મુચકુંદે હોઠ પીસ્યા આ અણઘટતા ક્રોધે તેનો પીત્તો ઉછાળ્યો. તેના સરળ સ્વભાવમાં દઢતા આવી હતી.

"ના. તમે શાંતિથી સાં—"

"શાંતિ ! હવે શાંતિ ! તુ શુ કરવા માગે છે ? હું સમજ્યો. તારે પુનર્લગ્ન કરવુ છે ?" ડોસા જે સમજ્યા હતા તે બોલી દેતાં કહ્યું.

"મારી નજરમાં આવે તે કરીશ. તમે આમ કહેશો તે હું નહીં માનું."

"તુ નહીં માને ? તો છોકરા ! તારા નામ પર પાણી. તારું સ્નાન કરું છું. આજથી હું પિતા નહીં, તુ પુત્ર નહીં ધિક યવન !" કહી ડોસાએ ઝોળી હાથમા લઇ જવાને પુંઠ ફેરવી.

"પણ બાપા–!"

"ચાલ હરામ–! તારા ઘરમાં પલવાર પણ નહીં રહું. પાપિષ્ટ !" કહી પગ ઠોકતા ડોસા લાકડી લઇ ત્યાથી ચાલ્યા ગયા ગુસ્સામાં ગભરાટમાં શું કરવું તે ન સુઝતાં મુચકુંદ ચીત્રામણ જેવો ઉભો રહ્યો. તેના પિતા આટલા ગુસ્સે થઇ જશે અને જે વસ્તુ એ તદ્દન નિર્દોષ ગણાતો હતો તેનાથી છેક છેલ્લે પાટલે બેસી જશે તેનો એને વિચાર સરખોએ નહોતો.

મુચકુંદમાં બે વસ્તુઓ પ્રાધાનપણે હતી: એક જે સત્ય હોય તે કરવાની ઉત્કંઠા, બીજું કોઇને પણ દુઃખ ન થાય એની ચિંતા. હાલની કેળવણીથી પેદા થતુ કર્તવ્યદક્ષતા વિનાનું બુદ્ધિપ્રાબલ્ય આ બંને વસ્તુઓને પોષતુ. અને તેથી કર્તવ્યપરાયણતાના ભીષ્મ પ્રસગો તેને વીચારવા રુચિકર લાગતા; પણ અનુભવવાની હોંસ નહોતી. આજે એવા એક પ્રસંગનો અનુભવ થતા તો થયો, જાણે અજાણે પ્રસગ–કેળવાયો; પણ તે પુરો થતાં તે કપી ઉઠ્યો તેણે શું કર્યું, તેનાં શાં પરિણામ આવશે, આ ખરું કે ખોટુ એ બધા પ્રશ્નોના લશ્કરે ઉપરા છાપરી તેના મગજને ઘેર્યું, ગુંચવ્યું. અગ્રેજી કેળવણી–આધુનિક સસાર–મોટા બાગોમાં, છાંયડામા, અને કાચના ઘરના કૃત્રિમ વાતાવરણમા જેમ સુંદર રોપા ઉછરે છે તેમ માત્ર મનને કેળવે છે. અનુભવનો, આપત્તિનો તડકો ને વર્ષાદ પડતાં તે મહા મહેનતે ઉછરેલું, ઉપરથી સુંદર પણ સત્ત્વહીણું બાળવૃક્ષ કરમાય છે,– નિરાધાર થઇ ભૂમિ પર પડે છે મુચકુંદનું મન ગુંચવાડામાં નિરાધાર થઇ ગયું.

પા કલાક સુધી વિચારના વમળોમાં તે બેસી રહ્યો. આખરે એને ભાન થયું. બાપને ભુલી તેના વિચાર મણિ તરફ વળ્યા તેણે પુનર્લગ્નની વાત સ્વીકારી હતી ઉતાવળમાં અવિચારમા તેમ કરવાની ઇચ્છા દર્શાવી હતી મણિ જેને તે બહેન સમાણી ગણતો હતો, જેને બહેન ગણવાનુ વચન આપી રાખી હતી તે આ વિચારે શુ કહેશે ? તેની સામે હવે કેમ જોઇ શકાશે ? એ શબ્દો એ કેમ ઉતર્યો ? તેને અકળામણ વધારે થઇ આવ્યું બાપને બહાર કાઢયા, ઘરમાં જે રહી તેને ફસાવી. તે પોતાના હાથ પર મુકેલું માથું ઉચું કરી શકયો નહીં.

થોડીવારે મણિએ તેના ખભા પર હાથ મુકયો. તેને જાણે કોઇએ ડામ દીધો હોય એમ લાગ્યું. તેણે ચમકીને ઉંચું જોયું.

આંખમાં આંસુ સાથે મણિ ઉભી હતી.

પ્રકરણ ૧૦ મું

ભાવના કે ભવિષ્ય?

"ભાઇ! ઉઠો. આજે ઓફીસમાં નથી જવુ? ખાવાનું ટાઢું પડી જશે" મણિએ કહ્યું.

"ચુલામાં ગઇ ઓફીસ ને ચુલામાં ગયું ખાવાનું. હવે શું થશે?" મુચકુંદે પુછ્યું.

"મેં તમને પહેલેથી નહોતું કહ્યું? મારે પગલે તો પનોતી છે. જ્યાં જાઉં ત્યાં આવુ થાય છે ભાઇ! મારી એક વાત સાંભળશો?" મણિની આંખમાંથી આંસુ ખરવા માંડયાં.

"શી?"

"તમારા પિતા ખરું કહેતા હતા. મારે માટે જીંદગી બગાડવી શું કામ—સગાં સ્નેહીઓ ટળવળાવવા શુ કામ? મને મારી મેળે જવા દો. તમારી મહેરથી ટુકડો રોટલો કમાઇ ખાઉં છુ. એક વખત કહ્યું હતુ ને ફરી કહું છું. તમને દુનીઆનો અનુભવ નથી."

"શું થશે ચઇથઇને?" પોતાને કૈં સુઝતાં મુચકુંદે સવાલ કર્યો.

"પિતાએ તરછોડયા—ન્યાત તરછોડશે. બહાર ખબર થશે કે દુનીઆ તરછોડશે, આખી જીંદગી ધુળધાણી કરશે. આ બધું કોને માટે? શા માટે?"

મુચકુંદ "તારે માટે" કહેવા જતો હતો તે અટકયો. તેને અવિચાર માં બોલાએલી પુનર્લગ્નની વાત યાદ આવી.

"બ્હેન! તને ખબર છે? અત્યાર સુધીના અભ્યાસે ચારિત્ર્ય મેળવવા પ્રયત્ન કર્યો. ન્યાય, નીતિ, સ્વાતંત્ર્ય ને હીંમતના આદર્શો વાંચ્યા, અનુસરવા તલસ્યા કર્યું. તેને અનુસરવા મેં પહેલું પગલું લીધું."

"મને રાખીને?"

"હા, અને દુનીઆ સાથે આથડ્યો. આમ હારી જાઉં તો મારા આદર્શો ક્યાં? મારી હીમત ક્યાં?"

"ભાઇ! ભણેલી નથી, પણ એટલું તો જાણું છું કે દુનીઆ સાથે દરેક જણ આથડે છે—ને આખરે હારે છે"

"કોઇ જીતે નહીં? શું વાત કરે છે!"

"કોઇક જીતતા હશે. મેં તો જોયા નથી, પણ જેટલું આથડીએ તેટલું પાછળથી પસ્તાવું પડે તમે આજે પ્રત્યક્ષ પ્રમાણ જોયું ને! હજુ માનો ને આ જીદ છોડી દો. આમ આપણાથી કયાં સુધી રહેવાવાનું છે! જઇને તમારા બાપને સમજાવી આવો. તે માનશે."

મણિએ આજીજી કરી કહ્યું. અત્યારે તેનું હૈયું નિર્દોષ અને ઉચ્ચ ભાવનાના ભોગ થઇ પડેલા મુચકુંદને જોઇ ઉછળી આવ્યું. તેની ભાવનાઓ જોઇ તે ચકિત થઇ હતી; પણ સ્વપ્નવત્ ઉંચી ભાવનાના પ્રકાશ પર એક પતંગીઉ બળી મરે તેમ બળી મરવા તૈઆર થએલા મુચકુંદને બચાવવા તે મથતી હતી. કોઇ માણસે તેને માટે આટલી લાગણી ધરાવી નહોતી; અત્યારે તેની લાગણી આ માણસ પાછળ ધાતી હતી.

જાણે મણિએ આપેલી શીખામણ માનવાનું મન થયું હોય તેમ તે ઉઠયો. એકદમ ઉભો રહ્યો અને અત્યંત નિરાશામાં પોતાનો હાથ કપાળે ઠોકયો.

"એટલે મારા આદર્શો—"

"કોઇના રહ્યા છે કે તમારા રહે?" મણિએ કહ્યું.

"ત્યારે ઉંચુ ચારિત્ર્ય, અડગ હીંમત, નિઃસ્વાર્થ જીવન એ બધાં સ્વપ્નાં—ખોટાં, અને આ ખરું. મૂર્ખોને રીઝવવા, તેમણે ફરમાવેલું

આચરવું, તેમણે ના કહ્યું એટલે ત્યજવુ. ભણીગણી આખરે આ અધ:પાત ! પ્રભુ !"

"ભાઇ ! એમાં કૈં નવાઇ નથી"

"કેમ ?"

"એજ આપણાં બધાંનાં જીવનની કહાણી. મને એજ અનુભવ થયો હતો, પણ તે પંદર વર્ષે; આજે તમને થાય છે પચ્ચીસે એટલા નશીબદાર!" મણિએ ધ્રુજતે સ્વરે, પાછલું જીવન યાદ લાવતાં કહ્યું.

"એટલે મારી હીંમત એટલીજ કે પહેલે ઝટકે ખલાસ !" નીચું માથું કરી મુચકુંદ જાણે પોતાની જાતને સંબોધતો હોય તેમ બોલ્યો.

મણિએ જવાબ નહીં આપ્યો.

"ઠીક હું પણ જોઇ લઇશ." ઉંચું જોઇ હોઠ પર હોઠ પીસી મુચકુંદે કહ્યું.

"શુ જોશો ?"

"શું થાય છે તે. હું મારા આદર્શોને વળગી રહીશ."

"ના ના. એવી મૂર્ખાઇ કરશો નહીં. આખી જીંદગી પસ્તાઇ પસ્તાઇને મરશો."

"જીવનની ભાવના સચવાય તો પસ્તાવાનુ શાનુ ?"

"ભાઇ ! ભાઇ ! હજુ તમે ભણ્યા પણ ગણ્યા નથી. એમ નહીં કરો. હું નહીં કરવા દઉં." સત્તાદર્શક અવાજે મણિએ કહ્યું.

"કેમ ? તું કોણ નહીં કરવા દેનાર !"

"ઠીક ત્યારે, હું ચાલી જઇશ. તમને હોળીનું નાળીએર થવા દઉ તે પહેલાં હું હોમાઇશ."

"પણ તેમાં તારે શું ?"

"મારે લીધેજ બધું છેને. હું સ્વતંત્ર છું મારે કશું વળગણુ નથી. હુંજ જાઉં છું." કહી મણિ જવાને માટે ફરી.

" ના ના. એ શું કરે છે ? તુંજ જશે ?"

" શુ કરું ?" કહી થોડે દૂર પોતાની ટ્રંક પડી હતી તેને ઉંચકવાને મણિએ પ્રયત્ન કર્યો. તેનો જીવ પણ ઉછળી આવ્યો હતો, અને આ દુ:ખદ પ્રસંગનો સવેળા અંત આણવાનો તેણે નિશ્ચય કર્યો હતો.

" જા, જા. તુ પણ જા !" કહી અકળામણ ન સહેવાયથી મુચકુંદ ખુરશી પર પાછો બેસી ગયો. એ શબ્દમાં એટલી નિરાશા હતી કે મણિ પાછી ફરી; પણ કૈં પણ બોલી શકી નહીં. " જા પારકી આશ સદા નિરાશ." કહી પોચા મનના મુચકુંદે ફરીથી માથે હાથ મુકયો. તેની આંખમાં પાણી આવ્યા.

મણિ તે નિરાશાની મૂર્તિ તરફ જોઇ રહી. તેના આક્રંદમાં, તેના શબ્દોમાં રહેલી પ્રેમાળતા મણિ સમજી; " પારકી " શબ્દે તે પણ ઘવાઇ.

" હું બીજું શુ કરું ? તમારા ભવિષ્યનો વિચાર કરુ કે તમારા બોલનો ?" મણિએ પુછ્યું.

" મારી ભાવનાઓ વિનાનું મારે ભવિષ્ય કેવુ ?"

" ભાઇ ! ભાઇ ! મારે રહ્યે ભવિષ્ય બગડશે ને ભાવનાએ બગડશે."

" તું જશે એટલે ભાવનાઓ કોને માટે ?" જાણતાં અજાણતાં મુચકુંદથી બોલાઇ જવાયું. " બરોબર છે હું ભુલી ગયો કે મહીના પહેલાં તને હું ઓળખતોએ નહોતો. તું મારી સગી નથી–સંબંધી નથી. હું ભુલી ગયો કે તારા જીવનમા મારે જરાએ સ્થાન નથી."

મણિની આખમાથી આંસુ ખરવા માંડયાં. તેણે ટ્રંક મુકી દીધી. તે પાસે આવી. દુ ખથી મેળવેલુ તેનુ સ્વાસ્થ્ય અડગ હતુ; પણ મુચકુંદની અકળામણ જોઇ તે શાંતિ ધરી શકી નહીં.

" મુચકુંદ ભાઇ ! પરમેશ્વરને વાસ્તે એવું નહીં બોલો. હું જાઉં છું તમારે માટે."

" મારી પરવા હોય તો રહે, નહીં તો જા દુ:ખના દિવસમાં પારકું પાસે ન જોઇએ."

" પરવા છે, પણ રહ્યે શો ફાયદો ?"

"ભાવના માટે બધાનો ભોગ આપી શકીશ, પણ તું રહેશે તો. એકલે હાથે કૈં નહીં થાય મારામાં એકલે હાથે દુ:ખ સહેવાની શક્તિ નથી. તું આવી ત્યાં સુધી હું એકલો હતો; મારામાં આજે છે એટલુંએ જોમ નહોતું. મારું હૈયું, મારી બુદ્ધિ એ આજે ખીલ્યાં છે. તારા વગર હું નબળો, નકામો, નિરાધાર થઇ જવાનો."

મણિ વધારે પાસે આવી આ જુસ્સાથી તેનું પણ હૈયું ઉછળી આવ્યું હતુ, તેની આંખમાં પણ તેજ ચમકી રહ્યું હતુ.

"મારે માટે આટલું બધું લાગે છે?" તેના મીઠા અવાજમાં અજાણપણે મોહક રસિકતા ભેળી મણિએ પુછ્યું.

"મને તે ખબર નથી" ગુંચવાએલા મુચકુંદે કહ્યું "પણ મારી દુ:ખની વેળાએ એકલું જીવન સહેવાશે નહીં. દુ:ખ પડશે તો સહીશું; ડામ દેવાશે તો વેઠીશું; ઘા પડશે તો છુંદાઇશું, પણ તારી સાથે રહેતાં, એ હીંમત રહેશે. મણિ બહેન! ખોટું લાગે તો ક્ષમા કરજે જો આમ ન રહેવાય, જો બાપા જેવાના બોલો સાલતા હોય, તો તન કલંક જેવું લાગે તો ચાલ પરણી જઇએ. બાપાને મોઢે તો મે ગુસ્સામાં કહ્યુ, તને ખરેખરું કહું છું."

મણિએ બે હાથ ટેબલ પર મુકયા; અને હૈયુ ભરાઇ આવવાથી ડુસકાં પર ડુસકાં ખાઇ રડવા માંડયું ક્યા સુધી તે એક શબ્દ પણ બોલી શકી નહી. તેને એમ લાગ્યુ કે પોતાની ઇચ્છાથા નહીં પણ મ ! લોક તેને ડામે નહી માટે નછુટકે આ રસ્તો મુચકુંદ સ્વીકારનો હતો આ નિર્મલ નિર્દોષ, રીતે આ યોજના કરનાર વિરાગી પુરુષ સામે તે જોઇ રહી. આખરે જરાક સ્વાસ્થ્ય આવ્યું એટલે અશ્રુપૂર્ણ અવાજે તે બોલી:

"ભાઇ! ભાઇ! શું કામ બોલાવો છો? શા કામ ડામો છો? નથી બોલતી તે માટે ખોટું લગાડશો નહીં. મારુ હૈયુ ... ગયુ છે. આ નિર્ભાગી બાળાના ભાગ્યમાં તમે મળશો એ કયારે ધાર્યું હતુ? હું ભટકી-ભટકી થાકી આખરે મારે મન તમે દેવ મળ્યા તમે પર ...નુ કહો છો? મુચકુદ! મુચકુંદ, એક વખતે કહેવાતા દેવ પણ પથ્થરોને વીનવીવીનવી

થાકી કે કોઇ મારો હાથ ગ્રહો–કોઇ મને પતિતને પરણી પાવન કરો. તેમની ગુલામડી થઇ હતી છતાં દેવોએ ના પાડી. આજે તમે પરણવાનું કહો છો? પણ શું મોઢું લઇ હું કબુલ કરું? તમે મારે મન ઇશ્વર સમાન છો. તમારા આદર્શો યોગીઓના છે; તમારું આચરણ દેવોનું છે. કહો તો તમારાં પગલાં પુજું; તમને પરણી નહીં શકાય.”

“કેમ?”

“ના ના, તમારા નિર્મલ જીવનપ્રવાહમાં મારા કલંકનો કીચડ કયાં નાખું?”

“કલંક?”

“ભાઇ! કલંકનો એકે રંગ એવો નથી રહ્યો કે જે મારે પાલવે નહીં ચોંટયો હોય. ઉલટી હું તમને કલંકિત કરું છું–તમારા અધ:પતનનું કારણ બનું છું–’ મણિ અટકી, તેની છાતી ઉછળી રહી. મુચકુંદ મુંગે મોઢે જોઇ રહ્યો. થોડીવારે તે બોલ્યો:

“મણિ! મણિ! એ વાત જવા દે. મને તારા વગર ચાલે એવુ નથી. તને ખબર છે કે તુ આવી ત્યાં સુધી હું શુષ્ક અભ્યાસી હતો; તારા પ્રફુલિત તેજસ્વી વ્યક્તિત્વે મને માણસ બનાવ્યો છે. મારા જીવનમાં નવો રસ જણાય છે; કાવ્યમાં, સંસારમાં, ભાવનાઓમાં નવો રંગ નજરે ચઢે છે; મારી બુદ્ધિમાં, મારી કલ્પનામાં અણદીઠેલાં રત્નો દેખાય છે. તને કેમ જવા દઉં? જો મારે માટે જરા પણ દયા હોય તો રહે. સાથે દુનીઆ ખેડશુ–સાથે દુ:ખ વેઠીશું; નહીં તો–સાથે મરીશું.” કહી મુચકુંદે યાચકવૃત્તિથી, દયાની નજરે મણિ સામે જોયું; મણિના હાથ પર હાથ મુકી તેને દાબ્યો–દબાઇ ગયો.

“ભાઇ! એમ છે? લો ત્યારે, હાજર છું. આપણે રહીએ છીએ તેમ રહીશુ.”

“ઉપકાર થયો મને બીજું કૈં જોઇતું નથી.”

“ઠીક, ઉઠો ત્યારે. આજનું ખાવાનુ ધુળધાણી થઇ ગયું.”

પ્રકરણ ૧૧ મું

પાણું પંડ્યાનો સપાટો

મોડામોડા પણ જ્યારે મુચકુંદ ઓફીસમાં ગયો ત્યારે મણિની વિચાર પરંપરાનો પાર રહ્યો નહીં. ઘણાં વર્ષ થયાં પાપમાં ખરડાએલા હૃદયને નિર્મલ રસતરંગમાં નહાવું એ લહાવો અણમુલો હોય છે; સીતાના અગ્નિસ્નાનની માફક રસતરંગનુ સ્નાન પુનર્જીવન અર્પે છે; જુના જુના મેલને કાપી ભૂતકાલના કલંકને દૂર કરે છે. મણિએ આજે તે અગ્નિસ્નાન કર્યું.

બાળવિધવા થઇ હતી એટલે તેણે કુટુંબવાત્સલ્ય જોયું નહોતું; આપણા સંસારનો અધમ પ્રકારનો પતિપ્રેમ મળ્યો નહોતો. જુવાનીના તોફાને ચઢેલા રસસાગરના કીચડ અને કચરાવાળા પ્રાણીઓની અશાંત–અરસિક ક્રીડા જોઇ હતી; તે ડહોળાં જળને મર્યાદા છોડતાં, મર્યાદા છોડી પ્રલયકારક નર્તન કરતાં જોયાં હતાં; અને આખરે તે પ્રલય પુરો થતાં, તે પ્રલયેજ પાછળ મુકેલાં ભયંકર પરિણામ જોઇ રડતાં, કે તેની સાથે યુદ્ધ કરતાં અત્યારસુધીનુ જીવન તેણે ગાળ્યું હતુ. અંબામાતાને ભોગ તરીકે આગળ ધરેલા બકરાની પીડા તે જાણતી હતી; કચવાએલા કેદીના ત્રાસ અને મુમુક્ષુતા તે જાણતી હતી; ચોરીછુપીથી ફરતા વિષયીની લિપ્સાની તેના હૃદયને માહીતગારી હતી; અન્યાય અને જુલમ નીચે કચરાતા નિરપરાધી બળવાખોરોનો ભયંકર રોષ તેને સ્વાભાવિક થઇ ગયો હતો. પણ નિર્મલ સ્નેહની આર્દ્રતા તેણે નીરખી નહોતી; વિષયલાલસાના મોહ વિનાનો સંબંધ તેણે જોયો નહોતો; તેના મીઠા, મનોહર પ્રસંગો, તેનો દૈવી,

કલંકહીણો ઉત્સાહ તેણે અનુભવ્યો નહોતો. આજે તે જોયાં, તે અનુભવ્યાં. તેના હૃદયના છુપાએલા ગોલાર્ધની તે શોધક બની. જે હર્ષ કોલંબસને અમેરીકા શોધતાં થયો હતો તેનાથી અધિક આજે તેને થયો.

તે ક્યાં સુધી બેસી રહી. પોતાના શબ્દો, મુચકુંદના શબ્દો તેના કાનમાં ગુંજતા હતા. મુચકુંદના દરેક શબ્દનો પડઘો, તેની દરેક નજરનો ચમકાટ, તેના સ્મરણમાં સુવર્ણની રેખાએ ચીતરાયાં હતાં. એ ચિત્રોમાં તે આજે અનેક રંગ પુરતી બેઠી. શીઆળાની કડકડતી ઠંડીમાં સૂર્યકિરણો પ્રગટે અને શાંતિ લાગે તેવી શાંતિ તેના હૃદયમાં લાગી. મુચકુંદ પહેલાં સગવડ માટે કરેલો દીવો હતો, આજે તેની હીંમતથી તે જીવનદાતા સૂર્યનારાયણ થઇ રહ્યો.

સદ્ભાગ્યે મુચકુંદના પવિત્ર ઉત્સાહની તેને પણ અસર લાગી. વિષયવાસના, લગ્નની ઇચ્છા એ બધી લાલસાઓ જરા પણ તેના મનમાં આવી નહીં. તેનો દુનીઆનો અનુભવ અને હાલની માનસિક સ્થિતિ વચ્ચે અંતર્પટ પડયો. તેણે મુચકુંદની માફક બીનઅનુભવી સરળતાથી દુનીઆના વિચારો કરવા માંડયા.

સોનેરી સ્વપ્નસૃષ્ટિમાં ભમતાં ભમતાં બપોર ઝપાટાબંધ ચાલી ગઇ. સાંજ પડી. મુચકુંદને આવતાં વખત થઇ એટલે હૈયું ધબકી આવ્યું. તેણે નાની ઓરડી પણ સુઘડતાએ શણગારી. રખેને તેના દુઃખી દીલને કૈં પણ ઓછું આવે તેથી તેણે દરેક વાતની તૈઆરી રાખી. મુચકુંદનાં પુસ્તકો તેણે વર્ગવાર ગોઠવ્યાં; તેના કાગળો ફરીફરી નવાનવા વ્યૂહમા મુકયાં. સાંજ પડી તેમતેમ જીવ વધારે ઉંચો થવા માંડયો. મનમા એમ પણ થયું કે ગુસ્સે થએલા પંડયાજી ધીમેધીમે પાછા રીઝવાશે; અને જીવનનો માર્ગ સરળ થઇ રહેશે.

સાત થયા. તેણે વારંવાર છજામાંથી જોવા માંડયું હજુ મુચકુંદને આવવાનો વખત નહોતો થયો છતા ચિંતા થઇ, અને ઘડીઆળ તરફ પળેપળે તેણે જોવા માડયું. સાડા સાત થયા પણ મુચકુંદ આવ્યો નહીં તેની કાલ્પનિક ચિંતા ખરી થવા લાગી. આઠ થયાં અને તે ધ્રુજવા લાગી;

શંકાઓનાં ભૂત ઉભાં થયાં અને કેમે કરી શમ્યાં નહીં: દરેક પળે તે વધારે વધારે અધીરી થઇ. આખરે દાદર પર બે ચાર જણનાં પગલાં સંભળાયાં; તેના જીવમાં જીવ આવ્યો. તે શ્વાસ રુંધી એકાગ્રતાથી વાટ જોતી ઉભી રહી.

"તમે અહીંઆં ઉભા રહો હું દસ મીનીટમાં આવુ છું."

મુચકુંદને કોઇને કહેતાં સાંભળ્યું. પણ તેના અવાજમાં શો ફેર! મણિના હૃદયમાં ચીરાડો પડયો. આ ભય બીજી પળે ખરો થયો. ફીક્કે હોઠે, ફાટેલ ડોળે મુચકુંદ આવ્યો; તેનું અંગે અંગ કાંપતું હતું, તે આવ્યો અને "મણિ! મણિ બહેન" કહીને ખુરશી પર બેસી ગયો.

"કેમ ભાઇ? આમ કેમ?"

"કેમ શુ? મને પોલીસે પકડયો છે."

"હેં!" મણિએ ગભરાઇને કહ્યું

"હા! બાપાનાં કારસ્થાન. મારા શેઠ ઘણા દૂરના અમારા સગા થાય છે. બાપા તેમને ત્યાં જઇ પહોંચ્યા હશે. બપોરે શેઠે બોલાવી મને ધમકાવ્યો; નોકરીમાંથી બરતરફ કરવાની ધમકી આપી. પણ મેં તે ગણકાર્યું નહીં."

"પણ કારણ શુ?"

"કારણ એનું એજ. તને છોડીને બાપાએ વિચાર કર્યો છે તે છોકરી જોડે પરણી જાઉં તો મને પગાર વધારવાની લાલચ આપી; નહીં તો ખરાબ કરવાની ધમકી આપી."

"પછી તમે શુ કર્યું?" મણિનાં સુખનાં સ્વપ્નાં બધાં તુટી ગયાં અને દુનીઆની ક્રુરતાનો સપાટો ફરીથી ચાખતાં તેનો જીવ રહેંસાઇ જવા લાગ્યો.

"મેં? તુ શુ ધારે છે? મેં કહ્યું છે કે તે શેઠ છે–મારી સેવાના માલીક છે; મારા મનના માલીક નથી. મેં તેમણે કહ્યું તે કરવા ના પાડી."

"અરે ભાઇ શું કરવા?"

"એ બધા શું સમજે? દુનીઆમાં શુ માત્ર પૈસા અને જુલમજ સત્તા ભોગવશે? સાંજે ટેલીફોન કરી એક પોલીસ સુપ્રીરીન્ટેન્ડન્ટ ઓળખીતો છે તેને શેઠે બોલાવ્યો, અને તેણે હમણાં મને કેદમાં રાખ્યો છે."

"હાય હાય! હવે શુ થશે? તમે આવી જીદ શુ કરો છો?"

"જીદ નથી. જે થશે તે. હવે તો જીવનસિદ્ધાંતો દૃઢ રાખવાની વાત છે. મારે તને મળવું હતું, માટે મેં બહાનું કાઢયું."

"શું?"

"કે તારી જોડે વાત કરી કે જવાબ આપીશ. એટલે મને અહીઆં આવવા દીધો."

"ત્યારે જવાબમાં તો કહું છુ હવે હીંમતની અવધી થઇ. મને જવા દો, મેં પણ નિશ્ચય.... ."

"પણ મારો નિશ્ચય સાંભળશે?" મુચકુંદે કહ્યું.

"શો?"

"મારું બધું ગયુ. મારી આશા ગઇ. ભણતર ગયું. સંબંધીઓ ગયા" મુચકુંદના ગળામાં બોલતાં ખખરી આવી. આ વિનાશનો વિચાર કરતા તેનું હૈયું ભરાઇ આવ્યું; "પણ મારો નિશ્ચય છે તે કહેવા આવ્યો છું. મે કંઈ ગુનોહ કર્યો નથી. એટલે મને કે શિક્ષા થવાની નથી. એટલે પાછો આવીશ, અને બહુ બહુ તો થોડી ઘણી શિક્ષા થશે. છ મહીને, વર્ષે પાછો આવીશ. ગભરાઇશ નહીં" મુચકુંદ ગભરાટમાં ઉતાવળો બોલતો હતો.

"ના ના. ભાઇ . . ..."

"ના કહેવાની જરૂર નથી. મે પોલીસચોકીમાં બેસી બધો વિચાર કર્યો."

"અને પણ કેદ !"

"જે થાય તે. હું જાઉ છુ આવા જુલમને તાબે નહી થવાનો. ચાલ જાઉં છુ હીંમત રાખજે." કહી મુચકુંદે જવા માંડયું. તેની આંખમાં આંસુ આવ્યાં. મણિ પણ રડવા લાગી, પણ તેને દુઃખ સાથે એટલી ધાડી મૈત્રી હતી કે જુનો મિત્ર પાછો ખડો થતાં તેને ઘણી ગભરામણ થતી નહીં, અને તેની બુદ્ધિ તેવી ને તેવીજ સતેજ રહેતી. તેણે પુછયું: "તમારા શેઠનું નામ તો ચદુલાલ?"

"હા. કેમ?"

"ક્યાં રહે છે?"

"ભુલેશ્વરમાં...ના માળાની પાસે." કહી મુચકુંદ ચાલ્યો ગયો. જતાં જતાં તેમનાં નેત્રો મળ્યાં.

માળાનું નામ સાંભળી મણિ ચમકી. મણિકર્ણિકાએ આપેલું તેની બહેનનું સરનામું યાદ આવ્યું આ વખતે મણિ ગભરાઇને અસ્વસ્થ થઇ નહીં. તેણે જોયું કે મુચકુંદ સાદો હતો. ચોપડીઓમાં વાંચેલા આદર્શોની પાછળ વેદીઓ હતો આ કેદના ભયંકર પરિણામનુ તેને ભાન નહોતુ. આટલા ઉછરતા અને આવા હોંશીઆર જુવાનના જીવનને આવી મુર્ખાઇની વેદી પર હોમવાથી શો ફાયદો? અને શા માટે? પોતાના જેવી નજીવી, કુટુંબ વિનાની, કુલકલંક ગણાતી સ્ત્રી માટે? તેનામાં નિશ્ચયાત્મક બુદ્ધિ ઘણી હતી. તેણે એકદમ કપડાં બદલ્યાં અને ઘેર તાળું મારી ભુલેશ્વર તરફ ચાલી.

મુચકુંદ પાસેથી પહેલુ જ્યારે ચંદુલાલ શેઠનુ નામ તેણે સાંભળ્યું હતું ત્યારે તેના મનમા સંશય થયો હતો કે તુગભદ્રાને ત્યાં મળેલા ગૃહસ્થ તો તે ન હોય! પણ એવા તો કેટલાકે ચંદુલાલ શેઠ મુંબાઇમાં હશે એમ ધારી તેણે નીરાત વાળી હતી; પણ જ્યારે તેણે સરનામું સાંભળ્યુ ત્યારે તેને એક યોજના સુઝી. મણિકર્ણિકાની બહેન એજ ઠેકાણે રહેતા ચંદુલાલ શેઠની બૈરી થતી હતી. જો તેમ હોય તો કોઇ પ્રકારે તે ચંદુલાલ શેઠનાં શેઠાણીને મનાવીને તેને વચ્ચે પાડવામાં પોતે ફત્તેહમંદ થાય. આ વિચારથી તેને હીંમત આવી

પ્રકરણ ૧૨ મું

ચંદુલાલ શેઠને ત્યાં

ચંદુલાલ શેઠનુ મકાન ખોળતા મણિને જરા વાર વાગી, પણ આખરે જડયું–માળાને સૌથી ઉપલે માળે તે રહેતા હતા. ધબકતુ હેયુ મહા મુશ્કેલી-એ શાંત કરી તેણે શેઠાણી કયાં છે તે પુછયું. એક બારણામાંથી એક દમીએલ. ઓછી ઉમ્મર છતાં ઘરડી લાગતી સ્ત્રી આવી ને પુછવા લાગી

"કોણ છે બાઇ? કોનું કામ છે? શેઠ હજુ આવ્યા નથી."

"ના, મારે તમારુંજ કામ છે. આપ શેઠાણીને?"

એટલામાં એક પાંચ છ વર્ષનો છોકરો આ સ્ત્રીનું લુગડું પકડી, મોઢ માં એક હાથ રાખી, તેની પાછળ સંતાતો આવીને ઉભો રહ્યો. મણિએ તેને જોયો. મણિકર્ણિકાની મુખરેખાઓનો ભાસ તેના મોઢામાં કૈંક થયો

"હા, હુંજ શું કામ છે અત્યારે?" જરાક મોટાઇના ગર્વથી કર્કશ બની રહેલા અવાજે શેઠાણીએ પુછયું.

"હું આપનાં બહેનની ઓળખતી છું."

"બાઇ! કૈં ભુલતી હશે. મારે બહેન કયાં છે?" જરા ગુસ્સામાં શેઠાણીએ કહ્યુ.

"આ તમારો ભાણેજ છે કેની? હું તમારાં બહેનની ખબર લાવી છું."

"મારી બહેન તો કયારનીએ મરી ગઇ. બાઇ નકામું એવું શું કામ જુઠું બોલે છે? તારે શુ જોઇએ?"

મણિએ જાણ્યું કે આ સ્ત્રી સીધી રીતે વશ થાય એમ નથી.

" ત્યારે બા ! તમે જાણો, મને તો તમારી બહેન માવજીને ત્યાં મળ્યાં હતાં તેણે—"

" હેં, હેં, !" આ નામ સાંભળી શેઠાણીનું રૂપ બદલાતે ગયું અને તે એકદમ નરમ પડી ગયાં. અંદર આવ—"

મણિ સમજી કે હવે તે સાંભળશે. પણ એટલામાં તો દાદર પર કોઇ ચઢતું હોય તેવું સંભળાયું, અને મણિ અંદર જાય તે પહેલાં એક ગૃહસ્થ દાદર ચઢયા. તે કોણ છે તે જોવા મણિ ફરી, અને તેનાં ધ્રુજતા ગાત્રો જાણે હમણાં શબવત્ થઇ જશે એમ લાગ્યું તેને કપાળે પરસેવો છુટયો. આ ગ્રહસ્થ તે તુગભદ્રાના ચંદુલાલ શેઠ–જે ગ્રહસ્થે મ્યુનીસીપાલીટીનો સભ્ય થઇ તેની સ્કુલ તપાસી, તેને ઘેર બોલાવી હતી તે–આ બાઇના ધણી. બે દિવસ પર ઘેર આવવાનું નિમંત્રણ તેણે તિરસ્કાર્યું હતું; આજે નફટની માફક તેનું ઘર ઠોકતી આવી. તેને નાસી જવાનું મન થયુ; તેને આ અધમતાની પરિસીમા લાગી. પણ મુચકુંદનું માયાળુ, તેજસ્વી મુખ તેના આગળ આવ્યું તેને દુઃખી થવા દે ? તેને કેદમાં જવા દે ? મુચકુદની ચતુરાઇ, તેની મોટી આશાઓ, તેનું ભવિષ્ય એ બધાના વિચાર એક પળમાં તેના મનમા આવી ગયા. હીંમતથી તે ઉભી થઇ. ગંભીરલાલ અને મહાત્મા મહાયોગીએ જે ભયંકર સ્થિતિ તેની કરી હતી તેના આગળ આ શું ?

મણિને જોઇ શેઠ ચમકયા. હર્ષનાં કિરણો તેમના મોઢા પર ફુટયાં. " કોણ મહેતીજી તમે ?" આનંદથી કંપતે અવાજે તેમણે કહ્યુ.

" હાજી ! હું આપને મળવા આવી છુ " જરા તિરસ્કારથી હસીને મણિએ કહ્યું.

" આવો ! ઘણો આનંદ થયો. તે દિવસે તો જરા નારાજ હતાં." શેઠે કહ્યું અને પોતાની સ્ત્રી તરફ ગયા. એક પળમાં આ ધણી ધણીઆણી એકમેક તરફ કેવાં બેદરકાર છે તેનો ખ્યાલ મણિને આવ્યો. તેણે ધીમેથી શેઠાણીને કહ્યું: " બાઇ સાહેબ ! હું શેઠની સાથે વાત કરી રહી પછી મળીશ."

શેઠ પોતાના ભપકાદાર દીવાનખાનામાં ગયા. ત્રણ ચાર વીજળીના દીવા ચેતાવ્યા, એક પંખો ચલાવ્યો, એક આરામખુરશી પર બેઠા અને એક સુંદર નાનકડી ખુરશી પાસે ખેંચી.

મણિ આવી અને બેઠી; શેઠની આતુર આંખો તેના મુખ પર ઠરી રહી.

"બોલો! આખરે આપણે મળ્યા" શેઠે કહ્યું.

"નસીબમાં મળવાનું હશે તે."

"કેમ? મને મળવામાં બહુ દુઃખ સમાયું હોય એમ લાગે છે."

"જે હશે તે. એ વાત કરવા હું નથી આવી આપને તસ્દી આપવા આવી છું."

"શી?"

"આજે તમારા કારકુનને તમે કેદ કરાવ્યો છે તેને છોડી દો" મણિએ ધીમેથી કહ્યું.

એકદમ ચંદુલાલ શેઠ આરામ ખુરશી પર પડી જઇ ખડખડ હસવા મંડી ગયા, અને બે મીનીટ સુધી હસ્યાજ કર્યું. મણિને આ હસવાનુ કારણ જડયુ નહીં એટલે તેણે દિગ્મૂઢ થઇ જોયા કર્યું. આખરે શેઠના હસવાનું જોર ઓછું થયું અને ગજવામાથી એક મોટી 'સીગાર' કાઢી તેમણે ચેતાવી.

"બે ઘણું ફક્કડ!"

"કેમ?"

"મેં જાણ્યું કે તમે સતીમાતા હશો." કહી ફરીથી હસવુ નહી માવાથી શેઠ ખુરશી પર પાછા પડયા.

મણિની આંખોમાં ઝેર ચમકી રહ્યું

"એ પણ નશીબ ભાઇ!" મહા મુશ્કેલીએ અવાજ નમ્ર બનાવતાં મણિએ કહ્યું. "હવે હુ સમજી. તમને એ વખત તિરસ્કાર્યા, અને તમારા કારકુન પાછળ ગાંડી થઇને ભમુ નહીં?" શેઠ ફરીથી હસ્યા. "તમે પંડયાજીની વાત સાંભળી હશે? તમે ક્યાંથી માનો? તમે ક્યાંથી માનશો કે મુચકુંદ મારા માના જણ્યા ભાઇ સમો છે?"

"માનો જણ્યો ભાઇ!" શેઠ ફરી હસ્યા. "તમારા જેવી બીજી સ્ત્રી મને મળી નથી."

" હશે. મને પણ એમજ લાગે છે. ભલે માનો કે નહીં માનો. તમે દુનીઆના પાવરધા પુરુષો ક્યાંથી માનો ?"

શેઠ હસ્યા " ત્યારે તમે કહો છો કે મારે મુચકુંદને છોડાવવો. કારણ ?"

" કારણ ! કારણ કે તે નિર્દોષ છે, માત્ર એના બાપના કહ્યાથી તેના પર જુલમ ગુજારવા તમે તેના પર આ આરોપ મુકયો છે."

" એમાં શું ? એવાં કારણો હોત તો પકડાવત શા માટે ?"

" તમને પ્રભુએ સત્તા ને પૈસા આપ્યા તે આ માટે ?"

" હા. એ છોકરાને મુર્ખાઇમાંથી બચાવવા માટે" શેઠે શાંતિથી કહ્યું.

" બીજું કારણ કહું ? મારે લીધે એના પર દોષ મુકો છો એ ખોટો છે."

" સતીમાતા !" શેઠ હસવા જતા હતા, પણ મણિના મોઢા પર એક ભયંકર ક્રોધનું વાદળ આવ્યું ને જોઇ શેઠ હસતા અટકયા.

" હા ! સતીમાતા ! તમે બધા દુનીઆના અધમાચારો જોઇ અધમ થઇ ગયા છો. તમને તે સાચું શુ નહી લાગે ? પણ મારા પ્રભુના સમ ખાઇને કહું છું કે તમે બધા ભુલ કરો છો અને વગર વાંકે નિર્દોષ માણસો પર વહેમ ખાઓ છો "

આ જુસ્સો, આ તેજ જોઇ ચંદુલાલ શેઠ જરા શરમીંદા પડયા; તેમને કઠણ હૈયામાં પણ મણિના હ્રદયગામી શબ્દોએ કૈંક રસ્તો કર્યો. છતાં નાયકાને ત્યાં જોઇ આટલી નાની અને સ્વરૂપવાન્ સ્ત્રી નિર્દોષ હોય તે તેમના મનમાં ઉતર્યું નહીં "

" વારુ. છતાં એ છોકરો સમજતો નથી તેનુ કેમ ?"

" કેવી રીતે ?"

" કે એને તમારી સાથે રહેવા દેવાય ? પંડયાજી કહેતા હતા કે તમે પરનાતી વિધવા છો. એ તમારી સાથે ઉઘાડે રહે તો એનું થાય શું ?"

" તે પણ હું સમજું છું. મુચકુંદભાઇ દુનીઆનાં તોફાનથી અજાણ છે; હું નથી. મેં તો એમને પહેલેથી કહ્યું હતું કે મને સાથે રાખવામાં ફાયદો નથી."

"હા ! કોઇ દૂર રાખી શકે એવાની સોબત શોધવી હતીને ?" ચંદુલાલે જરાક હસતાં કહ્યું. મણિએ જાણે એ પ્રશ્ન પુછાયોજ ન હોય તેમ તેનો જવાબ દીધો નહીં.

"પણ તેને લોકોની નિર્મલતા પર શ્રદ્ધા હતી."

"હવેજ તે ખબર પડશે તો ! જરા વેદીઉ ઢોર તો છેરનો. પણ નિર્મલતા—' કટાક્ષમયતાથી શેઠે એ શબ્દ પર ભાર મુક્યો; "—ની પુંછડી તો તમારાથી જુદા થવા ના પાડે છે મેં બહુએ સમજાવ્યો "

"હા ! પણ હું હા પાડું છું મારે એનું ભવિષ્ય બગાડવું નથી "

"ઠીક ત્યારે તો કે થાય. એના બાપને બોલાવું. પણ—"

"પણ શું ?" મણિએ પુછ્યું

"પણ હું એ બધી તસ્દી શા માટે લઉં ?"

"ન્યાતને માટે, તમે એને પકડાવ્યો માટે." મણિએ કહ્યું. તે શેઠના સવાલનો મર્મ સમજી. તેને શેઠને એક તમાચો મારવાનુ મન થયું પણ ઘણી મહેનતે પોતાની ઇચ્છાને રોકી.

શેઠ જવાબ સાંભળી હસી પડયા. "આ સતયુગ ચાલે છે તો ! તમે તુંગભદ્રાને ત્યાંથી છટકયા; નીશાળમાંથી છટકયાં; આજે તો પ્રભુએ તમને ન છુટકે મારે ત્યાં વળાવ્યાં આપણુ નશીબ હવે દૈવે જોડયું" કહી પાછા શેઠ હસ્યા. તેમના હાસ્ય પરથી લાગતુ હતુ કે મનુષ્યના અધમ સ્વભાવ અને આચારથી તે એટલા માહીતગાર હતા કે કોઇ પણ વિષય તેમને મન પવિત્ર રહ્યોજ નહોતો.

"એટલે આટલી માગણી માટે કીંમત લેવી છે ?" મણિએ તિરસ્કારથી પુછ્યુ.

"કીમત વિના કંઇ પણ થાય છે ?" મુબાઇના ભોમીઆ શેઠે સામો સવાલ કર્યો.

"શી કીંમત ?" હીંમતથી મણિએ પુછ્યું.

પ્રશ્નમાં એટલું ગાંભીર્ય અને અર્થ હતો કે શેઠની નજર મણિની સામે ટકી નહીં. તેના નિષ્ઠુર મગજમાં પણ ક્ષોભ થયો. તે એક પલવાર તો જવાબ આપી શક્યા નહી. હજુ તે ગંભીરલાલ અને મહાત્મા મહાયોગીની નફ્ફટાઇની પરમ ભૂમિકાએ પહોચ્યા નહોતા.

મણિ મનુષ્યસ્વભાવની કસોટી કરીકરી પારખુ થઇ ગઇ હતી. તેણે શેઠ હજુ કેટલા કાચા હતા તે જાણી લીધું; અને તેને વીશે શેઠના મનમાં શા શા વિચારો અને શી શી લિપ્સાઓ ચાલતી હતી તે તે કયારની જાણી ગઇ હતી. એક બાહોશ નાટકકારને પણ અલભ્ય એવી ખુબીથી તેણે મોઢા પરનો આવેશ બદલ્યો. માગણીઆનું દયામણાપણું છોડી તેણે દાનેશ્વરીનો પ્રતાપ મુખ પર ધાર્યો.

"કીંમત ?" મણિએ પોતાનું તેજસ્વી મુખ ઉંચું કરી સત્તાશીલ અવાજે પુછ્યું; "કદીએ કીંમત આપી કોઇએ સ્ત્રીનુ હૃદય જીત્યુ છે ? કીંમતે ખરીદેલી સ્ત્રીનું શરીર કયાં સુધી તમારું કરી શકયા છો ?" એક પળ મણિ થોભી. માત્ર તેની આંખોજ પ્રતાપ પાડી રહી.

શેઠ આ મુખનુ, આંખનું, તેજ જોઇ ગાંડા થઇ ગયા. માત્ર એક સ્વરૂપવાન્ હરણી પકડવા જતાં મો આગળ સિંહણ આવી રહી આ ગર્જનાથી તે ગભરાઇ ગયા હતા છતાં તેમની લિપ્સા વધી. આ મહાશક્તિના વિરાટ્ સ્વરૂપે તેમને વશ કર્યા, નિરાધાર બનાવ્યા તે એક અક્ષર બોલી શકયા નહીં.

"શેઠ !" મણિએ આગળ કહ્યું; "સ્ત્રીઓ તો જીતાય—નહી કે ખરીદાય."

શેઠ જરાક હસ્યા. આપણામાં કહેવાય છે તેમ છાસીઉ કર્યું તેમને આ તાપ અસહ્ય થતો હતો છતાં પૈસાદાર, આત્મસંતોષી મુંબાઇગરાની કીંમતથી તેમણે તે વારવા પ્રયત્ન કર્યો. તેમણે પુછ્યું: "તમે કેમ જીતાઓ ?"

"હું ! હા. તે કહું." ઉનાળાની ઉષ્ણતામાંથી રમણીય સાંજ થઇ જાય તેમ મણિએ નરમ પડી જતાં કહ્યું; "હું હજુ ખરીદાઇ નથી તેમ જીતાઇએ નથી. ખરીદનારા તમારા જેવા ફાંફાં મારી પરવાર્યા; હજુ જીતનાર કોઇ મળ્યો નથી. મને તમારી કરવી છે? તે કરવા તમારામાં પાણી જોઇએ. આમ કીંમત માગે શુ વળવાનું હતું ?" કહી ફરીથી માણુ તિરસ્કારભર્યું હસી.

શેઠ દિંગ થઇ ગયા. આ રૂપ અને આ વાક્ચાતુર્યે જાણે વાદીગરની મોરલી હોય તેમ તેમને બેભાન કર્યા—નચાવવા માંડયા. તેમાં તેમના આત્મસંતોષી સ્વભાવને પણ અર્ધ્ય મળ્યો; જીતવાની વાત તેમને રૂચી કારણ કે તેમના જેવા બાહોશ, પૈસાદાર, આગળ પડતા માણુસ માટે જીતવું શી વીસાત હતું? વળી આ સુંદરી પણ તેમને મન કૈંક અલૌકિક લાગી; અને તેને ખરીદવા કરતાં જીતવી વધારે સહેલ લાગી. મણિએ પાથરેલી જાળમાં શેઠ સીધાસીધા ચાલીનેજ સપડાયા. "પણ મારે એટલુંજ જોઇએ છે. હુ કૈં રસ્તાનો ચાલનાર છું?"

"તો ભલે, મારા પર આટલો ઉપકાર કરો; તમને મારા એક મિત્ર તરીકે ગણીશ, પણ કૈં પણ વચન આપી બંધાતી નથી."

"તે હું કયાં કહું છું?"

"ત્યારે મુચકુંદભાઇને છોડવો." એકદમ સાતમા સ્વર્ગે પહોંચેલા શેઠને પૃથ્વી પર પાડતા મણિએ કહ્યું.

"હા! પણ પહેલી શરત એ કે તમારે મુચકુંદને મળવું નહીં, તે વગર કૈં બને નહીં."

"કબુલ પછી કૈં છે? એ છુટે તો બસ. પણ એમના બાપે એમને માફ કરવા."

"ઉભાં રહો, હુ ડોસાને પુછી આવું" કહી શેઠ અંદર ગયા અને થોડી વારે પાછા આવ્યા.

"પંડયાજી કહે છે કે એ પરણે તેમાં તમારે વાંધો લેવો નહીં."

"મારે વાંધો શો હોય?"

"ઠીક, અત્યારે—કાલે સવારે—"

"ના, જ્યાં હોય ત્યાંથી, અત્યારે છોડવો મને મુચકુંદભાઇ કહેતા હતા કે પોલીસ ઇન્સપેકટર તમારો ઓળખીતો છે"

"પણ ત્યારે તમે કયાં રહેશો? કારણ કે ડોસા કહે છે કે તમારે બીલકુલ મળવુંજ નહીં."

"હું કાલે સવારે ઓરડી રાખીશ. આજે ગમે ત્યાં પડી રહીશ."

"મારું ઘર ખપશે?" શેઠે જરા હસીને કહ્યું.

"આ મિત્રતાની શરૂઆત કે? માફ કરો. મારે એક મહેતો મિત્ર છે તેને ત્યાં સુઇ રહીશ."

"ઠીક, વારું ચાલો, એક બે લીટી લખી આપો, હું મુચકુંદને છોડાવી આપું."

"હા! આ અમારા—એમના ઘરની કુંચી" મણિએ કહ્યું.

"શુ કામ? હું જ આવીને તમને મુકી જાઉં. મારી મોટર નીચેજ ઉભી છે" કહી ચંદુલાલ શેઠે પાઘડી પાછી પહેરી.

પ્રકરણ ૧૩ મું

ભાવનાનષ્ટ

જ્યારે ચંદુલાલ શેઠે મણિની ચીઠ્ઠી અને તેના ઘરની કુંચી આપી મુચકુંદને છુટકારો અપાવ્યો અને 'ચાલ હવે ડાહ્યો થઇ જજે' કહી તે ચાલ્યા ગયા, ત્યારે મુચકુંદ ગાંડા જેવો પોલીસચોકી આગળ ક્યાંસુધી ઉભોજ રહ્યો. પોતે કેમ પકડાયો, કેમ છુટયો, આ કુંચી અને ચીઠી કેવાં, એ બધાનો સ્પષ્ટ વિચાર કરવાને તે અસમર્થ થઇ રહ્યો. જ્યારે તે પોલીસના હાથમાં ગયો ત્યારે તે ઘણો ગભરાયો હતો; પછી મહા-મહેનતે હીંમત ભેગી કરી જે માથે પડે તે સહેવાની દઢતા તેણે આણી હતી. પણ જ્યારે મણિને છોડી એ પોલીસચોકીમાં આવ્યો, અને જ્યારે કાયદાએ ખોદેલી ઘોર જેવી ઓરડીમાં તે પુરાયો ત્યારે જીવતો માણસ દટાય એમ તેને થયું. તે બારણું બંધ થતાં સાથે, આખી જીંદગી, વહાલા આદર્શો, લાડકડાં સ્વપ્નાં એ બધાના દરવાજા પણ બંધ થએલા તેને લાગ્યા. તેની કૃતિમ હીંમત જતી રહી તે ખુણામાં પડી રહ્યો સગો બાપજ દુશ્મન થઇ રહ્યો હતો એ વિચારી તેનું હૈયું ફાટી ગયું. તેના દુઃખે રહેંસાયલી કલ્પનાએ કોર્ટ, શિક્ષા, કેદખાના વગેરેના ભયંકર ભૂતો નજર આગળ ખડાં કર્યાં તેના મિત્રો શું કહેશે, તેના પ્રોફેસરો શું કલ્પના બાંધશે, એ વિચાર કરતાં તેને કંપારી આવી. આ ફજેતો વેઠયા કરતા મરવું તેને વધારે સારુ લાગ્યું

તેના સંસ્કારોમાં આત્મબળ હતુ નહીં, તેનો સ્વભાવ કોમળ હતો; હજુ દુઃખ તેણે દેખ્યું નહોતું એટલે પાપી કે અનુભવી સ્વભાવની નિષ્ઠુરતા

તેનામાં હતી નહી; અન્યાયથી ઉપજેલા ગુસ્સાનું તેજ કે અભિમાન તેનામાં નહોતાં; આત્મનિષ્ઠ પ્રભાવશાળી સ્વભાવની ગૌરવશીલ શાંતિ પણ તેનામાં નહોતી; પહેલાં તેને કૃત્રિમ પ્રયાસે ઉગાડેલા રોપા જોડે સરખાવ્યો હતો; અત્યારે તે અસ્વાભાવિક વાતાવરણ ગયાથી, અને સ્વભાવિક કેળવણીના અભાવથી તે રોપો જમીનદોસ્ત થઇ ગયો. તે રડવા લાગ્યો—ભીંત સાથે માથુ કુટવા બેઠો.

આવી અવસ્થામાં ચંદુલાલ શેઠે તેને છોડાવ્યો. આ ફેરફાર કેમ થયો તેની તેને સમજ પડી નહીં. શેઠની મોટર ચાલી ગઇ ત્યારે તેણે ઉંચું જોયું—ચારેગમ શૂન્યતા જોઇ, અને મણિ યાદ આવતાં હાથમાં પડેલી કુંચી અને ચીઠ્ઠી જોયાં. તે ફાનસ પાસે ગયો અને ચીઠ્ઠી વાંચી.

પ્રિયભાઈ મુચકુંદભાઇ,

વિધિએ વધુ વખત આપણું સાથે રહેવાનું નથી નીર્મેલું. વગર મળ્યે જાઉં છું તે ક્ષમા કરશો પણ મારે ખાતર તમારૂં ભવિષ્ય બગાડવાનું પાપ હું વહોરવા નથી માગતી

લી.
મણિ

મુચકુંદ આ ચીઠ્ઠીનો અર્થ એકદમ સમજ્યો નહીં. ત્રણ વખત વાંચી ત્યારે સમજ્યો અને દાંત પીસ્યા. આખરે જેને માટે આ બધું તે વેઠવા તૈઆર થયો હતો તે પણ નીમકહરામ નીકળી ! પોતે અજાણી, રખડતી સ્રી સાથે પરિચય પાડયો માટે તે પોતાની મુર્ખાઇને ધીટકાર કરવા બેઠો.

મુચકુંદ ઝપાટાબંધ પોતાને ઘેર આવ્યો, તેણે તાળું ખોલ્યું. ચારે તરફ જોયું તો મણિની ટંક કે કૈં નામનીશાન જોયું નહીં, તેને ગળે ડુચો આવ્યો. તેને ઘર, દુનીઆં વગડા સમાન ભયંકર લાગ્યાં. તે બેસી ગયો, અને માથે હાથ મુકયો અને રડયો.

મુચકુંદ જો વીલાયતી વિલાસમાં પુરો હોત તો દુઃખ વીસારવા સીગાર ચેતાવી સુધરેલા સમયનું સોમપાન કરત; જો જંગલી હોત તો બુમો મારી

દિશાઓ ગજવત; જો અનાર્ય હોત તો બધુંજ ભુલી ઉંઘી જાત; જો કવિ હોત તો હાથમાં કલમ લઇ કૈં કૈં ગરબીઓ ચીતરી કાઢત; જો પરદેશી વિદ્યાથી તરબોળ થએલો ન હોત તો વિધિના લેખ પર શ્રદ્ધા રાખી સમજી જાત; જો પ્રેમદર્દનો શોખી હોત તો ભગવાં સજી અહાલેક જગાવત, જો કર્મયોગી હોત તો મણિને પાછી મેળવી ઇચ્છાશક્તિ દર્શાવત. પણ મુચકુંદ આ બધામાંથી કોઇની ભૂમિકા પર નહોતો. દરેકનું કૈં એક લક્ષણ તેનામાં હતુ; ભિન્નભિન્ન આદર્શોની તેના સ્વભાવમાં ક્યુંબર થઇ ગઇ હતી. આ કારણથી તે કૈં પણ બીજું કરી શક્યો નહીં—માત્ર રડયો. કલાકોના કલાકો સુધી તેણે આંસુ સાર્યાં. કયાં સુધી મુગે મોઢે તે બેસી રહ્યો. મનમાં ને મનમાં તે વીચારવા લાગ્યો.

" મુચકુંદ ! મુચકુંદ ! તુ મૂર્ખ છે. શા માટે આટલું રડે છે ? શા માટે આટલું બધું લગાડે છે. સ્ત્રી કોઇની થઇ છે કે તારી થશે ? જેવે અચાનક રસ્તે તે આવી હતી તેવે રસ્તે ગઇ. તારે શુ ? તારી કયારે હતી ? તારી સાથે રહેશે એમ ધારવાનુ શું કારણ ?

" પણ એમની એમ જાત તો લાગત નહીં. આ તો જોરજુલમથી બાપના કેરથી એ નાસી ગઇ. બાપા જબરા નીકળ્યા; હુ ભણેલો ગણેલો કાયર નીકળ્યો. આટલી મારી હોંશીઆરી ! હું હાર્યો-ખેર—પણ કોનાથી ? સંસારથી, રુઢિથી. હું ગુલામ નીકળ્યો. હેં ! મારા બધા આદર્શો કયાં ગયા ? ભગવાન્ બુદ્ધ, માર્ટીન લ્યુથર એ તો બધા સ્વપ્નાંજ. મારી હીંમત પહેલે ઝટકે કડકા થઇ. હા ! હું જેલમાં જવા ગયો, પણ કેટલીક બીક લાગી હતી ? હું કેટલો નિર્બલ છું ! હીંમતથી ડગ ધરતા, મોઢે હસતા, શુળીએ જતા વીરનરો કયાં ? અને જરાએ ધાકથી ત્રાસતો હરિણ સમો હું હીંદી કયાં ? હીંમતની તો વાતોજ. હું બીકણુ છું.

" હું શા સારુ લઢયો ? મણિ સારુ. મારી ભાવના માટે ? સંસારના જુલમે મને ચગદી નાંખ્યો; હું ચગદાયો. આવા કેટલાક હીંદુઓ ચગદાયા હશે ! બધા રુઢિની ગુલામગીરી પર ભાષણ કરે છે; કોઇ બચ્યો છે ? મેં ધાર્યું હતું કે હું બચીશ. મારામાં બહાદુરી છે; પણ કયાં સુધી—જ્યાં સુધી

તે પ્રચંડ શેષે ગળી જવાનો ફુંફાડો માર્યો નથી ત્યાં સુધી. શું બધાને મારી માફક અનુભવ થતા હશે? કેટલા મારી માફક રડતા હશે? હવે શું? ભણતર, ચારિત્ર્ય, આદર્શો ઉપર પાણી ફેરવ્યું—હવે 'મનુષ્યરુપેણ મૃગાશ્ચરન્તિ.' ગુલામો ને ઢોરમાં કોણ સારું?

"હું ગુલામ છું. બધા મારા જેવા છે. પોતે ગુલામ બની બીજાને ગુલામ કરવાનો ધંધો લઇ બેઠા છે. હીંદ કારાગ્રહ છે? મનનું ધાર્યું કશું કરવાની રજાજ નહી? જન્મીએ ત્યાંથી તે મરતાં સુધી રુઢિએ દેખાડેલોજ પંથ પકડવો? મણિને છુંદી નાખી, તેનો હાથ ઝાલનાર છુંદાઇ ગયો. પ્રભુ! પ્રભુ! શું આ દુનીઆ! આ માણસો! એના કરતાં મરવું સારું.

"પણ મરવાની હીંમત! હા, તે પણ નથી. દુઃખ સહન કરીને પણ જીવવાની લાલસા છે. ગમે તે બહાને જીવવુ એજ આપણો જીવનમંત્ર! અત્યારે હું પણ તે ટોળામાં ભળ્યો. બીજા કોનો વાંક કાઢું? બાપા આવશે, મારા પર સત્તા ચલાવશે, હું ગમે તેવી છોકરી પરણીશ, મને છોકરાં થશે, પચ્ચીસ રુપીઆના પગારમાં અવતાર પુરો થશે—ખલાસ! બધી આશાનો અંત આખરે રાખોડીમાં.

"કોનો વાંક કાઢીએ? આપણો કે નસીબનો? હા! એ હાથ લુછવાનો થાંભલો ઠીક છે હાથે કર્યાં હોય તે હૈયે વાગે ત્યારે વિધિનો આશરો લઇએ. આપણે ચિત્રકાર બનવાનું કારખાનું કાઢ્યું છે; સાંચામાં બરોબર ન બને તે કચરાઇ જાય. ઠીક! કચરાઇ જવાની હીંમત નથી; સ્વાર્થી છું, જીંદગી વહાલી છે. હા! હું નરાધમ છું. ગુલામ થવા તૈઆર છું. મારે હવે શુ? બધી દુનીઆ ભાર વહે છે તેમ હું પણ વહીશ.

"સાબાશ મુચકુંદ! તારું પણ આજે આવી રહ્યું. એટલાં બધાં માં હું એક વધારે. હવે જીવનમાં શું રહ્યું?" મુચકુંદના વિચાર કૈંક આ પ્રમાણે થવા લાગ્યા. કૈંક વિચારમાં, કૈંક થાકનાં ઝોકાં ખાતાં રાત વીતી અને સવાર થઇ. મળસ્કું થતાં પાછું પંડયા આવી પહોંચ્યા.

દુઃખમાં, નિરાશામાં બેઠેલા દીકરાને જોઇ જરા વિજયના તોરમાં પંડયાજીએ પુછવા માંડયું: "કેમ વત્સ કેમ! કેમ છે?"

ફીક્કી આંખે મુચકુંદે સામે જોયું પણ કૈં જવાબ આપ્યો નહીં.

"કેમ હવે સમજ્યો ? જો હવે મગજમાં કૈં ધુમાડો હોય તો કાઢી નાખજે. ચાલ હવે શું કરવું છે. ?"

"શું ?" મુચકુંદે કચવાઇને જવાબ દીધો. હવે મારે કરવાનું શું હોય ? તમે મારું જીવન બાળ્યું—હવે મારે કૈં કરવુ નથી."

"તે કૈં ચાલશે ? ચાલ તૈઆર થા. આઠ વાગે ગાડી આવે છે."

"શાની ?"

"આપણે ગામ જવાની. આખી ન્યાતને કહીએ કે હવે ખાંડ ખા. પાણું પંડયાને ગભરાવવા આવ્યા હતા !"

"હું ગામ નથી આવવાનો. મને મારે અહીંઆં પડી રહેવા દો."

"અહીંઆં પડી રહેવું, શુ મારું નાક કપાવવા ?" ડોળા કાઢી પાણું પંડયાએ કહ્યું. "હજુ પાછું તેનું તે ? ચાલ."

મુચકુંદમાં સામે થવાની હીંમત નહોતી. તે ફીકકે મોઢે જોઇ રહ્યો.

"હું આવીને શું કરીશ ? મારા દુઃખમાં મને રહેવા દો. તમે ડાહ્યા ને હું ગાડો. પણ શા માટે દાઝેલાને ડામો છો ?"

"ઓત્તારી દાઝેલાની ! તુ તો કૈં બોલવા શીખ્યોને ? ચાલ ઉઠ, એ તારી ટેંટેં નહીં ચાલે."

"લો ફોડો ત્યારે" એકદમ ઉભા થઇ જતાં મુચકુંદે કહ્યું; "તમારું ધાર્યું કરો. જે કહો તે કરવા તૈઆર છું."

"હા ! હવે સમજ્યો." ઠંડે પેટે ડોસાએ કહ્યું. "ચાલ તારે જોઇતી વસ્તુ બાંધી લે. આગગાડીનો વખત થયો."

મુંગે મોંઢે મુચકુંદ ઉઠયો.

પ્રકરણ ૧૪ મું

ન્યાત મળી

ત્રીજે દિવસે રાતના અગીઆર વાગતાના સુમારે કષ્ટનષ્ટેશ્વર મહાદેવના મંદિરના ઓટલા પર ત્રણ જણ ગપ્પાં મારતા હતા; એક જણ રસ્તા આગળ ઉભું હતુ; મહાદેવના મંદિરમાં પોઠીઆની પાછળ બે દીવેલના દીવા બળતા હતા થોડીથોડીવારે ટુંકું પોતીઉં અને ચકરી પાઘડી પહેરી, ખભે પીછોડી નાખી પાણું પંડ્યાની ન્યાતના અગ્રેસરો મંદિરમાં ડોકીઆં કરી જતા અને તપાસ કરતા કે "સાયંકાળે" નોતરેલી ન્યાત મળી છે કે નહીં. કોઇને ઉતાવળ હોય, કે વખતની કીંમત હોય એવુ લાગતું નહીં. બધા રાતના રાજાજ લાગતા.

થોડીવારે બે ત્રણ જણ આવ્યા. ઓટલા પર બેઠેલા ગૃહસ્થોને બહાર બેસી રહેવા માટે ઠપકો આપ્યો, અને બધા અંદર ગયા. પહેલાં બધાએ મહાદેવનાં દર્શન કર્યાં, પાર્વતીને ચીઢવવા બોકડો બોલાવ્યો, દેવ જગાડવા ઘંટ વગાડયો, પોઠીઆને રાજી કરવા તેનો પુચ્છસ્પર્શ કર્યો, અને પછી દીવાની આસપાસ બેસી તેમણે વાત કરવા માંડી.

"કેમ અલ્યા, પટેલીઆઓ ક્યાં? એમનો સંધ્યાકાળ નથી થયો?"

"થશે થશે નાથુશાસ્ત્રી!" બીજાએ ટોળમાં કહ્યું; "તું કેમ અધીરો થાય છે? પણ પેલો જાંગલો જોયો કે?"

"કોણ?" નાથુશાસ્ત્રીએ પુછ્યું.

"પાણું પડયાનો દીકરો મોટો જાંગલો ન હોય તેમ આજ તો જોડા પહેર્યા હતા, ને તોર શો? મેં નમસ્કાર કર્યા ત્યારે ડોકું ધુણાવ્યું."

"ધનશંકર! તું તો એવોજ રહ્યો." ત્રીજાએ વચમા પડતુ નાખ્યું; "બધાના દુર્ગુણજ જોવાની તને ટેવ પડી છે. તું શું જાણે? ગયે વર્ષે તો મને પુરુષસૂક્તનો તેણે અર્થ સમજાવ્યો હતો."

"શાંતં પાપમ્" નાથુશાસ્ત્રીએ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો. "વેદનો અર્થ! તે હોયજ કેમ? અને હોય તો આપણાથી થાય? રૈરવ નરકના અધિકારી થઈએ. ભવાનીકાકા!"

"બેસ બેસ હવે. પેલા યવનો અર્થ કરે તે કે નહીં ને આપણે કરીએ તે ગુનેહગારી!" ભવાનીકાકાએ કહ્યું.

"આ આમ ને આમ સત્યાનાશ ગયું ને અને હવે આ રામશંકરના છોકરાને પાવન કરવો છે? શી અધમતા! હવે તો પેલા આર્ય સમાજમાંજ બધા મળી જાઓની કે બ્રાહ્મણ બનેલા ભંગીઆ જોડે જમાય."

"ભંગીઆને બ્રાહ્મણ કોણ કરે છે?" કહી મોટેથી પ્રશ્ન પુછતા ગૌરીશંકર ગોટલી દાખલ થયા. તે ગૃહસ્થનુ વર્ણન આગળ આપવામા આવ્યું છે એટલે હવે નહીં આપીએ છતાં એટલું તો કહેવુ જોઈએ કે પહેલેથી એમને કોઈ ઓળખતું નહીં હોત તો પાસેના મંદિરમાંથી કાળા બથ્થરના ગણપતિ સુંઢ દૂર રાખી પિતાના દર્શન માટે ચાલ્યા આવ્યા હોય એવો ભાસ થાત. પણ આ બધા બાળપણાથી તેમને ઓળખતા હતા એટલે આ માનદાયક ભ્રમ થવા પામ્યો નહીં. એમનો અવાજ પણ મોટો અને [illegible] હતો એટલે સાધારણ વાત પણ પા માઈલ સુધી તો સાંભળતાં કોઈને હરકત પડતી નહીં. ગામના બહેરા બધા વગર તસ્દીએ એમનું ડહાપણ સાંભળી શકતા અને તેથી ન્યાતના સંમેલનોમાં તે આગેવાની સહેલાઈથી કરી શકતા.

"એ તો આ નાથુશાસ્ત્રી" ભવાનીકાકાએ જવાબ દીધો; "એને રામુના છોકરાને પાવન નથી કરવો"

"કેમ શાસ્ત્રી ? તને પણ પેલા પાણું પંડ્યાએ ભરમાવ્યો છે કે ?" કહી તેણે જમણે ખભે નાખેલો અંચળો જોરથી લઇ જઇ ડાબે ખભે નાખ્યો.

"પાણું પંડ્યા કૈં ખોટા છે ?" શાસ્ત્રીએ જવાબ આપ્યો.

"ખરા છે કે ખોટા છે તે આજેજ જણાશે તો ? પણ હજુ કેમ કોઇ આવ્યું નથી ? મધ્યરાત તો થવા આવી. આ ન્યાતનું આજ ખોટું છે તો– કોઇ વેળાસર આવતુંજ નથી."

"લો આ પુરાણીબુવા આવ્યા" એટલે મુચકુંદના સસરા લાકડી લઇ આવી લાગ્યા.

"કેમ પુરાણીબુવા ?"

"કેમ ભાઇ શું છે ?"

"આજે તમે પાણું પંડ્યા સાથે અટંપટંમા હતા કે ?" ગોટલીએ ડોળા કાઢી પુરાણીબુવાને ઉધડા લેવા માંડયા

"અટંપટં શી ને વાત શી ? મને કૈં ખબર નથી"

"પુરાણીબુવા ! સાઠે વર્ષે જુઠું બોલતાં શીખ્યા કે ? તમે પણ હતાસ્તો."

"તદ્દન અસત્ય. લો આ રામશંકર આવ્યા. કેમ તમારો છોકરો કય છે ?" પુરાણી મહારાજે પ્રશ્ન કર્યો

"એનું તો માથું દુખે છે. ભાઇ ! આજે શું કરવા ધારો છો ? મને ગરીબ બ્રાહ્મણને શા માટે કનડો છો ? હું તો ન્યાતની ગાય છું. જે કહો તે કરવા તૈયાર છું. પાડેપાડા લડે ને ઝાડનો ખોડો નીકળે." ગરીબડા બની રામશંકરે પોતાની અરજ ગુજારી.

"પણ આજે આ પટેલીઆઓને શું થયું છે ?" ભવાનીકાકાએ ધીમે રહી પુછ્યું.

"અરે પટેલીઆ કેવા ને વાત કેવી ?" ગોટલીએ માનભંગમાં મીજાજ ખોઇ પુછ્યું.

"ભાઇ હવે તું પણ પટેલીઓ; પણ હોય તે કૈં ના કહેવાય ?"

એટલામાં બીજા પાંચ સાત ગૃહસ્થો આવ્યા અને તેમની પાછળ નાના પાંચ સાત છોકરાઓ આવ્યા. એમાંથી એક છોકરાએ સીસોટી વગાડી એટલે નવા આવનારમાંનાએ તેને ટપલી મારી રડાવ્યો.

"કેમરે ચીબાવલા!" ટપલી મારનારે ઘાંટો કાઢી ઠપકો દીધો. "આ તે કૈં નાટકશાળા છે? આજકાલની વેજાથી તો તોબા"

"અરે પરભુકાકા! જરા તરવાર બાંધો તરવાર." નાથુશાસ્ત્રીએ તેને વાર્યો.

"કેમ તારું શું ગયું તેમાં?"

"લો. ભાઇઓ હવે શી વાર?" ગૌરીશંકર ગોટલીએ કહ્યું. "આમ ક્યાં સુધી તપ્યા કરવું છે? વહાણું તો હમણાં વાશે. જે કરવુ હોય તે કરો"

"પણ પાણું પંડયા ક્યાં?" પરભુકાકાએ પુછ્યું.

"એને તે ચોખા મુકવા કોણ જાય? કરો શરુ એના વગર." કહી ગોટલી ગોઠવાઇ ગયા અને ન્યાતનું કામ આરંભ કરવા તત્પર થયા.

"ભાઇ! ગમે તેવો પણ તે પહેલા એકડાનો" પુરાણીએ જવાબ આપ્યો.

"હા ભાઇ, એને બોલાવવા મોકલો" ભવાનીકાકાએ કહ્યું.

"ત્યારે બીજા બધા કામ ધંધા વગરના તે અમસ્થા ધક્કા ખાય?"

"ભાઇ! એ તો જેમ થતુ હોય તેમજ થાય" એક જણે કહ્યું. "ઉઠ નાથુશાસ્ત્રી! તું જા પાણું પંડયાને ત્યાં, ને કહીએ કે પધારો. ન્યાત મળી છે ને તમારીજ વારેવાર છે."

નાથુશાસ્ત્રીનો અભિપ્રાય પંડયાજીને મળતો હતો એટલે તે તરત ઉઠી તેમને લેવા ગયા, અને ક્યાં સુધી બધાએ પગ પર પગ ચઢાવી, દીવાની સામે નજર ટેકવી, મુગા મુગા ધુણ્યા કર્યું. બધા જાણે થનાર વિગ્રહ માટે સામગ્રીનો સંચય કરતા હોય તેમ લાગતા હતા. થોડીથોડી વારે આ બધાને બેઠેલા જોઇ કોઇકોઇ આવતું હતુ.

એટલામાં એક ભૂદેવ લથડતી ચાલે દાખલ થયા. તેમનાં નેત્રોમાં સોમરસનો નીશો સ્પષ્ટ દેખાતો હતો. તેમના પગ તાંડવનૃત્ય કરવા તલપાપડ

થતા હોય તેમ અસ્થિર પડતા હતા. તે આવ્યો કે બધાએ એકએકની સામે જોયું.

"કેમ રવિશંકર ?"

"હાંલ્લી (માટલી) ગઇ ભાંગી." સોમપાનની અસરથી રવિશંકરના મનમાં સ્ફુરેલા મંત્રનું ઉચ્ચારણ થયું. "હા હા." તેણે એક હેડકી ખાધી. "હ. અ. તમે બધા શું કરો છો ? હાંલ્લી ગઇ ભાંગી. આજે રામુના દીકરાનું શું છે ?"

"કેમ મહારાજ ! જીભ બહુ ચલાવો છો કે ?" ગોટલીએ પુછ્યું.

"હાંલ્લી ગઇ ભાંગી" શાંતિથી રવિશંકર મંત્ર બોલ્યા એટલામાં બહારથી આવતા લોકોનો અવાજ સભળાયો અને પાણું પંડ્યા, મુચકુંદ અને બીજા દસેક ભૂદેવો પધાર્યા.

'પધારો' 'આવો,' 'બેસો,' 'બીરાજો' વગેરે શબ્દો સંભળાયા. બધા શાંતિથી બેઠા. પાણું પંડ્યાએ પ્રમુખસ્થાન વગર કહ્યે લીધું, સેનાપતિની માફક પોતાની સેના પર પોતાની સચોટ નજર નાંખી કહ્યું: "કોઇ રહ્યું છે કે ?"

"ના પંડયાજી ! બધા આવ્યા છે" ભવાનીકાકાએ જવાબ દીધો.

પાણું પંડયાએ સભા તરફ નજર ફેરવી. દીવાની આજુબાજુ આશરે પચાસેક માણસો અને ત્રીસ ચાલીસ છોકરાઓ બેસી ગયા હતા. થોડીથોડી વારે છોકરાઓમાં કૈં વાતચીત થતી અને હસાહસની શરુઆત પણ લાગતી; છતાં પાણું પંડયાની દૃષ્ટિ પડતાં તોફાની છાવણીમાં શાંતિ પ્રસરતી.

"રહી ગ—ગ—યો એક જણ." રવિશંકરે અડધું ગયા અને અડધું પ એવું વાકય ઉચ્ચાર્યું.

"કોણ ?" પંડયાજીએ રવિશંકરનું ડોળ જોઇ જરા સખ્તાઇથી પુછ્યું.

"હાંલ્લી ગઇ ભાંગી." જવાબ મળ્યો. બધા ગૃહસ્થો જરા હસ્યા, પાછળથી છોકરાઓએ ખડખડાટ હસી તાળી પાડી.

" કેમરે છોકરાઓ ! જ્ઞાતિની મધ્યે અસભ્યતા ! મર્યાદા છેક ગઇ કે શું ?

" હવે આપણે શું કરવું એનો વિચાર કરવો જોઇએ " ગોટલીએ કહ્યું.

" હા, મહારાજો ! " રામશંકરે હાથ જોડી કહ્યું; " મારા પર દયા લાવી હવે મારા છોકરાનો કૈં રસ્તો લાવો. "

" છોકરો ક્યાં ? ગંગાશંકર ક્યાં ? " એમ બે ચાર જણે સાથે લાગી પ્રશ્ન ઉઠાવ્યા. રામશંકર ફીકકો પડી ગયો અને ચારે તરફ જોવા લાગ્યો. " મહારાજ ! તે માંદો છે."

" આજ સવારે તો શાક લેવા જતો હતો ?" પંડ્યાએ પુછ્યું. " તેની ગેરહાજરીમાં શું થાય ? "

" પણ ન્યાય કરવો તો શો ? એ પરદેશ જઇ આવ્યો છે, અને વિધિપૂર્વક શાસ્ત્રવિહિત પ્રાયશ્ચિત્ત કર્યું છે." બધા બોલતા હતા તેમાં પોતાનો મોટો ઘાટો કાઢી ગોટલીએ બોલવા માંડયુ. " હવે શો વાંધો છે ? અને ન્યાતમા ખુલ્લે છોગે બધા નજરમાં આવે તેમ કરે-ખાય પીએ-રાંડો રાખે તેનું કૈં નહી, ને આ ગરીબ બિચારો વિદ્યાભ્યાસ માટે પરદેશ ગયો તેનો ન્યાય ? "

" હાલ્લી ગઇ ભાંગી" ધીમેથી રવિશંકરે મણકો મુકયો.

" શા સારુ ન્યાય નહીં ? પરદેશગમનનુ પ્રાયશ્ચિત્ત નથી " નાથુશાસ્ત્રી બોલ્યા. પણ બધા સાથે બોલતા હતા તેમાં દરેક જણ શું બોલે છે તે સમજાયું નહીં.

" ત્યારે બીજા બધાનો ન્યાય કરો" એક જણ પાછળથી બોલ્યું.

" કોનો ન્યાય કરાવો છો ? " પ્રચંડ સિંહગર્જના કરી પાછું પંડ્યા બોલ્યા. બીજા અવાજો શાંત થઇ ગયા. " કોઇનું નામ નહીં ને નીશાન નહીં ને નકામા આક્ષેપો કરો છો. નામ દો, સાક્ષીઓ લાવો, હમણાં બધાનો ન્યાય કરીએ. ગંગો આવ્યો નથી એટલે એની વાત કેમ થાય ? બેસી રહેવાનું પ્રયોજન શું ? નકામા ઉજાગરા કરાવો છો. જ્યાં સુધી અપરાધી હાજર થાય નહીં ત્યાંસુધી કૈં થાય નહીં. બોલો શ્રી હર-હર-

મહાદેવ " કહી પાણું પંડયા એકદમ ઉભા થઇ ગયા. અડધાએ તો હર-હર-'ની બુમ ઝીલી લીધી. કેટલાક બોલી ઉઠયાઃ "બેસો, બેસો " કેટલાક તાળી પાડવા મંડી ગયા. રવિશંકરે મોટે સાદે ગર્જના કરી· "હાંલ્લી ગઇ ભાંગી." ગોટલીએ મોટો ધાંટો કાઢી બોલવા માંડયું

"આનું નામ ન્યાત! પગ તળે રેલો આવ્યો કે બધા થઇ ગયા ઉભા. મુચકુંદ પંડયાએ મુસલમાની રાખી છે તેનો ન્યાય કરો. પહેલાં તે અને પછી ગંગો બેસી જાઓ, બેસો."

"હા, મુચકુંદ પંડયાનો ન્યાય કરો."

બધા ઉભા થઇ ગયા, બધા બરાડા મારવા લાગ્યા, કોઇ કોઇને સાંભળતું નહીં. પાછળ ઉભેલાઓએ ધક્કામુક્કી કરવા માંડી, એટલામાં બે ચાર છોકરાઓએ પાછળથી ધસારો કર્યો; તેનો ધક્કો આગળ સુધી આવ્યો, નીરાંતે ઉભેલા નાથુશાસ્ત્રી ધક્કાને શરણ થઇ ગુસ્સામા રાતાપીળા થઇ ગએલા ગણપતિસ્વરુપ ગોટલીના દીલ ઉપર પડયા; શાસ્ત્રીની પાઘડી જમીન પર પડી, ગોટલીએ ગુસ્સામાં મુક્કો લગાવ્યો, શાસ્ત્રીએ વાગ્દાન કરવા માંડયું.

"મુચકુંદ પંડયાની વાતવાળા, એક મુસલમાની ને બે છોકરાં" કોઇ પાછળથી બોલ્યું.

આ તરફ શાસ્ત્રીએ ગોટલીની પરદાદીનાં સ્મરણો કરાવ્યાં, ગોટલીએ શાસ્ત્રીના બાપની જુવાનીની કારકીર્દી તાજી કરી. "મારી નાખીશ, જીવ લઇશ, ખુન કરીશ" ના અવાજો થવા લાગ્યા. પાણુ પંડયા ઉભાઉભા ખેલ જોઇ રહ્યા. બે ચાર જણે શાસ્ત્રીને અને ગોટલીને છોડાવવા પડયા. કોણ જાણે કોણે બધાનાં માથા પર એક લાકડીનો ફટકો લગાવ્યો; કોણ જાણે કોણે દીવાને ફુંક મારી. મંદિરમાં અંધકાર થઇ ગયો; બધા એકાએક ઉપર તુટી પડયા; બધાએ જે હાથમાં આવ્યો તેને ટીપવા લાગ્યા. કયાં સુધી હોહાકાર ચાલ્યો. થોડીવારે લોકો વીખરાવા લાગ્યા. મંદિરમાં શાંતિ થવા લાગી—થઇ ગઇ.

થોડીવારે પોઠીઆ પાસેથી અવાજ આવ્યો.

"હાંલ્લી ગઇ ભાંગી !" રવિશંકર ઉઠયો. તેને લાગ્યું કે હજુ તોફાન ચાલુજ છે તો તેમાં વધારો કરું. તેને મંદિરમાં પડેલું ઢોલ વગાડી તુમુલ યુદ્ધમાં નાદનો વધારો કરવાનો શોખ થયો. તેણે લથડતાં લથડતાં જઇ ઢોલના ડાંડીઆ ખોળી કાઢયા અને ઢોલ પાસે તે ગયો. ઢોલ જુનું અને ફાટેલું હતું; જેવુ તેવુ લાગતું, પણ તેના પર મારતાં કંઇ અવાજ થયો નહીં. રવિશંકરે વધારે જોરથી ફટકો લગાવ્યો; અંદરથી અવાજ આવ્યો: "ઓ બાપરે !"

"કોણ મુઓ છે ?" રવિશંકરે પુછ્યુ.

"એ તો હું !"

"હું તે કોણ ? કાલભૈરવ ?"

"ના હું ગૌરીશંકર" દુઃખથી ધ્રુજતો અવાજ આવ્યો.

"કોણ ગોટલી ? અહીંઆં કયાંથી ?"

"શું કરું ? બીજો કંઇ રસ્તો નહીં સુઝયો તે ઢોલ ફાડી અંદર પેસી ગયો. ભાઇ મને હાથ આપ ! મારાં હાડકાં તો સેકાઇ ગયાં હતાં, તેમાં વળી તેં પુરું કર્યું."

"મને કંઇ ખબર હતી કે તુ ઢોલમાં ભરાઇ બેસવાનો હતો ? લે હાથ, ચાલ નીકળ. હાંલ્લી ગઇ ભાંગી."

"ભાઇ ! મારી પણ હાંલ્લી ભાંગીજ ગઇ" ગોટલીએ કહ્યું.

પ્રકરણ ૧૫ મું

પાર્વતીબાઇ

મણિ મુચકુંદના વિયોગનું દુઃખ ભુલી ચંદુલાલને શી યુક્તિથી દૂર રાખવો તેનો વિચાર કરવા બેઠી. પહેલાં જે માણસો મળ્યા હતા તે વધારે શરમાળ, પૈસાના તોર વિનાના અને નાના ગામોના મર્યાદાશીલ વાતાવરણમાં ઉછરેલા હતા. ચંદુલાલ શેઠમાં એકે પણ આમાનો દુર્ગુણ નહોતો એટલે મણિને તે વધારે ભયંકર લાગ્યા.

પહેલાં ઉંડા વિચાર કરી તેણે એક રસ્તો શોધી કાઢયો. તે બીજે દિવસે સવારે પોતાની મેળેજ શેઠને ત્યાં ગઇ અને શેઠાણીને મળી પાર્વતી શેઠાણી પોતાની બ્હેન વીશે સાંભળવા આતુર થઇ રહી હતી. મણિએ તેને મહાયોગી મહારાજની વાત કહી, મણિકર્ણિકાએ આપેલી બંગડીઓ દેખાડી અને તેની જિજ્ઞાસા પુરી કરી. શેઠાણીને પહેલાં તો એકદમ પોતાના ધણીને કહી કૈં કરવાનો વિચાર થયો; પણ કુટુંબની આબરુ જાય, વખત છે ને મણિની કૈં ભુલ હોય, વખતે મહાયોગી મણિકર્ણિકાને સંતાડી દે; એવા સંશયો પેદા કરી એ વાત પડતી રખાવી. થોડો વખત તપાસ કર્યા પછીજ જે કૈં કરવું હોય તે કરવુ, એવા નિર્ણય પર તેઓ આવ્યા.

પણ મણિનું કામ સર્યું. શેઠાણી તેના પર ખુશ થઇ ગયાં. શેઠાણી જુના વિચારનાં ચોખ્ખાં, ચીકણાં, મંદિરનાં ચુસ્ત ભક્ત, અને મોજશોખનાં શત્ર હતાં. મણિએ તેને પોતાનો ભૂતકાલ કહ્યો નહીં પણ તેને આંજી નાખવાનો પ્રયત્ન કર્યો. ધાર્મિકતાનો જરા ડોળ ઘાલી તેને જીવનમાં રસ પડાવવા તે મહેનત કરવા લાગી.

ચંદુલાલ શેઠ ચકિત થઇ ગયા, ગુંચવાઇ ગયા. મણિ જેટલી વાર નીશાળે ન હોય તેટલી વાર તેમનેજ ત્યાં રહેતી; પોતાની સ્ત્રી જોડે પ્રીતિ બાંધતી, પોતાની સાથે વાતચીતમાં જરા પણ ખંચાતી નહીં—અને છતાં તેને એકાંત મળવાનો લાગ સુદ્ધા મળતો નહીં. શેઠે કરેલી શરતો પ્રમાણે તે ચાલતી પણ શેઠનું ધાર્યું કૈં વળતું નહીં.

ધીમેધીમે શેઠાણીનું રુવું પણ બદલાતુ ગયું. મણિનો પ્રભાવ તેના પર પડવા લાગ્યો એટલે તેનો સ્વભાવ બદલાયો; તેની રીતભાતમાં કૈંક ફેર થયો; તે છેક મુજી હતી તેને બદલે હસવા લાગી; આખો દહાડો ઘર ગોઠવી નોકરો-નો અવતાર ધુળ કરતી તેને બદલે કૈ વાતો કરવા લાગી; મહારાજના મંદિરમાં જવાને બદલે કેટલોક વખત ભુલેશ્વરની કપડાંવાળાની દુકાનોમાં પેસતાં જણાયાં. તેનો સ્વભાવ જેમ ઓછો ચીકણો થયો તેમ તેનુ શરીર સુધરવા માંડયું, અને તેની બહેનના છોકરા નટવરને લડાવવાનું તેણે શરુ કર્યું.

ચંદુલાલે આમાંનું કૈં જોયું નહી. તે માત્ર મણિનેજ ઝંખતો હતો, અને તે ન મળવાથી તે ધુંધવાતો હતો.

પ્રકરણ ૧૬ મું

લગ્ન

મુચકુંદનો જુસ્સો ભાંગી ગયો હતો. તેને મન પ્રલયકાળ આવી ગયો હતો. તે કૈં વાતમાં બોલતો નહીં અને બાપ કહે તે કરતો; તેના મોઢા પર ગ્લાનિ હંમેશાં છવાઇ રહેતી.

પાણું પંડયાએ પણ લાગ સાધી સત્તા ચલાવવા માંડી. હજામને હુકમ કરી મુચકુંદ પાસે ચોટલી રખાવાવી; કેટલા દિવસ થયાં તેણે છોડેલી સંધ્યા કરવા માંડવાનું તેને સુચવ્યું અને તે નહીં માન્યું એટલે ત્રીજે દિવસે પોતાની સાથે પાટલો મ ડાવી જોરજુલમે તેની પાસે સંધ્યા કરાવી. દરેક જુલમથી મુચકુંદ વધારે હીંમત હાર્યો. તેને જીવનમાં સાર રહ્યો નહીં. જે આત્મબળનું તે અભિમાન ધરાવતો હતો તે હવે રહ્યું નહોતું; જે વ્યક્તિસ્વાતંત્ર્યનો તે શોખી હતો તે નષ્ટ થયું હતું; જે મણિ તેને મન જીવનમાં રસદાયિની હતી તે જાતે રહી ચાલી ગઇ. હવે તેને કૈં રહ્યું નહીં. નિરાધાર હંમેશાં નસીબને આધીન થાય, કાયરનું પણ તે છેલ્લું વિશ્રામસ્થાન; મુચકુંદ નિરાધાર અને કાયર બંને થઇ રહ્યો.

પાણું પડયાએ પણ વખતનો લાભ લીધો, અને ધમધોકાર લગ્નની શરુઆત કરી. મુચકુંદને પુછવાની તેને કૈં જરુર જણાઇ નહીં.

મુચકુંદને તે જાણે બધું સ્વપ્નુંજ હોય એમ ભાસ્યું. ઢોલ અને રણસીંગાં ફુકાયાં; મુહૂર્ત લેવાયું, ગણપતિ બેઠા. બૈરાંઓએ સવારસાંજ ગીતો ગાવા માંડયાં, મુચકુંદને પીઠી ચઢી; બારણા આગળ સાજન બેઠું

થયું, હાથમાં નારીએલ લઇ કસબી જામો પહેરી તે ઘોડે ચઢયો; લગ્ન મંડપમાં લોકોની ઠઠ મળી હતી ત્યાં તે બેઠો, ગોરે બધાને સાવધાન બનાવ્યા અને થાળી ઠોકી; મુચકુંદની આંખ આગળ સાલ ધરી, થાળીનો અવાજ થતાં કોઇનો હાથ તેના હાથમાં આવ્યો; બધાએ કહ્યું: "મુચકુંદ પરણી ગયો—આ બધી સ્વપ્ન પરંપરા જાણે કોઇ બીજાનાજ અનુભવ હોય તેમ તે જોઇ રહ્યો. તેને અંગ્રેજી લેખકોએ અને સુધારક ભાષણકર્તાઓએ આપેલાં રુઢિવિરુદ્ધ ભાષણો યાદ આવ્યાં અને પાટલા પરથી પરણી ઉઠતાં જાણે તે બધાને સંબોધતો હોય તેમ બોલી ઉઠયો: "તમે બકયા જાઓ; અમે તો અમારું ચાલે છે તેમજ ચલાવશું—અને આખરે—ભલે દેશ ડુબતો—તે હસ્યો—કઠોર કટાક્ષમય હાસ્ય તેના મોં પર છવાયું.

"હું નહોતો કહેતો !" પાણું પંડયાએ તે હાસ્ય પોતાના વેવાઇ પુરાણીભુવાને દેખડાવી કહ્યું: "તમારા ઘરની કન્યા લેતાં કોણ નહીં રાચે ? એ તો જરા પહેલાં બધાંને ન ગમે. હવે જુઓ."

પુરાણીભુવાએ સંતોષથી અને અભિમાનથી જમાઇ સામે જોયું, પછી પંડયાજી સામે જોયું અને બોલ્યા; "ભાઇ! મોરનાં ઇંડા તે કૈં ચીતરવાં પડે !"

પ્રકરણ ૧૭ મું

ચંદુલાલ શેઠની અધીરાઇ

"જો મણિ ! તુ હવે મને સતાવ નહીં." શેઠાણી મંદિરે ગયાં હતાં મને ભુલમાં મણિ ઘેર રહી હોવાથી શેઠે તેને કહ્યું.

"મેં શું સતાવ્યા !" નટવરને આંગળીએ રાખી મણિ આવી ને બોલી.

"આપણી શરતો તું પાળતી નથી. હું તારો ખેલ સમજી ગયો છું."

"શો ?"

"તારે આમ ને આમ મને ઉડાવવો છે. તુ તો શેઠાણીની મોટી બ્હેન ાઇ પડી છે કેમ !" શેઠે કહ્યું.

"હજુ તમે મને જીતી નથી. જીતો ત્યારે આવજો." મણિએ કહ્યું.

"તુ તો કોઇ દિવસ નહીં કબુલ કરે ?"

"એટલે તમે હારી ખાધું. તમારા કરતાં મુચકુંદભાઇ સારો" મણિ ાસી પણ તેના હસવામાં ચિંતાના ભણકારા હતા. "તે બિચારો જેલમાં ૪વાને તૈઆર હતો."

"અને હવે પરણી ગયો ! હજુ તને બહુ સાંભરે છે ?"

"કેમ નહીં સાંભરે ! મારે મન તે મારા માના જણ્યા ભાઇ કરતાં વ્હાલો હતો."

ચંદુલાલ શેઠ જવાબ આપવા જતા હતા પણ એકદમ ચમકી બારણા સામે જોઇ રહ્યા. મણિ ફરી. બારણામાં મુચકુંદ–પહેલાંના મુચકુંદનુ જાણે પ્રેત હોય તેવો–ઉભો હતો. શેઠ અને મણિ બંન ગભરાઇ ગયાં મુચકુદનુ શરીર મહીનામા નિસ્તેજ અને બલહીન થઇ ગયું હતુ. તેની ફીક્કી આંખોએ માત્ર એકજ તેજોમય નજર મણિ પર નાખી.

મણિએ તે નજરનો ઠપકો જોયો–તેના હૃદયમાં આઘાત થયો તેને ગળે ડુમો ભરાઇ આવ્યો હોય એવુ લાગ્યું. તે નટવરને લઇ અંદર ચાલી ગઇ.

મુચકુંદે મણિને જોઇ–મણિ શેઠને ત્યાં રહે છે એમ લાગ્યું તે નિરાશાના સાગરનો થાકેલો તરનાર, તરવાનુ છોડી આ દુઃખના મહાતરંગ આગળ માથું નીચું કરી તળીએ બેઠો.

શેઠ સ્વસ્થ થયા અને પુછયું: "કોણ મુચકુંદ! ક્યારે આવ્યો?"

"અત્યારે સાહેબ!" ખિન્ન અવાજે મુચકુંદે કહ્યું.

"કેમ? બરાબર લગ્ન મહાલ્યાંને?"

"બરાબર." જરા કઠોરતાથી હસી તેણે કહ્યું.

"ઠીક. જમ્યો? ઓફીસે આવજે."

"જી" કહી મુચકુદ સલામ કરી વીદાય થયો.

બપોરે ચાર વાગે શેઠ પાછા ઘેર આવ્યા. તેમને રંગુનના આડતીઆએ એકદમ તાર કરી બોલાવ્યા હતા, અને તેમની હાજરી ત્યાં એટલી જરૂરની હતી કે તેમને ત્યાં ગયા વગર ચાલે એમ નહોતુ. શેઠ સાથે મુચકુંદને પણ લઇ જતા હતા.

મણિને શેઠ દૂર ગયા, અને મુચકુંદને મુંબઇથી દૂર જવા મળ્યું તેથી બંનેને માગ્યા મેહ વર્ષ્યા. શેઠ બીચારા મણિને છોડી જવું પડ્યું તેથી કચવાયા, પણ શું કરે?

વિભાગ ત્રીજો

પ્રકરણ ૧ લું

મણિની મુસાફરી

ચંદુલાલ શેઠ ગયા પછી મણિએ રજાની અરજી આપી હતી. હવે તે નીરાંતે રહી શકે એટલી આવક અને સ્વાતંત્ર્ય એ બે વાનાં મેળવવા ભાગ્યશાળી થઇ હતી. તેને લાગ્યું કે રખડપટી પર અત્યાર સુધી તે ચઢી હતી ને પુરી થવા આવી હતી; અને તેથી તેનો જીવ તેની સુરેખામાં વધારે ને વધારે લાગવા લાગ્યો. તે ઉપરાંત પાર્વતી પણ તેને મહાયોગી મહારાજ પાસે જવાની ઉઘરાણી કર્યા કરતી હતી.

પણ મણિ એકદમ મુંબઇ છોડી ગઇ નહીં દશ વર્ષની પરણેલી જીંદગી પછી, છોકરાં વિનાની, શુષ્ક હૃદયની થઇ રહેલી પાર્વતીના જીવન વિકાસમા તેને રસ પડયો. તેની સૂર્યકિરણશી હુંફમાં શેઠાણીનો સ્વભાવ ખીલવા લાગ્યો; અને અણધારેલી સુવાસ તેમાંથી નીકળવા લાગી. મણિની ચતુરાઇ અને રૂપ જોઇ પાર્વતી પણ તેનામાં તલ્લીન થઇ રહી હતી. આથી મણિ તેના મનને ખીલવી શકી અને તે ખીલતાં તેનું શરીર પણ ખીલ્યું

મણિએ એક યુક્તિ રચી હતી. તે પાર પાડવા તેણે શેઠાણીને જાણ્યા અજાણ્યા કંઇક પાઠ શીખવ્યા. બે મહીનામા પાર્વતીને એકદમ કોઇ ઓળખી પણ શકે નહીં એવો ફેર તેનામાં પડયો.

બે મહીના પછી શેઠનો તાર આવ્યો કે પોતે પાછા આવે છે. મણિએ તે સાંભળી એકદમ જવાનો વિચાર કર્યો. જેમજેમ શેઠાણીનું મન સંસારના શોખમાં પડ્યું તેમતેમ તેનો ધણી જે પત્નીવ્રતનો ભંગ કરતો હતો તે તેને સાલવા લાગ્યું અને તેને પાછા મેળવવાની હોંશ તેને હૈયામાં ઉદ્ભવી. આથી મણિ જેવી સ્વરૂપવાન્, બુદ્ધિશાળી સ્ત્રી દૂર જાય તે તેને ઘણું રુચ્યું.

મણિ મુંબાઇથી નીકળી ત્યારે તેનું મન ન સમજાય તેવી રીતે પ્રફુલ્લ હતું. તેની છોકરીની સુંદર મુખરેખા તેની આંખ આગળ ખડી થઇ; અને જાણ્યેઅજાણ્યે તે હસવા લાગી. તેના હૈયામાં—તેના ધડાઇ ધડાઇ કઠોર થઇ રહેલા હૈયામાં—રસ ઝરવા લાગ્યો. કઠણમાં કઠણ પર્વતમાંથીજ પાણીનો ધોધ મોટો નીકળે. મણિની સ્નેહોર્મિઓએ તેની આંખમાં પાણી આણ્યાં. તેને પહેલાં તે મીઠાકુવા ગઇ હતી તે પ્રસંગ યાદ આવ્યો. પોતાના દુઃખી દિવસો યાદ આવ્યા; જે અનુભવની ભયંકર પરંપરા તેના પર વીતી હતી તેનું સ્મરણ થયું, તે આંસુ ખાળી ન શકી. ગાડીની બહાર ડોકીઉ કાઢી તેણે આંસુઓને સરવા દીધાં. આખરે જે સ્ટેશને પહેલાં તેને જોરાપટેલ મળ્યા હતા ત્યાં તે આવી. ઉતરી અને કુવે ગઇ, તેનુ અંતર કૈંક આશાએ, કૈંક ભયે ઉછળી રહ્યું. સુરેખા કેવી હશે ? તે સુખી હશે ? તેનું રુપ કેવુ હશે ? વખત છે ને તેને કૈં થયું તો નહીં હોય ? શિવાપટેલની વહુએ તેને દુઃખ તો દીધું નહીં હોય ?

તે મીઠેકુવે ગઇ, અને નિરાશ થઇ. પટેલે કહ્યું કે મોઘારામ મુંબઇનું નામ કહી છોકરીને કેટલાક મહિના થયાં ઉપાડી ગયા હતા. મણિનું હૈયું દુઃખમાં દાઝેલું હતુ; અત્યારે તેના પર ફરીથી ડામ પડ્યો. શિવાપટેલે તેને રોકાવાને ઘણી વીનતી પણ તેજ સાંજે તે જે શહેરમાં તેને કૈં કૈં અનુભવો મળ્યા હતા ત્યાં ગઇ. ત્યાં બીજો પ્રશ્ન ઉઠ્યો: કોને ત્યાં જવું ? મોઘારામ કેમ મળે ?

આખરે તે હીંમત કરી મારુતિને ત્યાં ગઇ. મારુતિ પહેલાંના જેવાજ ખુશમીજાજી હતા. તેમણે મણિને આદરથી રાખી; તેમની સ્ત્રીએ તેને નછુટકે આવકાર આપ્યો, પણ મોંઘારામનો ઇતિહાસ સાંભળી તેનું હયુ

હાથ રહ્યું નહીં. માત્ર મારુતિએ સંતોષની વાત એકજ કહી કે હાઇકોર્ટમાં મોધારામની શિક્ષા માટે અપીલ કરવામાં આવી છે, અને તેમાં મોધારામ છુટે એમ છે. મારુતિએ વધુમાં એ પણ કહ્યું કે સારા બૅરીસ્ટર રોકવા ઘણા પૈસા જોઇતા હોવાથી મોધારામનું ઘર વેચવાની તજવીજ ચાલે છે.

મારુતિએ તે ઉપરાંત શા કારણથી મોધારામ પર કેસ માંડવામાં આવ્યો તે કહ્યું. મણિને તે ભલા માણસની નિર્દોષ અને દુઃખી સ્થિતિ પર દયા આવી. એક વખત પોતે નિરાધાર હતી, આજે પોતાનેજ લીધે મોધારામ બીચારો નિરાધાર થઇ પડયો હતો.

તેની છોકરીનો પત્તો મેળવવા મોધારામને અમદાવાદ જેલમાં મળવુ જરુરનુ હતુ; પણ તે વિચાર દૂર રાખી તેને માટે સારી રીતે કેમ લડત થાય તેની યોજના ઘડવા મણિ રોકાઇ. ગરીબ બાપડા નિર્ધનનુ એક પુરું ઝુંપડું જાય તે તે સહી શકી નહીં. મણિને ચંદુલાલ શેઠ યાદ આવ્યા. જે ૫૦૦ રૂપીઆની તાણમાં મોધારામનુ ઘર જતું હતું તેટલા રૂપીઆની દર મહીને તે બીડીઓ પીતા હશે. પણ તેની પાસે પૈસા કેમ મંગાય? મણિને મણિકણિકાએ આપેલી બંગડી યાદ આવી. તેને ગળાવી મણિએ તેની માળા કરાવી હતી, તે તેણે મારુતિને આપી.

મારુતિનો ઘણો આગ્રહ જોઇ તે તેને ત્યાં થોડા દિવસ રહી, અને બીજા જુના ઓળખીતાની તપાસ કરવા લાગી.

ડા. ધનેશચંદ્ર આખરે જક્કી થઇ બેઠેલા દર્દીઓનાં કાવત્રાંથી થાક્યા હતા; અને તેમણે દક્ષિણ આફ્રિકામાં એક નોકરી હતી તે સ્વીકારી સ્વદેશને પ્રણામ કર્યા હતા.

રાવસાહેબ ગંભીરલાલ રાવબહાદુરનો ઇલ્કાબ મેળવી ખાસ નીમણુકથી મુંબાઇના સેક્રેટરીએટમાં આવ્યા હતા. મહાયોગી મહારાજ આખરે એક ગામથી થાકી પરદેશમાં વધારે ભોળા, વધારે શ્રદ્ધાળુ, અને વધારે પૈસાદાર ભક્તોની શોધમાં નીકળ્યા હતા.

મણિ ચારે તરફથી નાસીપાસ થઇ. તે જેવી આવી હતી તેવી ખાલી હાથે પાછી મુબાઇ આવવા નીકળી. હાથમાં પૈસા આવ્યા હતા એટલે મોધારામ માટે બૅરીસ્ટર રોકવા મુંબાઇ આવી.

પ્રકરણ ૨ જું

ચંદુલાલ શેઠે કરેલી શોધ

ચંદુલાલ શેઠ રંગુનથી આવ્યા, બોરીબંદરને સ્ટેશને ઉતર્યા, અને સાથે એક મિત્રને લેના આવ્યા હતા તેને ઘેર વીદાય કરી પોતે કોટમા જરા કામ હતું ત્યાં જઇ આવવાનો ઇરાદો દર્શાવ્યો. સાથે મુચકુંદ પણ આવ્યો હતો. ઘેરથી શેઠને લેવા મોટર આવી હતી.

" મુચકુંદ, મી. ચોધરીને આપણે ઘેર લઇ જા હું જરા ઓફીસમાં જઇ આવુ. આપણા તારનો જવાબ આવ્યો નહી તે ફીકર થાય છે."

" જી ! "

મી. ચોધરીને વીદાય કરી શેઠ ઓફીસમા ગયા. મુંબાઇમાં પગ મુકતા શેઠને મણિનુ આકર્ષણ લાગવા માંડ્યુ. મુસાફરીને લીધે તેની મૂર્તિ માત્ર નવરા પડતા સાંજે જ નજર આગળ આવતી, પણ હવે તો તેને પાછી નીરખવા મન તલસવા માડ્યું. એમનું ચાલત તો બારોબર ઘેર જાત; પણ કામ જરા અગત્યનુ હતું એટલે શુ કરે ? શેઠને પાર્વતી માટે કૈ વીચાર આ[illegible] .ડી. તેમને મન ગૃહસ્થાશ્રમ એક ન છુટકાની પીડા હતી; ગૃહિણી એક માબાપે વળગાડેલી તોક હતી. પાર્વતી જ્યારે ઘેર રહેવા આવી ત્યારે શેઠ બહાર રખડતા થઇ ગયા હતા. શેઠાણીએ પણ તેજ રસ્તો લીધો; પણ સદ્વર્તનની હતી, તે મંદિરે મંદિરે રખડવા માંડ્યું. આવા સુકા સંસારમાં તેનું મન જેમ નિર્ઝર થતુ ગયું તેમતેમ તે શેઠને મન અકારી થઇ ગઇ.

પછી શેઠે એ વિચાર કાઢી નાખ્યા. પહેલાં અકારી હતી; હવે તેને વીસરીજ ગયા.

જે વસ્તુ ન મળે તેનો મોહ વધારે વધે. જેમ મણિ શેઠને દૂર રાખતી તેમ તેની પાછળ વધારે ગાંડા થતા.

શેઠ કોર્ટમાંથી પરવાર્યા અને કાયદા પ્રમાણે જેટલી ઝડપથી મોટર હાંકી શકાય તેટલી ઝડપથી ઘેર ગયા તેમને ખાત્રી હતી કે બારણા આગળ મણિ ઉભી હશે. કલ્પનામાં તેણે શું અને કેવી રીતે પહેર્યું હશે તેનો પણ વિચાર આવી ગયો હતો શેઠ ઉપર ચઢયા, પોતાના ઘરમાં દાખલ થયા. દીવાનખાનામાં ગયા ને જરા નિરાશ થયા ત્યાં પણ મણિ નહોતી પણ ત્યાં જઇ તે વિસ્મય પામ્યા; તેમની શરમાળ, અણમુધરેલી, સુગાળ સ્ત્રી તેમના મિત્ર મી. ચોધરી સાથે વાત કરતી હતી કેટલાં વર્ષ થયાં પાર્વતીએ દીવાનખાનું તજ્યું હતુ કહીએ તો ચાલે; અને ચંદુલાલ શું કરે છે, કે કોને મળે છે તેની પરવા પણ કરી નહોતી. શેઠને અજાયબી થઇ. તે અજાયબી પુરી ન થઇ તે પહેલાં બીજી થઇ. શેઠાણીના ફીક્કા મોઢા પર લાલી આવી હતી; તેના અસલી પહેરવેશને બદલે નવો જમાનો દાખલ થયો હતો. આજ તેની શેઠાણી!

શેઠ ગયા એટલે પાર્વતી ઉઠીને અંદર જવા ગઇ—"ના બેસની" સભ્યતા ખાતર શેઠે કહ્યું

'હું જમવાની વખતની તૈઆરી કરાવુ" કરી શેઠાણી ગયાં અજાયબી જેવી ઓછી થઇ કે તેમને મોઢે શરમના શેરડા પડયા મી ચોધરી તેમની બૈરી જોડે વાતચીત કરી તેને વીશે શો મત બાંધશે? આ મૂર્ખ, મંદિરે જનારી, ચીડીઅણ સ્ત્રીની અસંસ્કારી વાતોથી પોતાના વીશે તેમના મનમાં શો અભિપ્રાય આવશે? તે ઘણાજ શરમાયા; અને ચોધરીને અહીંઆં મોકલ્યો તેને માટે પસ્તાવો થયો. તેમના ઘરની શી આબરૂ રહી હશે? તેમણે શરમાતાં શરમાતાં મી. ચોધરીની સામે જોયું

"મી. ચંદુલાલ! મને ખબર નહોતી કે તમારાં સ્ત્રી આટલાં હોંશીઆર છે."

શેઠે ચોધરીના મોઢા સામે જોયું. તેને લાગ્યું કે બંગાળી તેની મશ્કરી કરતો હતો, પણ ચોધરીના મોઢા પર મશ્કરીનાં કે ચિન્હ નહોતાં.

"કેમ ?"

" હીંદીના પ્રચાર વીશે તમારી સ્ત્રીનો મત ઘણો વિચારવા લાયક છે."

ચોધરી બકતો હતો કે બોલતો હતો તેની સમજ શેઠને પડી નહીં પાર્વતી અને હીંદીનો પ્રચાર ! કાં તો ચોધરી ગાંડો થયો હતો કે કાં તો તેની બૈરી કોઇ બીજી આવી હતી. તેમને તથા મી. ચોધરીને ક્યાં ખબર હતી કે મુચકુંદની નાની ઓરડીમાં વેરાતાં જ્ઞાન અને દેશભક્તિનાં ફુલો મણિએ વીણી લીધાં હતાં, અને તેણે થોડાંઘણાં પાર્વતીને આપ્યાં હતાં; અને ટુંક વખતમાં ગ્રામોફોનની છટાથી, સાંભળેલી વાતો કહેતાં પાર્વતીને આવડી ગયું હતું.

ચંદુલાલે વધારે પ્રશ્ન કરવાની હીંમત કરીજ નહીં. એના મિત્રનો આજ અભિપ્રાય હોય તો તેજ રહેવા દેવો સારો હતો.

જમવાની વખત થઇ, બધાં જમવા બેઠાં. હમેશની માફક પછીથી બેસવાની ટેવ ભુલી શેઠાણી સાથે બેઠાં. શેઠ વધારે ચકિત થયા મી. ચોધરી સ્ત્રીસન્માનના મોટા હીમાયતી હતા એટલે તેમણે શેઠ કરતાં શેઠાણી જોડે વાત કરવા વધારે પ્રયત્ન કર્યો. શેઠાણી ચોધરીની વાતને પૂર્તિ આપતાં, જરા હસતાં, ને નછુટકે ચંદુલાલને બોલવાની ફરજ પાડતાં. ચોધરી માનભરી રીતે વાત કરતા. શેઠમાં બોલવાના હોસકોસજ નહોતા એટલે મણિની તરવારીઆ જીભના સપાટાની ટેવ પડી હોવાથી શેઠાણી ઘણી સહેલાઇથી વાત કરી શકયાં. શેઠને કચવાટ થયો આ મૂર્ખ બૈરીની હોંશીઆરી પર મણિના પ્રભાવની છાપ હતી; તેની બોલીમાં, તેના શબ્દોમાં મણિની બોલી અને શબ્દનો પડઘો પડતો હતો. આ બૈરીમાં થએલો ફેરફાર અને તે ફેરફાર કરનાર એ બેના વિચારમાં શેઠને કૈં સુઝયું નહીં. ખાધા પછી ચોધરીને થાક લાગ્યો હતો એટલે તેમણે સુઇ જવાનો ઇરાદો દર્શાવ્યો. તેમને માટે તૈઆરીઓ થઇ અને મી. ચોધરી સુવા ચાલ્યા ગયા.

શેઠને પાર્વતીની સોબત અકારી લાગી. તે દીવાનખાનામાં બેઠેલી ને બેઠેલીજ રહી. પહેલાંની માફક તે પોતાના પાછલા ઓરડામાં કેમ જતી નથી? શેઠે એક તાર એક પોતાની ઓળખીતી નાયકણને કર્યો હતો એટલે ત્યાં જવાને તેમણે કપડાં પહેરવા માંડયાં.

"હવે જા! સુઇ જા." શેઠે કહ્યું.

શેઠાણીએ તેમની સામે જોયું. તેની આંખોમાં કૈં જુદોજ ભાવ હતો. વીજળીના દીવાના ઝળકાટમાં શેઠાણીના મુખનું તેજ પહેલી વખત ચંદુલાલને આકર્ષક લાગ્યું. તેમણે પાટલુન પહેરી. થોડીવાર પાર્વતી જોઇ રહી. પછી શરમાતાં, ગભરાતાં પુછ્યું: "તમે?—"

શેઠે ભ્રકુટી ચઢાવી. આ બલા આમ વળગે તો કેમ જીવાય? શેઠે કૈં જવાબ આપ્યો નહીં. તેમણે કોટ પહેર્યો. મનમાં જરા બહાર જવાનો કંટાળો આવ્યો; પણ અહીંઆં શુ કરવુ? અને પાર્વતીની વર્તણુક બદલાઇ માટે પોતાનો નિયમ છોડે? તેમણે ટોપી મુકવાના ઘોડા પરથી 'હેટ' લીધી.

"હું બહાર જાઉ છું." હોઠ પીસી, દઢતાથી કહ્યુ.

શેઠાણી કૈં બોલવા જતાં હતાં; તેના ધ્રુજતા હોઠ પર કૈંક શબ્દો આવી રહ્યા હતા, છતાં તે કૈં બોલી શકી નહીં.

શેઠે હાથમાં ટોપી ફેરવ્યા કરી. તેમનું મન હચુપચુ થતુ હતુ. પાર્વતી શરમ અને નિરાશા વચ્ચે ઓલતી હતી.

"ક્યારે આવશો?" પાર્વતીએ પુછ્યું.

"મારું કહેવાય નહીં" કહી શેઠ બારણા બહાર નીકળ્યા.

પાર્વતીનું હૈયું બેસી ગયું. એક આંસુ આંખમાંથી તેની છાતી પર પડ્યું.

જીંદગીમાં પહેલીવખત રાત્રે ઘર છોડતાં ચંદુલાલ શેઠનો જીવ ચણુ-ચણ્યો; પહેલી વખત રાતના ઘર છોડવુ તેમને ન ગમ્યું. પહેલાં હંમેશાં જ્યારે થાક કે અગવડને લીધે રહેવું પડતુ ત્યારે પાંજરામાં પુરેલા જંગલી પોપટની માફક તે અસંતોષમાં કુદ્યા કરતા; આજે તે જંગલી પોપટને પંજરાના સંસ્કાર પડ્યા હોય તેમ લાગ્યું.

તેમની મોટર ચોપાટી પર લઇ જવાનો તેમણે હુકમ કર્યો. તેમને લાગ્યું કે ખુલ્લી હવા ખાધા વગર કાંદાવાડીમાં જવાય તેમ નહોતુ. જીવનમાં એક વખત ખુલ્લી હવા અને નીતિ એકજ છે એમ લાગવા માંડ્યુ.

ત્યાંથી તે કાંદાવાડી ગયા. ત્યાંની ભાડુતી સુંદરી તેમને માટે વાટ જોતી હશે ? વાટ જોતી ન હોય તો ? પાર્વતી વાટ જોતી હશે ? આટલા વર્ષ નહીં, અને આજેજ તેમને જવા દેતાં કેમ તેનો જીવ દુખાયો ? શું તેની ગેરહાજરીથી તે દુઃખી થતી હશે, રડતી હશે ? તે નહીં આવત તો કાંદાવાડીની રમણી રડત ?

તરત તેમના વિચાર આજે પાર્વતીમાં દેખેલા નવા ફેરફાર તરફ ગયા. તે આટલી હોંશીઆર આજેજ થઇ કે પહેલેથી હતી ? તેનુ જ્ઞાન ક્યાંથી આવ્યુ ? શું મણિએ શીખવ્યું ? મણિ યાદ આવતા તેમના વિચાર બીજે રસ્તે ગયા. તે જીતાવા તૈયાર હતી; પણ પોતે તેને જીતી શક્યા નહીં.

અત્યારે જો મણિ જાણે કે તે ઘરની સ્ત્રી મુકી કાંદાવાડીમાં ભટકે છે તો તે કદી જીતાય ? મનુષ્યનો સ્વભાવ વિચિત્ર છે. તે ભુલી ગયા કે મણિ રખડતી વિધવા હતી; તેને રીઝવી પોતાની કરવા તે મથતા હતા, મણિ તો તેમને મન અકલ્પ્ય સત્તાધારી દેવી બની. તે શું કહેશે ? શું વિચારશે ? શ્રદ્ધા પ્રેમ, ભક્તિ કથીરને પણ કંચન દેખાડે છે–બનાવે છે, પથ્થરને પ્રતાપી દેવાધિદેવની મહત્તા અર્પે છે. પથ્થરમાં કથીરમાં તેથી ફેર પડતો નથી; તેને કંચન માનનાર પોતે મહત્તા પામે છે. રખડતી મણિને આદર્શરૂપ માની, હૃદયની અંજલિઓ અર્પી, દેવીરૂપે આરાધના કરતાં મણિમાં ફેર ન થયો; શેઠ સાત્વિક, શુદ્ધ થયા.

એમની મોટર કાંદાવાડીમાં ઉભી રહી; ઉપરથી આવતા તબલાના થાપનો અવાજ કાન પર પડ્યો; એક સંસ્કારી અવાજના પડઘા શાંત વાતાવરણમાં પડતા સાંભળ્યા. તેમને કમકમાં આવ્યાં. મણિ શું કહેશે ? પાર્વતી ઘેર બેઠી શું કરતી હશે ?

તેમને યાદ આવ્યું કે જતાંજતાં પાર્વતીની આંખમાંથી એક અશ્રુબિંદુ પડતાં પોતે જોયું હતુ. તે બિંદુ તેમની નજર આગળ આવ્યું. તેણે તેમના

હૈયાને આઘાત કર્યો. શેઠનો ઘાંટો બેસી ગયો; કાદાવાડી તેમને ગુગળાવવા લાગી

"પેસ્તન!" શોફરને બુમ મારી.

"જી."

"મોટર ઘેર લે." શેઠે બેઠેલે ઘાંટે કહ્યું.

"શુ કેયુ સર?" બરાબર સાંભળ્યું કે કેમ તેનો સંશય પડતાં શોફરે પુછ્યું.

"ઘેર લે." શેઠે ગુસ્સામાં કહ્યું.

પેસ્તને મોટર ઘર ભણી લીધી મોટર ઉભી રહી ત્યારે શેઠ વિચારમાંથી જાગ્યા, પણ ઉતરવાની તેમને હીંમત થઇ નહીં પાર્વતી શુ ધારશે? ઘેર કેમ ગમશે? મોટરમાથી ઉતરવાની તેમની હીમત ચાલી નહીં. ફરીથી તેમને એમ થયું કે જાણે મોટર પાછો લેવડાવું.

એટલામા ઉપરથી બારીએથી પાર્વતીનો અવાજ આવ્યો

"પેસ્તન! શેઠ નથી આવ્યા?"

શેઠનો હવે બહાર નીકળ્યા વગર છુટકો થયો નહીં શેઠ મોટરમાંથી ઉતર્યા; ઘરમાં જવુ કે કેમ તેનો વિચાર કરવા લાગ્યા; અને વિચાર પુરો થવાની કે આશા લાગી નહી એટલે ઘરમા ગયા ઉપર ગયા ત્યારે પાર્વતીએ બારણાં ઉઘાડયાં.

"કેમ તું અત્યાર સધી જાગે કે?"

"તમારી વાટ જોતી હતી" જાણે ને આવવાનું કહી ગયા હોય તેમ શેઠાણીએ કહ્યું. શેઠે વગર બોલ્યે ઘોડા પર ટોપી ફેંકી અને આરામખુરશી પર પડયા. શું બોલવું તે તેમને સુઝયું નહી. ઘડીઆળમાં બાર વાગ્યા.

"તોબા!" શેઠ બોલ્યા "આજે આ મને શુ થયું છે?"

"શું થયું છે?" કહી ધૈર્યની મૂર્તિ સમી સામે બેઠેલી શેઠાણીએ પાસે આવી કહ્યું.

" કપાળ તારું ! આજે હું બદલાઇ ગયો છું કે તું ?"

પાર્વતીએ બોલવાની હીંમત કરી. શરમમાં શબ્દ ન નીકળ્યો; આખરે થાકી ધ્રુજતે અવાજે જવાબ દીધો; " આપણે બંને."

શેઠે તેની સામે ડોળા ધુરકાવ્યા. તેમને કાંદાવાડીની રમણી સાંભરી, પોતે ત્યાં કેમ નહીં રહ્યા તેનો વિચાર કરવા લાગ્યા.

" ચાલો હવે ઉઠો. કપડાં કાઢો. રાત મોડી ગઇ છે." મીઠાશથી પાર્વતીએ કહ્યું.

" તને આ બધું કોણે શીખવ્યું ?" જાંસા તોડતા હોય એવે અવાજે શેઠે પુછ્યું.

" તમે. "

" ખોટી વાત. પેલી લુચ્ચીએ" કહી શેઠ ઉઠયા અને પાર્વતીની પાછળ પાછળ અંદર ગયા.

પ્રકરણ ૩ જું

ગ્રેજ્યુએટનો ઘરસંસાર

મુચકુંદ આ વખતે તેની નાની ઓરડીમાં માથે હાથ મુકી ઉંડો વિચાર કરી રહ્યો હતો. આટલા ટુંકા વખતમાં તેને કપાળે ગુંચવાડાની કરચલીઓ વળી હતી. તે નિરાશાભર્યો સામે પડેલા પત્ર સામુ જોઇ રહ્યો હતો. ક્રૂર ઘાતકી નરપિશાચની તરવારના ઘા છોકરા પર પડતા હોય અને નિરાધાર માતા જેમ દયામણાપણાથી જુવે તેવી રીતે મુચકુંદ જોતો હતો. તેના ભાવનામય જીવન પર આ પત્ર એક નવો હતો. તે થોભાવવાની તેનામાં શક્તિ કે હીંમત નહોતી.

પત્ર પાણું પંડયાનો હતો, તેની લીટીએ લીટી પર મુચકુંદે નજર કરી.

" ચિરંજીવી ભાઇ મુચકુંદ, લી૦...થી પ્રાણશંકર પંડયાના આશીર્વાદ વાંચવા. જત લખવાનુ કે અત્રે સર્વે ખુશી આનદમાં છે. તમે પણ આનંદમાં હશો. બીજું લખવાનું કે હવે તમે રંગુનથી આવ્યા હશો અને શેઠ વગેરે બધા ખુશીમાં હશે. ભાઇને માલમ થાયજે વહુ હવે મોટી થઇ છે અને તેનાં માબાપ સાસરે વળાવવાની વાતો કરે છે, પણ તમને તો અહીંઆં આવવાની ફુરસદ મળતી નથી, માટે તમે રંગુનથી આવો કે તરત લખજો કે જેથી હું વહુને તેડી મુબાઇ આવુ. એજ."

જ્યારે મુચકુંદ પરણ્યો ત્યારે તે માત્ર પિતાની આજ્ઞાને આધીનજ થયો હતો. આ આધીનતાનાં શાં પરિણામ આવશે તેનો તેણે વિચાર

કર્યો નહોતો. અત્યારે આ પરિણામ ઉભું થયુ અને તે ગભરાયો. તેને અવારનવાર વિચાર આવતા હતા; પણ તેને તે દૂર કરતો.

વહુ ! જે વ્યક્તિને તેના પિતા તે નામથી સંબોધતા હતા તેને એણે એક વખત જોઇ હતી; માત્ર તેના મામા તેને પટોળામાં વીંટી ચોરી સામે બેસાડી ગયા ત્યારે. તે પટોળામાં વીટેલું ઢીમચું આજે સજીવન થઇ તેની સામે આવશે—પોતાના અણજાણ્યા વ્યક્તિત્વને ખીલવી પોતાના જીવનની ભાગીએણ થશે—તે અણદીઠી તેર વર્ષની, અસંસ્કારી છોકરી જોડે બોલવુ પડશે, બેસવું પડશે. મુચકુંદનાં રુવેરુવાં ઉભાં થયાં.

તેણે ખરેખરી સ્ત્રી કેવી મળશે તેના પર કદી વિચાર કર્યો નહોતો અંગ્રેજી લેખકોએ કલ્પેલી સૃષ્ટિની નાયિકાઓને તે ઓળખતો હતો તેનો સ્ત્રીનો આદર્શ તેના પર બંધાયો હતો તેનો રૂપનો આદર્શ ગ્રીક શીલ્પીઓની અદ્દભુત મૂર્તિઓ પર રચાયો હતો, અને માત્ર એકજ સ્ત્રીનો સંસર્ગ તેને થયો હતો; અને તે મણિ રુપાળી હતી, હોંશીઆર હતી, વાક્ચાતુર્યમાં પ્રવીણ હતી. આ 'વહુ' તેવી નીકળશે ? એ પ્રશ્ન તેને ઘણો ગહન લાગ્યો.

તેના અંતઃકરણમાં મણિ સ્થાન પામી હતી. તે ગયાથીજ તેના જીવનમાં નિરાશા આવી હતી. અને તેને બદલે આ અણદીઠી, રસ્તાની ચાલનાર જેવી છોકરી તેને વળગશે ? પ્રેમ અને નવજીવનના વિચારો કરી આખરે આ ! આ સંસાર ! મુચકુંદ ધ્રુજી ઉઠયો. આ સયોગ કોણે કરાવ્યો ? મા–દલાલ, બાપ—દલાલ, અને આ પરિણામ ! આનુ નામ લગ્ન ? મુચકુંદમાં જુનો જુસ્સો ઉછળી આવ્યો. બીજી પળે તે નિરાશ થયો; આત્મઘાતના વિચારો કરવા લાગ્યો.

મુચકુંદને આ વિચારો કરતાં બીજો એક વિચાર આવ્યો. એ છોકરી કેવી હશે ? તેના શા વિચારો હશે ? તેની શી શી આશાઓ હશે ? તેને પતિભક્તિની હોંશ હોય તો ? તેને તરછોડવી, તેને દુઃખ દેવું, તેને આશાભંગ કરવી; આ પોતાને–એક કેળવાએલા માણસને શોભે ? તેના વિચારોએ આ વલણ લીધું. તેને લાગ્યું કે જો પોતે તેની આવતી સ્ત્રીને સુખ નહીં આપે તો મહા ઘોર પાપ આદરે. કર્તવ્યપરાયણતા સેવતાં તે ચુકયો હતો;

પણ વધારે ચુકી નિર્દોષ છોકરીને ગરદન મારવી? આમ વિચારો કરતાં અડધી રાત વીતી આખરે થાકયો, હાર્યો, ને સુતો; અને બાકી રહેલી રાત તેવાં ને તેવાંજ સ્વપ્નાંમાં ગાળી.

મુચકુંદ ગમે તે વિચાર કરતો હોય પણ પાણું પંડયા તો એકજ વિચાર કરતા હતા, કે ક્યારે તેનો છોકરો મુંબાઇથી ગામ આવે એટલામા મુચકુંદે કનકોથી નીકળનાં કાગળ લખ્યો હતો ને પહોંચ્યો. તેમણે જાણ્યું કે તેજ દિવસે મુચકુંદ મુંબાઇ આવ્યો હશે

પાણું પંડયામાં મહાન્ સેનાધિપતિને શોભે તેવી ઝડપથી વિચાર કરવાની શક્તિ હતી. મુચકુંદ મૂર્ખ છે; આવવાનો નહીં દહાડે દહાડે તેની વહુ મોટી થવાની, અને મુચકુંદ વીશે લોકોમાં હજી કૈં કૈં વાતો ચાલતીજ હતી. અને તેથી મુચકુંદ આવવાનો વિલંબ કરે તો તેની આબરૂ પર પાછાં પાણી ફરવાની તૈયારી થાય. તેમણે વહુને લઇ મુંબાઇ આવવાનો નિશ્ચય કર્યો; અને બીજે દહાડે આગગાડીમાં બેઠા

મુચકુંદ એ દિવસમાં કૈં સ્પષ્ટ નિર્ણય પર આવ્યો નહોતો ત્રીજે દિવસે સવારે અનેક ભયંકર સ્વપ્નાંનો અનુભવ કરતો ને પથારીમાં પડયો હતો એટલામાં બારણું કોઇએ ઠોકયું; અડધી આંખો ઉઘાડી તેણે બારણું ઉઘાડયું તેના પિતા સ્ટેશન પરથી બારોબાર આવ્યા હતા. સાથે એક નાની, જાડી છોકરી હતી. તેણે લાજ કાઢી હતી મુચકુંદ ધ્રુજી ઉઠયો પહેલાં તેને આ સ્વપ્નું લાગ્યું; તેણે આંખો ચોળી. આખરે તેને ખાત્રી થઇ કે આ બધું સાચુજ છે. તેનુ હૈયું બેઠેલું તો હતુ, ને ફરીથી બેસી ગયું.

પાણું પંડયાએ ઘરની સરદારી હાથમાં લીધી વહુને અહીંઆં મુકી ચંદુલાલ શેઠને ત્યાં ગયા. ત્યાં જઇ મુચકુંદને અને તેની વહુને જમવાનું નોતરું કહાવ્યું.

મુચકુંદને કૈં ભાન રહ્યું નહોતું. તેનુ હૃદય માત્ર ધબકી રહ્યું હતુ. તેના મગજમા વિચારોના વમળો થયા કરતા: એક આ બાજી તરફના અણગમાના, બીજા કર્તવ્યપરાયણતાના.

રાતના મુચકુંદ થાકીને ઓફીસમાંથી આવ્યો તેને એમ લાગતું હતું કે પોતાના જીવનમાં આજે નવો અંક શરુ થાય છે. પહેલાં જેટલી હીંમત તેનામાં નહોતી, મણિના ગયા પછી તે નિરાશ થઇ ગયો હતો; છતાં અત્યારે કોઇ રીતે આ નવો અંક શરુ ન કરાય એવો રસ્તો તે યોજવા લાગ્યો.

બધા રસ્તા જોયા–આખરે એકજ જડયો–ઘરનો. તે ઘેર ગયો. પાણું પંડયા તો જમીને રાત્રે ગામ જવાના હતા. શેઠાણી સાંજના મુચકુંદની વહુને ઘેર મુકી ગઇ હતી.

ઘેર આવતાં મુચકુંદ ગભરાયો. અપરિચિત માણસ આજે તેના ઘરમાં હતું. તે ગુચવાડામાં ઉપર ચઢયો, અને બારણાં ઠોકયા તેની વહુએ સાંકળ ઉઘાડી અને બીકની મારી તે રસોડામાં દોડી ગઇ. નિર્દોષ સ્ત્રીના હૃદય પર આઘાત કોઇ રીતે પણ નહીં કરવો એવો મુચકુંદે નિશ્ચય કર્યો હતો, એ નિશ્ચય કરતાં એવો વિચાર આવ્યો હતો કે એ બીચારી શી હોંશથી તેની વાટ જોતી હશે. આ વિચાર અત્યારે કૈં ખરો લાગ્યો નહી. મુચકુંદે નીસાસો મુકયો અને કપડાં કાઢયાં. તેને કૈં સુઝયું નહીં. તે ચોપડી લઇને બેઠો ચોપડી આ પ્રસંગે ઝેરી નાગ જેવી દંશીલી હતી–તે જોન સ્ટુઅર્ટ મીલની "સ્ત્રીઓની આધીનતા."

કયાં સુધી મુચકુંદે વાંચ્યું, પછી ઉચું જોયું. બારણામા એની વહુ ઉભી હતી. વખત થઇ હતી પણ તે કહેવાની તેની જીભ ઉપડતી નહોતી.

"જમવાની વખત થઇ છે?" તેણે પુછ્યું.

કૈં 'હા' જેવો ઉત્તર આવ્યો. તે ઉઠયો અને મુગોમુગો જમ્યો સામે પેલી છોકરીએ ઘુમટો કાઢી પીરસ્યું કર્યું. મુચકુંદમાં બોલાવવાની હીંમત નહોતી ખાવાનું કેટલંક કાચ્યું અને કેટલુંક બેસ્વાદ હતું.

મુચકુંદ ઉઠયો અને પોતાને દોષ દેવા બેઠો. આનું નામ કર્તવ્યપરાયણુતા! તેણે કચવાટમાં હોઠ કરડયા, આ કેમ ચાલશે? "કર્તવ્યપરાયણુતા!" શબ્દને અનેક વાર બબડવા લાગ્યો.

તે પાછો દીવા આગળ બેઠો અને હાથમાં એક વાર્તા લીધી.

મુચકુંદે તે વાર્તા વાંચી ક્ષોભ ઓછો કરવા પ્રયત્ન કર્યો. ક્ષોભમાં પણ વિચિત્ર રીતે હૃદય ખિન્ન થતું લાગ્યું; કર્તવ્યપરાયણતા મનમાંથી વીસરી જવાની હતી. વાર્તા વાંચતાં લેખકની સમર્થ લેખિનીના પ્રાબલ્યમાં તે ઘસડાયો; પાનાં પછી પાનાં જવા માંડયાં; તેનું મન ખગ્ગ સંસારને ભુલી કલ્પનાશક્તિના રમણીય પ્રદેશમાં પહોંચ્યું; હીંદ મુકી તે વીલાયત જઈ રહ્યો. વાર્તાકારે ચીતરેલી અદ્ભુત યુવતીઓ તેના મનમાં રમવા લાગી; ઈંગ્લંડનો સ્વતંત્ર હીંમતવાન યુવક પોતે હોય એવો કૈં ભ્રમ તેને થવા લાગ્યો ભ્રમણાના સસારમા તે ઘુમવા લાગ્યો.

ડીટમારનો જુનો, લપટો થઈ ગએલો દીવો એકદમ વધારે થઈ ગયો; ચીમનીમા તડ પડી–મુચકુંદ કલ્પનાસંસારમાંથી ફેંકાયો. તેણે દીવો ઝીણો કર્યો–અને ચોપડી પાછી હાથમાં લેવા ગયો–અને નજર આગળ એક કાળી, જાડી, જરાક બાડી છોકરી ઉભેલી જોઈ પંડુલાં એકદમ મુચકુંદ ચમક્યો. જે સંસારમાં તે પહેલાં વીહરતો હતો તે ખરો–કે જે તેની આગળ ખડો થયો તે ખરો ?

તેનો જીવ રહેંસાઈ ગયો, તેની ભ્રમણા દૂર ગઈ. આ દુનીઆ ખરી ! તેને ગળે સોસ પડયો. છોકરી હસતી હતી–હસવું દબાવી રહી હતી; તેની બાડી આંખો ચમકતી હતી. મુચકુંદને કંટાળો આવ્યો, ચીતરી ચઢી. તેણે આંખો મીંચી કર્તવ્યપરાયણતા સંભારી.

"બેસ !" મુચકુંદ મહા મહેનતે બોલ્યો. પેલી છોકરી બેઠી. બેસવામાં કૈં લાવણ્ય નહોતું. મુચકુંદને મણિ સાંભરી થોડાક મહીના પર આજ ઘરમાં પેસતે તેને આવકાર દીધો હતો–આ તેની જગ્યાએ "તારું નામ તો કાશી, નહીં ?" થોડી વારે મુચકુંદે સવાલ પુછ્યો. છોકરીનું હસવું માયું નહીં. મુચકુંદે તેનું નામ દીધું તે તેને ઘણું વિચિત્ર લાગ્યું. છેડો આડો રાખી હસવું સંતાડવા જેટલા પણ સંસ્કાર તેનામાં નહોતા. મુચકુંદ જરા ગંભીર થયો. કાશીએ ડોકી હલાવી પ્રશ્નનો જવાબ વાળ્યો.

મુચકુંદને લાગ્યું કે તેની પ્રશ્ન કરવાની રીત વખત છેને તે છોકરીને

વિચિત્ર લાગતી હશે. રડવાનું મન થતું હતું છતાં તે હસીને બોલ્યોઃ "મુંબાઇ ગમતુ નહીં હોય કેમ ?"

"બળ્યું આ ગામ ! હું તો થાકી ગઇ."

"કેમ એટલામાં ?"

"મુઆ દાદરો કેટલા !"

મુચકુંદને આ બોલવાની રીતથી ધુજારી છુટી. તેની આંખમાં ઝળઝળીઆં ભરાવા લાગ્યાં. આ તેની ધર્મપત્ની !

"તને ભણતાં આવડે છે ?"

"ઉં હું" કાશીએ ડોકું ધુણાવ્યું.

"કોઇએ નીશાળે મોકલીજ નથી ?" મુચકુંદને લાગ્યું કે તેનુ હૃદય ધબકતાં અટકી જશે કે શું ?

"મારી બા કહેતી હતી."

"શું ?"

"કે ભણે તેને પણ મુએ બાર મણ લાકડાં જોઇએ ને નહીં ભણે તેને પણ બાર મણજ જોઇએ."

મુચકુંદમાં એક અક્ષર ઉચ્ચારવાની શક્તિ રહી નહીં.

"હવે તારે ભણવું પડશે."

પેલીએ ડોકી ધુણાવી

"કેમ ?"

"ભણેલી બૈરીઓ વહેલી રાંડે."

મુચકુંદ મનમા બબડયોઃ "હું કાલે મરતો હોઉં તો આજે મરું તો સારું." તેણે માથે હાથ દીધો. તેના કપાળ પર પરસેવો આવ્યો હતો; અંતર મણિને સંભારતુ હતું. તે છોડી ગઇ તેથીજ આ પરિણામ થયું એમ તે કહેતુ હતું.

ક્યાં સુધી શુ પુછવું, શો જવાબ દેવો તે કૈં મુચકુંદને સુઝયુ નહીં. તેને અકળામણ થયુ. આ ઘર, આ સ્રી, આ સંસાર છોડી નાસી જવાનું

ન થયું. આ ઓરડાની હવા ઝેરી લાગી. આ છોકરીની સોબત જીવલેણ ગી. પ્લેગવાળા ઘરમાંથી નાસતા ઉંદરોના મનના જેવી સ્થિતિ મુચકુંદ- થઇ રહી. કેટલીક મીનીટ સુધી તે આકું જોઇ રહ્યો. આની જોડે શી ત–શો સંસાર, શું સહજીવન, શો સહધર્માચાર! મુચકુંદમાં હીંમત ગ્રી ઓછી થઇ ગઇ હતી; અત્યારે બીલકુલ ગઇ.

તેણે કાશી તરફ નજર કરી. એ બેઠી હતી ત્યાં પાસે પેટી હતી, તેના માથું ટેકવી તે ઉંઘતી હતી. મુચકુંદ આ જોઇ નહીં શક્યો. તેણે શું કુટયું.

મુચકુંદ મનમાં ને મનમાં આક્રંદ કરવા લાગ્યો જે માબાપે આ તોક ામાં ભેરવી હતી તેને શાપ દેવા લાગ્યો; પોતાના નશીબને દોષ ા બેઠો

મુચકુંદનું ચારિત્ર્ય ભયંકર પ્રસંગે કેવું હતું તે અમે ચીતર્યું હતું; અત્યારે ા પુરેપુરો પ્રકાશ થયો. તેનાથી નસાયું નહીં, તેનાથી માથુ ફેરવી સામે ાયું નહીં–ડહાપણથી કાશીને સુધારવાનો પ્રયાસ કરવાનો નિશ્ચય થયો ી. તે રડવા લાગ્યો.

સામે તેના પિતાએ ખોળી કાઢેલી નક્ષત્ર અને તારાઓના શુભ ોગને લીધે નક્કી કરેલી ધર્મપત્ની ઘોરતી હતી.

પ્રકરણ ૪ થું

પાછી મુંબાઇમાં

મણિ પાછી મુંબાઇ આવી તે પાર્વતી શેઠાણીને બહુ રુચ્યું નહી સ્વાભાવિક અદેખાઇથી, મણિને તે દૂર રાખવા માગતી. એ બીચારી ઘણે વર્ષે પોતાના ધણી તરફથી સુખ દીઠું હોય એટલે નિર્ધન પોતાન નજીવી દોલત માટે ચિંતા કરે એમાં શી નવાઇ? પણ ચંદુલાલ શે તેને ભુલી જાય એમ હતું નહો; એટલે ન છુટકે તેને શેઠાણીએ આદર આપ્યે

મણિ સમજી ગઇ; તેને પણ એટલુંજ જોઇતું હતું. પણ મહાયોગ મહારાજ પાસેથી મકિણિકાને છોડાવવાનો તેનો ઇરાદો હતો; પાર્વ પણ જાણતી હતી કે મણિ વગર તેની બહેનનો પત્તો ખાવાનો નથી, એટ પહેલાંના જેવો ગાઢો સંબંધ શરુ થયો.

મણિ આવી અને મારુતિની મારફત વકીલને પૈસા મોકલાવ્યા, કાર કે મોધારામની અપીલની સુનાવણીનો વખત પાસે આવતો ગયો હ મણિ એમ કરવામાં સ્વાર્થ અને પરમાર્થ બે સાધવાનો પ્રયત્ન કરતી હત જ્યા સુધી તે તદન રઝળતી હતી, જ્યાં સુધી દરેક પળે કોણ તેનો દુશ્મ ઉભો થશે તેની તેને ખબર નહોતી, પણ સ્વસ્થ જીવનની શરુઆત થ પુત્રીવિયોગનું દુઃખ તેને વધવા માંડયું. જ્યારથી મુચકુંદના સુખને મ તેણે સ્વાર્થત્યાગ કરવા માંડયો હતો ત્યારથી તેની એકલતાની પ્રાણુભો વેદના ઓછી થવા માંડી હતી.

તેના આવ્યા પછી ચંદુલાલ શેઠ જરા ગુસ્સાનો વેષ ધારી તેની ાથે વર્તતા હતા તેના જેવાને તિરસ્કારી મણિએ કેવો દીગ઼ હાથથી ોયો હતો, તેનું ભાન કરાવવા તે માંગતા હતા પણ ચંદુલાલે જોયું આથી મણિના ઉપર કૈં અસર થતી નથી ત્યારે જરા સીધા થયા

તે આવ્યા પછી પહેલો પ્રશ્ન તો મહાયોગી મહારાજને કેમ મળવું નો હતો મણિએ ખબર કાઢી હતી કે તે મહાત્મા વાલકેશ્વર પર આવેલા ેક ધનાઢ્ય શિષ્યના બંગલાને પાવન કરી રહ્યા હતા શ્રદ્ધાળુ ભક્તે ાખો બંગલો તેને સોંપ્યો હતો એટલે ત્યાંજ મણિકર્ણિકા હશે એમ ાનવાનું સબળ કારણ મળ્યું.

મણિકર્ણિકા વીશે વાત ચંદુલાલ શેઠને કરતાં તે પણ મસલતમાં ામેલ થયા. મહાયોગી મહારાજનો કબ્જો કરવો એ વાત તેમને ઘણી ચિકર જણાઇ. તેમણે મહાયોગી મહારાજ કયા બંગલામાં ઉતર્યા છે તે ોળી કાઢવાનું માથે લીધું અને ઘણાજ થોડા વખતમાં જોઇતી માહીતી મને મળી.

ત્યાર પછી શેઠ, પાર્વતી અને મણિ વિચાર કરવા બેઠાં કે શી યુક્તિવડે મહાયોગીના પંજામાંથી મણિકર્ણિકાને બચાવવી; અને આખરે એજ નક્કી ર્યું કે ત્રણે જણે મહારાજના પ્રવચનમાં જવું અને મણિએ લાજ કાઢી ેસવું કે જેથી મહાત્મા એને એળખી શકે નહીં. ચંદુલાલ શેઠે ભેટ આપવાનું કબુલ્યું કે જેથી મહાયોગી જોડે તેને ઓળખાણ થાય.

આ મસલત ચાલતી હતી એટલામાં મુચકુંદ શેઠની પાસે કૈં કામ હતું ે આવી પહોંચ્યો મુચકુંદ જાણતો હતો કે મણિ શેઠને ત્યાં અવારનવાર ાય છે; અને તેથી શેઠને ત્યાં એ ઘણી વખત જતો નહીં. તેને મણિ ાત ને દિવસ સાંભર્યા કરતી: તે તેને તરછોડી ગઇ તેથી તેને ગુસ્સો ઉપજ્યો તો; કોઇ રસ્તો તેના તરફ ગુસ્સો દેખાડવાનો સુજ્યો નહોતો—એટલે તે ાનમાં ને મનમાં બળ્યા કરતો.

મુચકુંદ આવ્યો, શેઠની પાસે ગયો, ને પુછવું હતું તે પુછ્યું અને ચાલ્યો યો. તેણે મણિ તરફ એક નજર પણ કરી નહીં, પણ મણિએ તેને જોયો;

તેનું સુકાઇ ગએલું શરીર, નિસ્તેજ આંખો અને ખુંધ વળેલી પીઠ જોઇ તેનું હૈયું ભરાઇ આવ્યું. તે કાશી આવી છે કે કેમ તે જાણતી નહોતી; એટલે તેને એમજ લાગ્યું કે પોતાનેજ લીધે મુચકુંદ આમ રીબાતો હશે. એ વિચાર આવતાં તેના હૃદયમાં ચીરાડો પડ્યો; તેને મુચકુંદની ભલમનસાઇ અને બુદ્ધિ યાદ આવ્યાં. શા સારુ પોતે તેને છોડ્યો ?

"કેમ મણિ શું વિચાર કરે છે ! કંઇ નવો રસ્તો સુઝ્યો !" શેઠ પાછા આ ા પુછ્યું.

"ના, હું તે વિચાર નહોતી કરતી. હું તો તમારા કારભારીને જોતી હતી" મણિએ કહ્યું.

"કેમ હજુ તેને ભુલી નથી !"

"કેટલીક ચીજોના તો ડામ હોય છે; માત્ર સ્મરણો નથી હોતાં કે ભુસાય. તમે તેને પગાર બરોબર નથી આપતા. એની તબીઅત સારી નહીં હોય તો બહારગામ જવા દો" મણિએ કહ્યું.

"પછી હું શું કરું ! કીર્તન ?" શેઠે કહ્યું.

શેઠાણીએ કહ્યું; "એ તો એના બાપે એને બીચારાને દુઃખી કર્યો છે. અમે તેવું ઢીમચા જેવું બૈરું લઇ આણ્યું છે. હું ધારું છું કે તેમાં એ દુઃખાય છે." મણિએ સામે જોયું. પાર્વતીબાઇ હવે "ઢીમચાં" મટી "ઢીમચા" ની ચેષ્ટા કરવા લાગ્યાં હતાં.

"શુ એની બૈરી આવી છે ?"

"હા, જોવાલાયક છે." શેઠે ઉમેર્યું.

પછી ક્યાં સુધી મણિકર્ણિકા વીશે ત્રણેએ વાતો કર્યા કરી, પણ મણિનું ચિત્ત કંઇ ચોટ્યું નહીં. તેનું મન મુચકુંદ પાછળ દોડ્યું હતું.

મણિને આત્મનિંદાની લાગણી થઇ આવી. પોતેજ તેના દુઃખનું કારણ હતી; તેની વ્યાધિનું મુળ હતી; પોતેજ તેના સરલ વિદ્યાર્થીજીવનમાં ખલેલ પહોંચાડી તેને આ સ્થિતિએ આણ્યો હતો; પોતેજ તેને તેના પિતાના ક્રોધનું પાત્ર બનાવી તેની આશાઓ છેદી હતી; અને પોતે તેને દુઃખી કરી હવે નીરાંતે સુખમય જીવન ગાળતી હતી ! તેણે ફરીને પોતાનું મુખ આરસામાં

જોયું-પોતે લાલ, સુંદર, તેજસ્વી હતી; પોતાને લીધે મુચકુંદ અધમુઓ થયો હતો. પહેલાં જેમ તેને પોતાના નસીબ પર તિરસ્કાર આવતો તેમ ફરીથી આવ્યો.

મણિ પોતાને ઘેર ગઈ પણ કે ચેન પડયું નહીં. પહેલાંનો ટળવળાટ તાજો થયો; પહેલાં હંમેશાં રહેતી ભયંકર એકલતાની વેદના તેને પાછી સતાવા લાગી. તેનું હૃદય મુચકુંદની પાછળ ગયું. આખી અવનિમાં તેજ માત્ર તેનો નિઃસ્વાર્થી મિત્ર હતો. તેણે તેના જીવનમાં આડે નહીં આવવાનું વચન આપ્યું હતું. હવે મુચકુંદે બાપનું કહ્યું માન્યું હતુ; તે પરણ્યો હતો. હવે તેને મળવામાં શો દોષ? તેની બૈરી કેવી છે એ જોવાની ઉત્કંઠા સંતોષવામાં શું પાપ? જેમજેમ તે આ પ્રમાણે વધારે વિચાર કરતી ગઈ તેમતેમ મુચકુંદનું આકર્ષણ વધતું ગયું, અને તેને મળવામાં ઓછો દોષ દેખાયો.

પ્રકરણ ૫ મું

કર્ણિકાની શોધ

મણિ આ વિચારો દૂર કરી મહાયોગી મહારાજને બંગલે ગઇ તેની સાથે ચંદુલાલ શેઠ અને પાર્વતી પણ આવ્યાં. પોતે ન ઓળખાય માટે તેણે ગાડીમાથી ઉતરતાં લાજ કાઢી.

અહીંઆં પણ સ્ત્રીપુરુષોની ઠઠ મળી હતી. મહારાજનો પ્રભાવ મુંબાઇમાં પણ તેવો ને તેવોજ હતો. મણિ પલવાર ભાનભુલી ગઇ. અનેક મહીનાઓ પહેલા જે લાગણીથી તે મહારાજના મંદિરમાં બેસતી હતી તેવીજ લાગણીઓ પાછી થઇ આવી; વચ્ચે થએલા અનુભવો સ્વપ્નવત્ લાગ્યા; મહારાજની વાટ જોતાં પહેલાં જેમ ધબકતુ તેમજ હૈયું હમણાં પણ ધબકી રહ્યું.

થોડીવારમાં સભાજનો આસપાસ જોઇ રહ્યા; અને છેલ્લા જોયા હતા તેવાજ સ્વસ્થ, શાંત તેજસ્વી મહાત્મા તેજ પાવડીએ ચઢી આવ્યા; તેમણે પહેલાંના–હાસ્યથી ભક્તોના નમસ્કાર સ્વીકાર્યા. મણિ લાજમાથી આ અચલ વ્યક્તિ સામે જોઇ રહી.

મહારાજ બેઠા, તેમને અર્ધ્ય અપાયો, હાર પહેરાવાયો–સ્થલ જુદું, સમય જુદો, ભક્તો જુદા–પણ મહારાજ તેના તે. પ્રવચન શરુ થયું;–તેજ સંસ્કારપૂર્ણ વિચાર, તેજ મનુષ્યહૃદય પર સત્તા! મણિં નિરાશ થઇ. મહાત્માને હરાવી શકાય નહીં મહાત્માની આંખો જાણે મણિનેજ જોતી હોય, તેમનો અવાજ જાણે તેનેજ સંબોધતો હોય! શું બધા શ્રોતાજનોને

એવુંજ લાગતું હશે ? પ્રવચન પુરું થયું, આરતી થઇ, મહારાજ ખાનગી ઓરડામાં સીધાવ્યા. મણિએ ધ્યાનપૂર્વક પાછળ રહેલાં બૈરાં જોયાં-પણ તે કોઇ મણિકર્ણિકા જેવું લાગ્યું નહીં. ચંદુલાલ શેઠ ખાનગી ઓરડામાં મહારાજને મળવા ગયા. મણિ નિરાશ થવા લાગી

મોટા ઓરડામાં માત્ર બે ચાર મરદ અને ત્રણેક બૈરાંજ રહ્યાં હતાં. તે તરફ તેણે છેલ્લી નજર નાખી એક પરિચિત મુખવાળો પુરુષ બેઠો હતો તેને મણિએ ઓળખ્યો—એજ મહારાજનો નામકહલાલ રઘુનાથ. મણિ તેની પાસે ગઇ.

"કેમ રઘુનાથ ! ખુશી છે કે ?"

રઘુનાથે બેદરકારીથી ઉચ્ચું જોયું અને જવાબ દીધો: "હા" મહારાજની નોકરી કરી તે પાવરધો થઇ ગયો હતો.

"કેમ તુ મને ઓળખતો નથી ? હું મણિ—મહારાજને ત્યાં હતી તે. ભુલી ગયો ?"

"બહેન ! અહીંઆં એટલા ભકતો આવે છે કે કૈં યાદ નથી રહેતું."

મણિને લાગ્યું કે આ તદ્દન જુઠું બોલતો હતો. કારણ કે તેને જોતાં તે જરા ચમકયો હતો.

"કેમ ? હું સાતઆઠ મહીના પર આવી હતી."

"મને કૈં યાદ નથી, હું ઘરડો થયો છું."

એટલામાં ચંદુલાલ શેઠ બહાર આવ્યા એટલે ભકતજનોને અંદર દાખલ કરવા રઘુનાથ ચાલ્યો ગયો.

"શેઠ ! આ માણસ મારફતે કૈં બનશે" ધીમેથી મણિએ કહ્યું.

"એ કોણ છે ?"

"ખાનગી માણસ, પણ મને દાદ દેતો નથી."

"ઠીક, શેઠાણીને લઇને તુ જા-હું એનો દાણો ચાંપી જોઉં."

મણિ ત્યાંથી ગઇ અને શેઠ ત્યાં રહ્યા.

* * * *

બે ત્રણ કલાક પછી ચંદુલાલ શેઠ પાછા આવ્યા. પાર્વતી અને મણિ તેની વાટ જોઇ રહ્યાં હતાં. શેઠનું મોઢું નિસ્તેજ હતું.

"કેમ શું કરી આવ્યા ?" પાર્વતીએ પુછ્યું.

"કૈં નહીં, પહેલાં તો રઘુનાથ ઘણો પાકો નીકળ્યો. આખરે ત્રણસો રૂપીઆનું પાણી કર્યું ત્યારે તે ઠેકાણે આવ્યો. તમારો મહાત્મા પાકો છે."

"કેમ ?" મણિએ પુછ્યું

"મુંબાઇ જેવી જગ્યામાં તે કર્ણિકાને લઇ આવે ? એ તો જ્યારે અહીંઆં આવવા નીકળ્યા ત્યારેજ તેને જાત્રા કરવા વળાવી દીધી છે. બેએક ભગતડીઓ સાથે છે એમ કહ્યું છે."

"ક્યાં જાત્રા ગઇ છે તે કૈં પત્તો મળ્યો ?"

"કહે છે હમણાં કાશી ગઇ છે; પછી જેમ મહારાજ કહેશે તેમ જશે. મહારાજ ઘણો જબરો માણસ છે."

"હું નહોતી કહેતી ? એને મહાત કરવો સહેલાઇનું કામ નથી." ત્રણેએ નિષ્ફલતામાં એકએકની સામે જોયું.

પ્રકરણ ૬ ઠું

❧❧❧ * ❧❧❧

મુચકુંદને ઘેર

મણિ શેઠને ત્યાંથી પાછી આવવા ઉઠી ત્યારે આગલી રાતે કરેલા વિચારો પાછા તાજા થયા. મુચકુંદ બીચારો શું સ્થિતિમાં હશે ? તે પોતાને ઘેર ગઇ પણ તેને તેજ વિચારો આવવા માંડયા. એક વખત મુચકુંદને ઘેર જવું તેને જરુરનું લાગ્યું. આગલે દિવસે જોએલું તેનું મોઢુ કેવું ફીકકું અને શ્યામણું હતું ?

તેણે વિચાર કરવા છોડી દીધા અને મુચકુદના ઘર તરફ જવા નીકળી. રસ્તેથી પાછું ફરવાનું એને ઘણું મન થયું, છતાં દઢતા રાખી તે ગઇ. તે ઉપર ચઢી અને બા ણું ઠોકયું. તેને પોતાની સ્થિતિનો વિચાર આવ્યો. જો બધાં રુડાં વાનાં થયાં હોત તો તે અત્યારે આ ઘરની માલીક હોત, અને મુચકુંદ તેનો હોત; પણ તેને પડતો—દુઃખી થતો—બચાવવા પોતે તેને છોડી ચાલી ગઇ; છતાં મુચકુંદ તો દુઃખીનો દુઃખી રહ્યો. શુ વિધિનું વૈચિત્ર્ય.

કાશીએ બારણું ઉઘાડયું, અને સામી ઉભેલી સુંદર સ્ત્રી જોઇ મોં મચકાવ્યું.

"મુચકુંદભાઇ ઘરમાં છે ?" મણિએ પુછયું. તે કાશીનું રૂપ અને રંગ જોઇ જરા વધારે ખિન્ન થઇ.

"ના, નથી." કહી બારણું બંધ કરવા કાશીએ પ્રયત્ન કર્યો.

"હું તેમને મળવા આવી છું" કહી મણિ આગળ વધી અને બારણામાં ઉભી રહી. "હું મુચકુંદભાઇની મિત્ર થાઉં છું" કાશી તો દિંગ થઇ જોઇ રહી

જ્યારે તે માસરે આવી હતી ત્યારે તેનાં પીઅરીઆંએ તેને તૈઆર કરી રાખી હતી. તેનો ધણી ફાટેલો હતો; કોઇ પારસણ કે મુસલમાનીથી તેને બે છોકરાં થયાં હતાં; તે લોકો પાછળ તે પૈસા ઉડાવી દેતો હતો: આવી ગામડાંની ન્યાતમાં ઉડતી અનેક કિંવદંતી તેના મગજમાં ભરવામાં આવી હતી; અને તે જ્ઞાનના ભંડારને પરિણામે ધણીને કેમ વશ કરવો તે માટે અનેક માત્રાઓ તેની પાસે હતી. તે માત્રાનો ઉપયોગ તેણે મુચકુંદ પર કરવા માંડ્યો હતો અત્યારે રોગ સ્પષ્ટ દેખાયો. આ રૂપાળી સ્ત્રી મુચકુંદની મિત્ર બનીને આવી હતી. કાશીબાઇના નાનકડા મગજમાં અભિમાનનો પવન વાયો, પોતે ગૃહિણી—અને વળી આ આવનાર કોણ? તેણે પોતાનો તીરકસ ડોળો મણિ પર ફેરવી પુછ્યું: "શું કામ છે?"

મણિએ અંદર આવી ચારે તરફ નજર નાખી અને તેણે નીસાસો મુકયો. જે ખંડને તે આરસી સરખો સ્વચ્છ રાખતી હતી તેની શી દશા!

"કામ શું હોય! માત્ર મળવાજ. તમારું નામ શું?"

"કાશી. શું તમારું?" જરા તોછડાઇથી પુછ્યું.

"મણિ. હવે મુચકુંદભાઇ ઘણા મોડા આવતા લાગે છે?"

કાશીને ગુસ્સો આવ્યો. તેને મણિની ચમકતી ધારીલી આંખો ફોડી નાખવાનું મન થયું. 'મુચકુંદભાઇ' મોડા અને વહેલા—તેમાં એના બાપનું શું જાય છે? કાશીએ પોતાના ધણીએ રાખેલી પારસણ કે મુસલમાની મળે તો તેને કેમ દબડાવવી તેનો કેટલાક દિવસથી વિચાર કરી મુકયો હતો. આ વિચારોમાંનો એક વિચાર અમલમાં આણ્યો: "તમારા ધણી શું કરે છે?"

મણિ ચમકીને જોઇ રહી. કાશીએ વિગ્રહ આરંભ્યો હતો. તેને હસવું આવ્યું. આ મૂર્ખ છોકરીને કયાં ખબર હતી કે તે મુચકુંદને છોડાને જાત નહીં તો તે મુચકુંદને પરણવાને ભાગ્યશાળી થાત નહીં.

"બહેન! મારા ધણી ગુજરી ગયા છે." બને તેટલી નરમાશથી મણિએ કહ્યું; "તમે કયારે આવ્યાં?"

"ઘણા દિવસ થયા. તમે કયાં તમારે પીઅર રહો છો?"

"મારે સાસરે ને પીઅર કોઇ નથી; હું એકલીજ રહું છું, અને મહેની છું." દઢતાથી મણિએ કહ્યું. તેનો જરા મીજાજ ગયો માત્ર મુચકુંદને મળવા ખાતર તે વાત લંબાવી રહી "ઠીક, પણ મુચકુંદભાઇની તબીઅત હાલ ઠીક નથી દેખાતી, કૈં થયું છે?"

"કશુએ નથી થયું; મોટા જમધડ જેવા તો છે."

કાશીની અસંસ્કારી તોછડાઇ જોઇ મણિનો ખેદ વધ્યો. બીચારો મુચકુંદનો સંસ્કારી આત્મા આ કેમ સહેતો હશે? મણિ આ પ્રશ્નમાં પણ નિષ્ફલ નીવડી એટલે કાશીને કેવી રીતે રીઝવવી તેનો વિચાર કરવા લાગી.

"તમે બહાર નીકળો છો?"

"મને તો સાચું પુછો તો અહીંઆં કોઇનું મે હુંજ નથી ગમતું."

મણિ મુંગી થઇ ગઇ. આનો શો જવાબ? એટલામાં કોઇના પગલાં ખખડયાં "લો, મુચકુંદભાઇ આવ્યા" મણિએ કહ્યું.

"તમે કેમ જાણ્યું?"

જવાબમાં મણિ માત્ર હસી. તેના હસવાથી કાશીનો ગુસ્સો માયોજ નહીં. એટલામાં મુચકુંદ આવ્યો, અને મણિને જોઇ ચકિત થઇ ગયો. તેના ફીક્કા મોઢા પર એકદમ લોહી આવ્યું. મણિ ઉભી થઇ સામે ગઇ.

"કેમ મુચકુંદભાઇ! કેમ છો?"

"કોણ મણિ–બ્હેન!" મુચકુંદે ગભરાઇ ઉત્તર આપ્યો.

"હા. મને થયું કે ઘણા દિવસ થયાં મળી નથી તે તમને મળી આવું."

મુચકુંદ મણિ સાથે ગુસ્સે થયો હતો; પણ અત્યારે તેને જોઇ તેને એવી શાતા વળી કે તે પોતાનો ગુસ્સો વીસરી ગયો. છતાં તેના અવાજમાં જરાક અતડાઇ આવી. "ઘણો ઉપકાર થયો."

"એમાં ઉપકાર શાનો? મારો જીવ તો ક્યારનો આવું આવું થતો હતો. મારે કાશીભાભીને જોવાં હતાં."

બારણામાં ઉભીઉભી કાશી બબડી: "મોઇ તારી ભાભી ને મોઇ તું."

મુચકુંદ નીચું જોઇ રહ્યો. મણિએ ફરીથી પુછ્યું: "તમારી તબીઅત કૈં ઠીક નથી લાગતી!"

"મારે હવે તબીઅતજ છે તો." કડવાશથી મુચકુંદે કહ્યું. મણિ શું જવાબ દેવો તેનો વિચાર કરતી હતી એટલામાં કાશીનો સવાલ આવ્યો: "ચાલો હવે જમવા ઉઠશો? બહુ વાતો કરી"

મુચકુંદના કપાળ પર ગુસ્સો આવ્યો. તેણે હોઠ કરડયા અને બોલવા જતો હતો છતાં તે અટકયો.

"ચાલો ત્યારે હું ઉઠું. તમારે વાર થાય છે."

"તમે ખાધું?"

"ના હજુ હવે."

"ત્યારે અહીંઆં નહીં જમવા બેસો?" મુચકુંદના અવાજમાં એટલી દીનતા હતી કે મણિને જવાબ દેવો સુઝ્યો નહીં. "આજનો દહાડો; કોઇ વાટ જોતું તો નથી?"

"મારી વાટ કોણ જોવાનું હતુ!" જરા હસીને મણિએ કહ્યું

"ઉભાં રહો ત્યારે હું કહી આવું" કહી મુચકુંદ અંદરની નાની ઓરડીમાં ગયો.

મણિ ઉભી રહી. બાજુની ઓરડી કૈં જુદો ખંડ નહોતો; માત્ર પાટીઆની ફડેતાલથી નોખો પાડેલો આજ ઓરડાનો વિભાગ હતો. ત્યાં બોલાતા અક્ષરે અક્ષર તે સાંભળી શકતી.

મુચકુંદ અંદર ગયો ત્યારે કાશી ભવાં ચઢાવી બેઠી હતી. તેના બાળક મગજમાં એક નિશ્ચય સ્પષ્ટ અને નિશ્ચલ હતો. કોઇ પારકી સ્ત્રી ઘરમાં આવે તો નમતું આપવુ નહીં. તે ઉપરાંત મુચકુંદની રીતભાત કે સંસ્કારની તેને કૈં સમજ નહોતી, એટલે તેના તરફ તિરસ્કાર દેખાડવાની બને તેટલી તક તે લેતી. તેનામાં એક પ્રકારની દૃઢતા હતી; આગળ જતાં ડોશીવાડાની પ્રમુખ થવાના તેનામાં અનેક ગુણો હતા; અને તે ગુણો તેણે દર્શાવવા માંડયા. મુચકુંદ એક અક્ષર પણ કહે તે પહેલાં તેણે મોટેથી કહ્યું:

"આ ચીબાવલી મારા ઘરમાં નહીં." કાશીની બાડી આંખે ભયંકર કટાક્ષ નાખ્યો. ગરીબ બીચારો મુચકુંદ આભો બની ઉભો રહ્યો. બહાર ઉભેલી મણિએ આ શબ્દો સાંભળી હોઠ કરડયા.

"જરા ધીમે બોલ." મુચકુંદ ધીમેથી બોલતો સંભળાયો.

"શું કરવા ? એની હું કૈં દબાએલી છું ? મારા ઘરમાં એનો ટાંટીઓ નહીં."

"અરે આ શું બોલે છે ?" ગુસ્સામાં પણ ધીમેથી મુચકુંદ બોલ્યો.

"ના તે એ નહીં બને. જોઇએ તો મારી નાંખો." કહી કાશી ઉભી થઇ ગઇ હોય એમ મણિને લાગ્યું.

"એમ ?"

મુચકુંદ કાશી પાસે જતો સંભળાયો; કાશી જાણે પીડાથી "અરરર" કરતી સંભળાઇ. મણિની બહાર ઉભાંઉભાં એવી સ્થિતિ થઇ કે શું કરવું તેનો રસ્તો જડ્યો નહીં. જે ઘરમાં આદર નહીં ત્યાં ઉભું રહેવું તેને ગમ્યું નહીં; અને વગરકહ્યે જતા રહેવું તે પણ સારું લાગ્યું નહીં.

થોડી પળમાં મુચકુંદ બહાર આવ્યો. તેનું મોઢું ગુંગળાટમાં અને ગુસ્સામાં લાલ થઇ ગયું હતું. મણિ તરત બોલી ઉઠી.

"મુચકુંદભાઇ ! આજે મને જવા દો." જાણે વાત સાંભળીજ નહીં હોય એમ અજાણી થઇ મણિએ કહ્યું. "મારે ત્યાં એક જણ આવવાનું છે. જમવા રહીશ તો મોડું થશે."

મુચકુંદ આગ્રહ કરવા જતો હતો; પણ તેને લાગ્યું કે કાશી રીસાઇને ખુણે બેઠી હતી એટલે મણિ પુરેપુરો ફજેતો જુએ તેના કરતાં આબરૂ રહે તેટલી સારી. તે ફીકકું હસ્યો. "ખરેખર ?"

"હા. વળી કોઇ દિવસ આવીશ. ચાલો ઘણું મોડું થયું."

મણિની આંખમાં આર્દ્રતા હતી. મુચકુંદની હીણભાગી સ્થિતિ માટે દયા હતી. અને મણિ આ સમજી ગઇ અને આવી દયા બતાવે છે એ જોઇ મુચકુંદના મનમાં તેને માટે જે લાગણી હતી તેમાં વધારો થયો. મુચકુંદ સાથે વળાવવા હેઠળ સુધી આવ્યો.

"મણિબ્હેન ! જરુર ફુરસદે આવજો."

"તમે કોઇ વખત મારે ત્યાં આવો તો કેમ ! અત્યારે નીકળવુ મને જરા અગવડભરેલું છે."

"ઠીક, એમ કરીશ."

મણિ ગઈ પણ ક્યાં સુધી તેની અદીઠ થતી મૂર્તિ, તેની છટાદાર ચાલ તે જોઈ રહ્યો? ફરી ક્યાં ખોઈ અને ફરી ક્યાં પામ્યો! થોડી વાર તે ઊભો રહ્યો. આટલે દિવસે મણિને જોતાં તેના તરફ આવતો રોષ અદૃષ્ટ થયો—ઊર્મિઓ વધારે સબળ થઈ, અને પોતાના જીવન પરનો અસંતોષ વધ્યો. શી તેની સ્થિતિ—શી અધમતા—શાં પત્નીનાં સુખ! આજે પોતાના ઘરસંસારનું દુઃખ હજાર ધાર ધારી તેના હૃદયને વહેરવા લાગ્યું. જ્યારે ઊભે ઊભો તે થાક્યો ત્યારે ઉપર જવા વિચાર કર્યો. ઉપર કોને માટે—કોને ઘેર—કયા સુખ માટે? જીવન કોને માટે? તે બબડ્યો: "મણિ! મણિ! તેં મારું કહ્યું માન્યું હોત!" તેણે નીસાસો મુક્યો, પાછા ઉપર જવાનો વિચાર છોડી દીધો તે રખડવા નીકળ્યો કે જેથી પગ થાકે તો રાતના ઊંઘ આવે.

બે અઢી કલાક તે રખડ્યો અને ઘેર આવ્યો. કાશી બારણાં બંધ કરી સૂઈ ગઈ હતી. જેના સંસ્કાર જાડા તેનું જીવન સરળ અને સુખી: નિર્જીવ વસ્તુમાં નીરાંતે પડી રહે પડાશે; જીવતાગામમાં પડી રહે ભૂંડ.

પ્રકરણ ૭ મું

હૈયાં ખોલીને વાત

મુચકુંદને ઘર નરક સમાન લાગ્યું; પોતાની સ્ત્રી જોઇ તેને કમકમાટ છુટયો આ સ્ત્રી સાથે દિવસો—એક રાત, એક પળ પણ કેમ જાય? અત્યાર સુધી તે ગમે તેમ ચલાવતો હતો; હવે તેના ધૈર્યનો અંત આવ્યો આવી સ્ત્રી જોડે ઉઠવુ, બેસવુ, ખાવું પીવુ—તેના કરતાં મરવું હજાર દરજ્જે સારું. આવા વિચારો કરી તે સુતો, પણ તેને ઉંઘ જરાએ આવી નહીં

સવારે ઉઠયો ત્યારે પણ તેના તેજ વિચારો આવવા લાગ્યા. મણિએ આ પેલું આમંત્રણ યાદ આવ્યું. તેનું મન મણિને નીરખવા, તેની સાથે વાત કરવા તલસી રહ્યું, અને જેમજેમ કાશીને જોતાં કચવાટ વધ્યો, તેમ એ તલસાટ પણ વધ્યો. તેને છોડીને મણિ પાસે જવાની ઉત્કંઠા થઇ પણ સવિતાનું વરેણ્ય ભર્ગ બુદ્ધિદાતા છે; તેનાં સચોટ કિરણોમાં રાત્રિના અંધકારે ઉભાં કરેલાં મનોરાજ્યો ભેદવાની અદ્દભુત શક્તિ છે. મુચકુંદને કર્તવ્ય-પરાયણતા સ્ફુરી. મણિ પાસે જઇ પોતાની સ્ત્રીની ફરીઆદ કરવી તેનું નામ મર્દાઇ? હોઠ કરડી તેણે તલસાટ દબાવવા પ્રયત્ન કર્યો, અને પોતાનાં નિત્યકર્મો આરંભ્યાં. પણ કાશીને ઘરમાં ફરતી જોઇ તેના સંસ્કાર, તેની રીતભાતો, તેનાં પરાક્રમો યાદ આવતાં તેના હૃદયમાં હોળી બળવા લાગી.

જે માણસનું મોઢું ગમે નહીં, જેના બોલો ઝેર જેવા લાગે, જેનો સંગ કમકમાં આણે તેની સાથે રહેવુ તે નરક. મુચકુંદ અત્યારે નરકમાં પડયો હતો. કર્તવ્યપરાયણતાની દૃષ્ટિએ, તે નરકને સ્વર્ગ છે એમ પોતાના મનને સમજાવતો હતો, પણ નરક તે

આખરે નરક, જનકવિદેહીઓ તે જોઇ બળ્યાબળ્યા થાય તો આ તો બીચારો એક ગ્રેજ્યુએટ !

મુચકુંદની મુઝવણનો પાર નહોતો. તેને આ નરકમાંથી નાસવુ હતુ; મણિનો સુખમય સંગ કરવો હતો. છતાં કર્તવ્યપરાયણતા રાખવી હતી, અને નરકમાં રહેવુ હતું. જીવન વિચિત્ર છે; ઇચ્છાઓ તેથી પણ વધારે વિચિત્ર હોય છે

સાંજે તેના પગ મણિના ઘર તરફ જવા ધસ્યા, મહામહેનતે તેમને તે ઘેર લઇ આવ્યો. તેણે નિશ્ચય કર્યો કે મણિને ફરી મળવું નથી. તે નિશ્ચય કરી પોતાને ઘેર આવ્યો.

ઘેર કાશીને જોઇ હૈયાની હોળી સતેજ થઇ. આ સ્ત્રી જોડે સંસાર કેમ ચલાવાય ? તેને વિચાર થયો કે એને થોડા દિવસ પીઅર મોકલી આપી હોય તો તેનુ બળતુ હૈયુ શમે, પણ તે કેમ બને ? તે નિરાશ થઇ બેઠો.

"પેલી તમારી. કુબજા ફરી મળી હતી કે?" કાશીએ સવાલ કર્યો.

મુચકુંદ ચમકયો. તેની આંખમાં ખુન્નસ ભરાયું. તેણે ટેબલ પર પડેલું લાકડાનુ ભારણ હાથમાં લીધું અને કાશીને છુટ્ટું માર્યુ. કાશી ખસી ગઇ અને ભારણ જઇ ભીંતમાં અથડાયું બીજી પળે મુચકુંદને ભાન આવ્યું–તેણે બૈરીને મારી હતી. તેના સંસ્કાર. તેની કેલવણી, સ્ત્રીઓ તરફ રાખવી જોઇતી માનની લાગણીઓ: એ બધાં કયાં ગયાં ? અધમ સંગે તે પણ અધમ થયો.

તે ઉઠયો, કપડાં પહેરી બહાર ગયો. બહાર જઇ તે રખડયો. ભુખ લાગી તે કૈં ખાધું, અને મોડી રાત સુધી બળતા આત્માને શાંત કરવા ચોપાટી પર પડી રહ્યો. આખરે તે ઘેર આવ્યો

બીજે દિવસે તેને જાણે તાવ આવ્યો હોય એમ લાગ્યું. તેનુ શરીર સુકાતું તો જતું હતું; તેમાં આ વ્યાધિ આવ્યો. કાશીને તેની કૈં પરવા નહોતી. તે નીરાંતે ખાતી, ઉંઘતી, અને ધણીનું દુ:ખ જોઇ પોતે જીતી છે એમ માની ખુશ થતી તે દિવસે પણ તેને મણિ તરફ ભયંકર આકર્ષણ થયું; પણ તેણે તે જીત્યું અને તે ઘેર આવ્યો. આજે બહાર રખડાય તેમ

નહોતુ–તેનાં અંગેઅંગ પીડાતાં હતા. કાશીએ કૈં પુછયું નહીં, તેણે કૈં કહ્યું નહીં. તેણે ખાવાની ના પાડી એટલે કાશીએ ઉઠી નીરાંતે ખાધું

ત્રીજે દિવસે સવારે પથારીમાંથી ઉઠતાં તેને મુશ્કેલ નડી. છતાં તેને જીવન પર તિરસ્કાર છુટયો હતો એટલે મુશ્કેલી ન ગણકારતાં તે ઉઠયો. તેને લાગ્યું કે ભગવાન યમરાજ તેના પર મહેરબાની કરી તેને લેવા આવતા હતા સવારે મણિનો કાગળ આવ્યો:

"પ્રિય ભાઈ મુચકુંદ,

બે દિવસ તમારી વાટ જોઇ પણ તમે આવ્યા નહીં આજે આવશો?

લી મણિ."

કાગળ ટુંકો હતો, પણ મુચકુંદને ગંભીર અર્થવાળો લાગ્યો તેની રગમા લોહી વધારે પ્રબળતાથી વહેવા માંડયું તે વધારે વખત દ્રઢતા રાખી શકયો નહીં. નિર્બલતાથી તેની દ્રઢતા પીગળી જવાની તૈઆરીમાં હતી, આ કાગળે પીગળાટ શરુ કર્યો. તે ઉઠયો અને મણિને ઘેર ગયો

મુચકુદ આટલું પણ ચાલી શકયો નહી; અને મણિની ચાલના દાદરો ચઢતાં પણ તેના હોશકોશ ઉડી ગયા, તેનો શ્વાસ ભરાઇ ગયો. થોડી વારે તેને તલાશ કરવાની શકિત આવી અને મણિની ઓરડી આગળ જઇ તે ઉભો રહ્યો.

તેણે બારણું ઉઘાડયું, અને જાણે સ્વર્ગનાં બાર ખુલ્યા હોય તેમ તે ઓરડીની સ્વચ્છતા અને સાદાઇ જોઇ તેને શાંતિ વળી. મણિ એક છોકરીને શીખવતી હતી.

"ઓહોહો! મુચકુદભાઇ!" કહી મણિ ઉભી થઇ ગઇ. તેનું સ્વરૂપવાન્ મોઢું વધારે તેજસ્વી થઇ રહ્યું; તેના હોઠ આવકારની ઊર્મિઓ બહાર કાઢતાં જરા એકમેકથી દૂરજ થંભી ગયા; તેની આંખો–તેની ભયંકર તેજસ્વી આંખો હસી ઉઠી. મુચકુંદના હૃદય પર અમીનો વરસાદ વરસ્યો –પણ તે ફોકટ ગયો હતો. બોલ્યા વગર તે એક તકીઆ પાસે બેસી ગયો.

"વિમળા!" મણિએ પોતાને ત્યાં બેઠેલી છોકરીને કહ્યું: "જા, આજે રજા; હવે કાલે આવજે."

છોકરી ઉઠી, અને રખેને મહેતી પોતાનો વિચાર બદલે એવી ધાકે ઝપાટાબંધ ચાલી ગઇ.

"મેં નહોતું ધાર્યું કે તમે હમણાજ આવશો મારો કાગળ મળ્યો ?" મણિએ પુછ્યું

મુચકુંદે જવાબમાં માથું ધુણાવ્યું

"પરમ દિવસ કરતાં આજે તમે ઘણા માદા લાગો છો ડાકટર પાસે જઇ આવ્યા ?" જરા ચિંતાથી મણિએ પુછ્યું

"ડાકટર ને ફાકટર—મારે તો કહીં જવું નથી. હું થાકી ગયો છુ મારે તો હવે મરવુ છે કોને માટે જીવવું ?"

ઉભા રહો, જવાબ દઉં છું મને ચહા કરવા દો" કહી મણિ ઉઠી

મુચકુંદે મણિને વીજળીની માફક આમથી તેમ ઝળકતી જોઇ તેનું છટાદાર અંગ અને તેની કામ કરવાની મોહક રીત તેણે ઘણે દિવસે ભાળ્યાં. તે મુગે મોઢે જોઇજ રહ્યો. ચહા મુકી મણિ તેની સામે આવી બેઠી.

"બોલો હવે શુ છે ? બીજી બધી વાત પછી. ડાકટરને ત્યાં જાઓ."

"ના."

"કેમ ?"

"મણિબહેન, મણિબહેન ! મને જીવવા કરતા મરવું હજાર ગણુ સરસ લાગે છે. તમે તો ચાલ્યાં ગયાં, તમે જાણ્યું એથી મારો ઉદ્ધાર થશે. આ જોયું કેટલો થયો તે ?" કડવાશથી મુચકુંદે કહ્યું

"હા ભાઇ ! ખરી વાત છે. મેં નહોતું જાણ્યું કે આવું પરિણામ આવશે."

"પરિણામ ! તમે ગયા અને હું પરવારી ગયો. મને જીવન વિષમય થઇ ગયું હું ભાવનાભ્રષ્ટ થયો પછી મારા બાપાએ જે જુલમ વર્તાવ્યો હતો તે મેં સહન કર્યો મારી ભાવનાઓ ગઇ—તમે ગયાં પછી મારે શા માટે સામે થવું ? કોને માટે ?"

મુચકુંદે જરા વાર શ્વાસ ખાધો. મણિની આંખોજ માત્ર આશ્વાસન આપી રહી. મુચકુંદે નિશ્વાસ મુકી કર્મની કથની શરુ કરી:

" પછી હું પરણ્યો, આ ભૂત મને વળગ્યું. તે જોયું, કેવો બ્રહ્મરાક્ષસ છે? મણિબ્હેન ! મરવુ સારુ, રોમેરોમ કીડા પડે ને સારા; પણ આવી સ્ત્રી મળે તે ખોટું. મારા સંસ્કાર, મારી ભાવનાઓ, મારી આશાઓ—બધાં આ સદ્ધર્મચારિણી સાથે એના કરતાં મરવું સારું " ફરી કમકમાટથી ધ્રુજતાં મુચકુંદે કહ્યું

" ભાઇ ! આકળા શુ કામ પડો છો ? તમારી તબીઅત બગડશે એ કૈં હવે બદલાવાનુ છે ? આપણામા કહે છે તેમ 'પડયું પાનું સુધારી લે.' "

" શું મારું કરમ સુધારું ? આ સંસાર તે સુધરે ? એ તો મોટો ઝેરી સાપ છે; પળેપળે મારું લોહી ચુસે છે તમે જોતાં નથી હું દિવસે દિવસે મરણની અણીએ આવતો જાઉં છું ?"

મણિની આંખમાં આસુ આવ્યાં આ આક્રંદ તે સાંભળી શકી નહીં.

" મુચકુંદભાઇ ! શા માટે આકળા પડો છો ? એ કૈં છુટવાનુ છે ?"

" મરીશ ત્યારે છુટશે ને ? તમને ખબર નથી કે આ દુઃખ કેટલું દુઃસહ છે ?"

" મને કેમ ખબર નહીં હોય ? આપણાં લગ્નના મેં એટલા લહાવા લીધા છે કે હું બધું સમજી શકું છું " મણિએ સ્નેહથી કહ્યુ, " એક રીતે કે બીજી રીતે આપણ બંનેને આપણા સંસારે રહેંસ્યાં છે પણ કેમ કરવુ ?"

" શુ કરવુ ? હું કયાં જાઉ—કોને કહું ? તમે છો તો હું આટલું પણ કહી શકું છું, પણ કૈં રસ્તો સુઝતો નથી."

" બીજો શો રસ્તો !' મણિએ કહ્યુ. " ગમે તેમ પણ નીભાવવું પડશે. કૈં છુટકો છે ?"

" નીભાવવું ! શા સારુ ? કોના બાપનો બાંધેલો છું ? મારા આદર્શો જાય, મારું સુખ જાય, મારો જીવ જાય છતાં મારે નીભાવવું ? મારું ચાલે તો બધાં બંધનોને તોડી નાંખું."

" ભાઇ !" મણિએ સાંત્વના આપતાં કહ્યું " મારા પણ એવાજ વિચારો હતા. હું પણ તેમજ કરવા મથી હતી મેં બધો અનુભવ કર્યો છે. આખરે જોયું કે એ બધાને અંતે દુ:ખજ છે."

"ત્યારે શા માટે મરવુ નહીં ? એ દુ:ખ શા માટે સહ્યા જવુ ? કાશીની જોડે જન્મારો કાઢવો ? અરે ભગવાન્ !" આ શબ્દો કહેતાં મુચકુંદને કંપારી આવી.

"બીજો શો રસ્તો ? ભાઇ ! મેં તો બધે જોયું છે. આપણા મરદો કહો, બૈરાં કહો–સંસ્કારી થયાં કે ભોગ લાગ્યા એ તો નફ્ટ થયા વિના છુટકો નથી. બે તરેહની જીંદગી કરો, કાશી જોડે કાશી જેવા થાઓ તો કૈં નીરાંત વળશે."

"જીવન બેપડું કરવા હું ઘણોએ મથુ છું પણ કાશી સાથે તે પણ કેમ થાય ?" મુચકુંદે કહ્યું નિરાશાની અવધિમાં તે જમીન તરફ જોઇ રહ્યો.

"ભાઇ ! જેમ વિચાર કરશો તેમ દુ:ખી વધારે થશો."

"ભોગ આપણા !"

"પણ એમ કર્યે શો ફાયદો ? એના કરતાં હીમત રાખો અને તમારી ભાવનાઓ ફરી સતેજ કરો ઘરસંસારની વાતો વીસારીજ દો આખું જીવન એક મહા ભાવનાથી પ્રેરો પ્રભુએ જીંદગી આપી છે તે આમ રડી કકળીને પુરી કરવા ?"

મુચકુંદ ફીકકું, નીરસ હસ્યો "હવે મારે ભાવના કેવી ? તમે ગયાં ને મારી ભાવના પરવારી."

"હું ક્યાં ગઇ છું ? તમારી બહેન છુ અને સદાએ રહેવાની."

મુચકુંદનો હાથ અજાણે મણિને પકડવા ગયો, પણ તેણે તરત તે પાછો ખેંચી લીધો. મુચકુંદે નીસાસો નાંખ્યો. પોતાનો હાથ બીજા કોઇને આપવાનો તેને હવે શો અધિકાર હતો ?

"બહેન ! હવે રજા લઇશ ઘણુ મોડું થયું"

"હા, સુખેથી, પણ ડાકટરને ત્યાં જરુર જજો."

"જોઇશ."

"ના, જોઇશ નહીં, મારા સમ." મણિની આંખ સ્નેહભીની હતી. મુચકુંદ તે ભીનાશથી ધ્રુજતો હોય તેમ લાગ્યું. તે મણિની આંખથી આંખ મેળવવા અશક્તિમાન હતો. તેણે નીચું જોઇ રજા લીધી, અને ધીમેધીમે ઘેર ગયો.

મણિ એના ને એનાજ વિચાર કરી રહી.

પ્રકરણ ૮ મું

કાશી વીફરી

કાશી ઉંધી રીતે હોંશીઆર હતી. તેણે મુચકુંદને કાગળ વાંચતાં જોયો, ઉતાવળે બહાર જતો જોયો; અને પાછો આવ્યો ત્યારે તેને જરાક ઓછો દુઃખી જોયો. કાશીના વહેમી સ્વભાવને મણિ સાંભરી; અને આ ફેરફાર તેનેજ લીધે છે એમ તેને લાગ્યું.

મુચકુંદ માંદો દેખાતો તેની તેને પરવા નહોતી એ ઓછો દીલગીર દેખાયો તેથી તે ગુસ્સે થઇ તેણે સવારે આવેલો કાગળ ખોળવા માંડયો મુચકુંદ ભુલમા તે ટેબલના ખાનામાં વીસરી ગયો હતો, તે કાશીને હાથ આવ્યો. કાશીને વાંચતાં નહોતું આવડતું એટલે હેઠળને માળે રહેતા પાડોશીના નાના છોકરાને ઉપર બોલાવી તેની પાસે તે કાગળ વંચાવ્યો તેના ગુસ્સાનો પાર રહ્યો નહીં; પેલી ચીબાવલી એના ધણી જોડે પત્રવહેવાર કરે!

તેણે તરત લુગડું બદલ્યું અને બહાર નીકળી, અને ચંદુલાલ શેઠને ત્યાં ગઇ, અને પાર્વતીને કહ્યું કે મારે મણિને મળવા જવું છે માટે એક રામો મોકલો. વાતને વધારે ખરી લગાડવા તેણે એમ પણ ઉમેર્યું કે મુચકુંદ તેને જવા કહી ગયો હતો, અને પૂર્તિમાં પેલા કાગળમાં આપેલું સરનામુ કહી બતાવ્યું. પાર્વતીને જરા આશ્ચર્ય તો લાગ્યું છતાં એક રામાને તેની સાથે જવા કહ્યું. તેણે માત્ર એટલુંજ કહ્યું કે તે દિવસે મણિ સાડાત્રણ વગ્યા પછી ઘેર આવશે. કાશી તે વખત સાધીને મણિને ઘેર ગઇ.

મણિના મનની સ્થિતિ વિચિત્ર હતી મુચકુંદ આવ્યો અને તેવો ને તેવોજ સ્નેહાળ હતો તેથી તેનુ હૈયું પ્રફુલ્લ હતું તે માંદો હતો તેથી ખિન્ન હતુ તેને કાશી તરફનું દુઃખ છે તે દેખી તે દયાર્દ્ર બની હતી. અને આ બધી માનસિક સ્થિતિઓ પર આછા. ભીના પ્રેમનુ વાતાવરણ છાયું હતું.

મણિ કાશીને જોઇ ચમકી તેણે આ મેળાપ થશે એવુ સ્વપ્ને પણ ધાર્યું નહોતુ. કાશી આવી, મણિએ આવકાર દીધો, તેને તેણે ધુત્કારી કાઢયો, અને પોતાનો ક્રોધ કાઢવા માંડયો કાશીની કેળવણી ગામડીઆ હતી; તેનો કોષ ફટાણાંઓ સાંભળી વિશાલ અને રસાળ થયો હતો, તેનો ક્રોધ નિર્લજ્જ અને ભયંકર હતો આ બધાનો ઉપયોગ કરી કરી કાશીએ મણિને મહાત કરી. બીચારી મણિના કાનમાં કીડા ખદબદી ઉઠયા; તેની આંખમાં ગુસ્સાથી અને અપમાનથી આંસુઓ આવ્યાં, તેના હૈયામાં આ છોકરીની અધમતાએ ચીરાડા પાડ્યા બીજું કોઇ આથી અડધું પણ કહેત તો તેને તે જવાબ દઇ શકત; ઘરમાંથી કાઢી મુકત, પણ આ તો મુચકુંદની વહુ ! તે કૈં પણ બોલી નહીં, બધું સાંભળ્યા કર્યું. અને કાશી ગઇ ત્યારે પોસપોસ આંસુએ રડી

કાશીને નીરાંત વળી પોતાના વિજયનો વાવટો તેણે ફરકતો કર્યો હતો, તેના મનમાં મુચકુંદ માટે એક પ્રકારનો તિરસ્કાર આવી ગયો હતો, તેની ભલમનસાઇ તે મુર્ખાઇ છે એવો તેણે ચોક્કસ અભિપ્રાય બાંધ્યો હતો, અને તે કારણોથી તેને મુચકુંદની ધાક જરાએ નહોતી તે રાતના ઘેર આવ્યો ત્યારે કાશીએ પોતાના દિગ્વિજયનો ઇતિહાસ અથથી ઇતિ સુધી તેને કહી સંભળાવ્યો

મુચકુંદ આખા દહાડાના થાકથી, નબળાઇથી નિરાશાથી નિર્ગત થઇ ગયો હતો. તેમાં આ સાંભળી તેના ગુસ્સાનો પાર રહ્યો નહીં તેના નિસ્તેજ ડોળા ભયજનક થયા, તેનો શ્વાસોચ્છ્વાસ વધારે જોરથી ચાલવા લાગ્યો. તે પહેલા કૈં બોલ્યો નહીં, માત્ર દાંતજ પીસ્યા. તે ઉભો થયો તેના હાથ ધ્રુજી રહ્યા તેણે ટેબલ પર પડેલો ખડીઓ જોયો–લીધો કાશીના પર જોરથી ફેંકયો. આ ગુસ્સાના આવિર્ભાવથી તેની જીભ ઉઘડી

“ કમજાત ! મારો જીવ લેવા પેદા થઇ છે ?’

બીજી પળે તે ત્યાંથી નાઠો. તેનુ માથુ ભમતુ હતું મણિને થએલા અપમાનના શબ્દેશબ્દ જાણે તેનેજ કહેવામાં આવ્યા હોય તેમ તેને ગ્યું. હવે એ કાશીનુ મોઢું નહીં જોવું એવો નિશ્ચય તેણે કર્યો. તે ઉપરાંત મણિને શા વિચારો આવતા હશે ? તેની પાસે જઇ તેની ફી માંગવી જોઇએ એમ પણ તેને થયું.

તે મણિના ઘર તરફ વળ્યો.

પ્રકરણ ૯ મું

હૃદયો નિર્દોષ કે દોષિત?

મણિ આખા દિવસના દુઃખદ અનુભવથી દીલગીર થઇ ગઇ હતી. તે મુચકુંદને મળી હતી; તેના ગૃહજીવનમાં માથું માર્યું હતું, પરિણામે તેને દુઃખી કર્યો હતો. કાશીને વીફરાવી હતી, મુચકુંદના સંસારસુખનું સત્યાનાશ વાળી મુકયું હતુ પહેલાં જેમ પોતાને તે દોષ દેતી હતી તેમ તે દેવા બેઠી; અને ભરેલે હૈયે આંસુ સારતી હતી

એટલામાં કોઇએ બારણુ જોરથી ઠોકયું તે અજાયબ થઇ અત્યારે કોણ હશે? મણિના નીડર હૃદયમાં પણ ડર આવ્યો તેણે ધીમેથી બારણાં ઉઘાડયાં; થાકેલો, હાંફતો, સ્મશાનમાથી પાછા આવેલા પ્રેત સમો મુચકુંદ આવ્યો ને ઓરડીમાં લથડી પડયો મણિને ધ્રાસકો પડયો

"ભાઇ! ભાઇ! આમ કેમ?" તેણે મર્યાદા ભુલી મુચકુંદનો હાથ ઝાલી બેસાડયો; અને મુચકુંદ શ્વાસ ખાવા મુગો રહ્યો મણિએ પાણી ધર્યું તે તેણે પીધું

"મણિબહેન! પેલી કુબજા તમને શુ કહી ગઇ?"

"અરરર! તે માટે તમે આવ્યા? મેં તો કૈ ખોટું લગાડયુંજ નથી; નકામા શા માટે તમારા જીવને દુખવો છો "

"મણિબહેન! એ—"

"એની વાતજ જવા દો" મણિએ જરા હસતાં હસતાં કહ્યું. મણિનાં હાસ્યકિરણોથી મુચકુંદનો જુસ્સો જરા શમ્યો

"કેમ જવા દઉં? એ મારો જીવ લેવા બેઠી છે—જ્યાં જાય ત્યાં ઝેર પ્રસારે છે. અરેરે! તમને શું શું કહી ગઇ હશે!"

"કૈં નહીં."

"કૈં નહીં કેમ? તમે હસો છો; કારણ કે નહીં તો હું દુ:ખી થાઉં. પણ મને ખબર છે."

"શી ખબર છે? નકામા તર્કો શું કામ કરો છો?"

"નકામા? મને ખબર છે કે તમારું હૃદય ઘવાયું હશે—તમે મારી કાળકા માતાના કોપથી ત્રાસતાં હશો—તેના શબ્દો તમને વિષમય લાગ્યા હશે."

"ભાઇ! એ વિચારો કાઢીજ નાંખો. મને તો ઘણાએ અનુભવ થયા છે અને આ એક વધારે. તમેજ એક કોઇનાં વાકયો મને વાંચી બતાવ્યાં હતાં."

"કયા?"

"એક દેડકાને આગીઓ મળ્યો આગીઆએ પુછ્યું 'શા સારુ થુંક ઉરાડે છે? દેડકાએ જવાબ આપ્યો: તુ શા સારુ તેજ પ્રસારે છે?' એ તો દરેકને પોતપોતાનો સ્વભાવ મુબારક!"

"મણિબહેન! મને શરમાવો નહીં. તમે તો અલૌકિક છો."

"ના, મેં વધારે વેઠયું છે એટલુંજ"

"ના, પણ કૈં ઓછું લાવશો નહીં કાશી મારી સ્ત્રી નથી; મારા પૂર્વભવની દુશ્મન છે મને લાગ્યું કે તમે ગુસ્સે થશો અને ફરી મારી જોડે બોલશો નહીં"

"ગાંડા થયા છો? જે કૈં કાશીએ કહ્યું તે મેં સાંભળ્યું—માત્ર એટલાજ માટે કે એ તમારી બૈરી છે; નહીં તો તમે 'મને ઓળખતા નથી? ટાંટીઓ પકડી બહાર કાઢત."

"મણિબહેન! હું ખોટું નથી કહેતો—પણ તમે મળ્યાં, તો મને જરા શાતા વળી; નહીં તો હું ભટકતો, દુ:ખી, નિરાધાર થઇ રહ્યો છું."

"શા માટે?"

"બ્હેન! આ ભૂત સાથે ભવ ગાળવો પડે! ભયંકર!" કહી મુચકુંદ ધ્રુજ્યો. આક્રંદ કરતાં તેની આંખમાં પાણી ભરાઇ આવ્યાં તે એણે લુછ્યાં. "બ્હેન! બાળપણમાં બહુએ સ્વપ્નો આવ્યાં હશે; પણ તેમાં આવું સ્વપ્નું તો કદી આવ્યું નહોતુ."

"આ શું કહેવાય?" આ વિચારોમાંથી મુચકુંદને છોડવવા તે જરા હસી. ક્રોધમાં બોલતાં મણિએ કહ્યુ: "કહું છુ કે વાત જવા દો તે નથી સાંભળતા? ભણેલા ગણેલા થઇ આટલી હીંમત નથી રહેતી?"

પણ આ શબ્દોની અસર જુદીજ થઇ. મણિનુ તેજસ્વી હસતું મોઢું, ને તોફાની ચમકતી આંખો જોઇ મુચકુંદને પોતાનું દુઃખ વધારે કારમુ લાગ્યું.

"ભણેલો!" તેણે કહ્યું; "હા! હું મુર્ખો હોત, ગામડામાં ગોરપદું કરી ખાતો હોત, તો એક અક્ષર નહીં બોલત, મારી કાશીબાઇની કોટે વળગી ભવસાગર તરી જાત, ને મતિમંદ માયકાંગલાની ભુંજાળ પેદા કરી ઘર ભરી નાંખત; પણ હું મુર્ખો–મારા બાપ મુર્ખા: મને ભણાવ્યો; મારા સ્વપ્નામાં અવનવી સુંદરીઓ સરજી; તમે મળ્યાં. હું ભણેલો છું તેમાંજ હીંમત નથી; હુ સંસ્કારવાળો છું તેમાંજ સહન નથી થતું"

બોલતા બોલતાં મુચકુંદને મોઢે ફીણ આવ્યા

મણિ આ શબ્દો સાંભળતાં વિસ્મય પામી. જે વિચારો એને આવતા, જે પ્રમાણે પોતે "પુરુષત્વ" પાછળ ગાંડી બની, કોઇ નાથને શોધી રહી હતી, તેમજ મુચકુંદ 'સ્ત્રીત્વ' ખોળતો ગાંડો બન્યો હતો. બંને ભાવ એક બીજાની જોડ હતા.

મણિની નજર અભ્યાસે સૂક્ષ્મ બની નહોતી પણ તેને જે ભાન આવ્યું તે એક મહાન વિશ્વનિયમનુ હતુ દરેક સંસ્કારી પુરુષ કે સ્ત્રીહૃદય સમાન જોડી માટે તલસે છે. સમાજ એ તલસાટને નિયંત્રિત કરવા મથે છે, નીતિ નિયમિત કરવા મથે છે; પણ ઘણે અંશે બધા પ્રયાસો નિષ્ફલ થાય છે. અને જ્યારે જ્યારે તે સફળ થાય ત્યારે સામાન્ય સ્થૂલ હૃદયોને સુખ થાય છે;

પણ સંસ્કારી હ્રદયોનો કચ્ચરઘાણ વળે છે. કોને સુખી બનાવવા ? સમાજ-ના શરીરરૂપ સ્થૂલ હ્રદયોનેજ કે સમાજની સમૃદ્ધિરૂપ સંસ્કારી હ્રદયોને ?

આ બે સમાજની સમૃદ્ધિરૂપ હતાં; બંને એકમેક માટે તલસતાં; સમાજ, નીતિ, આબરુ ના પાડતાં. શો રસ્તો ? કેટલીક ભુલભુલામણીને બહાર નીકળવાનો રસ્તોજ નથી હોતો. અત્યારે આ બંને પણ એવી ભુલભુલા-મણીમા પડ્યાં હતાં.

મણિએ જરા હ્રદયનો ક્ષોભ સમાવી કહ્યું.

"ભાઇ ! તમે કાશીને હમણાં પીઅર મોકલી દે ત્યાર વગર તમારા હ્રદયમાં શાતા વળવાની નથી, અને ઉલટા માંદા થશો તે જુદા."

"મારે હવે જવુજ નથી. મેં વિચાર કર્યો છે. કાલે સવારે હું મુબાઇ છોડી ચાલ્યો જવાનો. પછી જેને જેમ કરવું હોય તેમ કરે." મુચકુંદે કહ્યું.

"પણ ક્યાં જશો ? આવી તબીઅતે શું કરશો ? એના કરતાં મેં ઉપાય બતાવ્યો એ સારો છે."

"ના—ના. હવે એ ઘરમાં પગ નહીં મુકું મેં મારો નિશ્ચય કર્યો છે. મારે હવે કોઇની પરવા નથી." અકળામણના ઉદ્દગારો મુચકુંદે કાઢ્યા.

"કોઇની પરવા નથી ?" મણિએ પુછ્યુ—પુછાઇ ગયું.

મુચકુંદે મણિ સામે જોયું. તેના ફીક્કા મોઢા પર જરાક લોહી આવ્યું.

"હું તમને આ દુનીઆનાં ગણતોજ નથી; તમે તો મારા કલ્પના-પ્રદેશનાં વાસી છો."

"પણ કલ્પનાપ્રદેશના વસનારાને ઉંઘ પણ આવે. ઘણુ મોડું થયું. તમે નહીં હોય તો અહીંઆંજ સુઓ. હું તમને કાલે નહી જવા દઉં. એક દિવસ વધારે વિચાર કરો." મણિએ જરાક હસતાં કહ્યું.

પરપુરુષ પોતાના ઘરમા રહે તેથી પડોશીઓ શુ ધારશે એવી બીકે તેણે અત્યાર સુધી આ કહ્યું નહોતું; પણ મુચકુંદની આ સ્થિતિમાં તેને જવા દેવો તેના કરતાં ગમે તે વેઠવુ તેને ઘણું સહેલું લાગ્યું.

"તમે મને એવી વાત નહીં કરો. હું નિર્બલ છું, મારામા નિશ્ચયાત્મક બુદ્ધિ નથી. મેં ઘણો વિચાર કર્યો છે. આ ભયંકર સ્થિતમાંથી બીજો છુટકારો નથી. તમે પણ એક વખત ઘર છોડી નાઠાં હતાં."

"હું નિરાધાર સ્ત્રી હતી; તમે સશકત મર્દ છો એ બધી વાતજ જવા દો. એ બધાંનો છેડો એટલોજ કે તમે અહીંઆં નીરાંતે સુઓ. મારે તમારી વાત કે નિશ્ચય કૈં સાંભળવાંજ નથી તમે અહીંઆં ને હું રસોડામાં–આડી ભીંતે જેમ પહેલાં વાત કરતા હતાં તેમ આજે ઘણે દહાડે કરીશુ."

'તે દિવસોની વાતજ જવા દો." નીસાસો નાંખી મુચકુંદે કહ્યુ. ' જો તમે મારું માન્યું હોત, અને આપણે બે સાથે રહ્યાં હોત તો આમાંની એક પીડા ઉભી થાત નહીં હજુ–હજુ" અને ક્ષુભિત થએલા મુચકુંદે ડરતા ડરતાં, જરા આશામાં સામે જોયું. "કહો તો આપણે સાથે રહીએ, અને જ્યાંથી ભુલ્યાં ત્યાથી ફરીથી ગણીએ."

"નહીં બને" અવર્ણનીય ખેદથી ડોકું ધુણાવતાં મણિએ કહ્યુ. "ભાઇ! નહીં બને મને કલ્પનાપ્રદેશની વાસીજ રહેવા દો આમ હું ત્યાંજ સુધી સોનાની લાગું છું. સ્ત્રીઓ શુદ્ધ હોય ત્યાંજ સુધી સોનાની; પછી પથ્થરની. હું પથ્થરની હતી, ફરીથી પથ્થરની બનાવવી છે ?"

"ના–ના–ના" મુચકુંદ બોલી ઉઠ્યો. "એવુ હું કહેતોજ નથી. તમે છો તેવાંજ રહો–મારે મન સદાએ સોનાનાં પણ મારી ન્યાતમાં બે બૈરી કરવાનો ક્યાં ચાલ નથી ?"

મણિએ ડોકું ધુણાવ્યું. "મને પરણો પછી ન્યાત કેવી ? છતાં એ કેમ ચાલે ? પુરુષને જેમ પતિવ્રત ગમે, તેમ અમને પણ પત્નીવ્રતની ભુખ હોય છે. હમણાં તો એ નહીં લાગે, પણ જુવાની જાય અને આધેડ વય આવે એટલે સમજ પડે. હું તો અનુભવે ઘરડી થઇ ગઇ છું. નહીં તો શુ મને નથી ગમતુ ? તમારી સાથે રહેવુ–એ તો મારે મન મુકિતથી પણ વધારે ગમતું છે. ના–ના સમાજના નિયમો તોડાય; પણ હૃદયના નિયમો કેમ તોડાય ?" મુચકુદ તેના સામે દયામણે મોઢે જોઇ રહ્યો હતો. મણિએ તેના પગ પર હાથ મુકયો અને આશ્વાસન આપતાં બોલી· "મુચકુંદ !

શા માટે ખિન્ન થાઓ છો? આપણા સંસારની અસારતાનાં આપણે ભોગ થઇ પડ્યાં છીએ. પણ આપણે બે એકમેકનાં છીએ એટલુ ઓછું નથી.” મુચકુંદે પોતાના પગ પર પડેલો મણિનો હાથ પોતાના બે હાથમાં લીધો –લેવાઇ ગયો; તેને શુ કરવુ તે સુઝ્યું નહીં; આખરે તેને પોતાના હાથમાં કચડી નાંખ્યો, તરછોડી છોડી દીધો.

“અરે!” એકદમ મણિ બોલી ઉઠી: “તમને તાવ આવ્યો છે. તમારા હાથ તો ધગધગતા અંગારા જેવા છે.”

“મને ખબર છે બહેન! મને ખબર છે. મારા માથામાં હથોડા ઠોકાય છે. જો” કહી મુચકુંદે મણિનો હાથ પોતાને કપાળે મુકયો. ત્યાં ખરેખર હથોડા ઠોકાતા હતા.

“અને આવી તબીઅતે મુબાઇ છોડવુ હતું? વાહરે વાહ! ચાલો હવે સુઇ જાઓ, હું પથારી કરી આપું.”

“ના–પછી બધા લોકો–”

“જખ મારે છે. તમે હું કહું તે કરોની–કોટ કાઢો ચાલો.” પહેલાં મણિનો જે કાબુ મુચકુંદ પર હતો તે સખત થયો. તે તેના હુકમને તાબે થયો અને કોટ કાઢયો.

પ્રકરણ ૧૦ મું

માંદગી

મુચકુંદ સુતો અને થોડીવારે બબડવા માંડયો, બબડાટ વધ્યો. મણિએ ઉઠીને બુમ મારી પણ તેને જવાબ દેવાનુ ભાન મુચકુંદને નહોતુ. મણિ હીંમત ધરી પાસે આવી. મુચકુંદને તાવ વધ્યો હતો અને તે સનેપાતમાં બકતો હતો

મણિને ફાળ પડી તેણે મુચકુંદની સારવાર કરવા માંડી; અને તે જરા શાંત થયો કે જઇને પાસે રહેતા એક ડોકટરને બોલાવી લાવી. તેને જરા વિચાર આવ્યો કે તેની આબરુ પર પાણી ફરી જવાનું; પણ તે વિચારે તે હસી તેને આબરુ કેવી? મુચકુંદ—અખિલ બ્રહ્માડમા તેના તરફ આર્દ્રતાની નજરે જોનાર એકજ માત્ર પુરુષ નિરાધાર બની તેને ઘેર પડયો હતો; જ્યારે પોતે રખડતી હતી, ઘર વિના, કકડી રોટલી વિના છાપરા કુદતી હતી ત્યારે તેણે પોતાને આદરસહિત, દુનીઆનો ક્રોધ વેઠી ઘરમાં રાખી હતી; અને આખી અવનિમાં ઉમદા ભાવનાથી, નિ.સ્વાર્થ સ્વભાવથી પોતાના હૃદયને ડોલાવનાર માત્ર તેજ હતો. આ લાગણીના તરંગો તેના હૃદયમાં ઉછળ્યા.

સવાર પડી ત્યાં સુધી તેણે મુચકુંદની સારવાર કર્યા કરી; પછી તે એક પાડોશીને ઘર સોંપી ચંદુલાલ શેઠને ત્યાં ગઇ.

પોતાની સ્ત્રી જોડે સમાધાન કર્યા પછી, ચદુલાલ શેઠનો આત્મસતોષ વધ્યો હતો. તેમણે જોયું કે લુચ્ચાઇથી મણિ ખસી ગઇ," અને પોતાના

હાથમાંથી સટકી ગઇ હતી એક તો પોતાની ગરજ પરવારી, અને બીજું મણિ પર ગુસ્સો આવ્યો; આથી શેઠ પહેલાં જેટલી માયા મણિ પર રાખતા નહોતા આ કારણથી જ્યારે મણિ તેમની પાસે મુચકુંદની માંદગીની ખબર લઇ ગઇ ત્યારે પહેલાં શેઠે તેને અનેક પ્રકારનો દોષ દીધો મણિએ અને તેટલા તેમને સમજાવ્યા અને પરિણામે કાશીને અને પાણુ પંડયાને ખબર પહોંચાડવાનું તેમણે માથે લીધું.

મણિ ઉતાવળથી પાછી આવી તે ગઇ તે દરમ્યાન મુચકુંદ પાછો અશાંત થયો હતો મણિ આવી એમ જ્યારે તે સમજ્યો ત્યારે તેને જરા શાંતિ વળી

કલાક કાશી આવી; અને ગુસ્સાભર્યું મોઢું કરી, મણિ તરફ તિરસ્કારમાં વાંકું જોઇ મુચકુંદની પથારીની પાંગતે તે બેઠી મણિએ તેની દરકાર કર્યા વિના પોતાના ઉપચારો ચલાવ્યાજ કર્યા સાંજ પડી ત્યારે મણિએ થોડું રાંધ્યુ અને કાશીને જમવાનુ ન કહ્યુ સત્યાગ્રહી કાશીએ ભુખી રહી પોતાના હક્ક સાબીત કરવાનુ દુરસ્ત ધાર્યું.

બીજે દિવસે પાણુ પંડયા ગભરાતા, ઉકળેલા, ગાળો દેતા આવ્યા. તેમની તબીઅત નરમ હતી, આ વર્ષમા તેમની કમાણી ઓછી થઇ ગઇ હતી, હવે ઘડપણની નિર્બલતા વધતી હતી આવી સ્થિતિમાં મુચકુંદને માંદા પડવાનો શો અધિકાર હતો ? માંદો થયો તો તેમને ખબર આપી મુંબાઇ બોલાવવાની શી જરુર હતી ? આવા વિચારો કરતા તે આવ્યા અને મુચકુંદને ઘેર ગયા ત્યા તાળું જોઇ સમજ નહીં પડી, ધુંવાતા ધુંવાતા તે ચંદુલાલ શેઠને ત્યાં ગયા મણિનું નામ સાંભળી ગુસ્સાનો પાર રહ્યો નહીં; અને એ ચાંડાલણીજ આ બધી પીડાને માટે અપરાધી છે એવા ગંભીર નિર્ણય પર તે આવ્યા.

તે ચંદુલાલ શેઠનો માણસ અને શેઠની મોટર લઇ મણિને ઘેર આવ્યા; કોઇની જોડે બોલ્યા નહીં ને ચાલ્યા નહીં; દીકરાની ખબર પુછવા જેટલી પણ દરકાર કરી નહી. ગુસ્સામાં ને ગુસ્સામાં તેમણે મુચકુંદનું ચોટીઉં પકડયું; અને શેઠના માણસની મદદથી મુચકુંદને ઘસડી મોટરમાં નાંખ્યો; અને કાશીને લઇ પોતાને ઘેર આવ્યા. મણિ ગુંચવાડામાં ચીત્રામણ જેવી

થઇ રહી; અને આ જોહુકમી જોઇ આંખમાં નિરાધારીના આંસુ લાવી રોયા કરી.

સાંજ સુધી તેણે ધીરજ ધરી આખરે તે વધારે ધૈર્ય રાખી શકી નહીં. તે ઉઠીને મુચકુંદને ઘેર આવી. પાણુ પંખ્યાની તેને ધાક ઘણી લાગી; પોતાને તિરસ્કારી ઘરબહાર કાઢી મુકે એવી પણ વકી લાગી, પણ તેનું હૃદય મુચકુંદ પાસે હતુ તેને પોતાના ત્યાં ગયા વગર તેને ચાલ્યું નહીં

તે ગઇ ત્યારે બધા તેની સામે ઘુરકવા મંડ્યા; પણ તેની દરકાર રાખ્યા વિના તે મુચકુંદ પાસે ગઇ, ને ખબર પુછી. તેનો અવાજ સાંભળી સનેપાતમાં લવતો મુચકુંદ જરા શાંત થયો.

" મણિબહેન !" તે જરા શાંતિથી લવવા લાગ્યો. " કોણ તમે ! બહેન ! હવે નથી સહેવાતુ તમે સાંભળતાં નથી; એ કુબજા મારો જીવ લેવા બેઠી છે બહેન ! એ વાત ખોટી સંસારસુધારકો મૂર્ખ છે. કહે છે અમે–" અને મુચકુંદનો અવાજ જાણે ભાષણ કરતો હોય તેવો થઇ ગયો " અમે જેને પ્રેમ અર્પીએ તેને પરણતા નથી; પણ જેને પરણીએ તેને પ્રેમ અર્પીએ !... એ અમારી ફરજ ! મુર્ખાઓ ! દોજખના હીમાયતીઓ... પ્રેમ ! આજે પ્રેમ–બહેન–બહેન !" મણિની સામે ડોળા ફેરવતાં મુચકુંદે કહ્યુ: " નથી જીવાતુ પ્રેમ કોને અપાય ? મને પ્રીતિનો શો અધિકાર ? હું તો ગુલામ રુઢીનો–મારા બાપનો–મારી બૈરીનો ગુલામ, મને પ્રેમનો શો અધિકાર ? પરણીએ તેને પ્રેમ અર્પીએ ? હા–હા–હા–" મુચકુંદ હસવા બેઠો.

મણિની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યા. તેણે મુચકુંદનો હાથ ઝાલ્યો. " ભાઇ ! તમારી નજરમાં આવે તેમ કરજો; પણ શુ કામ બોલો છો ?"

" બોલો છો ? હુ બોલીશ શા માટે છાનો મરુ ? બહેન ! છાનો રહીરહી હું મરી ગયો. મુર્ખા–મુર્ખા–બહેન ! તું ક્યાં ગઇ હતી ?" જરા ભાન આવતા મુચકુંદે પુછ્યું.

" ક્યાંએ નહીં."

"ક્યાંએ નહી કેમ? હમણાં પેલી બીહામણી રાક્ષસીનુ મને સ્વપ્નુ આવ્યું" કહી પાછો મુચકુંદે બડબડાટ શરુ કર્યો.

"તમે એમ કરશો તો હુ જતી રહીશ."

"ત્યારે શુ કરું?"

"મુગામુગા સુઇ રહો"

"નથી સુઇ રહેવાતુ, બહેન! તુ જતી નહી રહે. મને બીક લાગે છે બહેન! ઓ બહેન! તું જા નહો" કહી મુચકુંદે રડવા માડયું

મણિને શુ કરવું તે સુઝયું નહીં તેણે પ છળ જોયુ તો પાણુ પડ્યા મોટામોટા ડોળા ઘુરકાવતા હતા, અને અ દર રહીરહી કાશી બારણાની તડમાંથી જોતી હતી ને નિરાધાર મુચકુંદ તરફ ફરી

"ભાઇ! હુ નહીં જાઉ, હવે થયું ને આ બેઠી" કહી તે મુચકુંદ પાસે બેસી માથે પાણીનાં પોતાં મુકવા લાગી. મણિના હાથના સ્પર્શે તેને અમીભરી અસર કરી. ધીમેધીમે મુચકુંદ બબડતો મટયો, આંખો મીચી, અને થોડી વારમાં તે ઉંઘી ગયો હોય એમ લાગ્યું.

પાછળથી પાણુ પંડ્યાએ મણિને ઉઠીને બહાર આવવા નીશાની કરી. મણિએ હલકેથી મુચકુંદનો પોતાના ખોળામાં પડેલો હાથ ખસેડયો અને તે ઉઠી બહાર આવી ગુસ્સામાં પાણુ પડ્યાના ડોળા ભયકર થઇ ગયા હતા.

"તુ મારા ઘરનુ નખોદ વાળવા બેઠી છે."

"પંડ્યાજી! આ વખત દોષ દેવાનો છે?" મણિએ પુછ્યું

"તે શુ કરી મુકયું છે? તને એક વખત તો કાઢી મુકી, પણ તું તો મારા દીકરાનો કેડો છોડતીજ નથી!"

"પંડ્યાજી! પંડ્યાજી! આ શું બોલો છો? તમે આ જોતા નહોતા? હું એને કેડે પડી છું? એક વખત તમે મને દોષ દઇ કાઢી; પરિણામે તમારો દીકરો મરવા પડયો. ફરી કાઢશો તો તે મરી જશે."

" તેમાં તારું કૈં ગયું ?"

" મારું તો જે જવાનું હશે તે જશે; પણ તમારો તો દીકરો જશે."

" તેની તારે પંચાત ? ખબરદાર ! તુ મારા ઘરમાં આવી તો."

મણિ જીદ્દી હતી. તેણે દૃઢતાથી પંડયા સામે જોયું. તેના મોઢા પર ગુસ્સો દેખાતો હતો.

" શુ કરશો ?" તેણે શાંતિથી પુછ્યું.

" તે તું પણ જોશે."

" એમ ? હું મુચકુંદભાઇને આમ મરવા નથી દેવાની. સમજ્યા ? અહીંઆંજ રહેવાની. તમારાથી થાય તે કરી લ્યો."

પ્રકરણ ૧૧ મું

બીચારા પંડયાજી

પાણું પંડયા જરા ચમકયા તેમણે મણિના અવાજમાં, તેની આંખની ચમકમાં પ્રભાવ જોયો બાલસિંહને પકડી લઇ જવા આવનાર સામે સિંહણ જુએ તેમ તે પાણુ પંડયા સામે જોઇ રહી. બેચાર પળ સુધી બંનેએ એકબીજાની સામે જોયા કર્યું.

" સમજ્યા ?" થોડી વારે મણિએ ધીમેથી પુછ્યું.

" પણ આટલી બધી જીદનુ કૈં કારણ ?" જરા નરમ પડેલા પંડ્યાજીને આટલી બધી જીદનું કારણ ન સમજાતાં તેને પુછ્યું મણિ એ ગુંચવણ સમજી.

" પંડયાજી ! તમે મારા પર નકામા ગુસ્સે થાઓ છો તમે એમ માનો છો કે તમારા છોકરાને ખરાબ કરવા હું જીદ કરું છું મુચકુંદભાઇ પાસે પૈસા છે ? એની પાસે મોભો છે ? નથી ત્યારે શા સારુ હું વળગું છું ? શું મારામાં રૂપ કે ચાતુર્ય નથી કે મુબાઇ શહેરમાં આટઆટલા લહેરી લક્ષાધિપતિઓમાથી કોઇને વશ નહીં કરી શકું ? જ્યારે મને એમ લાગ્યું કે મારા રહેવાથી એની આબરુ જશે ત્યારે હું નહોતી જવા તૈઆર થઇ એની આબરુ બચાવવા હું તે વખતે ગઇ, અત્યારે એનો જીવ બચાવવા હુ નહીં જાઉ. તે વખતે એનું મેં નહીં માન્યું; અત્યારે તમારું નહીં માનું મુચકુંદભાઇ જેટલો તમારો તેટલોજ મારો. "

મણિની આજીજી પાષાણહૃદયને પણ ડગાવે એવી હતી. પાણું પંડયાને લાગ્યું કે તેના કહેવામાં અર્થ હતો, તેમ તેનો સ્વાર્થ પણ હતો;

કારણ કે મણિને કાઢી મુકતા મુચકુંદના મન પર માઠી અસર થશે એમ સ્પષ્ટ દેખાતુ હતુ.

"હું એમ નહી કરુ તો તું શુ કરશે?" પાણું પંડયાને છેક નમતુ આપવું ઠીક નહી લાગ્યું.

"શુ કરીશ? તમે મને ઓળખતા નથી. હું મુચકુંદભાઇની પાસે બેસી રહીશ. પછી જોઉ કોણ ખસેડે છે? અને જોરજુલમથી બહાર કાઢશો તો બારણા આગળ પડી રહીશ."

"તુ માણસ છે કે?—"

"જે કહો તે કહો. જુઓ મુચકુંદભાઇ જાગ્યા" કહી ડોસાને જરા નરમ થતા જોયા એટલે મણિ આવીને પથારી પર બેઠી.

પંડયાજી વધારે બોલ્યાજ નહી. તેમણે મુગે મોઢે જોયા કર્યું અને એક દિવસના એકડામા, મુચકુંદમા અને તેની સારવારમા એટલો બધો ફેરફાર જોયો કે મણિને રુકસદ આપવાની વાત તે વીસરીજ ગયા કાશીનો મીજાજ ઘણો ગયો, પણ સતરાની હાજરીમા તે કૈ બોલી શકી નહી.

બે ચાર દિવસ ગયા પણ મુચકુંદને કૈ ફેરફાર લાગ્યો નહી. મણિ ગભરાઇ અને ડાકટર બદલવાનો વિચાર જણાવ્યો

"એ કેમ બને! મારી પાસે તે કૈ પૈસા બન્યા છે?"

"પૈસા તો ગમે ત્યાંથી આવશે. ઠીક છે, આજે હું એક ડાકટરને બોલાવી લાવુ છું" મણિએ કહ્યું.

ડોસા કૈ બોલ્યા નહી મણિએ હીંમતથી તેને તો જવાબ આપ્યો હતો; પણ પોતાના મનમા તે વિચાર કરવા લાગી કે પૈસા ક્યાથી લાવવા? મુચકુંદની બેંકની ચોપડી જોતા જણાયુ કે ત્રણસે રુપીઆની રકમ એ રંગુનથી આવ્યો કે તરતજ તેણે ઉપાડી લીધી હતી, અને બાકી માત્ર નામનાજ રુપીઆ રહ્યા હતા, ચંદુલાલ શેઠ પાસે માંગવા જવુ એ મણિના અભિમાનને રુચ્યુ નહી, પંડ્યાજી તો માત્ર દસ રુપીઆ લઇ ગામથી આવ્યા હતા એટલે તે કે આપી શકે એમ નહોતું. આ ઉપરાત ઘરનો ખરચ ચલાવવા તેનો પોતાનો આવતો પગાર ઉપયોગમા લીધા

વિના છુટકો નહોતો એમ તેને જણાયું. પછી જોઇતા પૈસા કયાંથી લાવવા ?

મણિએ એક મિત્ર પાસેથી થોડા રુપીઆ ઉછીના આણી ડાકટરની ફી આપવાની ગોઠવણ કરી. ડાકટર આવ્યો. મુચકુંદને જોઇ માથું ધુણાવ્યું, ઉપચારોની યાદી કરી આપી, અને મણિને સારવાર કરવાની સુચનાઓ આપી. ડાકટરે જતી વખતે પંડયાને અને મણિને પાસે બોલાવ્યા.

" તમે આજારીના બાપ થાઓ ?"

" હા. "

" અને આ એની—"

" હુ એની બહેન થાઉ. " મણિએ ઉમેર્યું.

" મને લાગે છે કે આ સાધારણ તાવ નથી એના કાન પાછળ કૈ સોજો જણાય છે, કૈ કહેવાય નહીં, પણ વખત છે ને વાત વધે તો શસ્ત્રોપચાર કરવો પડે. "

મણિનુ હૃદય ધબકતું અટકી પડતુ હોય તેમ તેને લાગ્યું, પણ મહામહેનતે તેણે હીમત રાખી.

" ડાકટર સાહેબ, એના જીવને કૈ જોખમ છે ?"

" હમણા તે કેમ કહેવાય - આ સોજો બરોબર જણાય પછી હુ કહીશ, હાલ ગભરાવાનુ કારણ નથી " કહી ડાકટર ગયા.

"મણિ ! પાણુ પંડ્યાએ એકદમ મણિ તરફ ફરીને કહ્યુ મણિ બોલ્યા વગર માત્ર જોઇજ રહી. " હું તો મુચકુંદને કાલે ગામ લઇ જાઉ છું. "

" કેમ ?"

" આ ખરચ મારાથી કેમ વેઠાય ? આજે તેં ડાકટરને દસ રુપીઆ આપ્યા. રોજરોજ એ ખરચ કોણ કરશે ? મારો ગામડાનો વૈદ્ય સારો. "

" પણ પંડયાજી ! મુચકુંદભાઇ મુસાફરી કેમ કરી શકશે ?"

" જો, એ તો નછુટકાની વાત છે. હું તો ગરીબ માણસ છું ને મને ગામ બોલાવ્યો છે—મારો મારો નાનો દીકરો મરવા પડયો છે. હું શું કરું ? લલાટે લખ્યા લેખ મિથ્યા થવાના છે ?"

"પંડયાજી! હુ તમારી અગવડ સમજુ છું. પણ શા માટે એવું કરો છો? મુંબઇ જેવા ડાકટર કયાં મળવાના હતા? તમે શું કામ ગભરાઓ છો? તમે સુખેથી ગામ જાઓ, હું એકલી છું ને બસ છે."

ડોસા જોઇ રહ્યા આ સ્ત્રી જે તેના પુત્ર તરફ પ્રેમ દર્શાવતી હતી તે જોઇ તેની આંખમાં ઝળઝળીઆં આવ્યાં. ત્રણ દિવસના અનુભવથી ડોસાનો રોષ મણિ પરથી તદ્દન જતો રહ્યો હતો ને જોતા હતા કે તે આવ્યા પછી ઘરમા નવોજ પવન વાતો હતો

"બહેન!" ડોસાએ ગળગળે અવાજે કહ્યું: "તુ બહુ હીંમતવાન્ છે, પણ તુ એકલી શુ કરશે? પૈસા કયાંથી લાવશે?"

"પંડયાજી! તેની ફીકર કરશો નહીં બધું કરવાની મારામા શકિત છે; માત્ર શસ્ત્રોપચારની જરૂર જણાય તો પૈસાના સાંસા પડે ચાલતો ખરચ તો મારી આવકમાંથી ચાલશે. મેં એએક છોકરીઓ ભણાવવાની ગોઠવણ કરી છે." પંડયાજી બોલ્યા નહી પણ તેની આંખમાથી આંસુ ખર્યુ. થોડી વાર કોઇ બોલ્યું નહીં.

"કાકા! ચંદુલાલ શેઠ કૈ મદદ કરે એમ નથી?"

"શુ કપાળ એનુ! ગયા મહીનાનો આખો પગાર આપતાં તેનો જીવ રહેંસાઇ ગયો એ તો આજકાલના સગા હું તો મરવા પડું તોએ એની પાસે નહીં જાઉ તેથીજ કહુ છું કે મુચકુદને ગામજ લઇ જવો એ વધારે સારું છે"

"ના, ના, પંડયાજી! એ તો કદી નહીં તમે હમણા ગામ જાઓ, ત્યાં પૈસાની વગ કરજો ને મારાથી બનતુ હુ કરીશ."

"ત્યારે હું કાલે જાઉ?"

"હા. સુખેથી."

"કાશી વહુ અહીંઆં રહેશે?"

"હા" મણિએ જવાબ દીધો.

આ બધો વખત આજારી બીચારો પથારીમાં પડયો પડયો તરફડીઆં મારતો હતો કોઇકોઇ વખત તેનું ભાન જતું, થોડો વખત તે ભાનમાં આવી વાતો કરતો, કિંચિત રડતો; પણ સદાએ મણિને જોઇ તે જરા શાંત વધારે થતો અને કાશીને જોઇ અકળાતો પાપ અને પુણ્ય વચ્ચે ઝોક ખાતી વિવેકબુદ્ધિની માફક શાંતિ અને અકળામણ વચ્ચે મુચકુંદનું નિર્બલ મન હીંચતુ

મણિ આ મુશ્કેલીમાં માર્ગ કાઢવા તત્પર થઇ રહી સમરાંગણમાં ઉતરતા યોદ્ધાની માફક તેનુ લોહી ઉકળી રહ્યું હતું; અને તેની બુદ્ધિ નવી નવી યુક્તિઓ રચતી હતી. માંદગીથી પીડાતુ મુચકુંદનું મુખ તેને શૌર્ય પ્રેરતું હતુ.

બીજે દિવસે પાછું પંડયા ગયા, અને મણિએ આખા ઘરનો કારભાર પોતાના હાથમાં લીધો કાશી તેની સાથે બોલતી નહોતી, પણ દૂરથી ધ્રુસક્યાં કરતી તેજ દિવસે કાશીએ પોતાના બાપને સવિસ્તર કાગળ લખ્યો અને પોતાને મુબાઇથી તાકીદે બોલાવી લેવાનુ સુચવ્યું તેને મન મણિ શોક્ય સમાન લાગતી; અને અંદરથી તે ઝુરાઇ ઝુરાઇ રડતી.

પ્રકરણ ૧૨ મું

બીચારી કાશી

તે દિવસે બપોરથી મુચકુંદે ચીસો પાડવા માડી તેના કાન પાછળ આવેલો સોજો વધતો જતો હતો; અને તેને માથામા વેદના થતી હોય એમ લાગતુ હતુ મણિ કાશીને ઘર સોપી ડાક્ટરને બોલાવવા ગઇ.

જ્યારે મણિ ડાક્ટરને લઇ આવી ત્યારે મુચકુંદની સ્થિતિ ઘણી ભયંકર હતી ડાક્ટરે તેને તપાસ્યો અને માથા પર શસ્ત્રોપચાર કર્યા વિના છુટકો નથી એમ અભિપ્રાય દર્શાવી, પોટીસ મુકવાનુ કહી ગયો.

મુચકુંદની અવ્યવસ્થિત સ્થિતિ પરથી મણિને લાગ્યુ કે કાશીએ તેને મળવાનો પ્રયત્ન કર્યો હોવો જોઇએ પહેલા તો મણિએ તેને શાંત કર્યો; અને પછી કાશીને બે બોલ કહેવા ગઇ

" જો બહેન ! મારુ માને તો જરુર વગર મુચકુંદભાઇ પાસે જતી નહી "

" હું જાઉ તેમાં તારું શુ ગયુ ?"

" મારું શું જવાનુ હતું ? જે જશે તે તારું તને ભાન નથી કે ભાઇની તબીઅત કેવી ખરાબ છે ? તને જોઇ તે કેવા ગભરાઇ ઉઠે છે ? કોઇ દહાડો કે માઠાં પરિણામ આવશે. "

" માઠાં પરિણામ ! ચીબાવલી ! આ બધાં તારાં કારસ્તાન છે..." થોડીક ગાળો ઉમેરતાં કાશીએ કહ્યું.

મણિ પણ ગુસ્સે થઇ. કાશી મોટે અવાજે બોલતી હતી. મુચકુંદને ખાતર એક વખત તેણે કાશીના બોલો સહ્યા હતા, તે હવે સહે એમ નહોતું. આ શબ્દો જો આજારીને કાને જાય તો જરૂર સનેપાત પાછો શરુ થાય એમ મણિને લાગ્યું

મણિનું અંગ ગુસ્સામાં કંપવા લાગ્યું; તેની આંખમાં જ્વાળા પ્રગટી. મણિ વીફરેલી વાઘણ સમી કુદી અને કાશીનો કાન ઝાલી આમળી નાખ્યો, અને તે ચીસ પાડે તે પહેલાં તેના માઢા પર હાથ મુક્યો

"ચુપ! હરામખોર! ખબર નથી તને કે તારા લવારાથી ભાઇને શું થશે? તારો પોતાનો સ્વાર્થ નથી સમજતી? છાની રહે! નહી તો કાલે સવારે રાંડીને બેસશે. નથી બોલતી ત્યાં સુધી?"

આવો ગુસ્સો મણિ દર્શાવી શકે એમ કાશીને જરાએ ખ્યાલ નહોતો. તે નાની હતી, બીનઅનુભવી હતી. મણિ કરતાં ઓછું શરીરબળ ધારતી હતી. તે સામે થવા ગઇ પણ મણિએ તેને ભીંતમાં દાબી નાંખી.

"ચીસ ના મોટી જો હમણાં ભાઈ જોડે મોકલી તો" કહી કાશીના બંને હાથ તેણે ભીંત સાથે દાબ્યા. "જો મારા કહ્યામાં ન રહી તો યાદ રાખજે હાથપગ બાંધીને અહીંઆ કેદ કરીશ"

કાશી બીધી, તેનો જુસ્સો શમી ગયો તેણે એકદમ રડી દીધું. "મારા ધણી સાથે હું બેસું નહીં?"

"તુ તો મુરખ છે મુચકુંદભાઇની માંદગી ભયંકર છે. જો બચશે તો કોને માટે? તારેજ માટે કેની? પણ તુ જોતી નથી કે તુ પાસે જાય છે ને તેમનુ મગજ ખસી જાય છે?"

મણિ ત્યાંથી બહાર આવી અને કાશી એકલીએકલી આંસુ પાડવા બેઠી. મણિએ કહ્યું હતું તે તેને ખરું લાગ્યું. તે જ્યારે તેના ધણી પાસે જતી હતી ત્યારે તેનો પીત્તો ઉછળતો હતો. છતાં તેને જોયા વિના, તેની સાથે બોલ્યા વિના કેમ રહેવાય! ગમે તેવો પણ તે તેનો ધણી.

કાશીને લાગ્યુ કે તેના પર જેવો જુલમ અને અન્યાય થતો હતો તેવો કોઇ પર થયો નહોતો; બધાએ તેને છુંદી મારવા મોટું કાવત્રું રચ્યું હતુ. તેને કે રસ્તો સુઝ્યો નહી, પણ તેણે રડી રડી દિવસ ગાળ્યો આ દુઃખ કોને પાપે વેઠવુ પડતું હતું ? પોતે તો કૈં કર્યું નહોતુ, છતાં આ બધાં તેના પર શા સારુ જુલમ કરતાં હતાં ? તેણે પોતાથી બનતુ પોતાના પતિને રીઝવવા કર્યું હતુ; છતાં તે તેને જોઇ શા સારુ આમ ભટકતો હતો ? કોનો વાંક ? આવાઆવા વિચારો ...ા મગજમાં ફરતા હતા

પ્રકરણ ૧૩ મું

બસેં રુપીઆ

બસેં રુપીઆ એક ઘણીજ નજીવી વસ્તુ લાગે છે. એક ગૃહસ્થ મહીને બસેં રુપીઆ બીડીઓ વડે ધુમાડો કરવામા વાપરે છે; બીજો તેટલા રુપીઆ પોતાની મોટરના પેટ્રોલ માટે વાપરે છે; ત્રીજો પોતાની સ્ત્રીની ટોપીમાં ઘાલવાનું મરેલા પક્ષીનુ પીછું ખરીદવામાં ખરચે છે; તેજ બસેં રુપીઆ મેળવવા મણિ ગાંડી જેવી થઇ રહી મુચકુંદની સારવાર કરતાં, નીશાળમાં ભણાવતા, રાતના થોડા કલાકની ઉંઘ લેતા તેના મગજ આગળ બસે રુપીઆ રમી રહ્યા. રસ્તે જો કોઇના હાથમાં તે રુપીઆ જોતી તો તે પોતાના કેમ થાય તેનો વિચાર કરતી, જો કોઇ પૈસાદાર નજરે ચઢે તો કેવી રીતે તેની પાસે રુપીઆ મગાય તે માટે યુક્તિઓ રચતી; ડાકટરને કોઇ રીતે મનાવી મફત શસ્ત્રોપચાર કરાવવો અને તેને કેમ સમજાવવો તેના ઘાટ ઘડતી. પણ રસ્તે ચાલનાર પોતાને રસ્તે જતા, પૈસાદાર પોતાની અસ્પર્શ્યતાના મોભામાં મહાલ્યા કરતા, અને ડાકટર જમાનાનો ખાધેલ અને લોભીઓ હતો

ડાકટરે શસ્ત્રોપચાર કરવાની જરુર ઘણી જણાવી; અને માત્ર એકજ દિવસનીજ રાહત આપી. ઉડતાલીસ કલાકમાં બસેં રુપીઆ ક્યાંથી લાવવા? બસેં પાઇ પણ મળશે કે કેમ તેનો મણિને સંશય લાગ્યો. તેણે આખરે સ્વમાનની લાગણીઓ છોડી ચંદુલાલ શેઠને ત્યાં જવાનો નિશ્ચય કર્યો.

ચંદુલાલ શેઠ પાકા હતા. મણિ અને મુચકુંદ બંનેએ પોતાને મુર્ખો બનાવ્યો એમ ધારી તે ઘણા રોષે ભરાયલા હતા. તેમણે કૈં પણ મદદ

કરવાની સાફ ના પાડી. ભગ્નહૃદયે મણિ ઘેર આવી. તેને રડવાનું ઘણુ મન થયુ, પણ રડવાથી પોતે હીમત હારી જાય એ ધાકે તેણે મોઢા પર તમાચો મારી નિત્યક્રમ કર્યા કર્યો. કલાક પર કલાક જતા હતા, અને બસેં રુપીઆમાંની એક પાઇ પણ પાસે આવતી જણાતી ન હતી.

તેની નજર પોતાનાં નાના ઘરેણાં પર ગઇ. કાશી પાસે પણ તેનુ પલ્લુ હતુ, પણ તે મગાય કેમ ? આજારી પથારીમાં તનખાટનો માર્યો ચીસો પાડતો હતો તેને આ લોક અને પરલોક વચ્ચે બહુ ફેર નહોતો પરલોકનાં તેના દ્વાર ખુલ્યાં હતાં. માત્ર બસેં રુપીઆથી તે બંધ થાય એમ હતા પણ તે કયાંથી લાવવા ?

મણિએ બહુ વિચાર કર્યો, પણ કૈ વળ્યું નહી. સાંજના પોટીસથી બીહામણુ બનેલું મુચકુંદનું મોઢું તે જોઇ રહી હતી. તેની આખમાંથી દડદડ આસુ પડતાં સંસારની વિજનતા તેને હૃદયભેદક લાગી આ સંસ્કારી ભણેલા પુરુષને મરતો બચાવવા દુનીઆમાં કોઇ નહોતુ—માત્ર રખડતી, રઝળતી, અનીતિમાન્ ગણાતી, સંસ્કારભ્રષ્ટ વિધવાજ હતી. આ વિધિના વૈચિત્ર્યથી મણિને જરા હસવું આવ્યું.

એકદમ તેણે ઉચું જોયું. તેના મગજમાં એક વિચાર સ્ફુર્યો અને તે વિચાર એવો હતો કે તેનું મોઢું લેવાઇ ગયું. તેના કપાળ પર કરચલી પડી રહી, તેણે પોતાના દાંત હોઠમા પેસાડી દીધા તે ભયંકર નિશ્ચય ઉપર આવતી હોય તેમ લાગ્યું.

તે ઉઠી, લુગડું બદલ્યું, અને કાશીને ઘર સોંપી ઝપાટાબંધ કાદાવાડી તરફ ચાલી. તેનુ આખું અંગ કાપતુ હતુ, પણ તેના હોઠ પીસેલા ને પીસેલાજ હતા. તે તુંગભદ્રાના ઘર આગળ આવી અને અટકી. તેનુ મોઢું પ્રેતના જેવુ થતુ જતુ હતુ તેણે આજુબાજુ નજર નાખી અને કોઇને જોયું નહીં એટલે અંદર ગઇ.

મણિ ભૈયા પાસે ગઇ. તેણે એને તરત ઓળખી, પણ ધંધામાં પ્રવીણ બનેલા ભૈયાએ ઓળખાણ કબુલ કરી નહીં. પણ તરત તે મણિને તુંગભદ્રા આગળ લઇ ગયો તુંગભદ્રા બેઠીબેઠી પોતાના કરચલીઆળા મોઢાને રંગ લગાડતી હતી

તુગભદ્રાએ મણિને ઓળખી અને હર્ષનાદ કર્યો

" ઓહોહો દીકરી! તુ આવી? તારા વિના હું તો ઝુરતી હતી તુ શુ કામ ચાલી ગઇ?"

" તુગભદ્રા!" જરા સખ્તાઇથી મણિએ કહ્યુ " આ બધા ઢોંગની કૈં જરુર નથી તેં મને ફસાવવા માંડી; હું તેમાંથી સટકી ગઇ મારે તારો ધંધો નથી માંડવો."

" ત્યારે પાછી શુ કામ આવી?"

" એકજ કામ છે."

" શુ?"

" મને બસેં રૂપીઆ જોઇએ છે તુ મને આપશે?"

" હુ તે કૈં મારવાડીની દુકાન કાઢી બેઠી છું?"

" હું મફત આપવાની વાત નથી કરતી" મણિએ કહ્યુ

તુગભદ્રા તિરસ્કારભર્યુ હસી.

" કેમ હસે છે?" મણિએ પુછ્યું.

" બસેં રૂપરડી માટે તુ મારી પાસે આવે તો પછી તારી પાસે હોય શું?"

" હું નીશાળમાં મહેતી છું, અને મને જરુરનું કામ પડયું છે જેમ મારો પગાર આવશે તેમ હું વાળીશ."

" હા હા હા" તુગભદ્રા હસી " હું જો આ પ્રમાણે બધાને પૈસા ધીરતી રહું તો ત્રીજે દિવસે દેવાળું કાઢું."

" જો મારે લીધે તું કેટલું કમાઇ હતી?" મણિએ સમજાવવા માંડી.

" જો તું નાસી ન ગઇ હોત તો હું કેટલું કમાત?"

" ત્યારે તું નહીં આપે?"

" ના."

" એક કામ કરું તો? મારો સાદ ઘણો સારો છે એમ તેં કહ્યું હતુ."

" હા."

"તે સાદ મેં વધારે કેળવ્યો છે. મને પૈસા આપે તો હું દરરોજ આવી ગાઇ જાઉં. દરરોજના દસ રુપીઆ લેખે મને આપજે."

તુગભદ્રાના મોંમાં પાણી આવ્યું. મણિનો મોહક અવાજ કોને નહીં આકર્ષે? મણિ નાસી ગઇ ત્યાર પછી એકએ જુવાન સ્ત્રીઓ તેણે રાખી હતી; પણ મણિના અવાજ જેટલું આકર્ષણ તેમના આખા શરીરમાં નહોતું

"નારે બા! એ મારાથી કેમ બને? તારું ગાવાનું કોણ જાણે કેવું હશે?"

મણિ એમ ગાંજી જાય એમ નહોતી "ઠીક, ત્યારે જેવી મરજી હું કોઇ બીજાને શોધી લઇશ" કહી તે જવાને ઉઠી

"ના–ના, બેસ બેસ, હવે તારે ને મારે સબંધ છે—"

"ના, જરાએ નહી. મને પૈસાની જરૂર છે–તને મારા રાગની જરૂર છે. એટલું જ."

"એમ ! ત્યારે હું ત્રણ રુપીઆ રોજના આપીશ"

"પાચથી ઓછા તો હું નહીજ લઉ ચાલો ત્યારે" કહી મણિ ફરીથી ઉઠી

"ઠીક ઠીક, પૈસા ક્યારે જોઇશે?" મનમાં મલકાતી તુગભદ્રાએ મણિને બાંધી લેવા ઉતાવળ કરવા માંડી.

"હમણાં લે, કહે તો હમણા લખો આપુ; પૈસા લાવ."

મણિ હરખાઇ. મુચકુદ બચી જાય તો પોતે ગમે તેટલી અધમતા પામે તેની તેને પરવા નહોતી.

"ભૈયા" તુગભદ્રાએ બુમ પાડી, અને ભૈયો આવ્યો ત્યારે કહ્યું: "જાઓ દેખો રેવતીકી પાસ કોઇ હય?"

"જી." કહી ભૈયો ગયો અને થોડી વારે પાછો આવ્યો. તે પાછો આવ્યો ત્યાં સુધી કોઇ બોલ્યું નહીં

"વહાં ગંભીરલાલ શેઠ હય" ભૈયાએ જવાબ દીધો.

મણિ ચમકી. તેણે સાંભળ્યુ હતુ કે ગંભીરલાલ ખાસ કામે મુબાઇમા નીમાયા છે. તેના હૃદયમાં બંધ થએલા વિસંવાદી સુરો ફરી સંભળાયા.

પણ તેણે વિચાર કર્યો કે ગંભીરલાલ નામના તો અનેક પુરુષો હશે; અને આ તેના જીવનને ભ્રષ્ટ કરનારજ ગંભીરલાલ હશે તેની શી ખાત્રી ?

" બીજા કોઇનું શું કામ છે ?"

" તારા લખાણ પર સાક્ષી કોણ કરશે ?"

મણિએ નીચું જોયું. તે પોતાની જાતનું વેચાણ કરતી હતી એમ તેને લાગ્યું. માત્ર કલ્પનાશક્તિને ઉત્તેજી મુચકુંદનું મુખ મન આગળ આણવા તે પ્રયત્ન કર્યા કરતી હતી.

" તુંગભદ્રા ! પણ એક શરત કબુલ કરવી પડશે."

" શી ?"

" હું મોઢે બુરખો રાખી ગાઇશ."

" કેં ગાંડી થઇ છે ? મોઢું જોયા વિના રાગ લુખ્ખો લાગે."

" ત્યારે મારે કૈં નથી કરવુ."

" ઠીક ઠીક. એમ કરજે."

મણિએ લખાણ લખ્યુ; અને પોતાના બાપનું નામ સાથે લખી સહી કરી.

" ચાલ મારી સાથે" કહી તુંગભદ્રા મણિને બીજા ઓરડામાં લઇ ગઇ.

મણિની નજર ઓરડામા પડી અને તેને પાછી નાસી જવાનું મન થયું સામે તકીઆ પર રાવસાહેબ ગંભીરલાલ બેઠા હતા ! પણ મણિએ જોયું કે હવે પાછા હઠવુ નિરર્થક હતું ગંભીરલાલે તેને જોઇ હતી, તેને ઓળખી હતી, અને તેનું મોઢુ પણ ઉતરી ગયું હતું

" કોણ તું ? અહીઆં ?" અજાયબ થઇ રહેલા ગંભીરલાલે પુછ્યું.

મણિએ હોઠ કરડી સ્વાસ્થ્ય મેળવ્યું. એક પળમાં ગંભીરલાલ તરફનો તેનો ધિક્કાર ફરીથી પ્રદીપ્ત થયો.

" હા ! અને તમે આ સ્થિતિમાં ?" તિરસ્કારભર્યે અવાજે મણિ બોલી; " આપણે પણ બહુ સારા સારા પ્રસંગોએ મળીએ છીએ."

" જુઓ ભાઇ !" તુંગભદ્રા વચ્ચે બોલી " મારે અહીંઆ એક નિયમ છે. ગમે તેવાં જુનાં ઓળખીતાં હોય તો પણ તે એકબીજાથી અણજાણ છે એમજ સમજવાનું છે. લો ! આના પર સાખ કરો ! "

શા કારણસર મણિ અહીંઆં આવી તેની જિજ્ઞાસા ગંભીરલાલને એટલી બધી થઇ કે તેણે મણિનું લખેલું લખાણ લઇ વાંચ્યું, અને સાક્ષી કરવાની ના પાડી. " મારે કોર્ટમાં નથી ઘસડાવુ. "

" તમે શું કામ ગભરાઓ છો ?" તુંગભદ્રાએ કહ્યું

" તમે કે કોર્ટમાં જવાનાં નથી. "

ગંભીરલાલે ડોકું ધુણાવ્યું " એ નહીં બને. એવો વિશ્વાસ હોય તો સાક્ષીની શી જરુર છે ? આવા લખાણને કાયદેસર કે સાખની જરુર નથી. "

તુંગભદ્રા ગંભીરલાલને ગુસ્સે કરવા નહોતી માગતી, અને મણિ અને ગંભીરલાલ જુનાં ઓળખાણવાળાં હોવાથી વધારે વાત લંબાવવાનું હાનિકારક પરિણામ આવે એવો ડર પણ તેને લાગ્યો. તે મણિને ત્યાંથી લઇ ગઇ, બસે રુપીઆ ગણી આપ્યા અને વીદાય કરી.

પ્રકરણ ૧૪ મું

પશ્ચાત્તાપ

મણિ ત્યાંથી બહાર નીકળી અને કોઇએ તેને બોલાવી. તે ચમકીને ફરી. પાછળ ગંભીરલાલ નીકળ્યા.

" મણિ ! તારી આ દશા જોઇ મને બહુ લાગે છે. "

" તમને જોઇ મને પણ બહુ લાગે છે."

" કેમ ? " ગંભીરલાલે પુછયું.

" તમારા જેવા કાળા નાગો વસે છે તો મારા જેવી દુ:ખી બને છે ને "

" ગઇગુજરી સંભાર્યે શો ફાયદો ? મણિ, આવી નજીવી રકમ માટે તારે અહીંઆં રખડવું પડે છે ? "

મણિએ કૈં જવાબ આપ્યો નહીં.

" તારે જોઇએ તો હુ બસેં રુપીઆ આપુ, તુંગભદ્રાને આપી આવ ને તારું લખાણ પાછું લઇ આવ." ગંભીરલાલે મીઠાશથી કહ્યું. મણિનો રોષ માયો નહીં. ગંભીરલાલે તેને રખડતી વેશ્યા ધારી હતી; અને તેને હવે વેચાતી લેવા તે આ રુપીઆ આપવા તૈઆર થતા હતા.

" તમારા પૈસાને મારે શું કરવા હતા ? "

રાવસાહેબ હસ્યા. " જો મારું માન્યું હોત તો તુંગભદ્રા પાસે બસે રુપીઆ લેવા નહી જવું પડત. "

" તમને ખબર છે ? મારે મન તમારી સોનામહોરો કરતાં તુંગભદ્રાની કોડીઓ સારી. "

" કેવી રીતે ?"

" તમારી આંખોજ કહી આપે છેને ? મારે બસેં રુપીએ વેચાવું નથી." મણિએ કહ્યું.

" ત્યારે અહીંઆં દોઢ મહીનો શું કરશે ? તને આટલા અનુભવ થયા પણ તું તેવી ને તેવીજ રહી. હજુ સમજ ! ચાલ મારી સાથે તુંગભદ્રાને પૈસા પાછા આપી દે. રસ્તાના ચાલનાર કરતાં હું ગયો ?"

" રાવસાહેબ ! હું ગમે તેવી છું, ગમે તેવી થઇશ; પણ તમારું તો મોઢું મારે નથી જોવું તમે તમારે રસ્તે જાઓ, મને મારે રસ્તે જવા દો નહીં તો ભારે પડશે તમને !"

ગંભીરલાલ મણિને ઓળખતા હતા. ઝનુનમાં આવી જાય તો તે ફજેતો કરે એવી તેનામાં શક્તિ અને હીંમત હતી; અને ફજેતો થાય તો ગંભીરલાલની આબરુને લાંછન લાગ્યા વિના રહે નહીં અને ગંભીરલાલ જાણતા હતા કે તેમનો મોભ્ભો લોકોમાં મનાતી તેમની આબરુને લીધેજ ટકી રહ્યો હતો.

" જેવી તારી મરજી" કહી ગંભીરલાલે રસ્તે જતી ભાડાની વીકટોરીઆ ઉભી રાખી, અને મણિ ત્યાંથી ચાલી ગઇ

રાવસાહેબ ઘર તરફ ફર્યા પણ તેમનો જીવ ચણચણવા લાગ્યો.

તેમની માનસિક દૃષ્ટિ પોતાના ભૂતજીવન પર પડી એક વખત ફરીથી પોતે નિરાધારીમાં, દુઃખમાં રીબાઇ મરતી અપ્સરા સરખી તેજસ્વી વિધવા બાળાને જોઇ, ફરીથી તેમણે તે તેજસ્વિતાએ પ્રેરેલી પ્રચંડ ઊર્મિઓ અનુભવી; ફરીથી તેમણે તે બાળાને લલચાવી, તેને ખોટાં વચનો આપ્યાં, તેને ફસાવી; ફરીથી તેમણે તે સુકુમાર બાળાને સંસારસુધારકોને વહેંચતા જોયા; ફરીથી તેના સચોટ, રોષભર્યાં વાક્યો તેમણે સાભળ્યાં; ફરીથી તે બાળાને બસેં રુપીએ પોતાની જાત વેચતી જોઇ ગંભીરલાલ ધ્રુજ્યા. પોતાની આબરુ, મોભ્ભાને ખાતર તેના સ્વચ્છંદનો ભોગ બનેલી બાળાને તેમણે અધમમાં અધમ પંક્તિએ ઠેલી દીધી હતી ! શું આનું કૈં પરિણામ તેમને નહીં નડે ?

ગંભીરલાલના હૃદયમાં ગુંગળાટ થયો; કૈંક પશ્ચાત્તાપના અંકુરો સ્ફુર્યા. તેમણે એ બાળાને નહીં ફસાવી હોત તો? ફસાવી તેને પરણ્યા હોત તો! શું વધારે નીવડત–તે બાળાનો વિશુદ્ધ પ્રેમ કે ઢોંગી જીવનથી ભેગો કરેલો મોભ્ભો?

તેમનુ હૃદય વધારે ને વધારે ગુંગળાયું. તે ઘેર ગયા પણ કૈં ચેન પડયું નહીં. તેમને આ ગુંગળામણ ઓછું કરવાનો એક રસ્તો સુઝયો. તેમણે પેટીમાંથી બસેં રુપીઆ કાઢયા, અને તુંગભદ્રાને ત્યાં ગયા.

પ્રકરણ ૧૫ મું

મોઘારામ છુટયા

મણિ ઘેર ગઇ અને પોતાના વિષમ અનુભવો વીસરી ગઇ તેના હાથમાં રુપીઆની પોટલી હતી, આ પોટલીથી તે મુચકુંદની જીવનદોરી સાંધવાની હતી—આ હર્ષજ માત્ર તેના હૃદયને હીંમત આપી રહ્યો

તે સવારે ડાકટરને ત્યા ગઇ અને શસ્ત્રોપચારનો વખત નક્કી કરી આવી બપોરે બેભાન જેવા બની રહેલા મુચકુંદને ઉંચકી ડાકટરે મોકલેલા માણસો હોસ્પીટલમાં લઇ ગયા કાશી અને મણિ બને છાતીફાટ રડ્યાં—ફરી મુચકુંદ ઘેર આવશે ? કાશીને લાગ્યું કે તેનું વૈધવ્ય શરુ થયું, વિધવા મણિને પોતે ફરીથી રંડાઇ હોય એમ લાગ્યું સુનું ઘર ખાવા ધાયુ. બંને—સંસારે બનાવેલી પત્ની. અને હૃદયે વરેલી પત્ની બંને—પોતાનો દ્વેષ અને અદેખાઇ દૂર કરી સાથે રડ્યાં. અને આંસુ સાથે આસુ મેળવ્યા

સાંજના ટપાલમાં મણિએ તુગભદ્રાને લખી આપેલું લખાણ પાછું આવ્યુ સાથે તુગભદ્રાએ પત્ર લખ્યો હતો, અને બસેં રુપીઆ બક્ષીસ તરીકે મણિએ સ્વીકારવા એમ તેમાં સુચવ્યું હતુ. મણિને ઘણું આશ્ચર્ય લાગ્યું. તુગભદ્રા આટલી ઉદારતા વાપરી શકે એવું તેણે સ્વપ્ને પણ ધાર્યું નહોતુ આ ઉદારતામાં તેને કૈં ભેદ લાગ્યો, પણ મુચકુંદની ફીકરને લીધે તે ભેદ વીશે વિચાર કરવો તેણે મુલતવી રાખ્યો.

પણ તે દિવસના અનુભવોની પરંપરા હજુ પુરી થઇ નહોતી. રાત્રે તે સુવાની તૈયારી કરતી હતી એવામાં બારણાં ઠોકાયાં એ કોણ હશે તેની સમજ નહીં પડવાથી મણિ જરા ગભરાઇ.

તેણે બારણું ઉઘાડ્યાં, અને તે ચમકી "કોણ મોઘારામ? આવો આવો."

ગરીબ બાપડો મોઘારામ કેદમાંથી છુટીને આવ્યો હતો. કેદખાનાના અનુભવથી તે ખુંધો વળી ગયો હતો, અને તેનુ શરીર રોગિષ્ટ જેવું લાગતુ હતુ.

"બહેન મણિ! હું શુ કરું?" કહેતાં મોઘારામની આંખમાં આંસુ આવ્યાં. તે મણિને પગે પડયો. "બહેન તારો શો ઉપકાર! તેં પૈસા આપ્યા ન હોત તો હુ છુટત નહીં. આખરે હાઇ કોર્ટે મને નિર્દોષ ઠરાવી છોડી મુકયો."

"તમે મારે માટે શુ શું નથી કર્યું?" કહી મણિ અને તે વાતે વળગ્યાં. મોઘારામ કેદમાંથી છુટતાં મારુતિને મળ્યો હતો, અને તેમણે એને મણિએ કરેલી ઉદારતાની ખબર અને મણિનુ સરનામુ આપ્યા હતા કૃતજ્ઞી ડોસો તરત મુબાઇ આવવા નીકળ્યો અને મણિને ઘેર તેનો પત્તો નહીં મળવાથી ભાળ કાઢતો તે અહીંઆં આવી પહોંચ્યો હતો.

મણિએ સુરેખાની ખબર પુછી, અને બને તેટલું જલદી તેની બહેનની છોકરીને ત્યાં જઇ સુરેખાને લઇ આવવા મોઘારામને કહ્યું એક દિવસનો થાક ખાઇ મોઘારામે તે પ્રમાણે કરવા કબુલ કર્યું મણિએ ને મોઘારામે પોતપોતાના અનુભવો એકબીજાને અથથી ઇતિ સુધી કહ્યા, અને આવા વિકટ પ્રસંગે બંને જણે સાથેજ રહેવું એમ નક્કી કર્યું. મોઘારામની નિરાશામાં પણ આશાનુ કિરણ ફુટયું. તેણે કૈં પણ નોકરી લઇ પોતાથી બનતી મદદ કરવાનો નિશ્ચય દર્શાવ્યો મોડી રાત સુધી વાતો કરી, આશા અને ભયને હીંચકે હીંચતાં, જરા હસતાં બંને જણ સુતાં

સવારે કાશીનો ભાઇ આવી પહોંચ્યો; મણિને જોઇને નાક ચઢાવ્યું; અને દુઃખે પાપે મણિ અને મોઘારામ સાથે હોસ્પીટલમાં જવાનું કબુલ કર્યું. કાશી પણ સાથે આવી. બધાં ત્યાં પહોંચ્યાં ત્યારે મુચકુંદ ભાનમાં નહોતો.

પ્રકરણ ૧૬ મું

દુઃખની પરંપરા

મોધારામ સુરેખાને તેડવા ગયો અને કાશીને એનો ભાઇ લઇ ગયો. મણિ એકલી પડી એટલે તુગભદ્રાએ લખાણ કેમ પાછું મોકલ્યું તેની તપાસ તેણે કરવા માંડી. તે તુગભદ્રાને જઇ મળી, પણ તેણે કંઇ સંતોષકારક જવાબ આપ્યો નહીં. તેના જેવી જમાનો ખાધેલી રામજણી આટલી ઉદારતા બતલાવે એ વાત મણિને ગળે ઉતરી નહીં. તેને ગંભીરલાલ પર શક ગયો; પણ તેને મળવુ કેમ? આખરે મુચકુંદ સારો થાય ત્યાં સુધી વધારે તલાશ કરવાનું મણિએ માંડી વાળ્યું.

ત્રીજે દિવસે મણિની ચિંતામા ઉમેરો થયો. મોધારામનો તાર આવ્યો કે સુરેખા માંદી છે. તારમાં તેણે પુછાવ્યું હતુ કે આવી સ્થિતિમાં તેને મુંબાઇ લાવવી કે કેમ? મુચકુંદને છોડી સુરેખા પાસે જવુ કે મુસાફરીની અગવડોની દરકાર કર્યા વિના સુરેખાને મુંબાઇ તેડાવવી? આ પ્રશ્ને તેને ઘણી મુંઝવી. આખરે મુંબાઇમાં જેવા ડાકટરો મળે તેવા ગામડામાં નહીં મળે, એમ વિચારી તેણે મોધારામને સુરેખાને મુંબાઇ લઇ આવવાને તાર કર્યો.

પોતાની દીકરીને જોવાને મણિ તલસી રહી હતી. પોતાના મનમાં તેણે અનેક વાર સુરેખાને જોઇ હતી; તેનાં સુકુમાર, નાનાં ગાત્રો પંપાળ્યાં હતાં; તેનુ મોતીએ મઢેલું એવુ નાનુ, રસિક મુખ ચુમ્યું હતુ; તેને રમાડી હતી, લડાવી હતી, ફુટાવી હતી. તે રડશે ત્યારે કેવી લાગશે? તે હસશે, અને તેના નવી આવતી દંતુડીઓ ચમકશે ત્યારે કેવું લાગશે? તે તેની કોટે વળગશે ત્યારે શી ઊર્મિઓ ઉછળશે? આ બધા વિચારો ફરીથી તાજા થયા, આ સ્વપ્નાં તેણે ફરીથી જોયાં; એ બધી વાતો બે દિવસમાં ખરી પડવાની એમ તેને લાગ્યું.

મોઘારામ આવ્યો અને હીણભાગી મણિના નવા દુઃખનો નાટક શરુ થયો. તે લઇ આવ્યો તે તેની સુરેખા નહોતી; તેણે ધારેલી, સ્વપ્નામાં રમાડેલી સુકુમાર, પુષ્પ સમી લાડકડી નહોતી; પણ રોગે ચીમળાઇ ગએલી, કાળી પડી ગએલી, સતત રડતી, દૈવના ઘરની વેઠ લાગી. મણિએ તેની સામે જોયું અને તેને કમકમાં આવ્યાં. તેના હવાઇ કીલ્લાઓ બધા તુટી પડયા હતા. પુત્રી વિના તે તરફડતી હતી, પુત્રી આવી અને તેને જોઇ તે તરફડવા લાગી.

નિરાશા ઝેરી છે, પણ આશાભંગ થવાની પીડા તેથી પણ વધારે વિષમય છે મણિ આ વિષમયતા અનુભવતી હતી.

તેણે આ લાગણીઓ દૂર ઠેલી અને છોકરીને પોતાના હાથમાં લીધી. છોકરી રડવા લાગી, અને કેમે કરી છાની રહી. મણિએ ખિન્ન હૃદયને દબાવી દીધું, આવતાં આંસુઓ ખાળ્યાં અને સુરેખાને લઇ ડાક્ટરને ત્યાં ગઇ. ડાક્ટરે તેને જોઇ ડોકું ધુણાવ્યું અને નામની આશા આપી.

પાપના પરિણામરૂપ પુત્રીએ મણિને તેના પાપનો પુરેપુરો બદલો આપવા માંડયો

કેટલાંક દુર્ભાગી મનુષ્યોના જીવનની કેટલીક પળો કલ્પનાશકિત પણ ન કલ્પે એવા કારમાપણાથી ભરપુર હોય છે પોતાના બળતા ઘરની સામે ઉભા રહી અંદર જળતા પ્રિયજનોની કારમી ચીસો સાંભળવી અને એક પલકમાં આખા જીવનનુ સત્યાનાશ થએલું જોવુ એ કેટલાકને લલાટે લખાએલું હોય છે. મણિ એ પંકિતની હતી. જે માણસને પોતાના ભાઇથી અધિક ગણતી હતી તે મૃત્યુ અને જીવનની વચ્ચે ઝોલાં ખાતો હતો; જે બાળકીને તે હૃદયનો આધાર માની ઝંખતી હતી તે મરણપંથે વીચરતી હતી; અને આ ઘડો જાણે અધુરો હોય તેમ જે નીશાળમાં તે મહેતી હતી તેની મુખ્ય મહેતીએ તે અવારનવાર રજા લેતી હતી માટે તેની સામે ઉપરી અમલદારોને લખાણ કર્યું હતુ. મુચકુંદ, સુરેખા, મોઘારામ તેની હીંમત પર જીવતાં હતાં; તેની કમાણી પર આધાર રાખતાં હતાં. હીંમત અને કમાણી એ બંને હાથમાંથી સરતાં હોય એમ લાગ્યું. આ ભયંકર સંયોગમાં સિંહ જેવા પુરુષો ધ્રુજી ઉઠે તો બીચારી મણિનો શો હીસાબ ?

પ્રકરણ ૧૭ મું

મુચકુંદને થએલી ખાત્રી

હોસ્પીટલમાંથી રક્તહીન, નિર્બલ મુચકુંદ જ્યારથી મણિએ જે નવું ઘર રાખ્યું હતુ ત્યાં આવ્યો ત્યારથી ઘણા વિચારમાં પડયો. તેના મગજનું ઠેકાણું નહોતુ. આંખો ફરતી નહોતી, તાવ રોજ આવતો હતો, વધારે વખત બોલાતું નહોતુ; છતાં તે કચવાયા કરતો હતો. ધુમાતો હતો. આ ઘર કોનુ? કાશી કયાં ગઇ? એના બાપ કયાં ગયા? ખરચ કોણ ચલાવતુ હતુ? ઘરમાં આ "મોઘારામ" ડોસો કોણ હતો? કોઇ નાના બાળકનુ રુદન કેવું સંભળાતુ હતુ? ઘણી વખત આ પ્રશ્નોનુ નિરાકરણ લાવવાનો તે પ્રયત્ન કરતો, પણ તેનુ માથુ ફરી આવતુ, આંખો દુખતી અને નછુટકે તે ઉંઘમાં પડતો. જેમ તે વધારે વિચાર કરવા પ્રયત્ન કરતો તેમ આ પ્રશ્નો વધારે મુશ્કેલ લાગતા.

થોડીથોડી વારે આ વિચારના વાદળામા વીજળી ચમકતી. તેને દવા આપવા, તેને ખવડાવવા, મણિ આવતી, અને તેનું મુખ જોઇ તેને શાંતિ વળતી. મુચકુંદ તેને પુછવાનો ઇરાદો રાખતો, એકબે વખત પ્રશ્ન પણ તેણે કર્યા; પણ મણિએ મ્લાન વદને હસી, તેને વહેલા સારા થવા કહ્યુ અને હાથ દાબી તેને છાનો રાખ્યો. મણિની હાજરીમાં તે ગરીબ ગાય જેવો થઇ જતો; પણ જ્યાં તે ગઇ કે પેલા પ્રશ્નો પાછા ઉઠતા. મણિ વિના તેને બેચેની લાગતી, અને મણિજ કૈં લુચ્ચાઇ કરી રહી છે એમ ખાત્રી થતી. મુચકુંદ ગુસ્સે થતો, અકળાતો; પણ હતો

નિરાધાર એટલે ઉશીકામાં જોરથી માથું ખોસી પડી રહેતો. તે પોતે અપંગ થયો હતો; દુનીઆ બધી વેરણ થઇ તેને દઝવતી હતી; મણિ કે કાવત્રું કરતી હતી; કોઇએ તેનાં બાપબૈરીને ફોસલાવી દૂર કર્યાં હતાં—આવા આવા વિચારોએ તેના નિર્બલ મગજને વધારે રોગિષ્ટ બનાવી મુક્યું. તેમાં જ્યારે પાસેના ઓરડામાંથી સુરેખાનું દિવસે દિવસે ધીમુ પડતુ રુદન તેના કાને પડતુ ત્યારે તે ઉકળી ઉઠતો.

એક વખત મણિ તેની પાસે બેસી દવા આપતી હતી, અને સુરેખા રડવા માંડી. વચ્ચેનુ બારણું ઉઘાડું હતું. મુચકુદનાં ભવા ચઢી ગયાં.

"એ કોણ ચીસાડા પાડે છે?"

મણિએ હોઠ કરડયા "ભાઇ! એ તો કોઇ પાડોશીનું છોકરું હશે, જરા શાંત પડો."

"પાડોશી" કહી મુચકુંદ ઘાંટો પાડવા ગયો, પણ નબળાઇને લીધે જીભ બંધ પડી ગઇ પણ ગુસ્સાથી તે ધ્રુજી ઉઠયો, અને દવાના પ્યાલાને હાથ વતી ફેંકી દીધું. ચિંતાથી. ઉજાગરાથી થાકી રહેલી મણિને ધ્રુસકું આવ્યુ; ને તેણે મહા મુશ્કેલીએ તે ખાળ્યું અને ખોટુંખોટું હસી.

"ભાઇ! આમ ઉકળી જઇએ તો શું થાય? જુઓ ડાહ્યા થઇ આમ કરો તે કામનુ નહીં"

"મુઓ હુ અને મુઆ બધાં" ગુસ્સામા ખોખરા બનેલા નિર્ગત અવાજે મુચકુદે કહ્યું. "મારે ઘેર મને લઇ જા."

માતાની અવર્ણનીય સ્નેહાલતાથી મણિ તેને ઉઠતો અટકાવવા પાસે ગઇ, અને ધીમેથી બબડી: "આ ઘર તમારુંજ છે."

મુચકુદે હોઠ કરડયા; તેનો પીત્તો ઉકળેલો હતો. થોડી વારે તે બબડયો: "મારું ઘર! મારા ઘરમાં આવો ઓરડો ક્યારે હતો? મારા બાપા ક્યાં ગયા? મારી કાશી ક્યાં ટળી?"

મણિ આ શબ્દો સાંભળી જાણે ફટકો પડયો હોય તેમ નીચું માથું કરી રહી; તેની આંખમાંથી આંસુઓ પડવાની તૈઆરી થઇ રહી હતી. તેણે મહા મહેનત કરી હસવું જારી રાખ્યું.

" તમારી કાશી હમણાં આવશે. આમ ગુસ્સે થશો તો ડાક્ટરને કહી દઇશ. "

" ડાક્ટર ગયો જહાનમમાં મણકી ! આ બધાં તારાંજ કારસ્તાન છે. "

" વારુ ! પણ તમે ચુપ રહેશો ? " જરા નજર કરડી કરી મણિએ કહ્યું.

" અરે રામ રામ ! " આજારી બબડયો " શુ મારા અવતાર ! હું અપંગ–નિરાધાર બન્યો હેં ! " કહી મુચકુંદથી રડી પડાયું મણિ તેની પાસે જઇને બેઠી.

" ભાઇ ! આમ શું કરો છો ? તમે અપંગે નથી ને નિરાધારે નથી. પણ આમ કરશો તો વધારે માંદા પડશો. "

" મણિ બહેન ! " મુચકુંદનુ અકળામણ રડવાથી જરા ભાંગ્યું " માફ કરો હું થાકી ગયો છું. આના કરતાં મરવુ સારું. "

" ચાલો એવુએવુ બોલશો નહીં હવે સુઇ જાઓ. "

" બહેન ! પેલો ડોમો ઘરમાં કોણ છે ? "

" ભાઇ, તમે બધી પંચાત કરો તે નહીં કામ આવે. પછી કહીશ. "

" પણ તેને મારી પાસે નહીં આવવા દેતી. "

" વારુ. "

" તું રાતે કયાં જાય છે ? "

" છોકરીઓને ભણાવવા. હવે થયું. સુઇ જાઓ " કહી મણિએ ઉશીકાં બરોબર ગોઠવ્યાં, અને થાકેલો મુચકુંદ ઉંઘી ગયો

મણિ ઉઠી અને પોતાના લમણા પર હાથ મુકયો. શારીરિક અને માનસિક પીડાએ તેનું માથું દુખતું હતું તે એક આરસી સામે ગઇ, એક લટ ઉંચી કરી, મન પ્રફુલ્લ કરવા મનમાં એક ગાયનની લીટી ગાઇ અને બીજા ઓરડામાં ગઇ.

ત્યાં મોધારામ સુરેખાને હીંચકા નાંખતો હતો. સુરેખાને ધીમેધીમે યમરાજનાં તેડાં આવતાં હતાં; બને તેટલા પૈસા ખરચી મણિ તેને જીવા-

ડવાનો પ્રયત્ન કરતી હતી. મણિ ઝોળી પાસે બેસી ગઇ, અને સુરેખાને લીધી અને છાતી સરસી ચાંપી. મોધારામ મુંગે મોઢે એ જોઇ રહ્યો.

સુરેખાને ચુંબન કરતાં મણિનું હૈયું ભરાઇ આવ્યું

"બહેન ! હીંમત હારીએ નહીં."

"કાકા ! કાકા ! આ શું થવા બેઠું છે ?"

"કૈં નહીં ! ઉપર ચાર હાથવાળો ધણી બેઠો છે તેને ફીકર છે. મુચકુંદભાઇ શું કહેતા હતા ?"

"કહું શું ? માંદગીએ બીચારાને ચીઢીઓ બનાવી દીધો છે. શક્તિ આવશે ત્યારે ઠીક થશે. કાકા ! આ સુરેખાને લ્યો. હું તૈઆર થાઉં, પાછી મોડી પડીશ."

મોધારામે મુગે મોંઢે છોકરી લીધી, અને મણિ લુગડું બદલવા ગઇ.

બે કલાક રહીને મુચકુંદ જાગ્યો, અને ધીમેથી 'મણિ' કહી બુમ પાડી કૈં પણ જવાબ આવ્યો નહીં ઓરડામાં નાનો દીવો બળતો હતો, અને પાસેના ઓરડામાંથી ચરડચરડ ઝોળીનો અવાજ આવતો હતો. મુચકુંદ એકલો પડયો એટલે પાછો વિચાર કરવા મંડ્યો. તેને ખાત્રી થઇ કે મણિ કૈં પણ ઢાંકતી હતી; નહીં તો આ નવો ઓરડો, આ સુંવાળી પથારી કયાંથી આવે ? મણિ કહેતી હતી કે કાશી અને પાણું પંડ્યા સારા છે, કાગળ લખે છે; તો શા સારુ તે કાઇ આવતાં નથી ? મણિએ એક વખત કહ્યું હતું કે ચંદુલાલ શેઠ મારા પગારપેટે ડાકટરની ફી આપે છે; તો તેને ત્યાંથી ખબર લેવા કેમ કોઇ દેખાતું નથી ? મણિની કૈં પણ લુચ્ચાઇ છે શી લુચ્ચાઇ હશે તે તે સમજી શકયો નહીં.

આમ કયાસુધી વિચાર કર્યા કર્યો. તેને ભાન રહ્યુ નહી. એકદમ ઘડીઆળ વાગી—અગીઆર ! મણિને તેણે બુમ પાડી. કૈં અવાજ આવ્યો નહીં. દરરોજ મણિ રાતના કયાં ભટકે છે ? મુચકુંદને મીણનો પૂર્વાશ્રમ યાદ આવ્યો. આવી સ્ત્રી શું ન કરે ? એકદમ એક વિચાર સ્ફુર્યો—બધો ગુંચવાડો દૂર થતો હોય એમ લાગ્યું. "હવે સમજ પડી

કે આ ઘર કોનું." મુચકુંદ બબડયો. "પેલા ડોસાનું–ને મણિ? હાં–તેની બૈરી થઇ રહી છે–નાપાક કુલટા! હવે તારુ બધું જણાયું."

મુચકુંદ હસ્યો "આટલાજ કારણે એ જવાબ નથી દેતી. કમજાત!" આ વિચાર આવતાં તેનાં રોમેરોમ ઉભાં થઇ ગયાં અનીતિના આવા અખાડામાં વધારે વખત થોભવું તેને ઠીક નહીં લાગ્યું; તેણે ઉઠીને જતા રહેવાનો વિચાર કર્યો. અહીંઆં જીવવું તેના કરતાં ગટરમાં પડી મરવુ સારું.

મુચકુંદ દાત કચકચાવી ઉઠયો, અને પાસે એક ગરમ બદન પડયું હતું તે પહેર્યું. તેણે માથે એક ગલપટ્ટો વીંટાળ્યો ખાટલાને ઝાલી મહા મહેનતે તે ઉઠયો અને ઉભો રહેવા ગયો પણ જરા નબળાઇ લાગી હોઠ કરડી તેણે સ્વાસ્થ્ય અને જોર મેળવવા પ્રયત્ન કર્યો. "મરાય નો ભલે–આજે મરણ–કાલે–અદૈવ વા મરણમસ્તુ યુગાતરે વા–એ કોણ લખી ગયો? ભર્તૃહરિ! એના જેવાએ મણકી નહીં જોઇ હોય!" બોલી તતડાવી તે ઉભો થયો અને બારણાં તરફ ગયો.

ઉઘાડાં બારણાંમાંથી તેણે બીજા ઓરડામા જોયું પેલો ડોસો અને મણિ સામસામે બેઠાં હતા. હવે શો વધારે પુરાવો જોઇએ? મણિના ખોળામાં એક છોકરું જેવું કૈંક હતુ તેની સામે બંને જોતા હતાં. "ધિક્કાર છે." તેણે મોટેથી બોલવા પ્રયત્ન કર્યો. તેની જીભ ખેંચાઇ, પગ લથડયો, અને તે ભોંય પર પડયો

સુરેખાને આંકડી આવી હતી. મોધારામ અને મણિ બેસીને તેને સાચવતાં હતાં એટલામાં મણિની નજર ભૂત જેવા, બારણા વચ્ચે ઉભેલા મુચકુંદ ઉપર પડી. મણિ એકદમ સુરેખાને મોધારામને આપી દોડી; પણ તે પહોચે તે પહેલા મુચકુંદ ભોય પર પડયો હતો.

ડાકટરે તેને ઉભા થવાની સખત મનાઇ કરી હતી. ઉભા થવાની મહેનતે તેના ઘાના ટાંકા કૈંક તુટયા હતા, અને તેને માથે પાટામાંથી લોહી ઝરતુ હતુ. મોધારામ અને મણિએ ઉચકી મુચકુંદને સુવાડયો અને મોધારામ ડાકટરને તેડવા ગયો.

પ્રકરણ ૧૮ મું

મુચકુંદ કે સુરેખા ?

મુચકુંદની તબીઅત પાછી વધારે બગડી, અને એકએ દિવસ સુધી તે બેભાન રહ્યો. ચોથે દિવસે તે પાછો હતો એવો કૈંક થયો. ડાકટરે તેને ઉભા થવા દેવાની ચોખ્ખી ના પાડી હતી, એટલે પલવાર મણિ તેને વીલો મુકતી નહીં. મોઘારામ ઘણી વાર પોતે બેસવા તૈઆર છે એમ કહેતા, પણ રખે એને જોઇ મુચકુંદનું મગજ પાછું ખસી જાય એ ધાકે તે પોતેજ બેસતી તે મુચકુંદના સ્વભાવને જાણી ગઇ હતી; અને તેનાં પળેપળનાં તોફાનો સમાવી શકતી હતી. ઘણી વખત સુરેખા અને મુચકુંદ બે વચ્ચે મણિની તાણાતાણી થતી, પણ તેમાં હંમેશાં મણિ મુચકુંદ પાસે બેસતી.

મણિ ચિંતાથી, ઉજાગરાથી, સુકાતી જતી હતી, તેના હોઠ અકેક પર સખત બીડાયલા રહેતા; તેના ગાલ ઓગળી ગયા હતા, પણ તેની ઇચ્છા-શક્તિ અડગ હતી તે વતી તેણે આશાનાં દ્વાર બંધ કર્યાં હતા. ચોથે દિવસે સાંજના મુચકુંદની તબીઅત જરા સારી દેખાઇ; પણ જરા આરામ મળતાં તેનું મગજ પાછું રોગિષ્ટ બન્યું. અને પેલા પ્રશ્નોનાં પ્રેતો પાછાં ખડાં થયાં. બીજે દિવસે એ પ્રેતોએ પોતાનો પ્રતાપ જણાવવા માંડયો. મુચકુંદે મણિને વાગ્બાણે વીંધવા માંડી.

મણિને મોટામાં મોટી બીક મુચકુંદ પાછો ઉભો થાય તેની હતી. ડાકટરે કહ્યું હતું કે બે દિવસ પછી તે ઉભો થાય તો વાંધો નહોતો, એટલે ત્યાં સુધી બધું સહ્યા વિના છુટકો નહોતો. પણ એ બે દિવસો કયારે પુરા

થશે તે મણિને સમજાયું નહીં. ગાંડો અને માંદો–એની જીભ કોણ રોકે ? મુચકુંદની જીભ નિરંકુશ બની.

" મને શું ? તું તો પિશાચી છે માણસોનુ લોહી પીવા જન્મી છે. મારા ક્યાં ભોગ લાગ્યા કે તું મને મળી ? મને શું કરવા પજવે છે ? તું જા તારે રસ્તે પેલો તારો ડોસો તારી વાટ જોતો હશે. તારે શું ? તું કોઇની થઇ છે કે મારી થવાની છે ? કોણ જાણે શાં શાં કર્મો કર્યાં હશે ?.. મને આ નરકમાં નાંખ્યો ! કુલટા ! મારું ભણતર બગાડ્યું, મારી નોકરી ખોવડાવી, મારા બાપ સાથે લઢાવ્યો, હૃદય ભાંગ્યું, અને એટલે સંતોષ ન થયો તે મને માંદો પાડ્યો–અને મને અહીંઆં તારો પાપાચાર નીરખવા લાવી રાખ્યો !...પ્રભુ મરવા દે. સંસારમાં ઈશ્વરણુંના ફળ કેટલાં હોય છે ? પ્રભુએ સત્તા આપી હોત તો તારું રૂપાળું ફટક કપાળ ડામી તારા હૃદય જેવું બનાવત...હરામખોર ! મારી બૈરી ક્યાં છે ? ગમે તેવી પણ ગરીબ, બીચારી, પતિપરાયણા કાશી ! તેને તું જ કદી લઇ ગઇ તું આવી ન હોત તો તે મારે ઘેર રહેત; મારા આર્યસંસ્કારનુ હું સુખ અનુભવત. પણ કેમ સાંખે તે ?...ઘર શું સરસ બનાવ્યુ છે ? આ મારી પથારી પાસે ફુલ ! હોયસ્તો ચંદુલાલ શેઠ પગાર આપે ને તાગડધીન્ના કરે મારાં મણિગવરી ! શાબાશ. "

આ પ્રમાણે જેટલો વખત તે જાગતો તેટલી વખત મુચકુંદ જીભના સપાટા લગાવતો. તેમાંના એકેએક મણિને ચમચમતા મણિને અપમાન લાગતુ, રડવું આવતું, અને ત્યાંથી નાસી જવાનુ મન થતુ, પણ તેને ખાત્રી હતી કે જો પોતે દૂર જાય તો જરુર મુચકુંદ ઉભો થાય અને તેની સ્થિતિ પાછી ભયંકર થઇ પડે મુગે મોઢે–તેના પ. ખોટું હાસ્ય રાખીને તે બેસતી, અને બધા પ્રહારો સહન કરતી.

મુચકુંદ જાગતો હોય તે વખતે બીજા ઓરડામાં પલવાર પણ જવાનું મણિથી બનતું નહોતું; અને પરિણામે સુરેખા પાસે મણિથી ભાગ્યેજ જવાતું. બીજે દિવસે મોધારામે કહ્યું. " બહેન ! આજે તું આ છોકરી પાસે બેસ; એ છેક આવી રહી છે. "

" કાકા ! કાકા ! હું બધું જાણું છું." મણિથી રડી દેવાયું; " પણ હું શુ કરું ? સુરેખાને મરવા દઉં કે મુચકુંદને ? જીવતાં છોકરીને સુખી નહીં કરી; ને મરતાંમરતાં પણ તેના સામે નથી જોવાતું. કાકા ! મારા જેવી હતભાગણી કહીં જોઇ છે ?"

" બેટા ! હીંમત રાખ. આમ શું પોચકાં મુકે છે ?"

" કાકા ! શું કરું ? હવે તો ઘણી થઇ. બેમાંથી એક સારાં થશે તો મારી સામે જોવાનાં નથી; પણ માંદાં માંદાં તો મને ગરદન મારે છે." કહી મણિથી ખુલ્લે ધાંટે રડી પડાયું તે ક્યાં સુધી છાતીફાટ રડી. એટલામા મુચકુદ જાગ્યો.

" મણિ ! ક્યાં ગઇ ? તેને શી પરવા છે કે તે ઉભી રહે ? તે કોઇની થઇ છે કે મારી થાય ? 'નારી પ્રત્યક્ષરાક્ષસી'."

બીજા ઓરડામાંથી આવતો મુચકુંદનો સાદ કાને પડતાંજ મણિ ઉઠી, અને ઝપાટાબંધ આસુ લુછી ત્યાં જવા માંડ્યુ. આ તરફ સુરેખાનુ નિર્ગત રુદન શરુ થયું: 'મા—મા—મા.'

" મણિ બહેન ! તુ અહીંઆં બેસ. હું મુચકુંદને જોઉ."

" ના ભાઇ ના ! પેલા હમણાં ઉભા થશે. મનેજ જવા દો" કહી મણિ ત્યાંથી મુચકુંદ પાસે ગઇ.

મુચકુંદે પોતાના વાગ્બાણ શરુ કર્યાં. તેને શાંત કરતાં અડધો કલાક થયો ન થયો અને બારણામાં મોઘારામ આવ્યા.

" બહેન ! જરા આમ આવ તો."

" લે ! તારો સગો બોલાવે છે. જા—ઉઠ—શું કામ મારો જીવ લે છે ?"

" હું તો લેવાની, પછી કૈં કહેવું છે ?" છાસીઉં કરી મણિએ જવાબ દીધો. " કાકા હમણાં કેમ આવું ?"

" અરે આવ—છેલ્લી ઘડી આવી છે હો !" મોઘારામે ગભરાટમાં કહ્યું.

"હા. કૅલ્લીજ ઘડી છે. જા, ઉઠ. ઉભી રહે. મને બેઠો થવા દે." કહી મુચકુંદે જોર કરી ઉઠવાનું કર્યું મણિએ જોરથી તેના હાથ પકડ્યા. તેની છાતી ફાટી જતી હતી, આંખે અંધારાં આવતાં હતાં તેને લાગ્યું કે સુરેખા મરવાની તૈયારી કરતી હશે; પણ આને છોડી કેમ જવાય?

મણિ આગળ મુચકુંદનું જોર ચાલ્યુ નહીં; એટલે આડા ફરી તેણે મણિનો હાથ કરડ્યો.

"લો કરડો કરડો!" કચવાટમાં મણિ બોલી અને પોતાનો હાથ આગળ ધર્યો. "હવે કંઈ બાકી છે?"

"આ ચાલી હો!" મોધારામનો અશ્રુપૂર્ણ અવાજ આવ્યો.

"જવા દો જે થાય તે ખરું. ઓ બાપરે!" કહી મણિએ ચીસ પાડી મુચકુંદે તેનો હાથ કરડી ખાધો હતો, અને તેમાંથી લોહી વહેતુ હતું.

મણિને કાને મોધારામનાં ધીમાધીમાં "શ્રીરામ" ઉચ્ચારણો પડ્યાં; તેણે આંખો મીંચી દીધી, તેની આંખમાંથી આંસુ ખરવા લાગ્યાં.

"રડ! રડ! હાશ, મને નીરાંત થઈ" મુચકુંદ બબડ્યો. "ડાકણ જાણે."

પા કલાકે મુચકુંદનો બબડાટ પુરો થયો અને તે ઉંઘી ગયો તેને છોડી મણિ બીજા ઓરડામાં ગઈ. પા કલાક થયાં સુરેખા મરી ગઈ હતી. તેનું નાનકડું રોગિષ્ટ શરીર લાકડા જેવું થઈ પડયું હતું. મણિ તેના પર પડી અને છાતીફાટ રડી.

પ્રકરણ ૧૯ મું

મોઘારામ બોલ્યા

બીજે દિવસે મુચકુંદ જરા શાંત રહ્યો. કાં તો તેની તબીઅત જરા વધારે સારી થતી હતી કે કા તો મણિનું મ્લાન વદન અને સુજેલી આંખો જોઇ કોઇ દયાના અંકુરો તેનામાં ફુટયા હોય, પણ મુચકુંદે આજે મણિનો કેડો છોડયો. માત્ર સાંજના મણિને આંસુ સારતી જોઇ તે બોલ્યો: "રડ! રડ! હાશ, હવે નીરાંત થઇ!"

મણિને આ શબ્દો સાંભળી પોતાનું દુઃખ અને સુરેખા સાંભરી. ધાંટો પાડી રડી દેવા જતી હતી; પણ મહામુશ્કેલીએ તેણે હીંમત ધારી.

તે દિવસે રાત્રે તે જાગ્યો ત્યારે મણિ અને મોઘારામને પાસેના ઓરડામાં વાત કરતાં સાંભળ્યાં. તેને અચંબો લાગ્યો. આજે ઘણે દિવસે મણિને રાત્રે ઘેર રહેલી જોઇ તે વિચાર કરવા લાગ્યો.

રોગથી પીડાતો માણુસ પશુ થઇ જાય છે. તેની ઇચ્છાઓ પશુના જેવી અલ્પજીવી બને છે, તેની વાસનાઓ પ્રાબલ્ય પામે છે. તે પોતાની નિરાધારતામાં પણ દુનીઆ તરફ ગુસ્સે ને ગુસ્સે રહે છે, પોતાનાં ચાકરી કરનારાંને દઝવવામાં આનંદ માને છે. કાણાને કાણો કહેવામાં રાચે છે, અને જરાજરામાં રીઝે છે કે રડે છે. સંસ્કૃતિએ પેદા કરેલો નિયમિત સ્વભાવ તે પ્રસંગોમાં ખસી જાય છે; અને જાનવરમાંથી ઉતરી આવેલો મનુષ્ય તેવે વખતે, પોતાના પૂર્વજોનો સ્વભાવ ભુલી શકતો નથી. મુચકુંદ રોગથી નિર્બલ અને ચીડીઓ થઇ ગયો હતો, અને તેવે

વખતે તેને તેજ માણસ–મણિ–જોવામાં આવવાથી તેના તરફ તેના બધા પશુક્રોધનું વલણ વળ્યું હતું. મણિ વગર ચાલતું નહીં, પણ તેને દેખી તેનો ગુસ્સો સમાતો નહીં.

અત્યારે પશુની ખંધાઇથી તેણે વાત સાંભળવા માંડી.

“ કાકા ! તમે નહીં આવો ? પેલી વાટ જોતી હશે આ ગુલામગીરી કયારે મટશે ?”

“ ગુલામગીરી !” મુચકુંદ મનમાં બબડયો “ મારી ચાકરી કરવી તે ગુલામગીરી ! જો લુચ્ચી ! મારા શેઠને પૈસે મહાલે છે ને પાછો રોફ કરે છે ?”

“ બહેન !” મોઘારામનો અવાજ આવ્યો. “ ગભરાયે કંઈ વહેલી પતવાની હતી ? કાલે આ સારો થશે ને તમે છુટાં થશો ”

“ જોયું ! આનુ નામ નીમકહરામી ! મેં રખડતીને રાખી ને આનાથી આટલુ નથી થતુ.” મુચકુંદ બબડયો

“ કોણ જાણે કયારે છુટાં થવાશે ?” રડતાં રડતા મણિએ કહ્યું; “ બધાં મરશે તોએ હું મરવાની નથી.” દુખી બીચારી મણિએ અસહ્ય સ્થિતિની વેદનાથી કડવાશભર્યા ઉદ્દગાર કાઢયા

“ મને મરવાનું કહે છે ? હરામખોર ! ઠીક છે. હું તો જીવીશ, ગભરાતી નહીં ! મને એક ફેરો સારો તો થવા દે ” કહી મુચકુંદે દાંત કચકચાવ્યા.

પછી કંઈ સંભળાયું નહી; માત્ર ડુસ્કા સંભળાયાં આજે મુચકુંદને એક બીજી વાત નવી લાગી: પેલા નાના બાળકની-ચીસો સંભળાઇજ નહીં. મુચકુંદને એ ઘણું વિચિત્ર લાગ્યું.

બીજી સવારે તેને પોતાની તબીઅત ઘણી સારી લાગી મણિની ગેરહાજરીમાં તે પથારીમાં બેઠો થયો પણ તેનુ માથું પહેલાં જેવુ ફરતું લાગ્યું નહીં. શરીરની શક્તિ વધવાથી તે વધારે સારી રીતે વિચાર કરી શકયો, પણ બધા મણિની દિશામાંજ ગયા. મણિ તરફનો ક્રોધ, રાતના શબ્દોથી ઘણો વધ્યો હતો; અને કોઇ રસિક ખાટકી જીવ લેતાં પણ રસ લઇ ધીમેધીમે રીબાવીરીબાવી મારે તેમ તેણે મણિને રીબાવવા માંડી

મુચકુંદની ભાષા જીવતા અંગારા જેવી ડામતી. સચોટ શબ્દો, ન સમજાય એવા ઝીણા પણ મર્મભેદક કટાક્ષો, કાળજું કંપે એવી સરખામણીઓ—એ બધાંનો ઉપયોગ તેણે વગર વિચારે કરવા માંડયો મણિ ત્રાસી ઉઠી—બીજા ખંડમાં મોધારામનાં રોમેરોમ ખડાં થઇ ગયાં.

એમ કરતાં સાંજ પડી પોસપોસ આંસુ પાડતી મણિ અદીઠ થઇ. મુચકુંદે જોયું કે હંમેશાં મણિ જતી હતી ત્યાં તે ગઇ. તે ક્યાં ગઇ? આ ડોસો કોણ? પેલું છોકરું કોણ? આ સતત ઉભા થતા પ્રશ્નોનો નિર્ણય લાવવાનો તેણે નિશ્ચય કર્યો ઘર શાંત હતુ—શા સારુ ઉઠીને આમતેમ ફરી કે તપાસ નહીં કરવી?

ધીમેથી તે બેઠો થયો—નીચે પગ મુકી ખાટલો ઝાલી ઉભો રહ્યો. તેના પગ ધ્રુજ્યા, પણ બહુ અશક્તિ કૈં જણાઇ નહીં. તેણે હાથ છોડી દીધા પણ તે પડયો નહીં. તેને હીંમત આવી ધીમેધીમે તે બીજા ઓરડા તરફ જવા લાગ્યો. આખુ ઘર નિર્જન લાગ્યું

તે જ્યારે બીજા ઓરડામાં ગયો ત્યારે તેણે ખુણામાં મોધારામને સંધ્યા કરતાં જોયા મુચકુંદ હસ્યો. આ ડોસો પણ મણિનો મિત્ર હતો એટલે તેને પજવવાની પણ મજાહ પડશે એમ તેને લાગ્યું તે ભીંતને ટેકવીટેકવી તેની પાસે ગયો મોધારામ આંખો મીંચી ગાયત્રીનો જપ કરતા હતા તે કોઇનું પગલુ સાંભળી પાછા ફર્યા, અને મુચકુંદને જોઇ ચમકયા મુચકુંદના મોઢા પર એક પશુના—રાક્ષસના મોઢા પર હોય તેવુ હાસ્ય હતું: અને મોધારામને અડકવા તે ચાલ્યો આવતો હતો.

"ઉં હું હું હું—" મોધારામે મના કરી

"અરે ઉહુવાળા!" તિરસ્કારથી હસીને મુચકુંદે કહ્યું

"ગભરાય છે શુ? પેલી કરતાં હુ કૈં ગયો?" કહી તે પાસે આવ્યો.

"અરે મુર્ખા! પાછો જા, નહીં તો હમણાં જીવથી જશે. કૈં ભાન છે કે નહીં?—અરેરે—ખબરદાર મને અડકયો તો!"

મુચકુંદ મોધારામને અડકી પડયો અને હસ્યો.

મોધારામ કોઇ યજ્ઞના ભંગથી ક્રોધવશ થએલા મુનિની માફક બેઠા હતા ત્યાંથી કુદીને ઉઠયા; તેમના હાથમાં તેમની ગૌમુખી ધ્રુજવા લાગી.

"હરામખોર!" કહી મોધારામે દાંત કચકચાવ્યા. પણ મોધારામ મણિનો ગુલામ હતો; તેની ઇચ્છા પુરી પાડવા પ્રાણ અર્પવા તૈઆર હતો, અને તેનેજ ખાતર મુચકુંદ સામે તેણે પોતાનો રોષ અત્યાર સુધી દર્શાવ્યો નહોતો પણ અત્યારે મુચકુંદે હદ વાળી—મોધારામનો મીજાજ હાથથી ગયો.

"તારી પેલી ક્યાં ગઇ?" મુચકુંદે ફીક્કુ હસતાં પુછ્યું.

મોધારામની આંખમાંથી વહ્નિજ્વાલા ફુટી; તેનાં રોમેરોમ અપમાનથી ખડાં થઇ ઉઠયાં

"અરે પેલી ને પેલો?" કહી તેણે ગૌમુખી ફેંકી દઇ મુચકુંદનો હાથ પકડી અંદર પથારી તરફ ખેંચવા માંડયો "નથી બોલતો ત્યાં સુધી કે? હું મણિબહેન ન હોય કે સાંભળ્યા કરૂ. સમજ્યો? ચાલ છાનોમાનો સુઇ જા—નહીં તો તો તારી વાત તેં જાણી" કહી તેણે મુચકુંદને પથારી પર બેસાડયો

"હા, હુ જ જાણું તો પણ પેલી જાય છે ક્યાં તે તો કહે? મારા શેઠને પૈસે ઠીક તમને બેને તાગડધીન્ના કરવાનાં મળે છે."

મોધારામે દાંત પીસ્યા. જો મુચકુંદ માદો નહીં હોત, જો મણિનો ધાક નહીં હોત તો જરુર તે મુચકુંદને મારી પાડત.

"જો એ મુર્ખા! તારી જીભ સમાલીને વાપર. હુ એક પણ બોલ સાંખવાનો નથી. ખાઇપીને બીચારીનો જીવ લે છે ને પાછો ભાંડે છે?"

"એ પણ ઠીક! મફતનુ ખાવુ ને મસીદે—"

"ચાલ છાનો રહેશે કે? શુ કરું કે મણિબહેન તારી પાછળ જીવ આપે છે—નહીં તો તને હમણાં પાધરો કરું. તારા પૂર્વજન્મનાં પુણ્ય માન કે ભુલેચુકે મણિબહેનને મળ્યો, નહીં તો રઝળીરખડી ક્યારનો મરી ગયો હોત"

મુચકુદનો હોઠ તિરસ્કારમાં મરડાયો "પૈસા—"

મોધારામ બરાડો મારી ઉઠયા· "પૈસા—તારા પૈસા, ભીખારી! તું માણસ છે કે ઢોર? પેલી બીચારી જે કહે છે તે માની માની ફુલાતોજ જાય છે. આ બધા પૈસા તો તારો બાપ લાવતો હશે નહીં?"

"બાપ—નહીં તો કોણુ? તુ કે તારી મણિ?"

"તારો બાપે નહીં–તારો શેઠે નહીં–હુંએ નહીં–પણ મણિબહેનજ. કૃતધ્ની ! તારા કરતાં તો કુતરા પણ વધારે સમજે. આ પથારી, આ ડાક્ટર, આ દુધ–કોણ તારો શેઠ પુરાં પાડે છે ? મુર્ખા ! તું માંદો થયો ને તારો બાપ નાસી ગયો, તારી બૈરી નાસી ગઇ, તારા શેઠે તો મોઢુંએ દેખાડયું નથી. એ તો પરમેશ્વરનો પાડ માન કે મણિબહેન મળ્યાં કે લોહીનું પાણી કરી, જ્યાંત્યાંથી પૈસા આણી તને દવા કરે છે; ને તારા બોલો સહી, અનેક દુઃખ વેઠી તારી સેવા કરે છે."

"હેં !" મુચકુંદ ઢીંગ બની જોઇ રહ્યો.

"હેં શું કરે છે ? તને ખબર છે ? તારે માટે બીચારીએ નોકરી છોડી, રામજણીને ઘેર ગાવાનુ શરુ કર્યું, તારે માટે એકની એક દીકરીને મરવા દીધી. તારે મન કશાનો હીસાબજ નથી. બહુ મોટો ધનપાલશાનો દીકરો તો ! આજે કેટલા કેટલા દિવસનાં વહાણા વાયાં, પણ તારી સેવા કરતાં, તારે માટે પૈસા કમાતાં ને તારા બોલો સાંખતાં જંપીને તે બેઠી નથી. એ તો એ ગાંડી છે, હું હોઉં તો બે લપડાક મારી તને સીધો બનાવું."

"મણિ ગાવાનો ધંધો કરે છે ?"

"હા. તારે માટે શું શું કરે છે તે કૈં ખબર છે ?"

"ત્યારે કોઇ કહેતું કેમ નહોતું ?" દબાઇ ગયલે સ્વરે મુચકુંદે પુછ્યું.

"રખેને તું ફુલ જેવો સુકોમલ–તે કરમાઇ જાય, માટે."

"આ રડતી હતી તે એની સુરેખા ?"

"હા. યાદ છે ? પરમ દહાડે સુરેખા મરવા પડી ત્યારે પણ તેં બીચારીને આવવા દીધી નહીં. મરતી મરતી પણ દીકરી તેણે જોઇ નહીં. તુ તે કૈં ાણસ છે ?–રાક્ષસ છે "

"મારા બાપ ક્યાં ?"

"તેને ગામ–બે મહીના થયાં કોણે તેનું મોઢું દીઠું છે ?"

"ને મારી બૈરી ?"

"તેને પીઅર. ચાલ હવે છાનોમાનો સુઇ જા. બહુ લપ્પનછપ્પન કરશે તો બેચાર સંભળાવી દઇશ. ક્યાંથી કોણ જાણે આવા ભારેલગણા પેદા

થાય છે ?" કહી ઉભરો કાઢી મોઘારામ ચાલ્યા ગયા તેણે કહેવું હતું એટલું કહી નાખ્યું હતું.

માથા પર ફટકા પડવાથી માણસ બેભાન થાય તેમ મોઘારામના શબ્દોથી મુચકુંદ બેભાન થઇ ગયો–વિચાર કરી શકયો નહીં; થોડી વારે તેને ઉંઘ આવી ગઇ.

ત્રણચાર કલાક ગયા અને તે જાગ્યો, અને મોઘારામના શબ્દે શબ્દ સાંભર્યા. તેણે ગભરાઇને ઓરડામાં જોયું. દૂર ભોંય પર મણિ સુતી હતી. દીવો ઝીણોઝીણો બળતો હતો. મુચકુંદ થોડી વાર જોઇ રહ્યો. ઉંઘમાં પણ મણિએ નીસાસો મુકયો.

પોતાના શબ્દો, મણિની દેવાંશી સેવા, તેનો ભગીરથ આત્મત્યાગ, તેની સહનશીલતા–આ બધાં સંભારી મુચકુંદ પોતાના પર ફીટકાર વરસાવવા લાગ્યો. જેમજેમ તેણે વધારે વિચાર કર્યો તેમતેમ પોતાનો રાક્ષસી ને સ્વાર્થી સ્વભાવ, મણિની પ્રેમાળ ને નિઃસ્વાર્થ સેવા તેને વધારે સાલવા લાગી. ક્યાં સ્વાર્થી, આત્મસંતોષી, કાયર, વિચારમાંજ જીવન ગાળતો પોતે, અને ક્યાં ભીષ્મ કર્તવ્યપરાયણતાની ટોચે પહોંચેલી બહાદુર મણિ ?

જેમજેમ તેણે વિચાર કર્યો તેમતેમ મણિને માટે તેની પૂજ્યબુદ્ધિ વધી; અને પોતાના કાયરપણા તરફ ધિક્કાર વધ્યો

શા સારુ તે તેને નહીં વળગી રહ્યો ? શા સારુ તેના પાદવંદનમાં દિવસો નહીં ગાળ્યા ? એ કાયરપણું, એ અસ્થિરતા ક્યાંથી આવ્યાં ? તેણે પોતાના સ્વભાવને, સંસ્કારને, સમાજને અનેક દોષ દીધા.

તેણે નીચા વળી જોયું–ફીક્કી પડી ગએલી મણિ નિ શ્વાસપૂર્ણ નિદ્રા લેતી હતી. તેને દુઃખી જોઇ મુચકુંદનો જીવ જતો રહ્યો–તે ગલવાઇ ગયો. તેને ઉઠી મણિની માફી માંગવાનું–તેના ચરણ આગળ માથું મુકવાનું મન થયું. તેને થયું–શું સ્ત્રી–શું દેવી !

કલાકો આવા વિચારમાં વહ્યા. ત્રણ વાગ્યા અને ઘડીઆળે ટકોરા કર્યા. મણિએ આળસ મરડયું. મુચકુંદને દવા આપવાનો વખત થયો હતો. થાકેલી આંખો ચોળતી મણી બેઠી થઇ.

પ્રકરણ ૨૦ મું

એકતાનતા

મણિને ઉઠતી જોઇ મુચકુંદે આંખો—શરમમાં, મણિ શું કહે છે તે જોવાને—અડધી મીંચી દીધી મણિ ઉઠી અને દીવો સંકોર્યો. મુચકુંદે કેટલે દિવસે પહેલી વખત તેનું મોઢું જોયું તેની મુખરેખાઓમાં મોહકતા જઇ મ્લાનિ આવી હતી; તેના મોં પર ચિંતાનાં, ખણાટનાં, ખિન્નતાનાં સ્પષ્ટ ચિન્હ હતાં; તેની આંખોમાં—સૂર્યના સમી રશ્મિઓ ફેંકતી તેજસ્વી આંખોમાં થાક હતો, ખેદ હતો; તેનાં અંગેઅંગ વર્તુલાકાર છોડી ખુણાઓ કાઢતાં હતાં. અતિશય થાકે નિર્ગત થએલા મુખની નિરાધારી જોઇ મુચકુંદનુ હૈયું—હાયભર્યા ઉદ્વેગથી છલકાઇ ગયુ. આ બધું કરનાર પોતે સ્વાર્થી, વહેમી, ક્રૂર મુચકુંદ !

મણિ આવી, ટેબલ પરથી દવા લીધી, ગ્લાસમાં કાઢી અને પથારી પાસે આવતાં મુચકુંદનાં રોમેરોમ ખડાં થઇ ગયાં શી તેની સ્નેહાલતા, શી કાર્યદક્ષતા, શી પ્રેમપરાયણતા ? એક પળ અનિર્વચનીય, ગ્લાનિભરી સ્નેહાલતાથી મણિ દૂર ઉભીઉભી તેની સામે જોઇ રહી. મુચકુંદની રગેરગમાં અગ્નિ વ્યાપી રહ્યો; તેને લાગ્યું કે પોતાનું માથું અકથ્ય ઊર્મિઓએ, અમાપ શોકે, અગાધ પ્રેમે ફાટી જતુ હતુ.

"ભાઇ ! જાગો છો ?" મણિએ પુછ્યું. તેના અવાજમાં શી મૃદુતા, શો પ્રેમ, શો ખેદ !

મુચકુંદ બોલી શકયો નહીં, આંખ ઉઘાડી શકયો નહીં; તે નિરાધાર બની રહ્યો;—તેણે માત્ર હાથ લંબાવ્યો મણિ તે ખસેડી પથારી પર બેઠી,

અને જરા નીચી વળી. આટલા દિવસ મુચકુંદ તેને પાસે બેસતી જોઇ કંપી ઉઠતો; આજે પણ કંપી ઉઠયો–પણ કંપારી અનેરી હતી.

" ભાઇ! જરા દવા પીઓ!"

મુચકુંદે અડધી આંખ ઉઘાડી, મણિએ નીચાં વળી તેનુ માથું ઉચકવા પ્રયત્ન કર્યો. અને ગ્લાસ તેના મોઢા પાસે લઇ ગઇ મુચકુંદ ગુંચવાડામાં જરા ઉંચો થયો;–તેના માથાની આસપાસ તેનો સુંવાળો હાથ હતો, તેની આંખો સામે તેની પ્રેમાળ આંખો હતી મુચકુંદે અણજાણતાં મોઢું ઉઘાડયું, તેણે દવા પીધી પણ ગળે ઉતરી નહીં. તેને લાગ્યું કે મણિની આંખમાં ધાક હતો; દરરોજ તે જે ગાળો વરસાવતો હતો તેની તે વાટ જોતી હતી મુચકુંદ પોતાના તરફ આવતા તિરસ્કારમાં બેભાન થઇ ગયો; માત્ર સામે સ્વર્ગની અપ્સરા સમુ લાગતું અલૌકિક મુખજ તે જોઇ રહ્યો.

એકદમ તેની રગોમાં જોમ પ્રસર્યું તેની આંખોમાં ભભક આવી. દવા ઢોળાઇ તેની દરકાર તેણે કરી નહીં; મણિ સનેપાત ધારી ગભરાઇ તેની પરવા કરી નહીં; પોતાનો ઘા ચુથાશે તેની બીક ધરી નહીં ન વર્ણવાય એવા ભાવથી તેણે મણિની બાંધે હાથ નાંખ્યો–નંખાઇ ગયો; તેનુ મોઢું હતું તેનાથી પાસે આણ્યું–દાબ્યું; ન સહેવાય એવી નજરથી અંતરની આત્મકથા કહી

મણિ ગભરાઇ, સમજી ન સમજી અને નીચી વળી દરેક પળે યુગોના અનુભવ તેને થતા હતા

મુચકુંદથી અડધા બેઠા નહીં રહેવાયુ, તેણે માથું ઉશીકે મુકયું; તેના હાથ સાથે મણિ નીચી નમી.

" મણિ! માફ નહીં કરે?" મુચકુંદે ગુંગળાતે શ્વાસે પુછ્યુ

મણિ શું સમજી, તેને શુ લાગ્યું તે કોણ જાણે? જન્મ લઇ, જનેતાનાં કોડભર્યાં ચુંબનથી ચઢીઆતી સ્નેહની પરાકાષ્ટા તેણે જોઇ નહોતી. તેનાં ધ્રુસકાંએજ મુચકુંદને જવાબ દીધો.

ન કોઇ બોલ્યું, ન કોઇ ચાલ્યું. આસપાસ ગોપીજનવલ્લભની અણદીઠી મોરલીના મદપ્રેરતા સુરો ગાજી રહ્યા; તેમણે એ બેના હૃદયોને અલૌકિક તાનમાં ડોલાવી મુકયાં.

પાંચ પળ–દસ–પંદર પળ વીતી અને મણિએ ઉંચું જોયું. મુચકુંદ ઉંઘતો હતો. તેણે ધીમેથી તેનો હાથ સેરવ્યો, ઉભી થઇ. તેને પાછા બેસી જવાનું મન થયું; તે રોક્યું. તેણે મુચકુંદનું ઓઢવાનું બરોબર કર્યું–પણ તેનો એક છેડો છોડયો નહીં–છોડાયો નહીં. થોડી વારે તે રજાઇના છેડાને હૃદયે રાખી તેણે કૈંક કાનમાં સંદેશો કહ્યો–અને તેને મુકી દીધી.

જીવનસાફલ્યના ગગનચુંબી ગૌરીશંકરે તે પહોંચી.

વિભાગ ચોથો

પ્રકરણ ૧ લું

મુચકુંદના નવા સિદ્ધાંતો

ત્રણ અઠવાડીઆં ઝપાટાબંધ ચાલ્યાં ગયાં. મુચકુંદ રોગથી મુક્ત થએલો, પણ સુક્કો અને ધોળો પુણી જેવો, ભોંય પર તકીએ અઢેલી અડધો સુતો હતો. તેના હાથમાં અડધી ઉઘાડેલી એક ચોપડી હતી. સામે ત્રણ અઠવાડીઆંમાં પાછી તેજસ્વી બની રહેલી મણિ કેડ પર હાથ દઈ ઉભી હતી. તેના મુખની સુંદર રેખાઓમાં અદ્‌ભુત પીંછીએ ગૌરવ અને દ્રઢતા ભેળ્યાં હતાં. બહાર પડતા તડકાની ભભકના પ્રતિબિંબથી શ્વેત વસ્ત્રે સજ્જ થએલી તે, તેના લાલિત્યથી, તેની સ્વાશ્રયી છટાદાર ઉભા રહેવાની ધાટીથી કોઈ નવયૌવનના મદમાં મહાલતી રાણી હોય એમ લાગતું હતુ

મુચકુંદે ચોપડી આઘી કરી તેના તરફ નજર કરી; અને તેની આંખમાં અનિર્વાચ્ય તેજ—પરમ ભક્ત કે પરમ પ્રણયીનીજ આંખમાં ચમકતુ તેજ—આવ્યું

આ તેજ જોઈ મણિના મધુરા હોઠ વધારે સખ્તાઈથી દબાયા; તેની આંખ ચિંતાગ્રસ્ત દેખાઈ.

“ મુચકુંદ ! હવે કાશીને ક્યારે બોલાવો છો ? ” ઉપરથી વીજળી પડી હોત કે પાસે પડેલી ખુરશી હસવા માંડી હોત તો મુચકુંદ આટલો ગભરાત

નહીં. તેણે ઉંચું જોયું, એકદમ ટટાર થઇ ગયો, અને આંખો ફાડી જોઇ રહ્યો. બંને જણે આટલા દિવસ દુનીઆની જંજાળની વાત કરવી માંડી વાળી હતી; આજે મણિએ વાત કાઢી. મુચકુંદે ભવાં ચઢાવી પુછ્યું:

"એ સવાલ કેમ થયો?"

"કારણ કે હવે તમારે તેનો વિચાર કરવો જોઇએ." ખેદપૂર્ણ અવાજે મણિએ કહ્યું. "તમે હવે શક્તિમાન થયા તમારી કોલેજમાં તમને 'લેકચરર'ની જગ્યા મળવાની. હવે કાશીને બોલાવો."

"અને તુ?"

"હું?" મણિએ દૃઢતાથી જવાબ આપ્યો: "હું મારે રસ્તે. હવે મારું કૈં કામ દેખાતું નથી." ક્યાં સુધી મુચકુંદ જોઇ રહ્યો

"આ કઇ જાતની મશ્કરી? મારા મનમા કે એ વાત તો આપણે વીસરી જવાની."

"કોણે કહ્યુ? કાશી કેટલી દુઃખી થતી હશે તેનો વિચાર કર્યો?"

"આ સુખ છોડી તને તે ક્યાં સાંભરી?"

"હું હંમેશાં તેને સભારું છું. મને હવે ભાન થયું છે—સુખ કૈં સ્વચ્છંદ નથી"

"ત્યારે જીવન એ ગુલામગીરીએ નથી." મુચકુદે કહ્યુ. "આટલા દિવસ સતત મેં એજ વિચાર કર્યો છે."

"શો?"

"કે જે નિર્માલ્યતા મારામાં હતી તે કેમ આવી અને કેમ કઢાય."

"એ વિચાર ક્યાંથી આવ્યો?"

"તને—કર્તવ્યપરાયણતાના અવતારને જોઇને. આટલા દિવસ મારા સ્વભાવે કહો, મારા સંસ્કારે કહો—હું કાયર રહ્યો; હવે હું મનુષ્યત્વ પામ્યો છું. આટલા દિવસને વિચારે મેં મારો જીવનસિદ્ધાંત બદલ્યો છે."

"શો?"

"મારા વિચાર પ્રમાણેજ હું રહીશ; કોઇની ગુલામગીરી વેઠવાનો નથી."

" ત્યારે તમારા વિચાર પ્રમાણે કાશીને તેને પીઅર સડવા દેવી?"

" ત્યારે તારા વિચાર પ્રમાણે મારે તને સડવા દેવી? મણિ! મણિ! શા માટે ખોટું બોલે છે? કહે કે ન કહે—તું અને હું એક બીજા માટે સરજાયાં છીએ; બંને એક બીજાથી જીવ્યાં છીએ; બંને જુદાં થતાં મરવા પડીશું. મારે એ નથી કરવું જીંદગી છે તે પાણીને મુલે હું વેચવાનો નથી."

" પહેલા હું એવા વિચારો કરતી હતી. પણ તમારી ભુલ છે."

" કેમ?"

" જીંદગીમાં માત્ર સુખ સાધવાનુંજ નથી; સુખ આપવાનુ પણ છે. કાશી તમારી પરણેતર છે. તેને દુ:ખ આપ્યે કદી સુખ મળે?"

મુચકુંદ હસ્યો. " પહેલાં હું આ માનત—હવે નહીં માનું."

" કેમ?"

" તું જોતી નથી? મારી નસોમાં આર્ય મહાત્માઓનું પવિત્ર લોહી ફરે છે; એ લોહીની ઉગ્રતાએ દિગ્વિજયો કર્યા, પૃથ્વી નક્ષત્રી કરી, અનંત કાળ પહોંચે તેવી સંસ્કૃતિ પેદા કરી. હું કેવો હતો, કેવો છું? પૂર્વજોએ આટલી આટલી મહેનતે ન્યાતો શુદ્ધ રાખી છતાં એક છેડે પરશુરામ, દ્રોણાચાર્ય, ચાણક્ય—તેજ લોહીનો પાકયો હું—નિરાધાર, નિર્બલ, નિર્માલ્ય—કેમ તેનો વિચાર કર્યો છે?"

મણિ દીંગ થઇ જોઇ રહી, અને ડોકું ધુણાવી ના કહી.

" જે રાતે મોઘા કાકા બોલ્યા—જે રાતે મારી મદાંધતા જતી રહી, જે રાતે આપણે આપણાં હૃદયો એકમેકને પારખ્યા—તે રાતે મેં શોધ કરી."

" શી?"

" કે આવા બીજમાંથી આવો નિર્માલ્ય પાક કેમ થયો તેની."

" કેમ થયો?"

" આવી કાશીઓએ કર્યો. મણિ! હું બેભાન નથી, ભાનમાં છું. ગભરાતી નહીં. પણ સતત ઉંડો વિચાર કરતાં મને ખાત્રી થઇ. હજારો વર્ષો થયાં અણગમતાં, નાલાયક જોડલાં સાંધી આપણે સત્યાનાશ વાળી મુકયું છે. પરશુરામો ને ચાણકયોનાં લોહી અનેક કાશીઓએ ગળાતાં

મારા જેવાં મગતરાં પેદા કરે છે! શા માટે? મણિ! આખી સૃષ્ટિમાં જો; જ્યાં સૌંદર્ય, શૌર્ય, પ્રતાપ પાકે છે તે સ્થળો જો. વનની ઘટાઓમાં વનરાજની ભવ્યતા અને પ્રાણભેદક નાદ સિંહણો શોધે છે; સરોવરના જલતરંગે હીંચતા હંસો પાંખની વિશુદ્ધિ અને ડોકની લચકને છટાથી વરાય છે; જે દેશમાં સત્તા છે ત્યાં અભિમાની નજરથી સમોવડી શોધતા નરસિંહો નજરે ચઢે છે. મણિ! અહીંઆંજ—આ બાપડા બીચારા દેશમાં જોશીઓની લાલસા પર, ગર્વાંધોના મીજાજ પર, ડોશીઓની સગવડ પર વરવહુ વરાય છે. એ પછી મારા જેવાં નમાલાં છોકરાંઓ પેદા કરી દેશને ભારે મારીએ તેમાં શું નવાઇ? જે પળે આપણે ત્યાંથી સ્વયંવર ગયો, તે પળથી આપણા સંસારનું સત્યાનાશ વળી ગયું. મણિ! હું કાશી માટે નથી સરજાયો; તું આવી ભયંકર એકલતામાં અટવાઇ મરવા નથી સરજાઇ.”

મણિ અત્યાર સુધી અડધા હોઠ ઉઘાડા રાખી મુચકુંદનું ભાષણ સાંભળતી હતી. આ છેલ્લા શબ્દો સાંભળી તેના હોઠ દબાઇ ગયા; તેના કપાળ પર કરચલીઓ આવી

“મુચકુંદ! તમે શું બોલો છો તેનું ભાન છે? તમારા વિચારો જો બધા પાળે—” તેણે ખેદમય અવાજે કહ્યું “તો સંસાર અને નીતિનું શું થાય? તમારું ભાષાસૌંદર્ય કાઢી નાંખીએ તો અર્થ એક અધમાચારી વિષયાંધે મને સુચવ્યો હતો તેજ થાય. મને તે વખતે એ અર્થ ખરો લાગ્યો; અત્યારે અનુભવથી તે ખોટો લાગે છે.”

“એવો શો અનુભવ થયો?” અવિચારથી મુચકુંદથી પુછાઇ ગયું.

“કેમ ભુલી જાઓ છો કે હું કોણ છું?” ગળગળી થઇ જતાં મણિએ પુછ્યું. “હું બાલવિધવા છું—સંસારે કોમળ વયે મને તેની મર્યાદા બહાર કરી: તમે અત્યારે કહો છો તેવાજ અભિપ્રાયે મને એક પાપીએ લોભાવી—હું લોભાઇ. પરિણામે રખડીરઝળી મારો અવતાર ધુળ થઇ ગયો હોત; એ તો તમે મળ્યા—અને હું માણસાઇમાં પછી મળી.”

"મણિ ! વિષયાંધતા જુદી. હું તો વિશ્વના મહા આકર્ષણની વાત કરું છું–પ્રેમના ગૂઢ માહાત્મ્યને સ્પષ્ટ કરવા મથું છું."

"બધા કૈં મુચકુંદ છે ? સામાન્ય સંસ્કારહીણા માણસો એ એમાં શો ફેર દેખે ? અને પરિણામ જુઓની કાશીને દુખી કરી આપણે મોજ કરવી એજ કે ?"

"ના. એ સંસ્કારી જીવનનું સાફલ્ય સિદ્ધ કરી ભવિષ્યનું જીવન વિકસાવવું તે."

"પણ તમારા સિદ્ધાંતો તો શારીરિક સુખ અને વિકાસની વાતો કરે છે "

• "ના. મે સિંહ કે હંસની વાત કરી ખરી; પણ જેમ જાનવરથી માણુસ વધારે સુદર અને સંસ્કારી, તેમ તેને આકર્ષે પણ શરીર એકલું નહીં પણ સસ્કાર, અને બુદ્ધિ. નહી તો એકબીજાને જીતી કેમ શકે ?"

"તમારા કહેવા પ્રમાણે તો પરિણામ આ આવે–કે દુનીઆમાં ગમે ત્યાં રખડવું અને મનફાવતી જોડ પકડી આણવી તમારી વાત ખરી હોય તો કાલે ઉઠીને વીલાયત જઇ એક હૃષ્ટપુષ્ટ વાઘ જેવી મડમ લઇ આવવામાંજ બધા નિયમો સમાઇ જાય મને લાગે છે કે તમારો સનેપાત હજુ ચાલે છે." મણિએ હસીને કહ્યું.

મુચકુંદ સામે હસ્યો "તું ઉંધું સમજે છે, મણિ !"

"મારું માનવું જો ખરું હોય–જો લગ્ન સંસ્કારિતા અને શક્તિ વધારવાનુંજ સાધન હોય–અને જો તે સાધન સમાન સંસ્કાર અને શક્તિ ધરાવતા સમોવડીઆંમાં જે સ્વાભાવિક આકર્ષણ હોય તેનાથીજ ફલીભૂત થાય–તો જુદા જુદા સંસ્કારવાળાં સ્ત્રીપુરુષોના સંબધે દુ:ખ અને અધોગતિ ! હજારો હર્ષનાં વહેતા લોહીઓની સંસ્કારિતા જાય તો પછી ?–યુરેઝીઅનો નથી જોતી ? 'ધર્મે નષ્ટે . ...જાય તે વર્ણસંકર:'"

મુચવાડામાં મણિએ માથું ધુણાવ્યુ. "હું વાદવિવાદમાં તમને પહોંચું એમ નથી પણ મને તમારી વાત ખોટી લાગે છે. બધા જો તમારા મતના થાય તો જેમ નવી સુંદરીઓ દેખે તેમ ગાંડા બને."

" તે પણ તુ સમજી નહીં દેહનો મોહ ટુંકજીવી હોય, વ્યક્તિનો મોહ જીવનમાં એકજ વખત આવે અને સદાય રહે "

" અને એવી કોઇ વ્યક્તિ ન મળે એવી હોય–પારકી હોય તો—"

" ન મળે તો અણગમતા ફળોથી પૃથ્વી ભારે માર્યા કરતાં, અસ્પર્શ્ય સુદરીના સ્મરણસંન્યાસી થઇ રહેવુ સારું કાં તો સૃષ્ટિનું સામ્રાજ્ય કે પછી સંન્યસ્ત."

" એટલે હું રહેવાની ના કહું તો પણ કાશીને નહીં બોલાવો ? ત્યારે પરણ્યા શા માટે ? "

" મુર્ખો હતો માટે પણ હવે હું તે નથી. 'મરે ભુખે તોયે મૃગપતિ કદી ના તૃણ ચરે–તો મારી સિંહણ—"

" સિંહણ ગઇ ઘેર! તમારી કવિતાઓ રહેવા દેશો ? "

" ત્યારે શું કરું ? "

" કાશીને બોલાવો."

મુચકુંદે ડોકું ધુણાવ્યું "મારું કહેલું બધું પથ્થર પર પાણી કે ?"

" ઘણું ખરું તેવુજ."

" વિચાર કર. બે દિવસ રહીને ફરીથી વાત કરીશુ મને પુછે તો મણિ 'આમ ને આમ પ્રભુ રહેવા દે તો સ્વર્ગની શી પરવા છે?' "

મણિની આંખો ચમકી "મને એમ નહીં થતુ હોય ?–પણ કર્તવ્યના વિનાનું સ્વર્ગ. તેનું શું ?"

પ્રકરણ ૨ જું

છેલ્લો નિશ્ચય

એક આખો દહાડો બંને જણે મુગા મુગા ફર્યા કર્યું તેમને લાગ્યું કે બંને જણ એવા ગંભીર, મર્મસ્પર્શી પ્રશ્નોનુ નિરાકરણ આણવા મથતાં હતાં, અને એ નિરાકરણ પર તેમના ભવિષ્યના જીવનની આશા હતી

સાંજના મોધારામ બહાર ગયા હતા આજે મણિની ગુલામગીરીનો છેલ્લો દિવસ હતો આવતી કાલથી તે તુંગભદ્રાની નોકરી છોડવાની હતી. જે કાર્ય માટે તેણે વેશ્યાની નોકરી સ્વીકારી તે કાર્ય સધાયું હતુ મુચકુંદ સારો થયો હતો. પોતાના શોખ કે સગવડ માટે રોજના પાંચ રુપીએ પોતાનો રાગ વેચવા તે તૈયાર નહોતી મણિ વિચારમાં ઉભી હતી; પાછળથી મુચકુંદે તેના ખભા પર હાથ મુકયો અને તે ચમકી.

"મણિ! તેં શું વિચાર કર્યો?"

"શું વિચાર કરું? મારા મગજમાંથી કાશી નથી જતી. આપણે કૈ નિર્ણય પર આવવું જોઇએ"

"નિર્ણય શો?" ખભા પર હાથ દાબતાં મુચકંદે કહ્યું: "આપણે સાથે રહેવાના."

મણિએ ડોક ધુણાવ્યું.

"કેમ નહીં? તુ કેમ કૈ નથી બોલતી? મારી વાત ઉચી રહી, તું શું કહે છે?"

"હું શું કહું છું? તે પ્રમાણે કરવું અઘરું લાગશે. તમને હું પ્રભુએ સરજેલી અર્ધાંગના લાગતી હઇશ, સંસારે નિર્મેલી બીજી છે."

"તેમાં શું નવું કહ્યું?"

"બધુંજ. તમે મને રાખવા માંગો છો; પણ તમારી આંખની ચમક, તમારા હૃદયના ધબકારા ધ્યાનમાં લીધા છે? તમે કહેતા હતા તેવા અફલાતુનના શુદ્ધ અને સાત્ત્વિક પ્રેમે મને રાખી શકશો?" મુચકુંદ બોલ્યો નહીં; મણિ આગળ ચાલી "ના. જુઓ સ્નેહની સરિતામાં તણાવું સારું, પણ ભાન ભુલીશુ તો ડુબવાના. તમે ગાંડા છો; હું ગાંડી છું—પરિણામે જે અધમાચારી થતાં હું તમારે લીધે અટકી, તે પાછી તમારેજ લીધે થઇશ—થયા વગર રહેવાની નથી. મને તે થતાં નહીં અટકાવો?" દયામણાપણાથી મણિ બોલી. "તમે કહો છો તે ખરી વાત છે"

"શી?"

'સૃષ્ટિક્રમનો હીસાબ ગણીએ તો પ્રભુએ આપણને એકબીજાને સારુજ સરજ્યાં છે. આપણે આજે પરણેલાં હોત તો શુ શોભત?"

"તેથીજ હું કહું છું મણિ! તેથીજ કહું છું"

"હું પણ તેથીજ કહુ છું. આવુ સરસ જોડું—આવા રસિક, સમોવડાં વરકન્યા—વિષયવાસનાની વેદી પર હોમાય? એ વિચાર મને સાલે છે."

"તુ કૈં વિચિત્રજ રીતે વાત મુકે છે"

"હા અનંતકાલની સીમાએ પહોંચશુ ત્યાં સુધી આપણે અર્ધાંગી છીએ—શામાં? વિષયતૃપ્તિમાં? મુચકુંદ, તમારી વિદ્વત્તા અને મારા અનુભવોનું આ પરિણામ સંસારની નજરે હું રાખ થઇ રહું; તમે લંપટ થાઓ ભયંકર! ભયંકર!" કમકમા આણી મણિ બોલી.

"ત્યારે શું કરવું? મણિ! જુદા કેમ રહેવાશે? આપણે જરાસંધનાં અડધીઆં છીએ, વિશ્વનિયમો પાસે રાખશે"

"એક રસ્તો છે."

"શો?"

"વિકટ છે—પણ છે હું તમારી સાથે રહીશ—તમારી સેવા કરીશ—કાશી જીવે છે ત્યાં સુધી, શુદ્ધ અને સાત્વિક પ્રેમથી."

"હું તેજ કહું છું."

"ના અને તમે કાશીને બોલાવી આવો."

મુચકુંદ ચમક્યો "કાશી !"

"હા. તમે તમારા આદર્શો ખોળો છો, હું મારા ખોળું છું. મુચકુંદ ! મે લંપટો જોયા, મહારાજો જોયા, સુધારકો જોયા—તમને હું બધાથી નીરાળા જોવા ઇચ્છું છું."

"કેવી રીતે ?"

"તમારા ત્યાગથી, તમારી સ્વાધીનતાથી બનેલા નીરાળા, પવિત્ર, અને અપૂર્વ. હું તમને માણસ તરીકે ચાહું છું, દેવ તરીકે નહીં પુજવા દો ? આટલું કરો આટલો અભાવ છતાં, મારી હાજરી છતાં, કાશીને પત્નીપરાયણ સ્વામીનું સુખ આપો તે બાપડી મૂર્ખ છે પણ માણસ છે."

મુચકુંદે તબીઅત વાળી નીસાસો મુકયો તેણે ઉચું જોયુ, તેની આંખ ભભુકી ઉઠી; તેણે દાંત કચકચાવી મણિના બે હાથ પકડયા મણિ સમજી. તે ટટ્ટાર થઇ—તેની આંખોમાં, મોઢા પર ભવ્યતા છવાઇ રહી.

"મુચકુંદ ! આખરે એજ નિર્ણય ! લો હું આ રહી—તમારી સેવામાં હાજર છું;—યાદ રાખજો કે કાલે સવારે એકબીજાની સામે, કે મરી ગએલી ભાવનાની સામે જોવાનું નથી." મણિનો સંસ્કારી સુર ગાજી રહ્યો એ પળ ભયંકર શાંતિ પ્રસરી રહી, મણિ નિશ્ચલ ગૌરવનો અવતાર બની ઉભી રહી.

મુચકુંદે મણિનો હાથ છોડી દીધો તેની આંખમાં આંસુ આવ્યાં તે બેસી ગયો

"મણિ ! તું તો ઇશ્વરનો અવતાર છે." તે બોલ્યો. તેની મદાંધતા જ્વરની જેમ ઉતરી ગઇ હતી. મણિ તેની પાસે બેઠી, અવર્ણનીય સ્નેહાલતાથી તેનો હાથ લીધો; પોતાના હાથમાં દાબ્યો, અને બોલી:

"મુચકુંદ ! તે દિવસે તમે કહ્યું. આજે હું કહું છું:
"આમ ને આમ પ્રભુ રહેવા દે તો સ્વર્ગની શી પરવા છે?"

× × × ×

બીજે દિવસે મુચકુંદ કાશીને તેડવા પોતાને ગામ જવા નીકળ્યો. ચાર દિવસે તે કાશીને લઇ પાછો આવ્યો.

ઉપસંહાર

મુંબાઇના એક નાના પણ રમણીય પરામાં એક નાના ઘરમાં મુચકુંદ, મોઘારામ, મણિ અને કાશી રહ્યાં કાશીને અદેખાઇ થઇ; પણ મણિએ પોતાના ધણીને બચાવ્યો તે જાણી તે જરા સખણી રહી.

દિવસો ગયા, મહીના થયા, વર્ષો વીતવા લાગ્યા; મુચકુંદ અને મણિ એકબીજાની સાથે રહેતાં, એકબીજાના હૃદયમાંજ રહેતાં–અને છતાં હજારો ગાઉનું અંતર તેમની વચ્ચે રહ્યું. સાથે હસવું, સાથે ચિંતા કરવી, કોઇક સમયે એકબીજાના હાથનો સ્પર્શ કરવો, એટલાજ તેમના જીવનમા લહાવા રહ્યા. તે સુખી દેખાતાં, ઊર્મિઓ શાંત પડી હતી, પણ તેમના જીવનમાં કરુણ રસના સુર ઝણઝણવા શરુ થયા હતા.

છ વર્ષે કાશી માંદી પડી; થોડો વખત પીલાઇ ગુજરી ગઇ મુચકુંદ અને મણિ બંને રડ્યાં; પણ સાથે સુખનાં સ્વપ્ના આવવા માંડ્યા, કર્તવ્યપરાયણતાનુ તપ ફળ્યું

મણિ અને મુચકુંદ પરણ્યાં લોકોએ વિધવાવિવાહ સામે બળાપો કર્યો જુના વિચારના મોઘારામે આશીર્વચન કહ્યાં તેણે બંનેને ઓળખ્યાં હતાં–બંનેની કીંમત આંકી હતી–બંને તેને મન પ્રભુના અવતાર જેવાં હતાં.

× × × ×

કેટલીએ મણિઓ, કેટલા મુચકુંદો સમોવડા જોડા વિના, અસમાન જોડને સહન કરતાં, નરક સમા સંસારના ઉચ્છેદક અનુભવો કરતાં ભવ પુરો કરે છે કોનો વાંક?

સમાપ્ત.

સંસદ ગ્રંથાવલિ

૧. રણજીતરામના નિબંધો. લેખક: સ્વ. રણજીતરામ વા મહેતા	મૂલ્ય	રૂ.	૧–૮–૦	(પો જુ.)
૨. ગુજરાત–એક સાંસ્કારિક વ્યક્તિ .	,,	,,	૦–૪–૦	,,
૩ પુરંદર પરાજય અને અવિભક્ત આત્મા.	,,	,,	૦-૧૨-૦	,,
૪. કોનો વાંક? (સચિત્ર આવૃત્તિ બીજી)	,,	,,	૨–૮–૦	,,
૫. પૃથિવીવલ્લભ (આવૃત્તિ બીજી) .	,,	,,	૧–૮–૦	,,
૬ ગુજરાતનો નાથ (સચિત્ર આવૃત્તિ ત્રીજી)	,,	,,	૪–૦–૦	,,
૭. રાજાધિરાજ (સચિત્ર)	,,	,,	૪–૮–૦	,,
૮. રેખાચિત્રો અને બીજા લેખો (સચિત્ર)	,,	,,	૩–૦–૦	,,
૯ શાપસંભ્રમ અને બીજી કવિતાઓ .	,,	,,	૦-૧૨-૦	,,
૧૦. મારી કમલા અને બીજી વાતો (આવૃત્તિ બીજી)	,,	,,	૧–૮–૦	,,
૧૧. મોહન માયા (સચિત્ર) . .	,,	,,	૧–૮–૦	,,

મળવાનું ઠેકાણું:

'ગુજરાત' કાર્યાલય,

c/o **સાહિત્ય પ્રેસ,**

૧૦–૧૪, બેકહાઉસ લેન, મેડોઝ સ્ટ્રીટ, કોટ–મુંબાઇ ૧.

